Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનાં પ્રાણીઓની સર્વાનુક્રમણી

સંગ્રાહક

હરિનારાયણ ગીરધરલાલ આચાર્ય



પ્રકાશક

ગુજરાત પ્રકૃતિ મંડળ · અમદાવાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

इम्

संख्या...... १ग/१४

संख्या...... २६२२३

क पर सर्व प्रकार की निशानियां लगाना
। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक
ने पास नहीं रख सकते। अधिक देर तक
लये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતનાં પ્રાણીઓની
સર્વાનુક્રમણી

હરિનારાયણ ગીરધરલાલ આચાર્ય



ગૂજરાત સાહિત્ય સભા
માટે
કાઢેલી ખાસ આવૃત્તિ

પ્રકૃતિ: પુસ્તક ૭મું, અંક ૨-૩-૪થો; પુસ્તક ૮મું, અંક ૧-૨-૩-૪થો
ઈ. ૧૯૪૯-૧૯૫૦
કિંમત ૧-૦-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આભારદર્શન

ગુજરાત સાહિત્ય સભા–અમદાવાદ, એ ગૂજરાત-સૌરાષ્ટ્ર-કચ્છની આપણી એકમાત્ર સંસ્થા છે, જે ગૂજરાતી સાહિત્યના સર્વાંગ વિકાસમાં અપાર શ્રદ્ધા અને અભિરુચિ ધરાવે છે. આ અનુક્રમણીનું પ્રકાશનકાર્ય, આર્થિક અડચણોના લીધે અટકી ન જાય એની ચિંતાથી, અને અનુક્રમણીનો લાભ પુસ્તક રૂપે સભાના સદસ્યોને મળે એવી ઇચ્છાથી, સભાની કાર્યવાહક સમિતિએ, 'પ્રકૃતિ'ના જે અંકોમાં અનુક્રમણી છપાયી છે એ અંકોની, રૂ. ૭૫૦)ની કિંમતની નકલો ખરીદવાનું ઠરાવ્યું છે. સભાની આ આર્થિક સહાય મળવાથી ગુજરાત પ્રકૃતિ મંડળનો બોજો ભારે હલકો થયો છે. એ સમયોચિત સહાય માટે મંડળ, ગુજરાત સાહિત્ય સભાનું અને એની કાર્યવાહક સમિતિનું સદૈવ ઓશીંગણ છે.

તા. ૩૧મી મે સને ૧૯૪૯ — રતિલાલ ખરાદી
૫૭ પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ. — મંત્રી · ગુજરાત પ્રકૃતિ મંડળ

પ્રકાશક : હરિનારાયણ ગીરધરલાલ આચાર્ય, સે. નં. ૧૯૬૯, રાયખડ : અમદાવાદ.
મુદ્રક : મણિલાલ પુ. મિસ્ત્રી, બી. એ., આદિત્ય મુદ્રણાલય, રાયખડ : અમદાવાદ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાસ્તાવિક

मान्यान्प्रणम्य विहिताञ्जलिरेष भूयो
भूयो विधाय विनयं विनिवेदयामि।
दूष्यं वचो मम परं निपुणं विभाव्य
भावावबोधविहितो न दुनोति दोषः॥

—રઘુનાથ સાર્વભૌમ : તત્ત્વચિન્તામણિદીધિતિ

૧

ગૂજરાત અર્થાત્ ઉત્તર અને દક્ષિણ ગૂજરાત, કાઠિયાવાડ કે સૌરાષ્ટ્ર અને કચ્છ નામે ઓળખાતા ભૌગોલિક વિભાગનાં સમવિષમ પ્રદેશ, પાર્વત્ય અને માલભૂમિ, મરુસ્થલ અને રણવિસ્તાર, વન-ઉપવન અને અટવી-અરણ્ય, સમુદ્ર-તીર ગિરિનિર્ઝરિણી નદી-સરોવર તડાગ અને કચ્છાદિના આશ્રયે કયી કયી જાતનાં પ્રાણીઓ વસતાં જોવાજાણવામાં આવ્યાં છે, એવી પૃચ્છા 'પ્રકૃતિ'ના વાચકો અનેક પ્રસંગે કરે છે. ગૂજરાતની ભૂમિને અલંકૃત કરનારી વનસ્પતિઓની કેટલીક સૂચિઓ 'પ્રકૃતિ'માં પ્રસિદ્ધ થયી છે, પરંતુ પ્રાણીઓના વિષયમાં, એકાદ સ્વલ્પ પ્રયત્નથી અતિરિક્ત, કંઈ પણ પ્રસિદ્ધ થયું નથી. એટલે એ વિષયના જિજ્ઞાસુને ઉપકારક થાય એવી, ગૂજરાતનાં પ્રાણીઓની આ સર્વાનુક્રમણી પ્રસિદ્ધ કરી છે.

આ અનુક્રમણીમાં કેવળ મેરુદણ્ડમણ્ડિતકાયાવાળાં પ્રાણીઓ (Vertebrates) સમાવિષ્ટ છે. મેરુદણ્ડહીનકાયાવાળાં પ્રાણીઓ (Invertebrates)ના વિષયમાં આપણે ત્યાં ઉલ્લેખનીય અવલોકન-સંશોધન થયાં ન હોવાથી અને જે થયાં છે એનો સમાવેશ કરવા જતાં વિસ્તાર થતો હોવાથી એનો સમાવેશ કર્યો નથી.

૨

આ અનુક્રમણીમાં પ્રાણીઓના વર્ગીકરણ માટે મેં આ પરિભાષા યોજી છે:

Animal Kingdom	सजीव जगत्
Phyllum	समुदाय
Class	वंश
Sub-class	वंश-शाखा
Order	वर्ग
Sub-order	वर्ग-शाखा
Group	यूथ
Tribe	गण
Section	विभाग
Family	कुल
Sub-family	कुल-शाखा
Genus	गोत्र
Species	जाति के योनी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું જાણું છું કે અંગ્રેજી ભાષામાં સજીવ જગતના વર્ગીકરણ અંગે વપરાતી સામાન્ય સંજ્ઞાઓ ક્લાસ–ઓર્ડર–ફેમિલિ–જિનસ–સ્પિશિઝ (Class–Order–Family–Genus–Species) વડે પ્રાણીઓનો જે પારસ્પરિક સંબંધ અભિપ્રેત છે, એવો જ અર્થબોધ સંસ્કૃત ભાષાની સામાન્ય સંજ્ઞાઓ વર્ગ–વંશ–કુલ–ગોત્ર–જાતિ કે યોની દ્વારા થતો નથી. એટલા પૂરતી આ સંજ્ઞાઓ શાસ્ત્રશુદ્ધ નથી; છતાં એમનું સ્થાન લેનાર સંપૂર્ણતયા અનુરૂપ સંજ્ઞાઓ ન ઘડાય ત્યાં સુધી આ સંજ્ઞાઓથી નભાવી લીધા વિના છૂટકો નથી, એ પણ નિર્વિવાદ તથ્ય છે.

પણ ભારે વિપત્તિ તો પ્રાણીઓનાં પારિભાષિક સામાન્ય વિશેષ નામોના વિષયમાં છે. યુરોપીય દેશોમાં સર્વ વિષયોની શાસ્ત્રીય પરિભાષા રચવા માટે લૅટિન અને ગ્રીક ભાષાઓનો આધાર લેવામાં આવે છે. એ પદ્ધતિને અનુસરીને, આ અનુક્રમણીમાં સંગૃહીત પ્રાણીઓનાં લૅટિન-ગ્રીક ભાષામૂલક પારિભાષિક નામો આપવાની સાથેસાથે, એ નામો દ્વારા થતા અર્થબોધ કે લક્ષણજ્ઞાનને અનુલક્ષીને રચેલાં સંસ્કૃત ભાષામૂલક નામો પણ મેં આપ્યાં છે. કેવળ જૂજ પ્રસંગે, જ્યાં લૅટિન-ગ્રીક મૂલક નામોનો અર્થબોધ મને થયો નથી ત્યાં, સંસ્કૃતમૂલક સંજ્ઞાઓ વિના ચલાવી લેવું પડયું છે. એ નામો સર્વથા સાચાં એટલે વ્યાકરણશુદ્ધ છે એવું નથી, તેમજ એ સર્વસંમત થાય એવો ભ્રમ પણ હું સેવતો નથી. આનાથી વધુ યોગ્ય નામકરણ થાય તો એ મને સર્વથા ગ્રાહ્ય છે. જેઓ લૅટિન-ગ્રીક આધારે રચાયલી પરિભાષાને એ જ રૂપમાં ભારતીય ભાષાઓમાં ઉતારવાના આગ્રહી છે, એમને આ માર્ગ નહિ રુચે. પરંતુ એ વર્ગને સંતોષવા કે એમનો પ્રસાદ પામવા અર્થે મારો આ પુરુષાર્થ નથી. મારો પ્રયત્ન તો આપણાં પ્રાણીઓના પ્રત્યેક ગોત્ર માટે શાસ્ત્રીય નામ યોજવા પૂરતો છે, અને એના વાહન માટે મેં સંસ્કૃત ભાષાનો આશ્રય સ્વીકાર્યો છે.

આમ કરવામાં, મૂળ લૅટિન-ગ્રીક પરિભાષાના અર્થતત્ત્વને સંસ્કૃતમૂલક પરિભાષામાં પૂરેપૂરું ઉતારવાનો મેં એકનિષ્ઠ પ્રયત્ન કર્યો છે. પરિણામે, કેટલાંક નામો ભદ્રંભદ્રીય અથવા અર્થહીન અથવા દુર્બોધ અથવા બાલિશ અથવા હાસ્યકર અથવા અસંગત લાગે છે. પરંતુ એમાં અશાસ્ત્રીય કંઈ જ નથી એ, પ્રાણીઓનાં નામો પાડવાની પદ્ધતિથી જે પરિચિત છે એ, સહેજે જાણે છે. આ દોષ ત્યારે જ ટળી શકે જ્યારે આપણાં પ્રાણીઓનાં નામો એમની શરીરરચનાનાં વિશિષ્ટ લક્ષણોના આધારે જ કેવળ રચાય. આનું કોઈ ચિહ્ન આજે દેખાતું નથી, એટલે જે નામો છે એમનાથી ચલાવી લીધે જ છૂટકો છે.

આ પ્રયોગ પણ વર્ગનામોથી આરંભી, માત્ર ગોત્રનામો પૂરતો મર્યાદિત કર્યો છે. દ્વ્યંગી અને ત્ર્યંગી નામકરણપદ્ધતિ (binomial and trinomial systems of nomenclature) અનુસાર પ્રાણિ-યોનીઓનાં નામો ઘડવા માટે, પૂરતા અવકાશના અભાવે, એ દિશામાં પ્રયત્ન કર્યો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ થયી શાસ્ત્રીય પરિભાષાની વાત.

વ્યાવહારિક ઉપયોગ માટે, અનુક્રમણીમાં ઉલ્લિખિત પ્રાણીઓનાં અંગ્રેજી નામો અને એમનાં ગૂજરાતી રૂપાંતરો આપવા સાથેસાથે, પ્રાપ્ય એટલાં તળપદાં ગૂજરાતી નામો પણ આપ્યાં છે. જ્યાં આવાં નામો મળ્યાં નથી ત્યાં અનિચ્છાએ પરપ્રાંતીય નામો આપવાં પડ્યાં છે. અનિચ્છા એટલા પૂરતી કે પક્ષિવિદ્ર અધ્યાપક લિટલડેલ (JBNHS. 1. 31) પેઠે હું પણ, 'પ્રત્યેક પ્રાંતમાં વસતાં પ્રાણીઓ માટે, તે તે પ્રાંતના વાસીઓ વાપરતા હોય એ નામો જ વાપરવાં જોઈએ : પરપ્રાંતીય નામો નહિ' એ મતનો પુરસ્કર્તા છું. પ્રાચીનો* પણ આ મતનું સમર્થન કરતા આવ્યા છે. દુર્ભાગ્યે આપણે ગૂજરાતીઓ પ્રાણીઓનું અવલોકન કરવા ટેવાયલા ન હોવાથી એમના યોનીભેદથી અને નામજ્ઞાનથી વંચિત રહ્યા છીએ. વળી જેઓ આરણ્યક પ્રાણીઓનાં પડખાં સદૈવ સેવે છે, એ આપણા ભરવાડ આદિ વનેચરો પણ ઘણુંખરું એ વન્ય પ્રાણિયોનીઓનાં નામો જાણતા નથી હોતા. પરિણામે વિવિધ સ્વરૂપવાળી પ્રાણિયોનીઓ માટે ભિન્ન ભિન્ન તળપદાં નામોના અભાવે, એ એ પ્રાણિયોનીને એના કુલવાચક સામાન્ય નામે ઓળખાવીને ચલાવી લેવું પડે છે. વ્યવહારમાં આ રીત અનભિજ્ઞોને સંતોષપ્રદ ભલે નીવડે, પરંતુ પ્રાણીઓના પારસ્પરિક સંબંધવિરોધાત્મક શાસ્ત્રીય પરિચયજ્ઞાન માટે એ સર્વથા પ્રતિકૂલ છે. એ દશામાં કાં તો અંગ્રેજી અથવા પરપ્રાંતીય ભારતીય નામો વાપરવાં અથવા નવાં નામો ઘડી કહાડવાં, એ એક જ માર્ગ છે. મેં આ ઉભય માર્ગ સ્વીકાર્યો છે અને હિંદી આદિ નામો સાથે સંસ્કૃત ભાષાના આધારે રચેલાં નામો અનુક્રમણીમાં વાપર્યાં છે. એ કેટલાં ઉપકારક નીવડશે, એનો નિર્ણય તો અનુક્રમણીનો ઉપયોગ કરનાર જ કરી શકે.

મને પોતાને એ વિષયમાં શંકા રહે છે. કારણ આવાં નામો વ્યવહારમાં સહેજે પ્રચલિત કરી શકાતાં નથી. આપણે જો સામાન્ય જનતાને પ્રાણીઓનો પરિચય કરાવવો હોય તો એ સમજી શકે એવાં સરળ નામો યોજવાં જોઈએ. આવાં નામો રચવા માટે સંસ્કૃત ભાષાના આધારનો સદૈવ આગ્રહ રાખવો, એ અનિચ્છનીય

* ૧ ડલ્લણ (સુશ્રુતટીકા, અધ્યાય ૮, કીટકકલ્પ): 'एते कीटकभेदाः नानादेशीयलोकादवगन्तव्याः यतः सुरसवीरनन्दिवराहजेज्जटगयदासादिभिः टीकाकारैः न व्याख्याताः ॥'

૨ વરાહમિહિર (બૃહત્સંહિતા, અધ્યાય ૮૭, શકુનરુત):

'एवं देशे देशे तद्विद्भ्यः समुपलभ्य नामानि ।
शकुनरुतज्ञानार्थं शास्त्रे संचिन्त्य योज्यानि' ॥१०॥

૩ ચરકઃ 'अविपाश्चैव गोपाश्च ये चान्ये वनचारिणः ।
ओषधीर् नामरूपाभ्यां जानन्ति ह्यजपा वने ॥'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. વ્યવહારમાં સામાન્ય રીતે વપરાતા હોય એવા સાદા શબ્દોના આધારે રચેલાં નામોદ્વારા પણ જો પ્રાણીઓનો પરિચય વિનાયાસે કરાવી શકાતો હોય તો એ જ માર્ગ પ્રશસ્ય છે, જ્યારે કેવલ શાસ્ત્રીય વ્યવહાર માટે તો સંસ્કૃત ભાષાનું આલંબન જ ઇષ્ટ અને અનિવાર્ય છે.

૩

હું જાણું છું ત્યાં સુધી આપણી ભાષામાં આપણા પ્રાંતનાં પ્રાણીઓ વિષયક સર્વાંગસંપૂર્ણ સંગ્રહ આ પ્રથમ છે. એમાં ગૂજરાતનાં સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, ઘો-સાપ આદિ સરીસૃપો, દેડકાં અને માછલીઓની યોનીઓ જેટલી અદ્યાવધિ વિજ્ઞાત થયી છે, એ સર્વનો સંગ્રહ કરવાનો પ્રયત્ન કર્યો છે. પરંતુ આ વિષયનું અશેષ મુદ્રિત સાહિત્ય અમદાવાદમાં ઉપલબ્ધ ન હોવાથી, કોઈ કોઈ પ્રાણીઓનો ઉલ્લેખ કરવાનું રહી ગયું હોય, એ સર્વથા શક્ય છેઃ એમાં પણ શ્રી સાલિમ અલીનાં ગૂજરાતનાં પક્ષીઓનાં સંશોધનના પરિણામો આમાં ઉમેરવાનું બન્યું નથી, એ ઊણપ તો ભારે સાલે છે. જે અવલોકનકારોના અનુભવજ્ઞાનનો ઉપયોગ મેં આમાં કર્યો છે, એ સર્વનો નામોલ્લેખ દ્વારા ઋણસ્વીકાર કર્યો છે.

જે ગૂજરાતી પ્રાણીઓના ચિર પરિચય, અનુભવ અને એમના વિષયના વિખરાયલા સાહિત્યના દૃઢ પરિશીલનના બળે હું આ લખવા પ્રેરાયો છું, એ પ્રાણીઓમાં 'પ્રકૃતિ'ના વાચકોને રસ લેતા કરવામાં જો આ અનુક્રમણી યત્કિ-ઞ્ચિત પણ સહાયક નીવડશે તો મારો પ્રયત્ન સાર્થક થયો માનીશ.

विक्षिप्तसंग्रहात्क्कापि क्काप्युक्तस्योपपादनात्।
अनुक्तकथनात्क्कापि सफलोऽयं श्रमो मम॥ —વ્યાસતીર્થઃ ન્યાયામૃત

અમદાવાદ · કબીર જયન્તિ
જ્યેષ્ઠી પૂર્ણિમા · વિક્રમાબ્દ ૨૦૦૬

હરિનારાયણ ગીરજ્વરલાલ આચાર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नितान्तमवलोकनीयम्

આ અનુક્રમણીમાં સંઘરેલાં પ્રાણીઓનાં શાસ્ત્રીય અભિધાન આદિ માટે મેં ભારતીય સરકારે પ્રસિદ્ધ કરેલી 'ફૉના ઑફ બ્રિટિશ ઇન્ડિયા' ગ્રન્થાવલિનું પ્રામાણ્ય સ્વીકાર્યું છે. એમાં પ્રસિદ્ધ થયેલા કયા ગ્રન્થમાં કયા સ્થળે વિશિષ્ટ પ્રાણિયોની વર્ણવેલી છે, એ જાણવાની સરળતા અર્થે, અનુક્રમણીમાં પ્રત્યેક પ્રાણીના નામના પ્રારંભે એક સંજ્ઞા આપેલી છે. ઉદાહરણાર્થે: સસ્તન વંશવર્ણનમાં વાપરેલી 'B ૩૨૦' સંજ્ઞાનો અર્થ, ફૉના ગ્રન્થાવલિમાં પ્રસિદ્ધ થયેલા 'સસ્તન વંશ' ગ્રન્થની બ્લૅન્ફૉર્ડ પ્રણીત પ્રથમાવૃત્તિમાં, ક્રમાંક ૩૨૦ નીચે આ પ્રાણીનું સંપૂર્ણ વર્ણન આપ્યું છે, એવો છે. આ જાતની અન્ય સંજ્ઞાઓનો ઉકેલ પણ આ રીતે કરવાનો છે.

અનુક્રમણીમાં નીચેની પ્રધાન સંજ્ઞાઓ મેં વાપરી છે:

B: ડબ્લ્યુ. ટી. બ્લૅન્ફૉર્ડ પ્રણીત 'સસ્તનવંશ' ગ્રન્થ; પ્રથમાવૃત્તિ, ૧૮૮૮–૯૧; 'ફૉના' ગ્રન્થાવલિ.

D: ફ્રાન્સિસ ડે પ્રણીત 'મત્સ્યવંશ' ગ્રન્થ; બે ભાગ, ૧૮૮૯; 'ફૉના' ગ્રન્થાવલિ.

GB: જ્યૉર્જ એ. બુલેન્ગર પ્રણીત 'સરીસૃપવંશ અને મેડકવંશ' ગ્રન્થ; પ્રથમાવૃત્તિ ૧૮૯૦; 'ફૉના' ગ્રન્થાવલિ.

J: ટી. સી. જેર્ડોન પ્રણીત 'ભારતીય પક્ષીઓ' ગ્રન્થ; બે ભાગ; ચેરાપુંજી ૧૮૭૦.

S: માલ્કમ એ. સ્મિથ પ્રણીત 'સરીસૃપવંશ અને ઉભયજીવીવંશ'; દ્વિતીયાવૃત્તિ, ત્રણ ભાગ ૧૯૩૧-૪૩, 'ફૉના' ગ્રન્થાવલિ. (સરીસૃપવર્ણનમાં).

P: આર. આઈ. પોકૉક પ્રણીત 'સસ્તનવંશ' ગ્રન્થ; દ્વિતીયાવૃત્તિ, બે ભાગ ૧૯૩૯; ૪૧; 'ફૉના' ગ્રન્થાવલિ.

S: ઈ. સી. સ્ટુઅર્ટ બેકર પ્રણીત 'પક્ષીવંશ'; દ્વિતીયાવૃત્તિ, આઠ ભાગ, ૧૯૨૨-૩૦; 'ફૉના' ગ્રન્થાવલિ. (પક્ષિવર્ણનમાં).

બટલર: કૅપ્ટન ઈ. એ. બટલર. તત્પ્રણીત 'સિંધ-કચ્છ-કાઠિયાવાડ-ઉ૦ ગૂજરાત અને આબુપર્વતનાં પક્ષીઓની સૂચિ' ગ્રન્થ; ૧૮૭૯; ને 'સ્ટ્રે ફૅધર્સ'માં આવેલા લેખો.

બાર્ન્સ: લેફ્ટેનન્ટ એચ. એડવિન બાર્ન્સ. તત્પ્રણીત 'મુંબઇ પ્રાંતનાં પક્ષીઓનો આકરગ્રન્થ', ૧૮૮૫; અને બૉ૦ નૅ૦ હિ૦ સો૦ (બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાએટી)ના મુખપત્રમાં પ્રસિદ્ધ થયેલા લેખો.

ફ્રૅપ: સી. એ. ફ્રૅપ, મુંબાઇની નૅચરલ હિસ્ટરી સોસાએટી સંચાલિત 'ભારતીય સસ્તન પ્રાણીઓનું સંશોધન' યોજના અંગે ગૂજરાતનાં સસ્તન પ્રાણીઓનો અન્વેષક. એની પ્રવૃત્તિનો ઇતિહાસ બૉ૦ નૅ૦ હિ૦ સો૦ના સામયિકમાં–કચ્છ: **૨૧**.૩, કાઠિયાવાડ: **૨૨**.૩, ઉ૦ ગૂજરાત (પાલણપુર અને આબુગિરિ) **૨૨**.૪; ૧૯૧૨-૧૩–પ્રસિદ્ધ થયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હ્યૂમ: ઍલન ઓ. હ્યૂમ. ભારતીય પક્ષિવિદ્યાનો પુરોધા. એણે સંચાલિત કરેલું પક્ષિવિષયક સામયિક 'સ્ટ્રે ફ્રેધર્સ' દશ ગ્રન્થનો અમૂલ્ય જ્ઞાનનિધિ છે.

નિરંજન: નિરંજન વર્મા. 'પ્રકૃતિ'માં આવેલી લેખમાળા.

પદ્મકાન્ત: પદ્મકાન્ત કંચનરાય દેસાઈ. 'પ્રકૃતિ'માં આવેલા લેખો અને ગૂજરાતનાં પક્ષીઓની હસ્તલિખિત નોંધ.

લિટલડેલ: અધ્યાપક એમ. લિટલડેલ. બૉ૦નૅ૦હિ૦સો૦ના સામયિકમાં પ્રસિદ્ધ થયેલા લેખો.

લેસ્ટર: કૅપ્ટન સી. ડી. લેસ્ટર. તત્પ્રણીત 'કચ્છનાં પક્ષીઓ' ગ્રન્થ; ૧૮૯૮, ૧૯૦૩.

વાસુ: વિજયશંકર મુરારજી વાસુ. 'પ્રકૃતિ'માં આવેલી લેખમાળા.

વ્હિસ્લર: હ્યૂ વ્હિસ્લર. તત્પ્રણીત 'ભારતીય પક્ષીઓનો સર્વોપયોગી આકરગ્રન્થ.' ૧૯૨૮.

સાલિમ: સાલિમ એ અલી. તત્પ્રણીત 'કચ્છનાં પક્ષીઓ' ગ્રન્થ, ૧૯૪૫; અને ગુજરાત સંશોધક મંડળના સામયિકમાં આવેલો લેખ.

?: જે નામની આગળ અથવા એને સ્થાને આ સંજ્ઞા હોય ત્યાં અનુક્રમે, આપેલું નામ કાં તો સંદિગ્ધ કે અશાસ્ત્રીય છે, અથવા યોગ્ય નામ જડ્યું નથી, એમ સમજવું.

*: આ સંજ્ઞા 'યાયાવર' પક્ષીની નિદર્શક છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૂજરાતનાં પ્રાણીઓ

અભ્યાસ અને અવલોકનની સુવિધા અર્થે પ્રાણિતત્ત્વવિદોએ ભૂતલનાં પ્રાણીઓને બે વિશાળ સમુદાયમાં વિભક્ત કરેલાં છે: ૧. પૃષ્ઠવંશવિહીન પ્રાણીઓનો સમુદાય, ૨. પૃષ્ઠવંશવત્ પ્રાણીઓનો સમુદાય. સંખ્યાબળમાં પ્રથમ સમુદાય સમૃદ્ધતર છે. અણુતમ જીવ અને પોરા, અળસીયાં અને કરમીયાં, જીંગા અને કરચલા, શંખ અને શુક્તિ, કરોળીયા, કાનખજુરા, ઝેમેલ, વીંછી, બીરબુટી, આદિ ષડધિક પગવાળાં અને કીડીમંકોડા, મધમાખ, પતંગીઆં, માકડ, મચ્છર, તીડ, આદિ ષટ્પદો જેવી અનેકવિધ ભિન્નભિન્ન સ્વરૂપવાળી પ્રાણિયોનીઓ પ્રથમ સમુદાયમાં સમાવિષ્ટ છે. ગૂજરાતમાં આ પ્રાણિયોનીઓના અસ્તિત્વ વિષે અત્યંત પરિમિત અન્વેષણ નિરીક્ષણ થયેલું હોવાથી એમનો વિચાર અન્ય પ્રસંગ ઉપર રાખીને, અહિં માત્ર પૃષ્ઠવંશવત્ પ્રાણીઓની વ્યાપ્તિનો સંદર્ભ આપ્યો છે.

સમુદાય ૨. પૃષ્ઠવંશવત્ Vertebrata

આ પૃષ્ઠવંશવાળાં પ્રાણીઓના સમુદાયના પાંચ વિશાળ વંશો અંતર્ભુક્ત છે: ૧. સસ્તન, ૨. પતત્રી, ૩. સરીસૃપ, ૪. ઉભયજીવી અને ૫ મીન. આ પાંચે વંશોની જે જે પ્રાણિજાતિઓ ગૂજરાતની ભૂમિમાં સ્થાયી અધિવાસી રૂપે તેમજ યાયાવર રૂપે અદ્યાવધિ દૃષ્ટિગોચર થયેલી છે, એમનાં નામાદિની આ અનુક્રમણી છે.

વંશ ૧. સસ્તન *Mammalia*

કેશ કે રોમાવલિમંડિત ત્વચાવાળાં અને બાલસંવર્ધન અર્થે સ્તનમંડિત માતૃદેહવાળાં પ્રાણીઓના આ વંશની ત્રણ શાખાઓ છે: ૧. અંડસૂ Prototheria, Monotremata કે Ornithodelphia, ૨. દ્વિગર્ભકોષ Metatheria, Marsupialia કે Didelphia, અને ૩. ગર્ભચ્છદાવત્ Eutheria, Placentalia કે Monodelphia. આમાંની પ્રથમ શાખાનાં પ્રાણીઓ કેવળ ઑસ્ટ્રેલિઆમાં અને દ્વિતીય શાખાનાં કેવળ ઑસ્ટ્રેલિઆ અને દક્ષિણ અમેરિકામાં વસે છે. ગૂજરાતનાં સસ્તન પ્રાણીઓ તૃતીય શાખાનાં અંતર્ભુક્ત છે.

વંશ-શાખા ૩. ગર્ભચ્છદાવત્ Eutheria

એના બાર વર્ગો છે: ૧. અગ્રિમ Primates, ૨. માંસાદ Carnivora, ૩. કીટાદ Insectivora, ૪. ત્વક્પક્ષ Dermoptera, ૫. કર્તનશીલ Rodentia, ૬. હસ્તપક્ષ Chiroptera, ૭. શલ્કી Pholidata, ૮. સમપાદાઙ્ગુલ Artiodactyla, ૯, વિષમપાદાઙ્ગુલ Perissodactyla, ૧૦. શુણ્ડી Proboscidia, ૧૧. સાગરસુન્દરી (સમુદ્રધેનુ) Sirenia, ૧૨. તિમિંગલ Cetacea. આમાંના ૪, ૧૧ અને ૧૨ મા વર્ગનાં પ્રાણીઓ ગૂજરાતમાં થતાં નથી. ૧૦ મા વર્ગનાં પ્રાણીઓ કેવળ પરિપાલિત દશામાં જોવા મળે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ગ ૧. અગ્રિમ Primates

પૂર્વે ચતુર્બાહુ Quadrumana નામથી પ્રખ્યાત આ વર્ગનાં પ્રાણીઓ, આયત શરીર અને વૃક્ષારોહણને અનુકૂલ અંગુઠાના હલનચલનની શક્તિને લીધે અન્ય વર્ગોના પ્રાણીઓથી જૂદાં પડે છે. એની બે શાખાઓ છેઃ ૧, વાનર Pithecoidea અને ૨. અરણ્યપિશાચ Lemuroidea. ૨ જી શાખાનો ગુજરાતમાં અભાવ છે.

વર્ગ-શાખા ૧. વાનર Pithecoidea

એનાં બે યૂથ છે: ૧. પૃથુનસ Platyrhini અને ૨. અધોનસ Catarhini. પૃથુનસ યૂથનાં ત્રણ કુલનાં પ્રાણીઓ–અમેરિકાનાં વાનરો અને માર્મોસેટ–ભારતવર્ષનાં વાસી નથી.

યૂથ ૨. અધોનસ Catarhini

આના બે વિભાગ છે: ૧ માનવસદૃશ Anthropomorpha અને ૨. કુક્કુરસદૃશ Cynomorpha. લાંબા હાથવાળા અને ટટાર ઊભા રહેવાની અને ચાલવાની ટેવવાળા માનવસદૃશ વાનરોના વિભાગનાં ત્રણ કુલ છે: ૧ માનવ Homidae, ૨. અરણ્યવાસી Hylobatidae અને ૩. પર્ણમૃગ Simiadae. સમગ્ર જીવસૃષ્ટિમાં સદસદ્‌વિવેકશક્તિના પ્રભાવથી મૂર્ધન્યસ્થાને વિરાજતો માનવ, પ્રાણિતત્ત્વવિદોની ગણનાએ, અપુચ્છ વાનરોની સમકક્ષાએ છે પરંતુ એનો પરિચય અહિં અસ્થાને છે. અરણ્યવાસી (ગિબન) અને પર્ણમૃગ (ગોરિલા, ઓરાંગઉટાન, આદિ) કુલોના વાનરોનું ગુજરાતમા અસ્તિત્વ નથી.

વિભાગ ૨, કુક્કુરસદૃશ Cynomorpha

બુદ્ધિમાન્દ્યના કારણથી માનવસદૃશ વાનરોથી ઊતરતી કોટિના અને ચારે પગે ચાલવાની ટેવના લીધે કૂતરાને મળતા આવતા વાનરોના આ વિભાગનાં બે કુલ છે: ૧. સપુચ્છવાનર Cercopithecidae અને ૨. વામનીભૂતવાનર Colobidae.

કુલ ૧. સપુચ્છવાનર Cercopithecidae

ગોત્ર ૧. મર્કટ Macaca Lacepede

P 5a. Rhesus Macacque or Bunder. Macaca **mulatta mulatta** Zimmermann.

માંકડું. સં. મર્કટકઃ.

દક્ષિણ ગૂજરાતઃ તાપીપર્યંત; ઉત્તર ગૂજરાતઃ સર્વત્ર. પરિપાલિત દશામાંઃ ક્વચિત્ નાસી છૂટેલાં ગામ કે નગરમાં છૂટથી રહેતાં વિચરતાં જોવામાં આવે છે. બ્લેન્ફોર્ડનું વિધાન–'સમગ્ર ગૂજરાતમાં સામાન્ય'—સર્વાંશે સાચું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ ૨. વામનીભૂતવાનર Colobidae

ગોત્ર ૧. પાવનપ્લવંગમ Semnopithecus Dermarest.

P11d. Common Langur or Hanuman. **Semnopithecus entellus entellus** Dufresne

सामान्य लगूर के हनुमान बांदर. सं. प्लवंगमः, वानरः, गोलाङ्गूलः, शाखामृगः.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: દાંતા, પાલણપુર, આરાવળ, આદિ સમગ્ર પ્રદેશમાં સામાન્ય; સૌરાષ્ટ્ર: જૂનાગઢ (પોરબંદર), તળાજા, સાસણ, ગીર (સારી પેઠે વિસ્તરેલાં છે પરંતુ સંખ્યાબળ ઝાઝું નહિ–કંપ). અમદાવાદ, ઊંઝા.

વર્ગ ૨ માંસાદ Carnivora

ક્ષુદ્ર રદનપંક્તિ અને કરાલ દૃઢ દંષ્ટ્રાચતુષ્ટય મંડિત મુખ તથા સુતીક્ષ્ણ કઠોર નખ વિભૂષિત પાદવાળાં ક્રવ્યાદ પ્રાણીઓનો આ વર્ગ, એમાંનાં પ્રાણીઓની આકૃતિવિશિષ્ટતાને અનુલક્ષીને બે શાખાઓમાં વિભક્ત છે: ૧. બિડાલસદૃશ Aeluroidea અને ૨. ઋક્ષસદૃશ Arctoidea. આ ઉભયશાખાનાં પ્રાણીઓ સમગ્ર ભારતવર્ષમાં અનુકૂળ સ્થળે નિવાસ કરે છે.

વર્ગ–શાખા ૧. બિડાલસદૃશ Aeluroidea

આનાં ચાર કુલ છે: ૧. બિડાલ Felidae, ૨. ખટ્ટાસ Viverridae, ૩. વિસર્પી Herpestidae અને ૪. તરક્ષુ Hyaenidae.

કુલ ૧. બિડાલ Felidae

ઉત્તમ શરીર સંઘટના અને વિકરાલ સ્વભાવવાળાં બિડાલકુલનાં પ્રાણીઓ સર્વ શ્વાપદોમાં મૂર્ધન્યસ્થાને વિરાજે છે. ઑસ્ટ્રેલિઆ ઉપખંડ અને માડાગાસ્કર દ્વીપથી અતિરિક્ત અન્ય સર્વ દેશોમાં એમનું સ્થાન છે. આમાંનાં કતિપય પ્રાણીઓ નિરપવાદ આરણ્યક હોય છે, ત્યારે અન્ય કેટલાંક વૃક્ષવિહીન તૃણભૂમિ અને ગિરિપ્રદેશ–વસ્તુતયા જ્યાં જ્યાં ભક્ષ્ય પ્રાણીઓ લભ્ય હોય તેવાં સ્થાનો–નાં નિવાસી હોય છે. આ કુલની ત્રણ શાખાઓ છે: ૧. દ્વીપી Pantherinae, ૨. બિડાલ Felinae અને કંટકનખ Acinonychinae.

કુલ–શાખા ૧. દ્વીપી Pantherinae

મૃગાધિપ સિંહ અને એનાં સગોત્રી વ્યાઘ્રાદિ આ શાખાનાં અંતર્ભુક્ત છે.

ગોત્ર ૧. દ્વીપી Panthera Oken

P21a. Indian Tiger. **Panthera tigris tigris** Linnaeus.

भारतीय बाघ, पट्टादार बाघ. सं. व्याघ्रः, शार्दूलः.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ. ગૂજરાત: પંચમહાલ, ડાંગ; ઉ. ગૂજરાતઃ આરાવળ, ઈડર, આદિ સ્થળોએ પૂર્વે સામાન્ય પરંતુ સતત હનનના પરિણામે હવે એમની વસતિ ઓછી થતી જાય છે.

P22a. Lion. **Panthera leo persica** Meyer.
सिंह, सावज, ऊटीयो वाघ, सं. सिंहः, पञ्चाननः, केसरी.
બ્લેન્ફોર્ડ લખે છે એ અનુસાર, ગયા શતકમાં દક્ષિણ અને ઉત્તર ગૂજરાતમાં અનેક સ્થળે સિંહનો વસવાટ હતો. એની હસ્તિની આટલી નોંધો મળી આવે છે :

ઇસવી ૧૮૧૪ઃ પાલણપુર, ૧૮૩૦ઃ અમદાવાદ, ૧૮૩૨: વડોદરા, ૧૮૩૪ : હરિયાણા, ૧૮૩૬ઃ અમદાવાદ, ૧૮૬૦: ગુણા (આરાવળ), ૧૮૭૨: અનાદરા (આરાવળ), ૧૮૭૮: ડીસા, ૧૮૮૦: પાલણપુર, ૧૮૮૧, ૧૮૯૧: આબુ.
આજે સમગ્ર ભારતવર્ષમાં એનો વસવાટ કેવળ સૌરાષ્ટ્રના ગીર પ્રદેશમાં છે. ત્યાં, કેડકની ગણતરી અનુસાર, નાનાં મોટાં મળીને ૭૦-૮૦ થી વધુ પ્રાણીઓ નહિ હોય. આટલી વસતિ પણ જૂનાગઢ દરબારની સંરક્ષણ નીતિને આભારી છે.

P 23a. Common Indian Leopard or Panther. **Panthera pardus fusca** Meyer.
सामान्य भारतीय दीपडो के चित्तो. टेंडरवु, टेंडवो वाघ, सं. द्वीपी, चंद्रकी.
દ. ગૂજરાતઃ પંચમહાલ, ડાંગ; ઉ, ગૂજરાતઃ "દાંતા, પાલણપુર, આરાવળ" (ફ્રેંપ); તારંગા,ઈડર, મહીકાંઠા (હ.આ.); "સૌરાષ્ટ્ર: ગીર, ગીરનાર, ભાવનગર; કચ્છ."—ફ્રેંપ. ગૂજરાતના અનેક પ્રદેશોમાં વિવિધ સ્થળે સામાન્ય.

કુલ-શાખા ૨. બિડાલ Felinae

દ્વીપી અને કંટકનખ શાખાઓના પૂર્વપુરુષ સમ આ શાખાનાં પ્રાણીઓની શરીરસંઘટનામાં કોઇ વિશિષ્ટતા નથી હોતી.

ગોત્ર ૫. બિડાલ Felis Linnaeus.

P 31a. Indian Desert Cat. **Felis constantina ornata** Gray.
भारतीय रानी बिलाडो. झाघमेणो (कच्छ). सं. ओतुः, वनमार्जारः.
"ઉ. ગૂજરાત: ડીસા, પાલણપુર; સૌરાષ્ટ્ર: રાજકોટ; કચ્છ: ભૂજ, રહેડા મોટા"--ફ્રેંપ. કચ્છમાં રણપ્રદેશનો વાસી, અનુકૂળ સ્થળે સામાન્ય.

P 32c. Jungle Cat. **Felis chaus kutas** Pearson.
वगडाउ बिलाडो. घोघर बिलाडो, मुंगडो, (सौराष्ट्र), झांघमेणो (कच्छ).
सं. वृषदंशः, बिडालः.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ. ગૂજરાત: ઉ. ગૂજરાત: ઊંઝા, "પાલણપુર (દુષ્પ્રાપ), દાંતા, આબુ, ઇડીયા, લુણવા; સૌરાષ્ટ્ર: જૂનાગઢ (સામાન્ય), બારડીયા, રાજકોટ: કચ્છ: ચિત્રોડ, ચાડવા, નોકણીયા, ભૂજ (સામાન્ય)"–કંપ.

ગોત્ર ૬, શિતિકર્ણ Caracal Gray.

P. 33a. Caracal or Red Lynx. **Caracal caracal caracal** Muller.

हुयनातरो (कच्छ). सं. लोमशकर्णः, शितिकर्णः.

"ઉ. ગૂજરાત: આબુ (અત્યંત દુષ્પ્રાપ); કચ્છ: ભૂજ, ઢોસા. કચ્છની ઉત્તરે અને ઉત્તર-પશ્ચિમે આવેલી ગિરિમાળામા ઠીક ઠીક પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે."—ફ્રેંપ.

કુલ-શાખા ૩. કંટકનખ Acinonychinae

સામાન્યતયા બિડાલ શાખાનાં પ્રાણીઓ સાથે સાદૃશ્ય ધરાવનારાં પરંતુ પગની વિશિષ્ટ રચના અર્થાત્ નખના આવરણ સમા ચર્મકોષનો અભાવ અને નખની આકુંચનપ્રસારણ શક્તિની કુણ્ઠિતતાના કારણથી એમનાથી ભિન્ન શરીરરચનાવાળાં પ્રાણીઓની આ શાખાનું કેવલ એક ગોત્ર અને એમાં એક પ્રાણિજાતિ છે.

ગોત્ર ૧. કંટકનખ Acinonyx Brookes.

P 36a. Hunting Leopard or Cheetah. **Acinonyx jubatus venaticus** Griffith.

शिकारी चीपडो के चित्तो. सं. चित्रकः.

સૌરાષ્ટ્રમાં બે સ્થળ—ઇસવી ૧૮૪૪: ટાંગા અને ૧૮૯૪: રાજકોટ–અતિરિક્ત ગૂજરાત–સૌરાષ્ટ્ર–કચ્છમાં અન્ય કોઇ સ્થળે શિકારી ચિત્તાની હસ્તિ જાણવામાં નથી. આજે પરિપાલિત દશામાં દૃષ્ટિગોચર થતાં પ્રાણી આફ્રિકાનાં વાસી છે.

કુલ ૨. ખટ્ટાસ Viverridae

જાતે બિલાડી નથી છતાં બિલાડી સમા સ્વરૂપને લીધે ગામ તેમ નગરમાં ભરવસતિમાં વિચરવાના સ્વભાવના કારણથી સુપરિચિત વનીચરનું આ કુલ, બિડાલ સદૃશ શ્વાપદોનાં અશેષ કુલોમાં પ્રાચીનતમ છે. એની પાંચ ભારતીય શાખાઓમાંની બે–૨, ખટ્ટાસ Viverrinae અને ૩. વિલક્ષણપુચ્છ Paradoxurinae–શાખાઓનાં પ્રાણીઓ ગૂજરાતનાં વાસી છે.

કુલ-શાખા ૨. ખટ્ટાસ Viverrinae

વનીચરોનાં સર્વ ગોત્રોમાં આદર્શસમાં વનીચર આ શાખાનાં પ્રાણીઓ છે. વૃક્ષબિડાલ ગણાવા છતાં પ્રધાનતયા કે સર્વાંશે એ ભૂમિચર છે. એમના પગના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હ્રસ્વ નખ તીક્ષ્ણ શિખાઓવાળા અને કોઇ કોઇ પ્રાણીઓમાં બિડાલકુલ પેઠે આવરણકોષથી સુરક્ષિત અને આકુઞ્ચનપ્રસારણક્ષમ હોય છે. એમની પુચ્છીના મૂળમાં રસગ્રન્થિઓ હોય છે અને એમાંથી ઉત્કટ અને સામાન્યજનને અપ્રિય સુગન્ધદ્રવ્ય-કસ્તૂરી નીકળે છે. એનાં ત્રણ ગોત્રોમાંના એકજ ગોત્ર-૨. ખટ્વાસ Viverricula-ની એક જ જાતિનાં પ્રાણી ગૂજરાતનાં વાસી છે.

ગોત્ર ૨. **ખટ્વાસ Viverricula** Hodgson.

P 42c. Small Civet or Rasse. **Viverricula indica bengalensis** Gray.

નાનું વનીયર. કપૂરીયો ('कर्पूरक:' डल्हण), જુબાટ (સૌરાષ્ટ્ર), જાબડીયો (કચ્છ). સં. खट्वास:, पूतिघास:, सुगन्धिमूषण: .

દ. ગૂજરાત; ઉ; ગૂજરાત: અમદાવાદ, ઊંઝા, પાટણ, "પાલણપુર, દાંતા, આબુ; સૌરાષ્ટ્ર: રાજકોટ; કચ્છ: ભૂજ, ઢોસા."—કુરંપ. વગડામાં તેમ વસતિમાં રહેનારાં પરિચિત પ્રાણી.

કુલ-શાખા ૩. વિલક્ષણપુચ્છ Paradoxurinae

ઉભયલિંગનાં પ્રાણીઓમાં સુવિકસિત ગન્ધગ્રન્થિઓના અસ્તિત્વ પૂરતા સાદૃશ્ય-વાળા પરંતુ પ્રલંબિત અને સુગ્રથિત દીર્ઘ દેહ, હ્રસ્વતર પાદ અને સુદીર્ઘ પુચ્છના કારણથી ખટ્વાસશાખાથી ભિન્ન સ્વરૂપવાળી આ શાખાનાં ત્રણ ગોત્રોમાંના એક જ ગોત્ર—૧. વિલક્ષણપુચ્છ Parodoxurus-નાં પ્રાણી ગૂજરાતમાં અનુકૂળ સ્થળે વસે છે.

ગોત્ર ૧. **વિલક્ષણપુચ્છ Paradoxurus** Cuvier and Geoffrey

P 45a. Paradoxure or "Toddy Cat" or Palm-Civet. **Paradoxurus hermaphroditus hermaphroditus** Schreber.

તાડનું વનીયર કે "તાડી બિલાડી". સં. वृक्षबिडाल:, गन्धचेलिका.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત; ઈડર (હ આ.) "પાલણપુર, દાંતા, આબુ."—કુરંપ. "આછા પ્રકાશમાં પણ એની આંખો અત્યંત અદ્ભુત તેજોમયી બને છે: એટલી વિલક્ષણ અને ઉજ્જ્વલ તેજોમયતા 'શવમુણ્ડ' Death's Head (પારિજાતક આદિ વૃક્ષનાં પાન ઉપર ઈંડાં મૂકી સંતાનોત્પત્તિ કરનારૂં આપણા ત્યાંનું પ્રદોષચર પતંગીયું-હ. આ.) પતંગીયા વિના અન્ય કોઈ પ્રાણીની આંખોમાં જોવામાં આવી નથી"—કર્નલ કનિંગહામ. આ વિધાનની યથાર્થ પ્રતીતિ મને, દરેક વર્ષ ઉપર કાર્ત્તિક સુદિ ૧૫ની રાતે હિંમતનગરથી ઈડર જતાં મોટરસાઇકલના દીવાના પ્રકાશમાં ચમકતી એમની નયનદ્યુતિ જોઇને થઇ હતી—હ. આચાર્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ ૩. વિસર્પી Hespestidae

ગન્ધગ્રન્થિનો અભાવ અને આકુંચ-ચનધર્મરહિત લાંબા નખના કારણથી ખટ્ટાસ કુલથી ભિન્ન કરાયલા આ કુલની બે શાખાઓમાંની એક શાખા—૧. વિસર્પી Hepestinae-નાં કેટલાક પ્રાણીઓ ભારતવર્ષમાં જોવામાં આવે છે.

કુલ-શાખા ૧. વિસર્પી Herpestinae

એક અપવાદ-વિસર્પી Herpestes-વિના આ શાખાનાં અશેષ ગોત્રોનાં પ્રાણીઓ કેવળ આફ્રિકાનાં વતની છે. એનો ફલિતાર્થ એટલો કે નકુલકુલનું આદિ ઉદ્ભવસ્થાન આફ્રિકા છે.

ગોત્ર ૧. વિસર્પી Herpestes Illiger

P 51a. Common Grey Mungoose. Herpestes **edwardsii nyula** Hodgson.

सामान्य भूखरो नोळीयो. सं. नकुलः, धूसरकायः.

ગૂજરાત; સૌરાષ્ટ્ર; કચ્છ. માણસના વસવાટ પાસે સામાન્ય.

P 51b. Pale Grey Mungoose. **Herpestes edwardsii ferrugineus** Blanford.

पांडुवरणो नोळीयो सं. पिङ्गलः.

"ઉ. ગૂજરાત: પાલણપુર (અ-સામાન્ય), દાંતા, કુણવા, આબુ (વિપુલ)." —કુરંપ.

P 52a. Ruddy Mungoose. **Herpestes smithii smithii Gray.**

सोनेरी नोळीयो. सं. महाबभ्रुः, कपिलः.

"દ. ગૂજરાત: રાજપીપળાનો પહાડી પ્રદેશ"—બ્લેન્ફોર્ડ. ઉ. ગૂજરાત: "દાંતા, આબુ"—કુરંપ.

સામાન્યતયા ઘન અરણ્યનો વાસી.

P 53b. Small Indian Mungoose. **Herpestes javanicus pallipes** Blyth.

वामनदेही भारतीय नोळीयो.

"ઉ. ગૂજરાત: ડીસા"—કુરંપ.

કુલ ૪. તરક્ષુ Hyaenidae

પ્રત્યેક પગે કેવળ ચાર આંગળાં હોવાના કારણથી અન્ય માંસાદોથી ભિન્ન પડી જતા તરક્ષુ કુલનાં પ્રાણીઓ સામાન્યતયા કૂતરા જેવી આકૃતિ અને આકુંચ-ચનશક્તિ રહિત નખવાળાં, પદાયત દેહ અને બિલાડી પેઠે મૂછવાળાં, વિકરાલ લાંબી દંષ્ટ્રાઓ અને હ્રસ્વ પુચ્છવાળાં, પાછલા પગ કરતાં લાંબા આગલા પગવાળાં અને ગલપ્રદેશ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તથા પીઠ ઉપર કેશાવલિવાળાં હોય છે. એનાં બે ગોત્રો—૧. તરક્ષુ Hyaena અને ૨. તિલિત્સક Crocuta–છે. પ્રથમ ગોત્રની બે જાતિઓ—૧. પટાયત ઝરખ અને ૨. કપિલવર્ણું ઝરખ–માંની પ્રથમ જાતિનાં પ્રાણી ભારતવર્ષથી આરંભી, ઇરાન, મેસો-પોટેમીયા થઈને ઉત્તર આફ્રિકા સુધી વિસ્તરેલાં છે. બીજી જાતિનાં અને બીજાં ગોત્રનાં (સમગ્ર તરક્ષુ કુલમાં બૃહત્તમ) પ્રાણીઓ કેવલ આફ્રિકાવાસી છે.

P 56a. Indian Hyaena. **Hyaena hyaena hyaena** Linnaeus.

झरख, तरछ. सं. तरक्षुः.

ઉ. ગુજરાત: તારંગા—હ. આ., "પાલણપુર; સૌરાષ્ટ્ર: 'કહિં કહિં'; કચ્છ: નોકણીયા, ભૂજ."—ફૂરંપ.

વર્ગ – શાખા ૨. ઋક્ષસદૃશ Arctoidea

વરુ, શિયાળ અને લોંકડી; રીંછ; ઉદાં જેવાં ભિન્ન ભિન્ન પ્રકૃતિવાળાં પ્રાણીઓના સંઘર સમી આ શાખાનાં પાંચ ભારતીય કુલમાંનાં ત્રણ કુલ—૧. શ્વા Canidae, ૨. ઋક્ષ Ursidae અને ૫. પિંગલક Mustelidae–ગૂજરાતનાં વાસી છે.

કુલ ૧. શ્વા Canidae

ગ્રામકુક્કુર સમી આકૃતિ, સુસંહત શરીર, આકુંચનાક્ષમ નખમંડિત દીર્ઘ પાદ, પ્રશસ્ય વેગ, તીવ્ર બુદ્ધિ, લોકોત્તર દૃષ્ટિ, ઘ્રાણ અને શ્રુતિ આદિ ગુણસંપન્ન, નિરપવાદ ભૂમિશય અને પ્રધાનતયા યૂથચર શ્વાપદો—વરુ, શિયાળ, લોંકડી અને નહાર–ના આ કુલનાં ત્રણ ગોત્રો છે: ૧. શ્વા Canis, ૨. લોમાશ Vulpes અને ૩. અરણ્યશ્વા Cuon.

ગોત્ર ૧. શ્વા **Canis** Linnaeus.

P 57b. Small Indian Wolf. **Canis lupus pallipes** Sykes.

नानुं भारतीय वरु, नार (सौराष्ट्री), भागड, बागड (कच्छ). सं. वृकः, ईहामृगः, कोकः.

"ઉ. ગૂજરાત: પાલણપુર (સામાન્ય), ડીસા, દાંતા; સૌરાષ્ટ્ર: તળાળા, મોટી મોલડી (બળાણા); કચ્છ: ચાડવા, 'ઉત્તરમાં–સવિશેષ બન્નીમાં–સામાન્ય; દક્ષિણમાં દુષ્પ્રાપ'."—ફૂરંપ.

P 58a. Persian Jackal. **Canis aureus aereus** Linnaeus.

ईरानी शियाळ, फाडडी, कोळा (डीसा). सं. शृगालः, उल्कामुखः.

દ ગૂજરાત: ઉ. ગૂજરાત: અમદાવાદ, ઊંઝા, પાટણ, આદિ સર્વત્ર સામાન્ય: સીમમાં તેમ પાદરે—હ. આ. "પાલણપુર, ડીસા, લુણવા; સૌરાષ્ટ્ર: જૂનાગઢ, કેશોદ, વેરાવળ; કચ્છ: રોહડા મોટા, નોકણીયા, ભૂજ, ચાડવા, નંદા."—ફૂરંપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૨. લોમાશ **Vulpes** Oken.

P 59c. White-Footed or Desert Fox. **Vulpes vulpes pusilla** Blyth.
श्वेतपगवाळी के रणनी लोंकडी (कच्छ).
"ઉ. ગૂજરાતઃ ડીસા (?); કચ્છઃ ભૂજ, નોકણીયા."—ફરંપ.

P 60. Bengal Fox. **Vulpes bengalensis** Shaw.
वंगाली लोंकडी, लोंकडो (कच्छ). सं. लोपाकः, लोमाशः, लाङ्गलकः.
ઉ. ગૂજરાતઃ સરખેજ, ચાંગોદર (અમદાવાદ ?), "પાલણપુર; સૌરાષ્ટ્ર: રાજકોટ, બગડુ, જૂનાગઢ (સામાન્ય); કચ્છ: ભૂજ."—ફરંપ.

ગોત્ર ૨. અરણ્યશ્વા **Cuon** Hodgson.

P 62a. Indian Wild Dog. **Cuon alpinus dukhunensis** Sykes.
भारतीय वननो कूतरो. नहार (उ. गूज०) सं. आरण्यश्वा, मृगेर्वारुः.
ઉ. ગૂજરાતઃ ચુંવાળ પ્રદેશ ?

કુલ ૨. ઋક્ષ **Ursidae**

એનાં ચાર ભારતીય ગોત્રોમાંનું એક—૨. ભલ્લૂક Melursus-જ ગોત્ર ગૂજરાતી છે.

ગોત્ર ૨. ભલ્લૂક Melursus Meyer.

P 64a. Sloth Bear or Indian Bear. **Melursus ursinus ursinus** Shaw.
भारतीय रींछ. सं. भल्लूकः, ऋक्षः.
દ. ગૂજરાતઃ રાજપીપળા; ઉ. ગુજરાત : વીરેશ્વર (ઇડર)–હ. આ., "દાંતા, આબુ."—ફરંપ; "સૌરાષ્ટ્ર; કચ્છ."–બ્લેન્ફોર્ડ.

કુલ ૫. પિંગલક **Mustelidae**

પ્રલંબિત દેહલતા, હ્રસ્વ પાદ, દીર્ઘ કપાલ અને સ્થૂલ કંધરાવાળાં, દેહપ્રમાણમાં અતિ બલવાન, અશેષ શ્વાપદોમાં ચપલતમ અને પ્રધાનતયા દિવા સંચરણશીલ પ્રાણીઓના આ કુલની છ શાખાઓમાંની બે શાખાઓ—૩. ઉદ્ર Lutrinae અને ૬. મધુભુક્ Mellivorinae–નું ગૂજરાતમાં અસ્તિત્વ છે.

કુલ–શાખા ૧. ઉદ્ર **Lutrinae**

નિતાન્ત જલાશ્રયે રહેનારાં અને મત્સ્યભોજી આ પ્રાણીઓનાં ત્રણ ભારતીય ગોત્રોમાંનું એક ગોત્ર–૧. ઉદ્ર Lutra–ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. ઉદ્ર **Lutra** Brisson.

P 69b. Common Otter. **Lutra lutra nair** F. Cuvier.
सामान्य उदुं (सोनगढ, तापीतट), जळमानुस (माछी), जलमांजार. सं. उद्रः, ओन्द्रः, जलमार्जारः.
દ. ગૂજરાત; તાપી નદી (સોનગઢ)—હ. આ.; ૩. ગૂજરાતઃ સાબરમતી નદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(પીપળેજ, અમદાવાદ)—હ. આ., કાંકરીઆ તળાવ (અમદાવાદ)—કમ્પ ? બનાસ નદી—ફ્રેંપ.

કુલ-શાખા ૬. મધુભુક્ Mellivorinae

એનું એક જ ગોત્ર છે: મધુભુક્ Msllivora

ગોત્ર ૧. મધુભુક્ Mellivora Storr.

P 86a. Indian Ratel or Honey-Badger. **Mellivora capensis indica** Kerr.

भारतीय वेंझु, घोरखोदीयु, बरटोडो (गीरणा–सौराष्ट्र), घुरनार (कच्छ).

"સૌરાષ્ટ્ર: ગીરણા, પાટડી, ખારાઘોડા; કચ્છ: ભૂજ, ઢાંસા."—ફ્રેંપ.

નિ. બ. સસ્તન પ્રાણીઓના વર્ણનની પોકોક પ્રણીત ગ્રન્થમાલા અહિં સુધી પ્રસિદ્ધ થયેલી છે એટલે આગળની અનુક્રમણી બધી બ્લૅન્ફોર્ડના ગ્રંથને આધારે આપેલી છે. પોકોક અને બ્લૅન્ફોર્ડની વર્ગવિભાગવ્યવસ્થામાં ભેદ હોવાથી આ બંને પ્રકારનાં વર્ણનોમાં અને એમના ક્રમમાં કહિંક વિરોધ જોવામાં આવશે, પણ એ અનિવાર્ય છે.

વર્ગ ૩. કીટાદ Insectivora

પ્રલમ્બિત કપાલ, સુતીક્ષ્ણ દશનપંક્તિ અને હ્રસ્વપાદવાળાં આ ભૂમૌશય અને નક્તંચર ક્ષુદ્રકાય પ્રાણીઓને, એમની સૂકરસદશ દીર્ઘ નાસાને લીધે અન્ય ક્ષુદ્રકાય સસ્તન પ્રાણઓથી સહેજે ભિન્ન કરી શકાય છે. આ વર્ગની બે શાખાઓ (પોકાકે આ બંનેના સ્વતંત્ર વર્ગ કરેલા છે)–૧. યથાર્થકીટાદ Insectivora Vera અને ૨. ત્વક્પક્ષ Dermoptera–માંની પ્રથમ શાખા જ ગૂજરાતી છે.

વર્ગ-શાખા ૧. યથાર્થકીટાદ Insectivora Vera

એનાં નવ કુલ છે. એમાંનાં ચાર ભારતીયમાંનાં બે કુલ–૭. શલ્યક Erinaceidae અને ૯. ગન્ધમુષી Soricidae-નાં પ્રાણીઓ ગૂજરાતમાં વસે છે.

કુલ ૭. શલ્યક Erinaceldae

એની બે શાખાઓમાંની એક શાખા—૧. શલ્યક Erinaceinae-ગૂજરાતી છે.

કુલ-શાખા ૧. શલ્યક Erinaceinae

એનું એક જ ગોત્ર છે: શલ્યક Erinaceus

ગોત્ર ૧. શલ્યક Erinaceus Linnaeus.

B 104. Hardwicke's Hedgehog. **Erinaceus collaris** Gray and Hardwicke.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

हार्डविकनो शेळो, शेळो. सं. शल्यकः जाहकः.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ, ઊંઝા—હ. આ.; "પાલણપુર, ડીસા, લુણવા; કચ્છ: ભૂજ, નોકણીયા."—ફ્રૅંપ.

ફ્રૅંપનું કથન—'ઉ. ગૂજરાતમાં થતો નથી'–સાચું નથી કારણ આ પ્રદેશમાં એ પ્રત્યેક સ્થળે રહેતો દેખાય છે અને સામાન્ય હોય છે—હ. આચાર્ય.

B 107, Northern Pale Hedgehog or Stoliczka's Hedgehog. **Erinaceus pictus** Stoliczka.

उत्तरनो पाण्डुवरणो शेळो.

"સૌરાષ્ટ્ર: જૂનાગઢ, વેરાવળ, રાજકોટ, વાંકાનેર, મૂળી (ઠીક ઠીક પ્રમાણમાં); કચ્છ: નોકણીયા, ભૂજ, ઢોંસા, માખાલ, નંદા."—ફ્રૅંપ.

કુલ ૯. ગન્ધમુષી Soricidae

ઊંદર સમાં દેખાય છે છતાં તીક્ષ્ણાગ્ર નાસિકા, ચક્રાકાર કર્ણ અને વિશિષ્ટ દશનપંક્તિને લીધે સહેજે જૂદાં પડી જતાં આ પ્રાણીઓનાં પાંચ ભારતીય ગોત્રોમાંનું એક ગોત્ર—૨. વાલધિ Crocidura–ગૂજરાતનું વાસી છે.

ગોત્ર ૨. **વાલધિ Crocidura** Wagler.

B 118. Grey Musk-Shrew or Musk-Ra. **Crocidura caerulea** Kerr.

भूखरुं कस्तूरी छछुंदर, अंधी छुंछ (कच्छ). सं. छुंछुंदरी, गन्धमुषी, बालधिः.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ, ઊંઝા (સામાન્ય).—હ. આ, "પાલણપુર, દાંતા, આબુ; સૌરાષ્ટ્ર: સીતાપુર, શીહોર, મોજીટી મોટી (બજાણા); કચ્છ: ભૂજ, નોકણીયા." —ફ્રૅંપ.

(B 125. Crocidura parrotteti ના વર્ણનમાંથી):—

Indian Pigmy Shrew. **Crocidura subfulva** Anderson.

भारतीय वामनकाय छछुंदर.

"કચ્છ".—સ્ટોલિક્ઝ્કા.

વર્ગ ૪ (પોકોકનો દક્કો) : હસ્તપક્ષ Chiroptera

પૃષ્ઠવંશવાળાં સમગ્ર પ્રાણીઓમાં, પક્ષિગણથી અતિરિક્ત, એકમાત્ર ઉડ્ડયનશીલ પ્રાણીઓના આ વર્ગનાં આગલાં અંગ 'હાથ' ઊડ્ડયન વ્યાપારને અનુકૂલ 'પાંખો' માં પરિવર્તિત થયેલાં છે. પક્ષીઓ અને ચામાચીડીયાંની 'પાંખો'માં ભેદ એટલો કે પક્ષીઓ (પતત્રિ) ની પાંખો પીંછાંની બનેલી, 'પક્ષચ્છદા' છે, જ્યારે ચામાચીડીયાંની ત્વચાની બનેલી, 'અજિન પત્રિકા' છે. આ વર્ગનાં પ્રાણીઓને એમના દેહ-પ્રમાણને અનુલક્ષીને બે શાખાઓમાં વહેંચવામાં આવ્યાં છે: ૧. બૃહત્કાયહસ્તપક્ષ Megachiroptera અને ૨. હ્રસ્વકાયહસ્તપક્ષ Microchiroptera.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ગ-શાખા ૧, બૃહત્કાયહસ્તપક્ષ Megachiroptera

આ (સં. માન્ધીલવઃ) શાખાનું એક જ કુલ છે: ૧. પક્ષપાદ Pteropodidae.

કુલ ૧. પક્ષપાદ Pteropodidae

નિતાન્ત ફલાશી વૃકમુખ ચામાચીડીયાંના આ કુલનાં પાંચ ગોત્રોમાંનું એક ગોત્ર—૧. પક્ષપાદ Pteropus—ગૂજરાતનું વાસી છે.

ગોત્ર ૧. પક્ષપાદ **Pteropus** Brisson.

B 134. Indian Fruit-Bat or Common Flying-Fox. **Pteropus medius** Temm.

भारतीय फलभक्षी चामाचीडीयु के सामान्य वागळ, वन(ड)वागळ, वोरवंगा (सौराष्ट्र). सं. वल्गुः. वल्गुलिका, जतुका, अजिनपत्रिका.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ, ઊંઝા, પાટણ-હ. આ., "પાલણપુર, દાંતા (સામાન્ય), ડીસા; સૌરાષ્ટ્ર: જૂનાગઢ, બારડીયા, રાજકોટ, (ગીરમાં જોવામાં આવ્યાં નથી): કચ્છ: ભૂજ (કેવળ સ્થાનિક)."—ફરંપ. "કચ્છમાં દુષ્પ્રાપ".—બ્લૅન્ફૉર્ડ. ઉ. ગૂજરાતમાં ઘણાં સ્થળોમાં એમનાં ૫૦ ની ૨૦૦ જેટલાં મોટાં જૂથ વર્ષો પર્યંત સતત એક જ સ્થાને—આમલી, પીંપળા, આદિ વૃક્ષોમાં—રહેતાં જોવામાં આવ્યાં છે.—હ. આચાર્ય.

આ કુલના કૃષ્ણપક્ષ Cynopterus, F. Cuv. ગોત્રનું નીચેનું ચામાચીડીયું બ્લૅન્ફૉર્ડે વર્ણવ્યું નથી :

Northern Short-Nosed Fruit-Bat. **Cynopterus sphinx gangeticus** K. And.

चीबुं वडवागळुं.

"ઉ. ગૂજરાત: દાંતા."—ફરંપ.

વર્ગ-શાખા ૨. હ્રસ્વકાયહસ્તપક્ષ Microchiroptera

કીટાદ ચામાચીડીયાંની આ (સં. માન્ધીરઃ) શાખાનાં પાંચ કુલ છે:—૧. અલંકૃતનાસિક Rhinolophidae, ૨. નિશાચર Nycteridae, ૩. પ્રદોષચર Vespertilionidae, ૪. કીલકપુચ્છ Emballonuridae અને ૫. પર્ણમુખ Phyllostomatidae. આમાંનું અન્તિમકુલ અમેરિકાવાસી છે.

કુલ ૧. અલંકૃતનાસિક Rhinolophidae

સુવિકસિત 'નાસિકા-પત્ર' અર્થાત્ ચર્મખંડથી મણ્ડિત નાસિકાવાળાં અને 'ઉપ-કર્ણ' અર્થાત્ કર્ણાભ્યન્તરે માંસખંડ રહિત વિશાળ કર્ણવાળાં ચામાચીડીયાંના આ કુલની બે શાખાઓ—૧. અલંકૃતનાસિક Rhinolophinae અને ૨. અશ્વક્ષુરપ્ર Hipposiderinae—માંની દ્વિતીયશાખા ગૂજરાતી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ-શાખા ૨. અશ્વક્ષુરપ્ર Hipposiderinae

એનાં ત્રણ ગોત્રોમાંનું એક ગોત્ર—૧. અશ્વક્ષુરપ્ર Hipposiderus–ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. અશ્વક્ષુરપ્ર Hipposiderus Gray.

B 165. Cantor's Leaf-Nosed Bat. **Hipposiderus galeritus** Cantor.

केन्टोराविष्कृत चर्मपत्रवाळुं चामाचीडीयुं.

"ઉ. ગૂજરાતઃ દાંતા (દુષ્પ્રાપ)."—ફ્રેંપ.

B 166. Bicoloured Leaf-Nosed Bat. **Hipposiderus bicolor** Temm.

चर्मपत्रवाळुं द्विरंगी चामाचीडीयुं.

"ઉ. ગૂજરાતઃ પાલણપુર (કેવળ અલ્પ સંખ્યેય); સૌરાષ્ટ્રઃ જૂનાગઢ (અત્યંત સામાન્ય), કેશોદ, તળાળા, સાસણ, રાજકોટ, સાદલા (બન્નાણા); કચ્છઃ ભૂજ."—ફ્રેંપ.

કુલ ૨. નિશાચર Nycteridae

સુસ્પષ્ટ 'નાસિકા-પત્ર' મંડિત નાસારન્ધ્રવાળાં અને "ઉપ-કર્ણ" વિભૂષિત કર્ણશષ્કુલીવાળાં લંબકર્ણ ચામાચીડીયાંના આ કુલની બે શાખાઓમાંની એક શાખાનું એક ગોત્ર-વિશાલત્વક્ Megaderma–ગૂજરાતનું વાસી છે.

ગોત્ર ૧. વિશાલત્વક્ Megaderma Geoffr.

B 169. Indian Vampire or Lyre Bat. **Megaderma lyra** Geoffr.

भारतीय लोही-तरस्युं के लायरवाद्याकार नासिका-पत्रवाळुं चामाचीडीयुं.

"ઉ. ગૂજરાતઃ પાલણપુર, ડીસા, દાંતા."—ફ્રેંપ.

કુલ ૩. પ્રદોષચર Vespertilionidae

ઉપ-કર્ણવાળા કાન, નાસિકા-પત્રવિહીન નાક અને પૃષ્ઠચ્છદાવૃત પુંછડીને લીધે, અન્ય હ્રસ્વકાય ચામાચીડીયાંથી સહેજે ભિન્ન પડી જતાં ચામાચીડીયાંનું આ કુલ સૌથી મોટું અને ભારતવર્ષમાં સર્વવ્યાપી છે. એનાં નવ ગોત્રોમાંનાં બે ગોત્ર—૪. પ્રદોષચર Vesperugo અને ૫. નૈશિક Nycticejus–ગૂજરાતી છે.

ગોત્ર ૪. પ્રદોષચર Vesperugo Keys & Blas.

B 186. Kelaart's Pipistrelle **Vesperugo ceylonicus** Kelaart.

केलार्टाविष्कृत संध्याचर चामाचीडीयुं.

"ઉ. ગૂજરાતઃ પાલણપુર, આબુ; સૌરાષ્ટ્રઃ જૂનાગઢ, કેશોદ, તળાળા, સાસણ, રાજકોટ; કચ્છઃ ભૂજ, ચાડવા."—ફ્રેંપ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

B 187. Indian Pipistrelle. **Vesperugo abramas** Temminck.
भारतीय संध्याचर चामाचीडीयुं, कानकइडीयुं. चीवां (सौराष्ट्र). चामडा (कच्छ). सं. चर्मचटका, छिप्पिका.
"દ. ગૂજરાત: સૂરત".—રાઉટન; ઉ. ગૂજરાત; અમદાવાદ, ઊંઝા–હ. આ., "પાલણપુર, લુણવા, આબુ (ઠીક ઠીક પ્રમાણમાં); સૌરાષ્ટ્ર: કેશોદ, સાસણ."—ફરંપ.

ભારતીય ચામાચીડીયાંમાં નાનામાં નાની કાયાવાળું અને આહારાર્થે આપણાં ઘરમાં આવીને સ્વચ્છંદે વિહરતું હોવાથી આ આપણું અત્યંત સુપરિચિત ચામાચીડીયું છે.

ગોત્ર ૫. **નૈશિક Nycticejus** Refinesque.

B 193. Dormer's Bat. **Nycticejus dormeri** Dobson.
डोर्मराविष्कृत चामाचीडीयुं.
ઉ. ગૂજરાત: અમદાવાદ હ. આ.; 'પાલણપુર, લુણવા; સૌરાષ્ટ્ર: જૂનાગઢ, કેશોદ, સાસણ; કચ્છ: ભૂજ."—ફરંપ.

B 195. Common Yellow Bat. **Nycticejus kuhli** Leach.
सामान्य पीतवरणुं चामाचीडीयुं.
"ઉ. ગૂજરાત: અમદાવાદ–હ. આચાર્ય; પાલણપુર, ડીસા, દાંતા, લુણવા (મોટાં જૂથ, પ્રત્યેક સ્થળે); કચ્છ: ભૂજ."—ફરંપ.

ભારતવર્ષનું સામાન્યતમ ચામાચીડીયું. પ્રદોષસમયે જ આહારાર્થે પરિભ્રમણ આરંભતું ગૃહાભ્યન્તરે આવતું આ ચામાચીડીયું એની અત્યંત ધીમી ગતિને લીધે પરિચિત છે.

નીચેની જાતિનો બ્લૅન્ફૉર્ડના ગ્રન્થમાં ઉલ્લેખ નથી:

Wroughton's Bat. **Nycticejus wroughtoni** Thomas.
राउटननामाङ्कित चामाचीडीयुं.
"ઉ. ગૂજરાત: પાલણપુર, લુણવા; સૌરાષ્ટ્ર: તળાળા."—ફરંપ.

કુલ ૪. કીલકપુચ્છ Emballonuridae

નાસિકા–પત્રનો અભાવ, કર્ણાભ્યન્તરે ઉપ–કર્ણનું અને પૃષ્ઠચ્છદાને ભેદીને નીકળતા પુચ્છનું અસ્તિત્વ–આટલા ગુણવિશિષ્ટ જરઠ પાદવાળાં ચામાચીડીયાંનું આ કુલ બે શાખાઓ–૧. કીલકપુચ્છ Enballonurinae અને ૨. સ્થૂલપાદ Molossinae–માં વિભક્ત છે.

કુલ-શાખા ૧. કીલકપુચ્છ Emballonurinae

એનાં ત્રણ ગોત્રો –૧. કીલકપુચ્છ Emballonura, ૨. સમાધિસ્થાનસમાશ્રિત Taphozous અને ૩. આવૃતનાસિક Rhinopoma–માંનું પ્રથમ ગોત્ર ગૂજરાતમાં થતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૨. સમાધિસ્થાનસમાશ્રિત **Taphozous** Geoffroy.

B 218. Black-Bearded Sheath-Tailed Bat. **Taphozous melanopogon** Temminck.
કાળી દાઢીવાળું આવૃતપુચ્છ ચામાચીડીયું.
"સૌરાષ્ટ્ર: રાજકોટ; કચ્છ: ભૂજ."--ફ્રૅરંપ.

B 220. Long-Armed Sheath-Tailed Bat. **Taphozous longimanus** Hardwicke.
દીર્ઘબાહુ આવૃતપુચ્છ ચામાચીડીયું.
"ઉ. ગૂજરાત: પાલણપુર, લુણવા."--ફ્રૅરંપ.
મંદિરો, વખારો અને ગુહાઓનાં વાસી.

B 221. Cutch Sheath-Tailed Bat. **Taphozous cachhensis** Dobson.
કચ્છી આવૃતપુચ્છ ચામાચીડીયું.
"ઉ. ગૂજરાત: પાલણપુર, ડીસા; સૌરાષ્ટ્ર: જૂનાગઢ, કેશોદ, રાજકોટ, વાંકાનેર (સામાન્ય); કચ્છ: ભૂજ."--ફ્રૅરંપ.

ગોત્ર ૩. **આવૃતનાસિક Rhinopoma** Geoffroy.

B 223. Long-Tailed or Lesser Indian Mouse-Tailed Bat. **Rhinopoma microphyllum** Dobson.
લાંબી પુછડીવાળું કે નાનેરું ભારતીય ઉંદરપુંછડીયું ચામાચીડીયું.
"ઉ. ગૂજરાત: પાલણપુર, લુણવા, દાંતા; સૌરાષ્ટ્ર: જૂનાગઢ, રાજકોટ, વાંકાનેર; કચ્છ: ભૂજ."--ફ્રૅરંપ. "કચ્છ: ભૂજ (કૂવામાં)."--સ્ટોલિક્ઝ્કા.
ઘર અને ગુફાનાં ભ્રમનારાં.

આ ગોત્રનું નીચેનું ચામાચીડીયું બ્લૅન્ફૉર્ડના ગ્રન્થમાં નોંધાયું નથી:

Greater Indian Mouse-Tailed Bat. **Rhinopoma kinneari** Wroughton.
મોટેરૂં ભારતીય ઉંદરપુંછડીયું ચામાચીડીયું.
"સૌરાષ્ટ્ર: જૂનાગઢ; કચ્છ: ભૂજ."—ફ્રૅરંપ.

કુલ-શાખા ૨. સ્થૂલપાદ Molossinae

એનું એક જ ગોત્ર છે: ૧. નૈશવૃત્તિ Nyctinomus.

ગોત્ર ૧. **નૈશવૃત્તિ Nyctinomus** Geoffroy

B 224. Dobson's Wrinkled-Lipped Bat. **Nyctinomus tragatus** Dobson.
ડોબ્સનનું ભગ્નોષ્ઠ ચામાચીડીયું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ઉ. ગૂજરાત: આબુ (પ્રભૂત); સૌરાષ્ટ્ર: રાજકોટ, વાંકાનેર; કચ્છ: ભૂજ". --રરપ.

વર્ગ ૫. (પીકોકનો ૫ મો) : કર્તનશીલ Rodentia

દંષ્ટ્રાહીન પરંતુ તીક્ષ્ણ રદનમંડિત મુખવાળાં ખિસકોલી, ઊંદર, શાહુડી, સસલું, આદિ વજ્રદશન પ્રાણીઓના આ વર્ગની બે શાખાઓ છે: ૧. સરલદશન Simplicidentata અને ૨. યુગ્મદશન Duplicidentata.

વર્ગ-શાખા ૧. સરલદશન Simplicidentata

મોટા ભાગનાં કર્તનશીલ પ્રાણીઓ ઉપલા જડબામાં રદનદ્વયવાળી આ શાખાનાં અન્તર્ભુક્ત છે. સ્વરૂપભેદે એમના ત્રણ વિભાગ છે: ૧. વૃક્ષશાયિકાસદૃશ Sciuromorpha, ૨. મુષકસદૃશ Myiomorpha અને ૩. શ્વાવિત્સદૃશ Hystricomorpha.

વિભાગ ૧. વૃક્ષશાયિકાસદૃશ Sciuromorpha

ખિસકોલી સમાન આકૃતિવાળાં આ પ્રાણીઓનાં ચાર કુલમાંનું કેવળ એક જ કુલ—૧. વૃક્ષશાયિકા Sciuridae-ભારતવાસી છે.

કુલ ૧. વૃક્ષશાયિકા Sciuridae

પીઠ ઉપર છાયા આત્રે એવી રીતે એની લોમશ પુછડીને ઊંચી રાખવાના સ્વભાવવાળી આપણી વચ્ચે રહેતી ખિસકોલી અને એનાં વન્ય કુટુમ્બીઓના આ કુલની બે શાખાઓમાંની એક શાખા-૧. વૃક્ષશાયિકા Sciurinae-નાં પ્રાણીઓ ગૂજરાતમાં વસે છે.

કુલ-શાખા ૧. વૃક્ષશાયિકા Sciurinae.

એનાં ચાર ગોત્રોમાંનાં બે ગોત્રો—૨. પિચ્છિલમુષક Pteromys અને ૪. વૃક્ષશાયિકા Sciurus-ગૂજરાતી છે.

ગોત્ર ૨. પિચ્છિલમુષક Pteromys Cuvier.

B 227. Large Brown Flying-Squirrel. **Pteromys oral** Tickell.
मोटी बदामा रंगनी ऊडती खिसकोली.

"દ. ગૂજરાત: ડાંગ"—લિટલડેલ.

ગોત્ર ૪. વૃક્ષશાયિકા Sciurus Linnaeus.

B 239. Large Indian Squirrel. **Sciurus indicus** Erxieben.
मोटी भारतीय खिसकोली. सं. वृक्षशायिका, वृक्षमर्कटिका.

દ. ગૂજરાત: ડાંગ, નર્મદાની ખીણો, રાજપીપળા.
પ્રધાનતયા વૃક્ષેશય.

B 253. Palm-Squirrel or Common Five-Striped Squirrel.
Sciurus palmarum Linnaeus.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ताडनी खिसकोली के सामान्य पांच पटावाळी खिसकोली, खलकुडी (सौराष्ट्र). खिलोडी (कच्छ). सं. वृक्षमर्कटिका, वृक्षशायिका, तालकः, रोमशी, चिक्रोडः.

દ. ગૂજરાત: ઉ. ગૂજરાત: અમદાવાદ, ઊંઝા, પાટણ આદિ સ્થળોમાં વિપુલ-હ. આચાર્ય. "પાલણપુર, લુણવા, ડીસા, દાંતા, આબુ (વિપુલ); સૌરાષ્ટ્ર; કચ્છ: નોકણીયા, ચાડવા, ભૂજ (વિપુલ)."—ફ્રરંપ.

ગ્રામ, નગર, અરણ્ય-સર્વ સ્થળે અતિ સામાન્ય આપણું ચિરપરિચિત પ્રાણી.

વિભાગ ૨. મુષકસદૃશ Myiomorpha

એનાં છ કુલમાંનાં ત્રણ ભારતીય કુલમાંથી એક જ કુલ—૨. આખુ Muridae —નાં પ્રાણીઓ ગૂજરાતી છે.

કુલ ૨. આખુ Muridae

વજદશન વર્ગના મોટામાં મોટા અને એ વર્ગના પ્રતિનિધિસમા, ઘરના અને ખેતરવગડાના ઊંદરના, આ કુલની ૩૩૦ જેટલી જાતિઓ પૃથ્વીતલ ઉપર વિદ્યમાન છે. એની ભારતીય ચાર શાખાઓમાંની બે શાખાઓ—૨. ઉત્પતનશીલ Gerbillinae અને ૩. આખુ Murinae—ગૂજરાતની વાસી છે.

કુલ-શાખા ૧. ઉત્પતનશીલ Gerbillinae

પ્રલમ્બિત પશ્ચિમપાદ અને વાલધિપુચ્છ વિશિષ્ટ આ પ્રાણીઓનું એક જ ગોત્ર છે: ૧ ઉત્પતનશીલ Gerbillus.

ગોત્ર ૧. ઉત્પતનશીલ Gerbillus Desmarest.

B 264. Indian Gerbil or Antelope Rat. **Gerbillus indicus Cuv.** भारतीय हरिणमुषक.

દ. ગૂજરાત; "ઉ. ગૂજરાત: પાલણપુર (ખેતરોમાં સંખ્યાતીત), ડીસા, દાંતા, લુણવા, આબુ: સૌરાષ્ટ્ર: કેશોદ, વેરાવળ, તળાળા, સાસણ, રાજકોટ, વાંકાનેર, જૂના ભાવળી (ધ્રાંગધ્રા), રતનપુર, સાદળા, શીહોર (અત્યંત સામાન્ય)."—ફ્રરંપ.

એક જ કૂદકે ૪-૫ વાર જેટલું અંતર કૂદી જનારો અને કેવળ નિશાચર વૃત્તિવાળો ખેતરાઉ ઊંદર. અણખેડ્યાં ખેતર અને રેતાળ પ્રદેશ એનાં પ્રિય નિવાસસ્થાન.

B 265. Indian Desert Gerbil. **Gerbillus hurrianae** Jerdon.

भारतीय रणनो हरिणमुषक, खेतराउ ऊंदर (कच्छ).

"ઉ. ગૂજરાત: પાલણપુર, ડીસા, દાંતા, લુણવા (રેતી હોય ત્યાં અગણિત); સૌરાષ્ટ્ર: જૂના ભાવળી (પ્રભૃત), મૂળી, સાદળા; કચ્છ: રોડા મોટા, નોકણીયા, ચાડવા, પીરવાડા, ચિત્રોડા."—ફ્રરંપ.

રેતાળ રણ અને રણ જેવા પ્રદેશનો વાસી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

B 267. Little Gerbil. **Gerbillus nanus Blanford.**
नानो हरिणमुषक.
"ઉ. ગૂજરાત: લુણવા (વિરલ); સૌરાષ્ટ્ર: મૂળી."--ફ્રૅ'પ.

B 268. Little Hairy-Footed Gerbil. **Gerbillus gleadowi** Murray.
नानो लोमशपाद हरिणमुषक.
"ઉ. ગૂજરાત: લુણવા (દુષ્પ્રાપ)."--ફ્રૅ'પ.

કુલ-શાખા ૩. આખુ Murinae

નમ્રપુચ્છ ઉંદરોની આ શાખાનાં સાત ભારતીય ગોત્રોમાંનાં ચાર ગોત્ર--૨. વૃક્ષેશય Vandeleuria. ૪. મુષક Mus, ૫. દ્વીપસૂકર Nesocia અને ૭. ગુલંડી Golunda-ગૂજરાતી છે.

ગોત્ર ૨. **વૃક્ષેશય Vandeleuria Gray.**

B 270. Long-Tailed Tree-Mouse. **Vandeleuria oleracea Gray.**
लांबी पुंछडीवाळो वृक्षेशय ऊंदर.

ઉ. ગૂજરાત: અમદાવાદ—ઙ. આ.; "સૌરાષ્ટ્ર: જૂનાગઢ, બજાણા."--ફ્રૅ'પ.

ઝાડની ડાળીઓ વચ્ચે કે જાંખરામાં પાંદડાંનો કે ઘાસનો માળો બાંધીને રહેનાર અતિ ચપલવૃત્તિવાળો ઉંદર. અનેક પ્રસંગે એના માળા વાંસનાં ઝૂંડમાં કે ઘરનાં છાપરાંમાં બાંધેલા પણ જોવામાં આવે છે. એની જચાને ૩-૪ બચ્ચાં થતાં હોવાનું બ્લૅન્ફૉર્ડ જણાવે છે પરંતુ ૭ બચ્ચાંનું પોષણ કરતી એક ઉંદરડી અમારા જોવામાં આવી હતી (અમદાવાદ:કોબાની સીમમાં. તા. ૧૧-૮-૧૯૪૯--ઙ. આચાર્ય અને રતિલાલ ખરાદી). આ માદા, આંબાની ડાળે એક વિશિષ્ટ જાતના કરોળીયા (Stegodyphus sarasinorum) ના માળાનો કબજો લઇને, તેમાં પોતાનો માળો બાંધીને, બચ્ચાં ઉત્પન્ન કરી તેમનું પાલન કરતી, કરોળીયાના સંગમાં આનંદથી રહેતી હતી. કરોળીયા અને ઉંદરની વાસ્તવ્યસહચારિતા (Symbiosis ?) નો આ સુન્દર દૃષ્ટાન્ત ભારતવર્ષમાં અદ્યાપિ આ પ્રથમ જ જોવામાં આવ્યો છે: જો કે આફ્રિકામાં એવું પૂર્વે જોયાનું નોંધાયું છે.

*બ્લૅ. ૨૭૦ ની અવાન્તર જાતિ:

Vandeleuria oleracea, sub-species novum: **spadicea** Riley.
"ઉ. ગૂજરાત: લુણવા"—ફ્રૅ'પ,

*species novum: **Vandeleuria wroughtoni** Riley.
દ. ગૂજરાત: પાતળ (સુરત).

ગોત્ર ૪. **મુષક Mus Linnaeus.**

B 272. Common Indian Rat, **Mus rattus** Linnaeus.
सामान्य भारतीय ऊंदर. धामठो ऊंदर (कच्छ). सं. आखुः, इन्दुरः, मूषकः .

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાં તેમ બહાર, ભોંય ઉપર, દરમાં તેમજ ઝાડમાં માળા બાંધીને રહેનારો આપણો સામાન્ય ઊંદર. વિપુલ.

B 282. Common House-Mouse. **Mus musculus** Linnaeus.

सामान्य घरनो ऊंदर.

"ઉ. ગૂજરાત: પાલણપુર (ઘર અને ખેતરમાં સામાન્ય), ડીસા, લુણુવા; સૌરાષ્ટ્ર: જૂનાગઢ, સાસણ, રાજકોટ, વાંકાનેર; કચ્છ: ભૂજ (કચ્છમાં અ-સામાન્ય)."—ફ્રૅંપ.

પ્રધાનતયા ઘરમાં વસનારો, પ્રસંગે ગામના પરિસરે આવેલી વાડીઓ અને ખેતરમાં રહેતો દેખાતો ઊંદર. સર્વભુક્.

B 287. Common or Southern Indian Field-Mouse. **Mus buduga** Gray.

सामान्य खेतराउ ऊंदर, भूरका (वडारी).

"ઉ. ગૂજરાત: દાંતા (વાડમાં સામાન્ય), આબુ (ક્વચિત્) સૌરાષ્ટ્ર. સાસણ."—ફ્રૅંપ.

સામાન્યતયા ખેતરમાં, પ્રસંગે વાડીઓમાં દરમાં રહેનારો ઊંદર, ક્વચિત્ ઘરમાં પણ આવે છે.

B 290. 'Metad' or Soft-Furred Field-Mouse. **Mus mettada** Gray.

मसृणरोम खेतराउ ऊंदर, मेट्टाड (वडारी).

"ઉ. ગૂજરાત: પાલણપુર: સૌરાષ્ટ્ર; કચ્છ: રોડા મોટા, નોકણીયા."—ફ્રૅંપ.

નિતાન્ત ખેડેલાં ખેતરમાં, જોડકે કે પાચ છ ભેગા મળીને રહેવાની વૃત્તિ-વાળો ઊંદર.

*બ્લૅ. ૨૯૦ ની અવાન્તર જાતિ :

Northern Soft-Furred Field-Mouse.

sub-species novum: **Millardia mettada pellidior** Ryley.

उत्तरनो मसृणरोम खेतराउ ऊंदर.

"ઉ. ગૂજરાત: પાલણપુર, લુણુવા."—ફ્રૅંપ.

B 291. Sand-Coloured Rat. **Mus gleadowi** Murray.

धूलि धूसरच्छाय ऊंदर.

"ઉ. ગૂજરાત: પાલણપુર, લુણુવા (અસામાન્ય); સૌરાષ્ટ્ર: ધ્રાંગધ્રા, સાયળા, રાજકોટ; કચ્છ."—ફ્રૅંપ.

*આ ગોત્રની નીચે વર્ણવેલી જાતો, મું. ને. હિ. સો. સંચાલિત 'ભારતીય સસ્તનપ્રાણી અન્વેષણ' પ્રસંગે ફ્રૅંપને મળેલી: જેમને બ્લૅન્ફૉર્ડે વર્ણવી નથી :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*Ashy Spiny Mouse. **Leggada sadhu** Wroughton.
भस्मच्छाय स्तब्धरोमा ऊंदर. लेग्याडे (वडारी), लेगड गंडु (ओड).
"ઉ. ગૂજરાતઃ દાંતા, આબુ; સૌરાષ્ટ્રઃ વાંકાનેર. જૂના બાવળી, સીતાપુર, મૂળી, બજાણા; કચ્છઃ રોડા મોટા, ઢોંસા, ચાડવા, પદમપુર."—ફ્રરં૫.

સામાન્યતયા પત્થર અને ખડકની ચીરાડોમાં રહેનારા. કચ્છમાં પાણીવાળાં સ્થળોમાં અસંખ્ય જોવામાં આવે છે.

*Cutch Spiny Mouse, species sovum. **Leggada cinderella** Wroughton.
कच्छनो स्तब्धरोमा उंदर.

સૌરાષ્ટ્ર કુડીયા; કચ્છઃ રોડા મોટા, ભૂજ, ચાડવા, પદમપુર."—ફ્રરં૫.

*Phillip's Spiny Mouse. **Leggada phillipsi** Wroughton.
फिलिप्सनामाङ्कित स्तब्धरोमा ऊंदर.

"ઉ. ગૂજરાતઃ દાંતા, આબુ."—ફ્રરં૫.

પહાડી પ્રદેશમાં પત્થર નીચે તથા ખડકની ચીરાડોમાં સામાન્યતયા સારી સંખ્યામાં.

*Northern Field-Mouse. **Leggada dunni** Wroughton.
उत्तरनो खेतराउ ऊंदर.
"ઉ. ગૂજરાતઃ પાલણપુર, ડીસા (વાડોમાં અને લાંબાં ઘાસમાં સામાન્ય), લુણવા; સૌરાષ્ટ્રઃ રાજકોટ, વાંકાનેર, મૂળી, શીહોર, બજાણા; કચ્છઃ નોકરણીયા."—ફ્રરં૫.

ગોત્ર ૫. **દ્વીપસૂકર** **Nesocia** Grey.

B 295. Southern or Indian Mole-Rat. **Nesocia bengalensis** Gray.
दक्षिणनो जरठकाय वगडाउ उंदर.
"ઉ. ગૂજરાતઃ આબુ (ડુંગરાપ); સૌરાષ્ટ્રઃ જૂનાગઢ, તળાળા, સાંસણ, રાજકોટ, મોટી મોજીટી."—ફ્રરં૫.

ખેડેલાં ખેતર, વાડીઓ અને ચરાઓમાં દર કરીને રહેનારો વગડાનો અતિ સામાન્ય ઊંદર. સ્વભાવે અતિ ઉગ્રતેજ. પાણીમાં સહેજે તરી જનારો.

P 296. Malabar Bandicoot or Bandicoot-Rat. **Nesocia bandicota** Thomas.
मलबारी पान्डी-कोकु. घुस (सौराष्ट्र), कोळ. ऊंदर, पान्डी-कोकु (तेलुगु बडारीः एनुं अपभ्रंश 'बेन्डीकूट'). सं. इन्दुरः
"ઉ. ગૂજરાતઃ દાંતા (ઘરમાં); સૌરાષ્ટ્રઃ સાસણ (અતિસંખ્ય)."—ફ્રરં૫.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આક્રમણ પ્રસંગે ભૂંડની પેઠે ઘર્ઘર ધ્વનિ ફુંફાડતા હોવાથી એમનું નામ 'ભૂંડ-ઉંદર' 'પાન્ડી-કોકુ' Bandicoot પડયું છે.

ખેડેલાં ખેતર, ગામ અને નગરમાં સામાન્યતયા દૃષ્ટિગોચર થાય છે.

B 297. Smaller Bandicoot-Rat. **Nesocia nemorivaga** Thomus.
वामनकाय पान्डी-कोकु. घुस (सौराष्ट्र).
"ઉ. ગૂજરાત: પાલણપુર; સૌરાષ્ટ્ર."—ફ્રૅપ.
સ્વભાવે જ બિલેશય.

ગોત્ર ૭. ગુલંડી Golunda Gray.

B 299. Indian Bush-Rat. **Golunda ellioti** Gray.
भारतीय द्रुमवासी उंदर. गुलंडी (कानडी०).
"ઉ ગૂજરાત: પાલણપુર, લુણુવા, ડીસા, દાંતા, આબુ (વાડમાં સામાન્ય); સૌરાષ્ટ્ર: કુડીયા, રાજકોટ, સીતાપુર, જૂના ભોવળી, મૂળી, સાદળા; કચ્છ: ચાડવા."—ફ્રૅપ.
કેવળ અરણ્યવાસી અને એકચર. એના માળા કાંટાળી ઝાડી કે ગીચ જાળાંમાં હોય છે.

*નીચેનું ગોત્ર બ્લૅન્ફોર્ડે વર્ણવ્યું નથી:

नूतन गोत्र. गिरिमुषक. gen. novum. **Cremnomys** Wroughton.
Cutch Rock-Rat. **Cremnomys cutchicus** Wroughton.
कच्छनो डुंगराउ ऊंदर
"ઉ. ગૂજરાત: દાંતા, આબુ (પ્રભૂત નહિ; કેવળ ડુંગરોમાં રહેતા જોવામાં આવ્યા છે); સૌરાષ્ટ્ર: કુડીયા; કચ્છ: રોડા મોટા, નોકણીયા, ઢાંસા, ચાડવા, પીરવાડી, પદ્મપુર (પત્થરાળ ડુંગરોમાં અતિસંખ્ય)."—ફ્રૅપ.

વિભાગ ૩. શ્વાવિત્સદૃશ Hystricomorpha

મૃદુ રોમમાંથી પરિવર્તિત જરઠ શલલથી આચ્છાદિત દેહવાળી અને કર્તનશીલ વર્ગનાં પ્રાણીઓમાં મોટામાં મોટા દેહવાળી શાહુડીનાં પાંચ કુલ દક્ષિણ અમેરિકાનાં વાસી અને એક કુલ-૫. શ્વાવિત્ Hystricidae-ભારતવાસી છે.

કુલ ૫. શ્વાવિત્ Hystricidae

એનાં બે ભારતવાસી ગોત્રમાંનું એક-૧. શ્વાવિત્ Hystrix-ગોત્ર ગૂજરાતી છે.

ગોત્ર ૧. શ્વાવિત્ Hystrix Linnaeus.

B 315. Indian Porcupine. **Hystrix leucura** Sykes.
भारतीय शाहुडि, सेरडाइ (कच्छी), सेह (कच्छी). सं. श्वावित, शल्यः.
દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: ઊંઝા:—હ. આ. "ડીસા, દાંતા (દુષ્પ્રાપ), આબુ (પ્રભૂત, વ્યાપક); સૌરાષ્ટ્ર: જૂનાગઢ, તળાળા, કેશોદ, બારડીયા, રાજકોટ, વાંકાનેર; કચ્છ: રોડા મોટા, નોકણીયા (ઉત્તર કિનારે અને પશ્ચિમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગે પ્રમાણમાં સામાન્ય ગણાય)."—ફ્રેંપ.

*નીચેની જાતિ બ્લૅન્ફોર્ડે વર્ણવી નથી:

Rajputana Porcupine, species novum. **Hystrix cuneiceps** Wronghton.

રાજપુતાનાની શાહુડી.

"કચ્છ: નોકણીયા."—ફ્રેપ:

વર્ગ-શાખા ૨. યુગ્મદશન Duplicidentata

ઉપલા જડબામાં રદનચતુષ્ટયવાળાં પ્રાણીઓની આ શાખાનાં બે ભારતીય કુલમાંનું એક—૧. શશ Leporidae-કુલ જ ગૂજરાતી છે.

કુલ ૧. શશ Leporidae

લંબકર્ણ સપુચ્છ પ્રાણીઓના આ કુલનું એક જ ગોત્ર—શશ Lepus-છે.

ગોત્ર ૧. **શશ Lepus** Linnaeus.

B 320. Common Indian Hare. **Lepus ruficaudatus** Geoff.

સામાન્ય ભારતીય સસલું, સં. શશ:

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ, ઊંઝા.

સામાન્ય, પહાડી પ્રદેશમા અવિદ્યમાન.

B 321. Sind Hare. **Lepus dayanus** Blanford.

સિન્ધનું સસલું. રણનું સસલું, સસો (કચ્છો).

"ઉ. ગૂજરાત: પાલણપુર, ડીસા, હુણુવા, દાંતા (ક્વાચિત્ક) આબુ (વિપુલ); સૌરાષ્ટ્ર: જૂનાગઢ, કેશોદ, વેરાવળ, તળાળા, સાસણ, બારડીયા, રાજકોટ, વાંકાનેર, જૂના બેળવાડી, મોટી મોલ્ડી, સાદળા, શીહોર; કચ્છ: નોકણીયા, ભૂજ, ચાડવા, અંજાર, માખાલ, પદમપુર (સમગ્ર કચ્છમાં અતિસાધારણ)." —ફ્રેપ.

વર્ગ ૬ (પોકોકના ૧૦–૯–૮ વર્ગો): શફી Ungulata

પગે ખરીવાળાં, ચતુષ્પાદ પ્રાણીઓ—હાથી, ગેંડો. ઘોડો, ઘેટાં, બકરાં, ગાય, ભેંસ, હરણ, મૃગ, ભૂંડ આદિ—ના આ વિશાલ વર્ગમાં સસલાં જેવડી ક્ષુદ્રકાયાવાળાં પ્રાણીઓથી આરંભી હાથી જેવાં ભીમકાય પ્રાણીઓનો સમાવેશ થયેલો છે. એ બધાંનાં આંગળાંનાં ટેરવાં તીક્ષ્ણ નહોરને સ્થાને, ખરી કે ગોળ નખથી ઢંકાયલાં હોય છે અને એમનો ઉપયોગ પકડવા ખોદવાની ક્રિયામાં નહિ પણ ભોંય ઉપર સંચાર અર્થે કરવાનો હોય છે. આ વર્ગનાં મોટા ભાગનાં પ્રાણીઓ ઉદ્ભિદાહારી, બહુપત્નીક અને યૂથચર હોય છે, પગની ખરીની રચનાની વિશિષ્ટતાને અનુલક્ષીને આ વર્ગનાં પ્રાણીઓને બે વિભાગમાં વહેંચેલાં છે: ૧. શફી ઉપ Sab-Ungulata અને ૨. યથાર્થ શફી Ungulata Vera. પ્રથમ વિભાગનાં પ્રાણી 'હાથી' ગૂજરાતમાં માત્ર પરિપાલિત દશામાં જોવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભાગ ૨. યથાર્થ શફી Ungulata Vera

આ વિભાગની બે ભારતીય વર્ગ-શાખાઓ છેઃ ૧. અયુગ્મ પાદાઙ્ગુલિ Perissodactyla અને ૨. યુગ્મ પાદાઙ્ગુલિ Artiodactyla.

વર્ગ-શાખા ૧. અયુગ્મપાદાઙ્ગુલિ Perissodactyla

આ અવિભક્તશફ પ્રાણીઓનાં ત્રણ ભારતીય કુલમાંનું એક જ કુલ—૧ અશ્વ Equidae—ગૂજરાતી છે. બીજાં બે કુલનાં ગેંડા અને તાપીર આપણા પ્રાંતનાં વાસી નથી.

કુલ ૧. અશ્વ Equidae

ઘોડાં, ગધેડાં અને ઝિબ્રાના આ કુલનું માત્ર એક ગોત્ર વિદ્યમાન છેઃ ૧. અશ્વ Equus. એમાંનાં ઘોડાં ભારતવર્ષમાં વન્યદશામાં વસતાં નથી અને ઝિબ્રા આફ્રિકાનાં વતની છે.

ગોત્ર ૧. અશ્વ **Equus** Linnaeus.

B 333. Asiatic Wild Ass. **Equus onager indicus** Blyth.
ऐशीयाई वन्य गधेडां, घोरखर. सं. गौरखरः.
કચ્છઃ રણપ્રદેશ. અતિસંખ્ય

વર્ગ-શાખા ૨. યુગ્મપાદાઙ્ગુલિ Artiodactyla

એના ચાર સમૂહ છેઃ ૧. આદર્શ રોમન્થકર Pecora, ૨. કદલી Tragulina, ૩. કઠોરપાદ Tylopoda અને ૪. સૂકર Suina. આમાંનો અતિસુકુમાર સુન્દર બાર આંગળની દેહલતાવાળો અને બિલેશય કદલીમૃગ ગૂજરાતમાં થતો નથી. કઠોરપાદ ઊંટ કેવળ પાલિત દશામાં જોવામાં આવે છે.

સમૂહ ૧. આદર્શ રોમન્થકર Pecora

આ સમૂહમાં ગાયભેંસ, ઘેટાંબકરાં, હરણ અને મૃગ સમાવિષ્ટ છે. એમનાં બે ભારતીય કુલ છેઃ ૧. ગો Bovidae અને ૨. મૃગ Cervidae.

કુલ ૧. ગો Bovidae

ચિરસ્થાયી વિષાણ (પોલાં શીંગડાં) વાળાં આ પ્રાણીઓનાં અગીઆર ગોત્રમાંનાં દશ ભારતીય છેઃ ૧, ગો Bos, ૨. મેષ Ovis, ૩. અજ Capra, ૪. અજ સદશ Hemitragus, ૫. વન્ય અજ Nemorhaedus, ૬. યુવહરિણ Cemas, ૭. ગોહરિણ Boselaphus, ૮. ચતુઃશૃંગ Tetracerus. ૯. હરિણ Antilope અને ૧૦. એણ Gazella, આમાંના બીજા (ઘેટાં) અને ત્રીજા (બકરાં) ગોત્રનાં પ્રાણીઓ ગૂજરાતમાં કેવળ પરિપાલિત દશામાં જોવામાં આવે છે. ચોથા, પાંચમા અને છઠ્ઠા ગોત્રનાં પ્રાણી ગૂજરાતનાં વાસી નથી.

ગોત્ર ૧. ગો **Bos.**

B 338. **Gaur. Bos gaurus** Ham. Smith.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गौर (हिन्दी), सं. गवयः, गवलः, अरण्यगवः, वन्यगौः.

દ. ગૂજરાતઃ રાજપીપળાનો પહાડી પ્રદેશ.—બ્લૅન્ફોર્ડ.

આજે વન્યદશામાં નામાવશિષ્ટ બની ગએલાં આપણાં કકુદમાન્ પરિપાલિત ગાયભેંસનો આ વન્ય સંબંધીઃ સંસ્કૃત સાહિત્યનો 'ગવય' કે 'ગવલ'. ગીચ અરણ્યવાળા ગિરિપ્રદેશનો વાસી. સ્વભાવે અત્યંત ભીરુ.

ગોત્ર ૭. **ગોહરિણ Boselaphus** Blainville.

B 355. Nilgai or Blue-Bull. **Boselaphus fragocamelus** Sclater.

नीलगाय, रोझ, लील (= वकरेलुं रोझः पालीताणा). सं. नीलः गौः

દ. ગૂજરાતઃ નડીઆદ—હ. આ.; ઉ. ગૂજરાતઃ અમદાવાદ, ઊંઝા, પાટણ (સર્વત્ર)—હ. આ., પાલણપુર પાસેનો રણપ્રદેશ; સૌરાષ્ટ્ર. વિપુલ.

ગોત્ર ૮. **ચતુઃશૃંગ Tetracerus** Leach.

B 356. Four-Horned Antelope. **Tetracerus quadricornis** Gray.

चार शींगडांवाळुं हरण. चोसींगो, घुंटलो (गीर). भोकळो, फोकळो, भरळ (भील). सं. चतुःशृंगः.

દ. ગૂજરાત; "ઉ. ગૂજરાતઃ દાંતા; સૌરાષ્ટ્રઃ ગીર"—ફ્રરંપ.

આછાં ઝાડપાનવાળાં વન અને ઝાડીઓ—પ્રધાનતયા પહાડી પ્રદેશની ઉદ્‌ઘાતિની ભૂમિનાં પક્ષપાતી. પ્રત્યેક દિવસ પાણી પીવાના સ્વભાવના કારણથી જળાશયની સમીપમાં વસનારાં અત્યંત ભીરુચેતા, સદૈવ યુગ્મચર.

ગોત્ર ૯. **હરિણ Antilope** Pallas.

B 357. Indian Antelope or Black-Buck. **Antilope cervicapra** Linnaeus.

भारतीय हरण के काळियार. हरण, एकल (=नर), राग (=नर), रेही (=जाया). खाळीयां (सौराष्ट्र). सं. कृष्णसारः, सारंगः.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાતઃ અમદાવાદ. ઊંઝા—હ આ.; "સૌરાષ્ટ્રઃ કેશોદ, બાગડ, (અત્યંત સામાન્ય), ગીરમાં જોવામાં આવ્યાં નથી."—ફ્રરંપ.

સમગ્ર ચતુષ્પાદ પ્રાણીઓમાં શીઘ્રતમ વેગવાળો, ઉન્નતગ્રીવા અને કર્પુર દેહને લીધે નયનાભિરામ કાળિયાર, કેવળ આછાં ઘાસવાળી સમતલ ભૂમિનો વાસી હોવાથી, અરણ્ય કે ગિરિભૂમિમાં દષ્ટિગોચર થતો નથી. ઉત્તર ગૂજરાતમાં પૂર્વે એનાં અનેક યૂથ જોવામાં આવતાં પરંતુ મૃગયાપ્રિય અને મૃગવધાજીવ જનોના હાથે થતા એના અનિયંત્રિત વધના કારણથી ઘણે સ્થળે હવે એ નામાવશિષ્ટ થઈ ગયો છે. યદ્યપિ ધંધુકા પાસે ખારભૂમિમાં હજુ એનાં ૫૦-૧૦૦ નાં અનેક યૂથ જોવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧૧. એણુ Gazella Blainville.

B 359. Indian Gazelle. **Gazella bennetti** Sykes.

भारतीय छींकारुं. काळपुंछीयुं, रातडीयो, छींकारो. सं. छिछ्कारः छिक्करः, कालपुच्छः एणः

ઉ. ગૂજરાત: ઊંઝા (વિપુલ).—હ. આ.; "પાલણપુર, દાંતા; સારાષ્ટ્ર: બાગડુ, જૂના ઓવળી, (અત્યંત સામાન્ય: સવિશેષ ગીરની ધારે;) કચ્છ: ચિત્રોડ."—ફૂરંપ.

આછાં ઝાડપાનવાળા, રણ જેવા પ્રદેશનાં વધુ પક્ષપાતી.

કુલ ૨. મૃગ Cervidae

પ્રતિવર્ષ ખરી પડનારાં અને નવાં ઊગનારાં અંત્ઘન અને શાખાઓ પેઠે ફાલેલાં શીંગડાવાળા મૃગોના આ કુલની બે શાખાઓ છે: ૧. મૃગ Cervinae અને ૨. કસ્તૂરી મૃગ Moschinae. આમાંની પ્રથમ શાખાનાં પ્રાણીઓ ગૂજરાતમાં વસનારાં છે.

કુલ-શાખા ૧. મૃગ Cervinae

એનાં બે ગોત્ર છે: ૧. મૃગક Cervulus અને ૨. મૃગ Cervus.

ગોત્ર ૧. મૃગક Cervulus Blainville.

B 362. Rib-Faced or Barking Deer. **Cervulus** (હવે Munticus) **muntjac** Zimmer.

वलीमुख के भसनारुं हरण. मेखडी. सं. वलीमुखः, शलाकामुखः, भषकमृगः.

દ. ગૂજરાત: "વડોદરા પાસે એને હણ્યાનું હું જાણું છું. ઘણું કરીને આરાવળ ગિરિમાળામાં પણ થાય છે."—બ્લેન્ફોર્ડ; "ઉ. ગૂજરાત: દાંતા; સૌરાષ્ટ્ર: ગીર."—ફૂરંપ.

કેવલ એકાકી કે યુગ્મરૂપે વિચરનાર અને વૃક્ષાચ્છાદિત પહાડી પ્રદેશનું એકાન્તિક વાસી. ચારુગામી સ્વલ્પતનુ કુરંગ.

ગોત્ર ૨. મૃગ Cervus Linnaeus.

B 367. Sambar or Rusa Deer. **Cervus** (હવે Rusa) **unicolor** Kerr.

साबर. लाख मृग. सं. शंबरः, रोहिषः, ऋष्यः, रोहितः.

દ. ગૂજરાત: નર્મદાનાં અરણ્યો, તાપી પ્રદેશ; ઉ: ગૂજરાત; દાંતા,-ફૂરંપ; વીરેશ્વર (ઇડર).—હ. આ.; સૌરાષ્ટ્ર: ગીર.—ફૂરંપ.

ભારતીય મૃગોમાં બૃહત્તમ અને મહાવિષાણી મૃગ. ઉદ્‌ઘાતિની ભૂમિ અને અરણ્યપરિવૃત ગિરિપ્રદેશનો વાસી ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

B 368. Spotted Deer. **Cervus** (હવે **Axis**) **axis axis** Erxl.
बिन्दुअङ्कितमृग. चीतळ, पस्सु (गीर). सं. पृषतः, बिन्दुमान्.
દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: વીરેશ્વર (ઈડર).—હ. આ.; "દાંતા: સૌરાષ્ટ્ર: ગીરઃ"—ફ્રૅંપ.

અશેષ મૃગજાતિઓમાં સુન્દરતમ નયનાભિરામ મૃગ. પૂરેપૂરો યૂથચર. જળાશયના પરિસરે આવેલી વનસ્થલીઓ, ગિરિભૂમિ, વાંસનાં ઝૂંડ અને ઝાડજાંખરાં તેમજ રણુસમી સમભૂમિનો રહેનારો.

સમૂહ ૪. સૂકર Suina

પીનસ્કંધ, સ્તબ્ધરોમા અને વક્રદંષ્ટ્ર વરાહનું એક જ કુલ ભારતવાસી છે: ૧. સૂકર Suidae.

કુલ ૧. સૂકર Suidae

એનું એક ગોત્ર છે: ૧. સૂકર Sus,

ગોત્ર ૧. સૂકર Sus Linnaeus.

B 374. Indian Wild Boar. **Sus cristatus** Wagner.
भारतीय वन्य भूंड, सूवर, डुक्कर. सं. सूकरः, वराहः, घोणी.
દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ, ઊંઝા.—હ. આ., "સૌરાષ્ટ્ર: શીહોર, ગીર, ગીરણા ગિરિમાળા (સામાન્ય)."—ફ્રૅંપ.

ખેતરપાદર, ઊંચાં ઘાસવાળાં મેદાન અને ક્વચિત્ વનસ્પતિઓનાં વાસી. યૂથચર, નૈશવૃત્તિ.

વર્ગ ૧૧ (પોકૉકનો ૭ મો): અદન્ત Edentata

આ વર્ગની ચાર શાખાઓમાંની એક શાખા, રોમાવલિના સ્થાને શલ્કાવૃત દેહવાળાં દંતહીન પ્રાણીઓની છે: ૩. શલ્કવત્ Squamata.

વર્ગ-શાખા ૩. શલ્કવત્ Squamata

એનું એક જ કુલ છે: ૧. વજ્રકીટ Manidae.

કુલ ૧. વજ્રકીટ Manidae

એનું એક જ ગોત્ર: ૧. વજ્રકીટ Manis.

ગોત્ર ૧. વજ્રકીટ Manis Linnaeus.

B 399. Indian Pangolin. **Manis pentadactyla**, Linnaeus.
भारतीय छालो (कच्छ), सूरजमुखी (हिन्दी). सं. वज्रकीटः, वज्रकपाटः.
"કચ્છ: ભૂજ."—ફ્રૅંપ.

કેવળ નક્તંચર, બિલેશય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંશ ૨. પતત્રી Aves

મનુષ્યેતર પ્રાણિજગતમાં, મનુષ્યની સૌન્દર્યપિપાસાને આકંઠ તૃપ્તિ આપનારાં સર્વોત્તમ પ્રાણીઓ કેવલ પક્ષીઓ છે. ઉડ્ડયનશક્તિ એમનો વિશિષ્ટ ધર્મ છે છતાં સસ્તનવંશનાં ચામાચીડીયાં એ જાતની શક્તિ ધરાવતાં હોવાથી, પક્ષીઓની વિશિષ્ટતા એટલા પૂરતી બાધિત છે. પરંતુ દેહ ફરતું પીંછાંનું આવરણ એમની અબાધિત મૌલિક વિશિષ્ટતા છે અને એના કારણથી એ અન્ય પૃષ્ઠવંશીય પ્રાણીઓથી પૃથગ્વંશીય ગણાયાં છે.

પક્ષીઓના વંશની બે શાખાઓ છે: ૧. પ્રાગ્વયસ્ Archaeornithes અને ૨. અર્વાગ્વયસ્ Neornithes. પ્રથમ શાખા નાસ્તિમૂર્તિ Extinct પક્ષીઓની છે.

વંશ–શાખા ૨. અર્વાગ્વયસ્ Neornithes

પૃથ્વીપટ અધુના જે પક્ષીઓથી અલંકૃત છે એ અશેષ વિદ્યમાન પક્ષીઓ આ શાખાનાં અંતર્ભુક્ત છે. એ પક્ષીઓના તાળવાની રચનામાં આવેલા સીરિકા Vomer નામના અસ્થિખંડની વિશિષ્ટ સ્થિતિને અનુલક્ષીને એમને બે વિભાગોમાં વહેંચવામાં આવ્યાં છે: ૧. પુરાણહનુ Paleognanthe અને ૨. અર્વાગ્હનુ Neognanthe. પ્રથમ વિભાગમાં ઑસ્ટ્રિચ, એમુ, કેસોવૅરી, રૂહિઆ, કિવિ, મોઆ, આદિ નિષ્પક્ષ ભારતેતરવાસી પક્ષીઓ સમાવિષ્ટ છે.

વિભાગ ૨. અર્વાગ્હનુ Neognanthe

સપક્ષ પક્ષીઓના આ વિભાગના પંદર વર્ગોમાંના ચૌદ વર્ગો—૧. ચટક Passeres, ૨. ચાષસમ Coraciiformes, ૩. શ્યેન Accipitres, ૪. પારાવત Columbae, ૫. સંવૃતપક્ષ Prerocletes, ૬. કુક્કુટ Gallinae, ૭. અર્ધપાદ Hemipodii, ૮. દીર્ઘપાદ Grallae, ૯. દરીવાસમમ Charadriiformes, ૧૦. આવૃતપાદ Steganopodes, ૧૨. બક Herodiones, ૧૩. શોણપક્ષ Phoenicopteri, ૧૪. હંસ Anseres અને ૧૫. શ્રોણિપાદ Pygopodes–નાં પક્ષીઓ ગૂજરાતમાં દૃષ્ટિગોચર થાય છે.

વર્ગ ૧. ચટક Passers

ગૃહશકુન્તોમાં મૂર્ધન્યતમ ચકલી અને એનાં સમરૂપ પક્ષીઓના આ વર્ગમાં જગતનાં સપક્ષ પક્ષીઓની અરધી ઉપરાંત જાતિઓ સમાવિષ્ટ છે. પ્રસહ અને ભક્ષ્ય, સંતરણશીલ, સ્વલ્પતોયચારી અને ફૂલેચર તથા ચાષસમ પક્ષીઓમાં જેમનો સમાવેશ થઇ શકતો નથી એવાં અશેષ પક્ષીઓ આ વર્ગનાં છે. એકાન્ત સુસંહત દેહવાળાં, સુન્દરતમ વર્ણચ્છટાવાળાં અને ઉપજાતપરિચયવાળાં પક્ષીઓ આ જ વર્ગનાં છે. આપણાં વનઉપવન, ખેતરપાદર અને ઘરઉમરાનાં વસનારાં પક્ષીઓ આ વર્ગનાં અંતર્ભુક્ત છે; જેમનાં ગાન અને મધુર કલરવ આપણને આલ્હાદે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેમની ચિત્રવર્ણ શરીરશોભા આપણી આંખોને ઠારે છે, જેમનાં લલિતગતિભંગી અને અપૂર્વસંચાર પ્રત્યેક પ્રકૃતિપ્રેમીને આનંદે છે. જન્મથી જ આપણને એમનો પરિચય હોય છે અને જાણ્યે અજાણ્યે પણ એમના સ્વરૂપવાચક 'પક્ષી' શબ્દના શ્રવણમાત્રથી આનંદની માત્રા આપણે અનુભવીએ છીએ.

વૃક્ષશાખા જેવાં અધિષ્ઠાનને આંગળાંથી પકડીને, જાગ્રદવસ્થામાં તેમ જ નિદ્રાધીન દશામાં સ્થિર બેસવાને અનુકૂલ એમના પગની રચના હોવાથી, આ વર્ગને ઉપવેશનશીલ પક્ષીઓ Perching Birds નો વર્ગ પણ કહેવામાં આવે છે, આ પક્ષીઓ પ્રધાનતયા વૃક્ષાદિના આશ્રયે રહે છે અને ભૂમિ ઉપર ઊતરે છે ત્યારે એનાં, દીવાળી ઘોડા અને કાગડાના અપવાદ વિના, બધાં ફૂદકા મારતાં ચાલે છે. વિવિધ પ્રકારનાં ઉચ્ચારણ કરવાને અર્થાત્ ગાનક્રિયાને અનુકૂલ વિશિષ્ટ રચનાવાળું સ્વરયંત્ર Lyrinx એમના કંઠમાં આવેલું હોવાથી, આ પક્ષીઓને ગાયક પક્ષીઓ Song-Birds પણ કહેવાય છેઃ યદ્યપિ આ વર્ગનાં અશેષ પક્ષીઓ યથાર્થગાયક નથી હોતાં.

સ્વરયંત્રની રચનાની વિશિષ્ટતાને અનુલક્ષીને એમને બે શાખાઓમાં વહેંચવામાં આવેલાં છે: ૧. ઉભયપાર્શ્વલગ્નપેશીક Diacromyodi અને ૨. પાર્શ્વૈકતર-લગ્નપેશીક Anisomyodi. ચટકવર્ગનાં ભારતીય પક્ષીઓનાં તેત્રીસ કુલ છે. એકત્રીસ પ્રથમશાખાનાં અને બે દ્વિતીયશાખાના.

વર્ગ-શાખા ૧. ઉભયપાર્શ્વલગ્નપેશીક Diacromyodae

આ શાખાનાં એકત્રીસ ભારતીય કુલોમાંનાં બાવીસ કુલો-૧. કાક Corvidae, ૨. ? રામમંગડા Paridae. ૪. ? સિરિ Sittidae, ૫. વ વાવદૂક Timaliidae, ૬. દૃઢપૃષ્ઠ Pycnonotidae, ૭. ભેરીપક્ષી Certhiidae, ૧૦. ગાયક Turdidae. ૧૧. દંશાશી Muscicapidae, ૧૨. વિશસિતા Laniidae, ૧૩. કુંકુમાભ Pericrocotidae, ૧૫. દ્વયગ્રપુચ્છ Dicruridae, ૧૬. વનાશ્રય Sylviidae, ૧૯. સુવર્ણાભ Oriolidae, ૨૧. વાચાલા Sturnidae, ૨૨. તંતુવાય Ploceidae, ૨૩, કણાદ Fringillidae, ૨૫. ? અબાબીલ Hirundinidae, ૨૬. ચલત્પુચ્છ Motacillidae, ૨૭. વ્યાઘ્રાટ Alaudidae, ૨૮. પરિવેષ્ટિતાક્ષ Zosteropidae, ૩૦. મધુલિહ Nectariniidae અને ૩૧. ? પ્રસૂનપ્રતુદ Dicaeidae—નાં પક્ષીઓ ગૂજરાતની ભૂમિને અલંકૃત કરે છે.

કુલ ૧. કાક Corvidae

જરઠચઞ્ચુ કાગડાના આ કુલનાં અગીઆર ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો-૧. કાક Corvus અને ૫. ગુલ્મચરજલ્પક Dendrocitta-ગૂજરાતી છે.

ગોત્ર ૧. કાક Corvus Linnaeus.

S 5 (J 660). **Corvus levaillanti levaillanti** Lesson. Indian Jungle Crow.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

भारतीय वगडाउ कागडो, काळो कागडो. सं. कृष्णकाकः, दग्धकाकः, वृद्धकाकः, द्रोणकाकः, काकोलः

સ્થાયી અધિવાસી. દક્ષિણ ગૂજરાતઃ બીલીમોરા (સામાન્ય—હ. આ.), ડાંગ (હ. આ.): ઉ. ગૂજરાતઃ અમદાવાદ (વિરલ—હ. આ.), વીજાપુર (પ્રચુર, દેશી કાગડા જેટલી સંખ્યામાં: બંને જાતો સાથે હરેફરે, આહારોપાદાન કરે અને સમાન વૃક્ષમાં સંતાનોત્પત્તિ કરે—હ. આ.), વીરેશ્વર (ઇડર. પ્રભૂત-હ. આ.) ઊંઝા (વિરલતમ—હ. આ.), આબુ (સામાન્ય-બટલર): સૌરાષ્ટ્ર: ગીર, ગીરનાર (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (પૂર્વે અવિદ્યમાન. છેલ્લાં પાંચ વરસથી સૌરાષ્ટ્રમાંથી પ્રવેશ પામ્યો છે —સાલિમ અલિ). વૃક્ષાકીર્ણ સમભૂમિ, વનસ્થલીઓ અને ગિરિ-પ્રદેશમાં સામાન્ય. અન્યત્ર અસામાન્ય અને વિશિષ્ટ સ્થલોનો વસનારો.

S 11 (J 663). **Corvus splendens splendens** Vieillot. Common Indian House-Crow.

सामान्य भारतीय घरनो कागडो, कागडो, हाडीयो. सं. काकः, वायसः, गृहवलिभुक्.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત; ઉ. ગૂજરાતઃ સૌરાષ્ટ્ર; કચ્છ. ગિરિપ્રદેશથી અતિરિક્ત અન્યત્ર સર્વસ્થલે સામાન્ય અને અતિ વિપુલ. પ્રધાનતયા મનુષ્યના સહવાસનો અનુરાગી. પરપોષક. પ્રસંગે ૨૫-૫૦-૧૦૦ ભેગા થઇને એક જ વૃક્ષના આશ્રયે નિશાયાપન કરતા જોવામાં આવે છે.

ગોત્ર ૫. ગુલ્મચરજલ્પક **Dendrocitta** Gould.

S 26 (J 674). **Dendrocitta rufa rufa** Latham. Indian Tree-Pie.

भारतीय महालात (हिन्दी). खेरखटो (भीलीः वीरेश्वर), (पद्मकान्त), खखेडो (सौराष्ट्री). केंगरो (भीलीः वीरेश्वर).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ વડોદરા (સામાન્ય-લિટલડેલ), કડાણ (મહીતટ. એક જ વૃખમાંથી ઊડી જતાં ૨૩ પક્ષી જોયાં-લિટલડેલ), મહીતટ (૭૩ પક્ષી-લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય નહિ.), ઊંઝા (અસામાન્ય-હ. આ.), આબુ (બટલર): સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (ઊણું વરસ રહેતું નથી—સાલિમ.) 'ગ્રીષ્મમાં અત્યંત વિરલ બની જાય છે'—બાર્ન્સનું આ વિધાન સર્વાંશે સાચું નથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણ અમદાવાદની આસપાસ એ ગ્રીષ્મમાં જ વધુ પ્રમાણમાં દૃષ્ટિગોચર થાય છે. નિતાન્ત વૃક્ષાશ્રય અને પર્ણાભ્યન્તરસંચારી ગણાય છે છતાં પ્રસંગે ભૂમિ ઉપર ઊતરતું પણ જોવામાં આવે છે.— હ. આ.

કુલ ૨. ? રામગંગડા Paridae

આ કુલનાં સાત ભારતીય ગોત્રોમાંનાં બે—૧. ? રામગંગડા Parus અને ૩. ઉદ્દામચૂલ Machlolophus—નાં પક્ષીઓ ગૂજરાતનાં વાસી છે.

ગોત્ર ૧. ? **રામગંગડા Parus** Linnaeus.

S 51 (J 645). **Parus major cinereus** Vieillot. Indian Grey Tit.
भारतीय भूखरो रामगंगडो (हिं.).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: વડોદરા (સાલિમ.); ઉ. ગૂજરાતઃ બાલારામ (હ. આ.) તારંગા (સિમન્સ), આબુ (અલ્પ સંખ્યેય-બાન્સ); સૌરાષ્ટ્રઃ ગીર, ગીરનાર (અત્યંત સામાન્ય નહિ—બટલર), ભાવનગર (પદ્મકાન્ત). ગિરિભૂમિ અને વૃક્ષાકીર્ણ સમપ્રદેશનાં વાસી: સ્વભાવે પર્ણાભ્યન્તરસંચારી છતાં ક્વચિત્ કીટાદિ સંગ્રહાર્થે ભૂમિ ઉપર નીચે ઊતરે ખરાં.

S 58 (J 646). **Parus nuchalis** Jerdon. White-Winged Black-Tit,
धोळी पांखवाळो काळो रामगंगडो (हिं.).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: તારંગા (સિમન્સ), ડીસા (બાન્સ); કચ્છ: ભૂજ, ઘોડસર, તાપકેશ્વરી, ચાડુવા, મઢાપુર, માતાનો મઠ (સાલિમ.), દોરિકા, સુમરાસર, કુન્ટીઆ (લેસ્ટર). અ-સામાન્ય. કેવલ વિશિષ્ટ સ્થલે વસનારૂં.

ગોત્ર ૩. ઉદ્દામચૂલ **Machlolophus** Cabanis.

S 75 (J 647). **Machlolophus xanthogenys xanthogenys** Vigors. Northern Yellow-Cheeked Tit.
उत्तरनो पीळा गालवाळो रामगंगडो (हिं.).
સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ ઝાલોદ (આંબાની ઘટામાં. ૨૧-૪-૮૬—ડોઈગ), સારણ (ડુંગરપુર, ૧-૫-૮૬—ડોઇગ).

S 76 (J 648). **Machlolophus xanthogenys aplonotus** Blyth. Southern Yellow-Cheeked Tit.
दक्षिणनो पीळा गालवाळो रामगंगडो (हिं.).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (સામાન્ય—બટલર). આબુની પશ્ચિમે વસતાં નથી—સ્ટુઅર્ટ બેકર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ ૪. ? સિરિ Sittidae

આ કુલનું એક જ ગોત્ર છે: ૧ ? સિરિ Sitta.

ગોત્ર ૧. : સિરિ **Sitta** Linnaeus.

S 110 (J 250). **Sitta castanea castanea** Lesson. Chestnut-Bellied Nuthatch.

नारंगी पेटवाळुं सिरि (सिंधी). चोर-पारकी (बंगाळी).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ સારણ્ (ડુંગરપુર, મે ૧૮૮૯). એકાન્ત સમભૂમિનું વાસી; વૃક્ષાકીર્ણ પ્રદેશમાં અતિ સામાન્ય પણ્ વનસ્થલીનું પક્ષી નહિ: ગામના પરિસરે તેમ દૂર આવેલી આમ્રરાજીઓ એમનું પ્રિયતમ નિવાસસ્થાન—લિટલડેલ.

કુલ ૫. વાવદૂક Timaliidae

ઉત્તમ ગાયકો તેમજ જલ્પનાશીલ, કટુસ્વર અને કઠોરકંઠ મુખર પક્ષીઓના સંકર સમાં આ કુલની ત્રણ્ ભારતીય શાખાઓમાંની બે શાખાઓ—૧. વાવદૂક Timaliinae અને ૩. મસૃણ્કેશ Leiothrichinae—નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

કુલ-શાખા ૧. વાવદૂક Timaliinae

આ શાખાનાં અધિકતમ પક્ષીઓ બૃહદ્ યૂથરૂપે ફરનારાં છે. કતિપય પક્ષીઓ પરિમિત યૂથરૂપે રહે છે જ્યારે અલ્પસંખ્યેય પક્ષીઓ એકચર કે દ્વન્દ્વચર હોય છે. પ્રધાનતયા એ ભૂમિ ઉપરથી કે લાંબાં તૃણ્ અને નીચાં લતાગુલ્માદિમાંથી આહારોપાદાન કરે છે. કેટલાંક એમના પ્રિયભક્ષ કીટસંગ્રહાર્થે વૃક્ષોમાં પર્ણાભ્યન્તરે સંચાર કરતાં પણ્ જોવામાં આવે છે.

આ શાખાનાં અંતર્ભૂત પક્ષીઓમાંનાં કેટલાંક એવાં છે કે જેમના કંઠસ્વરની કર્કશતાની તુલનાએ અન્ય કોઇ પક્ષીનો કંઠસ્વર આવી ન શકે. અન્ય કેટલાંક મિતભાષી કે મૂક હોય છે. થોડાંક અત્યંત મધુર આલાપવાળાં ગાયકવર હોય છે.

આ શાખાનાં પક્ષીઓની દેહ ઘટનાનું પ્રમુખ લક્ષણ્, અત્યંત દૃઢપાદ અને ગોળાકાર નિર્બળ પાંખો છે. એમાંનાં ઘણાંનાં શિર, સામાન્યતયા ઊંચાં કરી શકાય એવાં પીંછાંવાળાં અર્થાત્ ચૂલમણ્ડિત હોય છે.

આ શાખાનાં પાંતરીસ ભારતીય ગોત્રોમાંનાં પાંચ ગોત્રો—૮, વાચાટ Turdoides, ૯. ? કોલાહલપ્રિય Argya, ૧૨. આવૃતનસ Pomatorhinus, ૧૪. કંટકદ્રુમવાસ Dumetia અને ૧૬. કનકાક્ષ Chrysomma—નાં પક્ષીઓ ગૂજરાતી છે.

ગોત્ર ૮. વાચાટ **Turdoides** Cretzschmar.

S 183 (J 432). **Turdoides terricolor terricolor** Hodgson. Bengal Jungle Babbler.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વગડાઉ બંગાળો લેલું, पींजारु, बडबडियुं. सातभाई (हिं.).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ,), ઊંઝા (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર; (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન). સર્વત્ર અતિસામાન્ય. વાડી, ઉપવન, ખેતરનાં વસનારાં છતાં મનુષ્યના સહવાસનાં ભારે પક્ષપાતી. સાધારણતયા છ સાતનાં યૂથ બાંધી રહે છે પરંતુ ક્વચિત્ બાર સુધી ભેગાં રહેતાં જોવામાં આવે છે. અત્યંત મુખર. ભારે નીડર-ઘરમાં પણ આહારાર્થે પેસી જાય. વીર્યશાલી. પરપોષક.

S 188. **Turdoides somervillei** Sykes. Bombay Babbler.
मुंबाईनुं लेलुं.
સ્થાયી અધિવાસી. કચ્છ: હ્યુમે કચ્છમાંથી હસ્તગત થયેલાં પક્ષી જોયાનું લખ્યું છે. (સ્ટ્રે ફેધર્સ, ૩. ૪૭૨, ૧૮૭૫), પરંતુ લેસ્ટરના કે સાલિમઅલિના જોવામાં આવ્યું નથી. એટલે વધુ સંશોધન નિરીક્ષણ આવશ્યક છે.

ગોત્ર ૯. ૧ **કોલાહલપ્રિય** Argya Lesson.

S 191 (J 439). **Argya earlei** Blyth. Striated Babbler.
रेखाङ्कित कोयलुं. वडा फेंगा (हिं.)
સ્થાયી અધિવાસી, કચ્છ: રણપર્યંત વિસ્તરેલું છે—સ્ટુઅર્ટ બેકર. વિશાળ તૃણક્ષેત્ર, કર્દમભૂમિ અને સરાણોનું વાસી. અનુકૂલ સ્થળે વિપુલ. સંવનન પ્રસંગે મોટાં યૂથ બાંધીને રહે. ભારે મુખર.

S 192 (J 438). **Argya caudata caudata** Dumont. Common Babbler or Striated Bush-Babbler.
सामान्य कोयलुं, कोगो (मीली: वीरेश्वर), शेरडी (पद्मकान्त). डुमडी (हिं), लेला (सिं.).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂંજરાત: અમદાવાદ (હ. આ.), ઊંઝા (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (બટલર, સાલિમ.). સર્વત્ર અતિસામાન્ય. વગડામાં થૂવરની વાડો, કંથેરનાં જાળાં, આદિ એમનાં પ્રિય નિવાસસ્થાન. નાના યૂથમાં રહેતાં દેખાય. પરપોષક.

S 195 (J 436). **Argya malcolmi** Sykes. Large Grey Babbler.
बृहत्काय भूखरुं कोयलुं.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ઊંઝા (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (બટલર): હ્યુમે જોયાં હોવાનું લખ્યું છે (સ્ટ્રે ફેધર્સ, ૩. ૪૭૨, ૧૮૭૫), પરંતુ લેસ્ટરે કે સાલિમઅલિએ જોયાં નથી. સામાન્ય જેવાં. પરપોષક.

ગોત્ર ૧૧. આવૃતઘ્રાણક Pomatorhinus Horsfield.

S 207 (J 404 ter). **Pomatorhinus horsfieldii obscurus** Hume. Hume's Scimitar Babbler.

ह्युमनुं तलवार जेवी वांकी चांचवाळुं कोयलुं.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (બટલર). "આ પક્ષી સમગ્ર ભારતવર્ષમાં માત્ર બે જ સ્થળે—આબુ અને શિવની (મધ્ય ભારત)—વસતું જોવામાં આવ્યું છે"—સ્ટુઅર્ટ બેકર. અ-સામાન્ય નહિ. નીચાં વૃક્ષવાળી વનસ્થલીઓ અને વાંસનાં ઝૂંડનું રહેનારૂં છે છતાં નિબિડ અરણ્યનું વાસી નથી. સ્વભાવે જ એકાકી કે દ્વંદ્વરૂપે ફરનારૂં.

ગોત્ર ૧૪. કંટકદ્રુમવાસ Dumetia Blyth.

S 229 (J 397). **Dumetia hyperythra** Franklin. Rufous-Bellied Babbler.

लाल पेटवाळुं कोयलुं.

સ્થાયી અધિવાસી. ઉ, ગૂજરાત: આબુ (સિમન્સ). અ-સામાન્ય. તૃણભૂમિ કે તૃણ અને કંટકજાલની મિશ્રભૂમિનું પક્ષપાતી છે છતાં કવચિત્ આછાં વન અને વાંસનાં ઝૂંડમાં રહેતું દેખાય છે. સાતભાઈ પેઠે યૂથચર, સ્વેચ્છાચારી અને પ્રસન્નચેતા પક્ષી.

S 231 (J 398). **Dumetia albigularis abuensis** Harington. Mount Abu Babbler.

आबुगिरिनुं कोयलुं.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (અનેક માળા—લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (માળા: શાહીબાગ, ૧૧-૬-૩૮, થૂવરના મૂળમાં, ૪ ઈંડાં; ૨૫-૮-૩૮ કુન્દના જાળામાં, ૧ાા'-૨' ઊંચે, ૩ ઈંડાં—હ. આ.), ડીસા (બાર્ન્સ), આબુ (અસામાન્ય નથી. અન્યત્ર વિરલ-બટલર), ડીસા (આબુનો પરિસર પ્રદેશ—સ્ટુ. બેકર). સામાન્ય નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧૯. કનકાક્ષ **Chrysomma** Blyth.

S 234 (J 385). **Chrysomma sinensis sinensis** Gmelin. Indian Yellow-Eyed Babbler.

भारतीय पीळी आंखोवाळुं कोयलुं. बुलाल चश्म (हिं.), गालचश्म (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), આબુ (બટલર), (બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (બટલર). સામાન્ય. ઠૂંઠૂચર. તૃણભૂમિ, કંટકજાલક અને ગામ ફરતાં તરુવૃન્દ તથા ઉપવનાદિનું વસનારૂં. અટવી અરણ્યનો છાંયડો પણ ન લે.

S 234a. **Chrysomma sinensis hypoleuca** Franklin. Western Yellow-Eyed Babbler.

पश्चिमी पीळीं आंखोवाळुं कोयलुं.

સ્થાયી અધિવાસી. કચ્છ: રુદ્રામાતા. ચાડુવા (કેવલ આ બે જ સ્થળોએ. વિરલ. જાળાંઝાંખરાનું વાસી—સાલિમઅલિ).

કુલ-શાખા ૩. મસૃણકેશ Leiothrichinae

આ શાખાનાં પક્ષીઓમાં નર-જાયા ભિન્ન ભિન્ન વર્ણનાં હોય છે. એમનાં અગીઆર ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો—૬. ? શૌબીગા Aegithina અને ૮. હરિદાભ Chloropsis—નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૬. ? શૌબીગા **Aegithina** Vieillot.

S 362 (J 468). **Aegithina tiphia tiphia** Linnaeus. Common Iora.

सामान्य शौबीगा (हिं.), फाटिका-जाल, टाफीका (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાતઃ આબુ (સિમન્સ), (બાર્ન્સ); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત). રૂપેરંગે મનોહર પક્ષી-સવિશેષ નર. સામાન્ય. વાડીઓ, ઉપવનો ઉદ્યાનો, આદિ સ્થળોનું વસનારૂં. "સુન્દર છતાં કરુણતાભરી જે ગાનલહરીથી એ વર્ષાના દિન ભરી દે છે, એના જેવી અન્ય કોઇ પક્ષીની કરુણતાભરી ગાનલહરીની કલ્પના પણ થઇ શકતી નથી." —સ્ટુઅર્ટ બેકર. પરિપાલ્ય.

S 366 (J 468 bis). **Aegithina nigralutea** Marshall. Marshall's Iora.

मार्शलनो शौबीगा (हिं). फाटिका-जाल, टाफीका (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (અતિસામાન્ય અને પ્રભૂતસંખ્યેય—લિટલડેલ); ઉ ગૂજરાતઃ અમદાવાદ (સામાન્ય-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હ. આ.), ઊંઝા (અ-સામાન્ય—હ. આ.), ડીસા-(આબુની પાદભૂમિથી આરંભી સમગ્ર પ્રદેશમાં વિસ્તરેલું છે—બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર), રાણપુર (નિરંજન); કચ્છ: (અસામાન્ય-સાલિમ.) નર: વર્ણાતિશયને લીધે નયનાભિરામ દેહલતાવાળો; જાયા: એનાથી ઓછી લાવણ્યવતી. પરિપાલ્ય.

ગોત્ર ૮. હરિદાભ Chloropsis Jard. & Selby.

S 374 (J 493). **Chloropsis jerdoni** Blyth. Jerdon's Chloropsis or Common Green Bulbul.

जेर्डोननो हार्‌वा (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (અ-સામાન્ય-લિટલડેલ), પંચમહાલ (વનસ્થલીઓમાં વિપુલ—લિટલડેલ). અત્યંત લાવણ્યમય પક્ષી. સમભૂમિ, વનઉપવન, વાડીઉદ્યાન, આદિનું વાસી. નાનાં યૂથરૂપે કે દ્વંદ્વરૂપે વિચરનારૂં. પરિપાલ્ય.

કુલ ૬. દૃઢપૃષ્ઠ Pycnonotidae

પુછડીના મૂળમાં હેઠળના ભાગે લાલ ઉપ-પુચ્છવાળા આપણા પરિચિત બુલબુલના આ કુલનાં અરાડ ભારતીય ગોત્રો છે. એમાંનાં ત્રણ—૮. નર્તક Molpastes ૧૦ ? ચારુકર્ણ Elathea અને ૧૫. દૃઢપૃષ્ઠ Pycnonotus—નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૮. નર્તક Molpastes Hume.

S 399 (J 462). **Molpastes haemorrhous pallidus** Stuart Baker. Central Indian Red-Vented Bulbul.

मध्य भारतीय लाल उप-पुच्छवालुं बुलबुल (हिं.), हडीया बुलबुल (पद्म०)

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત; બીલીમોરા (હ. આ.), ઉ. ગૂજરાત; અમદાવાદ (વિપુલ-હ. આ.), ઊંઝા (સામાન્ય-હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), દક્ષિણ વિભાગ (સ્ટુ. બેકર). ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (અત્યંત સામાન્ય. શ્વેતકર્ણ જેટલું જ વ્યાપક—સાલિમ), (દક્ષિણ વિભાગ પર્યંત વિસ્તરેલું—સ્ટુ. બેકર). આપણાં વ્યાપકતમ, સામાન્યતમ અને પરિચિતતમ પક્ષીઓમાંનું એક. મનુષ્યના સહવાસનું અત્યંત પક્ષપાતી. મુખર અને પ્રસન્નચેતા છતાં કલહપ્રિય. પરિપાલ્ય.

S 406 (J 459). **Molpastes leucogenys leucotis** Gould. White-Eared Bulbul.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

श्वेतकर्ण बुलबुल (हि.), कनरा बुलबुल (हिं). कांगधरा (बं).
સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: (સૂકા પ્રદેશમાં સામાન્ય પરંતુ અમદાવાદની દક્ષિણે, નર્મદાપર્યંત ઉપવનસમ ભૂમિમાં મારા જોવામાં આવ્યું નથી—લિટલડેલ); ઉ. ગૂજરાત: ધોળકા (સિમન્સ), સોજીત્રા (વિરલ—હ. આ.), ચાણસ્મા (સાંકળેશ્વર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (અત્યંત સામાન્ય, લાલ ઉપ-પુચ્છ જેટલાં જ વ્યાપક—સાલિમ). અ-સામાન્ય. માનવસંગમાં રાચનારૂં. ગામના પરિસરે ઉપવન અને વાડીઓમાં તેમ ખેતીપ્રધાન પ્રદેશમાં ભ્રમનારૂં. પરિપાલ્ય.

ગોત્ર ૧૦. ? ચારુકર્ણ Elathea Gestel.

S 411 (J 460 bis). **Elathea locosa fuscicaudata** Gould. Southern Red-Whiskered Bulbul.

दक्षिणी लाल थोभीयावाळुं बुलबुल (हिं.), पहाडी बुलबुल (हिं.), सीपाही बुलबुल.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (અતિસામાન્ય-બાર્ન્સ), (બટલર). પરિપાલ્ય.

ગોત્ર ૧૫. દૃઢપૃષ્ઠ Pycnonotus Boie.

S 433 (J 452). **Pycnonotus luteolus** Lesson. White-Browed Bulbul.

श्वेत भ्रमरवाळुं बुलबुल.

સ્થાયી અધિવાસી, દ. ગૂજરાત: વડોદરા (અ-વિરલ-લિટલડેલ), (માળા અને ઈંડાં, જુન ૧૮૯૭—બિધામ), મહી (વાંઘાંમાં સામાન્ય. જલસમીપે જ રહેનારૂં. એકાન્ત પ્રચ્છન્ન જીવન ગાળનારૂં હોવાથી એનું અવલોકન નિરીક્ષણ અત્યંત દુષ્કર છે, છતાં એકાદ ગાઢ વૃક્ષરાજીમાંથી વહી રહેલી એની મધુર સ્વરપરંપરા ઝટ ઓળખાય છે.—લિટલડેલ). પરિપાલ્ય.

કુલ ૭. ? પાદપવિસર્પી Certhiidae

પાદપ-વિસર્પી Tree-Creeper ના આ કુલનાં ત્રણ ભારતીય ગોત્રોમાંનું એક ગોત્ર-૨. ભેરીવચસ્ Salpornis—ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૨. ભેરીવચસ્ Salpornis Gray.

S 456 (J 246). **Salpornis spilonotus spiolnotus** Franklin. Spotted Grey Creeper.

बिन्दु अङ्कित भूखरुं भेरिपक्षी.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (અત્યંત વિરલ. કેવળ એક જ પ્રતીક—બટલર).

કુલ ૧૦. ગાયક Turdidae

પિદ્દા, દેશી શામા, દૈયડ, દેવચકલી જેવાં વિવિધ પક્ષીઓને આ એક જ કુલમાં સંકલનાર સર્વસાધારણ લક્ષણ, એમની અર્ભકાવસ્થામાં શરીર ઉપર વાળના જેવાં મૃદુ પીંછાંના સ્થાને, ભીંગડાં જેવાં જરઠ પીંછાંનું અસ્તિત્વ છે.

આ કુલની છ ભારતીય શાખાઓમાંની ત્રણ શાખાઓ—૨. શિલાવેશ્મ Saxicolinae, ૪. લોહિતપુચ્છ Phoenicurinae અને ૫. ગાયક Turdinae-નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

કુલ-શાખા ૨. શિલાવેશ્મ Saxicolinae

એનાં ચાર ભારતીય ગોત્રોમાંનાં ત્રણ ગોત્રો—૧. શિલાવેશ્મ Saxicola, ૩. સીધુચ્છાય Oenanthe અને ૪. કૃષ્ણપુચ્છ Cercomela—ગૂજરાતવાસી છે.

ગોત્ર ૧. શિલાવેશ્મ Saxicola Bechst.

S 494 (J 481). **Saxicola caprata bicolor** Sykes. Northern Indian Bush-Chat.

उत्तर भारतीय द्रुमवेश्म चट्कार. पिद्दा (हिं.), काला पिद्दा (हिं.), शामा पिद्दा (पद्म.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (એપ્રીલ-સપ્ટેમ્બર વચ્ચે જોયાં નથી—લિટલડેલ), પંચમહાલ (એપ્રીલ-મે-ડૉઈગ, લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ઊંઝા (શીતકાલ —હ. આ.), ડીસા (બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર), રાણપુર (નિરંજન), ભાવનગર (યાયાવર-પદ્મકાન્ત); કચ્છ: ભદ્રેશ્વર (૧૧-૯-૪૩), ભચાઉ, ભૂજ, માંડવી (ધારવા પ્રમાણે અત્યંત વિરલ. શીતકાલ. બધાં થઈને ૫-૬ પંખી જોયાં હતાં-સાલિમ.) સર્વત્ર સામાન્ય. વિશિષ્ટ સ્થળોમાંથી પ્રજનન કાળે અદૃશ્ય થતું દેખાય. પરિપાલ્ય.

*S495 (J 483). **Saxicola torquata indica** Blyth. Indian Bush-Chat.

भारतीय द्रुमवेश्म चट्कार. खेरपिद्दा (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ઊંઝા (હ. આ.), ડીસા (૫ સપ્ટે૦ :૫ એપ્રીલ ૧૮૭૬—બટલર), આબુ (બટલર): સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: માંડવી વિસ્તાર (માત્ર વિરલ. છૂટાં છવાયાં-સાલિમ). અત્યંત સામાન્ય. પરિપાલ્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

S 499. **Saxicola macrorhyncha** Stoliczka. Stoliczka's Bush-Chat.

स्टोलिक्झ्कानो द्रुमवेश्म चट्कार.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (સ્ટુઅર્ટ બેકર); કચ્છ: (સ્ટુ. બેકર). (અ-સામાન્ય. યાયાવર—બટલર). લતાગુલ્માદિની ટોચ કે તૃણાગ્ર જેવા ઊંચા અધિષ્ઠાન ઉપર બેસી રહેવાના સ્વભાવવાળું. "એનો રુત સ્વર કદી મારા સાંભળવામાં આવ્યો નથી" —હ્યુ વ્હિસલર.

ગોત્ર ૩. સીધુચ્છાય **Oenanthe** Vieillot.

*S506 (J 489). **Oenanthe picata** Blyth. Pied Chat.

कात्रचीतरो चट्कार.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ઊંઝા (હ. આ.), ડીસા (૨૯-૯-૭૫ : ૧૪-૩-૭૬—બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (ઑગસ્ટ અને માર્ચમાં ભારે વિસ્તરેલું. યાયાવરોનાં અગ્રણીઓમાંનું એક. ભૂજ, ૫ ઑગસ્ટ—સાલિમ.). અન્ય પક્ષીઓના રુતસ્વરનું યથાશ્રુત અનુકરણ કરનારૂં. પરિપાલ્ય.

*S508 (J 488). **Oenanthe spistholeuca** Strickland Strickland's Chat.

स्ट्रिक्लन्डनो चट्कार.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (૪-૧૦-૭૫ : ૧૯-૩-૭૬ —બટલર); કચ્છ: (અત્યંત વિરલ. કેવળ એક જ એકાકી પક્ષી જોવામાં આવ્યું હતું—સાલિમ).

*S511 (J 491). **Oenanthe oenanthe oenanthe** Linnaeus. Wheatear.

धवलश्रोणि चट्कार. कलचीडी (हिं.).

યાયાવર. શીતકાલ. સૌરાષ્ટ્ર: ઘોઘાના ખારમાં (પદ્મકાન્ત); કચ્છ: ('નવેમ્બરના ઉત્તરાર્ધથી ફેબ્રુઆરી પર્યંત સામાન્યતર'—લેસ્ટર. 'લેસ્ટરની આ ભ્રાન્તિ હોવી જોઇએ કારણ મારા જોવામાં એ સમૂળગું આવ્યું નહિ તેમજ ગિલગિટ, ઉત્તર કાશ્મીર અને ઉત્તર-પશ્ચિમ ભારત પ્રાન્તભૂનાં વિરલ યાત્રીથી અતિરિક્ત, ભારતવર્ષમાં અન્યત્ર કોઇ પણ સ્થળે એમના સંચારનો પ્રત્યયાત્મક એક પણ પ્રસંગ અદ્યાપિ નોંધવામાં આવ્યો નથી.'—સાલિમ.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*S512 (J 491). **Oenanthe isabellina** Cretzschm. Isabelline Chat.
इझाबेलनो चट्कार.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત; (બાર્ન્સ), ડીસા (૩-૧૦-૭૫ : ૬-૩-૭૬—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (ઘોઘાના ખારમાં--પદ્મકાન્ત); કચ્છ: (અલ્પ પ્રમાણમાં. ખારી રોહડ, ૧૧-૯-૪૩; જખૌ, ૧૫-૩-૪૪—સાલિમ).

*S513 (J 492). **Oenanthe deserti atrogularis** Blyth. Gould's Desert-Chat.

गुल्डनो मरु स्थलनो चट्कार. कलचीडी (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (૭-૧૦-૭૫: ૧-૪-૭૬. યાયાવર યૂથના પ્રથમ વિભાગે તો પંદર દિવસ પૂર્વે નિવર્તન યાત્રાનો આરંભ કરી દીધો હતો-બટલર), (સામાન્યતર-બાર્ન્સ); સૌરાષ્ટ્ર; (બટલર); કચ્છ: (અ-સામાન્ય નહિ પણ છૂટાંછવાયાં અને પરિમિત યૂથરૂપે સર્વત્ર વિસ્તરેલાં—સાલિમ).

*S515 (J 491 bis). **Oenanthe xanthoprymna chrysopygia** De Filippi. Red-Tailed Chat.
लालपुच्छडीवाळो चट्कार.
યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: આબુ (પાદભૂમિ—બાર્ન્સ): સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (ઉત્તરમાં સામાન્યતર, ખાવડા, ૧-૧૦-૪૩: છાપરીઓ ડુંગર, ૨૬-૩-૪૪—સાલિમ.).

ગોત્ર ૪. કૃષ્ણપુચ્છ **Cercomela** Bonaparte.

S 516 (J 494). **Cercomela fusca** Blyth. Brown Rock-Chat.
बदामी शिलावासी चट्कार. शामा (मध्यप्रदेश).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (અતિ સામાન્ય. અન્યત્ર અનુપસ્થિત—બાર્ન્સ): કચ્છ: (સામાન્ય અનુકૂળ સ્થળે પ્રભૂત—સાલિમ.). નિર્ભય અને વીર્યશાલી પક્ષી.

કુલ-શાખા ૪. લોહિતપુચ્છ Phoenicurinae

એનાં પંદર ભારતીય ગોત્રોમાંનાં ચાર ગોત્રો—૧. લોહિતપુચ્છ Phoenicurus, ૪. નીલવનાશ્રય Cyanosylvia, ૧૨. શિલાવેશ્મ Saxicoloides અને ૧૪. શૈશિર Copsychus—નાં પક્ષીઓ ગૂજરાતમાં દૃષ્ટિગોચર થાય છે,

ગોત્ર ૧. લોહિતપુચ્છ **Phoenicurus** Forster.

*S531 (J 497). **Phoenicurus ochrurus phoenicuroides** Moore. Kashmir Redstart

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

काश्मीरी लोहितपुच्छ. थीरथरा (हिं.), लालगोन्डा (पद्म०) लाल गिरदी (बं.).

ચાયાવર, શીતકાલ. ઉ. ગૂજરાત: અમદાવાદ (અસામાન્ય—હ. આ.), ઊંઝા (૭-૯-૩૮ : ૧૬-૩-૩૯—હ. આ.), ડીસા (૧૮-૯-૭૫ : ૭-૪-૭૬—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (ભૂજ, ૩૦-૮-૪૩ : ૩૧-૩-૪૪ અ-સામાન્ય. વિપુલ નથી—સાલિમ).

ગોત્ર ૪. **નીલવનાશ્રય Cyanosylvia** Brehm.

*S536 (J 514). **Cyanosylvia suecica suecica** Linnaeus. Western Red-Spotted Blue-Throat.

पश्चिमी लाल बिन्दु अङ्कित नीलकंठ. हुसेनी पिद्दा (हिं.), नीलकंठी (हिं.), जलतरंग (पद्म०).

ચાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ઊંઝા (હ. આ.), ડીસા (૨૭-૯-૭૫ : ૨૦-૪-૭૬—બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (અસામાન્ય નથી—સાલિમ). સર્વત્ર, સવિશેષ સરાણવાળા પ્રદેશનું વાસી. માત્ર મરુસ્થલમાં નહિ.

ગોત્ર ૧૨. **શિલાવેશ્મ Saxicoloides** Lesson.

S 556 (J 479). **Saxicoloides fulicata fulicata** Linnaeus. Black-Backed Indian Robin.

काली पीठवाली भारतीय देवचकली. कलचूडी (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (? બટલર). સામાન્ય,

S 557 (J 480). **Saxicoloides fulicata cambaiensis** Latham. Brown-Backed Indian Robin.

बदामी पीठवाली भारतीय देवचकली, देवली, काली देह (पालीताणा), काली देव (पद्म०), दामा (हिं.) काली शामा, कलचूडी (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (બિધામ); ઉ. ગૂજરાત: અમદાવાદ (પ્રચુર—હ. આ.), ઊંઝા (સામાન્ય—હ. આ.), ડીસા (સામાન્ય—બાર્ન્સ), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (કાગડા, કબુતર, ચકલી અને લેલાં પછીના ક્રમે આવતું વ્યાપકતમ પક્ષી—સાલિમ). અત્યંત પરિચિત. ભરવસતિમાં તેમ વગડામાં સર્વત્ર વસનારું. સામાન્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧૪. શૈશિર Copsychus Wagler.

S 558 (J 475). **Copsychus saularis saularis** Linnaeus. Indian Magpie Robin. Dhyal કે Dayal (અંગરેજી 'Dial'-Bird નું ભ્રષ્ટ રૂપ).

दैयड (हिं.) વડોદરામાં 'દૈયડ' નામ 'દરજી'ને પણ અપાય છે. —લિટલડેલ.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (એક માઇલના ઘેરાવાવાળા વિસ્તારમાં આઠ માળા. ૨૩ મે-૨૬ જુન ૧૮૮૫, ૨-૬ ઈંડાં—લિટલડેલ), ઝાલોદ (આંબામાં ૭ પ્રૌઢ પક્ષીઓ, ૨૦-૫-૧૮૮૬—લિટલડેલ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (સામાન્ય, એકાન્ત દ્વન્દ્વચર; ગોખલામાં પ્રજનન, ૪ ઈંડાં, ૧૪-૬-૧૯૪૮-હ. આ.], ઊંઝા (હ. આ.), આબુ (શીતકાલનું યાયાવર—બટલર); સૌરાષ્ટ્ર: ગીરનાર (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), સર્વત્ર સામાન્ય. બાર્ન્સે અને બટલરે એને 'યાયાવર' માન્યું છે, એ ભ્રાન્તિમૂલક છે. અમદાવાદમાં (તેમ વડોદરામાં) એ ઊભું વરસ રહેતું વિચરતું સ્થાયી અધિવાસી છે.-હ. આ. ભારતવર્ષના શ્રેષ્ઠ ગાયક શામાથી બીજે સ્થાને આવતું આપણું લોકોત્તર ગાયકવર. ભારતીય ગાયક વિહગોમાં ઉચ્ચતમ કંઠસ્વરવાળું. વનઉપવન, ઉદ્યાનગૃહાઙ્ગણ, સર્વસ્થલે સ્વૈરવિહારી.

કુલ-શાખા ૫. ગાયક Turdinae

આ શાખાનાં પક્ષીઓ યથાર્થ "ગાયક" પક્ષીઓ (='શ્રશ' Thrush) છે. એનાં નવ ભારતીય ગોત્રોમાંનાં ત્રણ ગોત્રો—૧. ગાયક Turdus, ૩. ગિરિવેશ્મ Monticola અને ૫. મક્ષિકાહન્તા Myiophoneus-ગૂજરાતનાં વાસી છે.

ગોત્ર ૧. ગાયક Turdus Linnaeus.

S 569 (J 359). **Turdus merula nigropileus** Lafres. Black-Capped Blackbird.

काली टोपीवाळुं कृष्ण गायक. कस्तूरी (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (બટલર, બાર્ન્સ, સ્ટુ. બેકરઃ 'ઉત્તરમાં માઉંટ આબુ પર્યંત'); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત). મધુરકંઠ ગાયકવર. સામાન્ય. વર્ષાઋતુમાં સવિશેષ વિપુલ.

ગોત્ર ૩. ગિરિવેશ્મ Monticola Boie.

*S606 (J 253). **Monticola cinclorhyncha** Vigor. Blue-Headed Rock-Thrush.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

नीलशिरा गिरिवसति गायक. कृष्ण-पत्ती (नेपाली).
યાયાવર. શીતકાલ: ઉ. ગૂજરાત: આબુ (૨૦-૯-૭૪. વિરલ—બટલર). એકચર.

*S608 (J 351). **Monticola solitaria pandoo** Sykes. Indian Blue Rock-Thrush.
भारतीय नीलवरणुं गिरिवसति गायक. शामा (हिं.). पाण्डु (मराठी).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત; ઊંઝા (હ. આ.), આબુ (બટલર): સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર પદ્મકાન્ત); કચ્છ: (વિરલ. રાપર, ૨૧-૯-૪૩: ભૂજીઓ ડુંગર ૧૦-૩-૪૪—સાલિમ.). એકાન્ત એકચર. એકજ સમાન સ્થળનું પક્ષપાતી : કેવલ એકજ ઋતુમાં નહિ પણ કેટલાંક વર્ષોપર્યંત પ્રતિવર્ષ. સામાન્ય.

ગોત્ર ૫. **મક્ષિકાહન્તા Myiophonus** Temminck.

S 613 (J 342). **Myiophonus horsfieldii** Vigors. Malbar Whistling-Thrush ("Whistling Schoolboy" of Nilgiris).
मलबारी शीश्कार गायक.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: હિમતનગર (હ. આ.), આબુ બટલર, બાર્ન્સ). એકાન્ત ગિરિવાસી. લોકોત્તર મધુર મંજુલ સ્વરે ગાન કરીને પ્રત્યેક ગિરિનિર્ઝરિણી અને સરિતાકૂલને દિવસભર શબ્દાયમાન કરી મૂકનારૂં કૃષ્ણનીલદેહી વિહગવર.

કુલ ૧૧. દંશાશી Muscicapidae

એનાં સોળ ભારતીય ગોત્રોમાંનાં સાત ગોત્રો—૧. દંશાશી Muscicapa, ૩. ? તુર્રા Siphia, ૪. દંશગર Muscicapula, ૬. શોભનમાક્ષિક Eumyias, ૮, ઉપવનાધીશ્વર Alseonax, ૧૩. ? દૂધરાજ Tchitrea અને ૧૬. ધવલપુચ્છ Leucocerca—નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. **દંશાશી Muscicapa** Linnaeus.

* S631 (J 599 bis). **Muscicapa striata neumanni** Linnaeus. Eastern Spotted Flycatcher.
पूर्वीय बिन्दु अङ्कित मक्षिकाग्राही.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (૩૦-૮-૭૬: ૯-૧૦-૭૬. અસામાન્ય-બટલર); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (ભૂજીયો ડુંગર,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧-૯-૪૩ઃ ખાવડા, ૭-૧૦-૪૩. એમનાં શિશિર નિવાસસ્થાન-અરબસ્તાન કે આફ્રિકા-પ્રત્યે શરત્પ્રયાણ પ્રસંગે ઊતરેલાં યાત્રી-સાલિમ). અત્યંત વિરલ-બાન્સ.

ગોત્ર ૩. ? તુર્રા **Siphia** Hodgs.

* S 638 (J 323 bis). **Siphia parva parva** Bechst. European Red-Breasted Flycatcher.

युरोपीय लाल छातीवालुं मक्षिकाग्राही. तुरा (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ ડીસા (૧૯-૯-૭૫ઃ ૧૦-૪-૭૬.-બટલર), આબુ (૪-૯-૭૪. બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છઃ (ખાવડા, ૩-૧૦-૪૩ઃ ચાડુવા, ૫-૩-૪૪. અનુકૂળ સ્થળે સમગ્ર પ્રદેશમાં. અલ્પ સંખ્યેય-સાલિમ). સામાન્ય. સર્વત્ર.

ગોત્ર ૪. દંશગર **Muscicapula** Blyth.

S 660 (J 306). **Muscicapula tickelliae tickelliae** Blyth. Tickell's Blue Flycatcher.

टिकेलनुं नीलवरणुं मक्षिकाग्राही. अधरंग (पद्म.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ (સર્વત્ર. જલ સમીપે એકાન્ત સ્થળોમાં સામાન્ય-લિટલડેલ); ઉ. ગૂજરાતઃ આબુ (બટલરઃ અસામાન્ય નથી); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્તઃ સ્થાનિક પરિભ્રમણ કરનારૂં). સમગ્ર પ્રદેશમાં ઓછાંવત્તાં વિરલ. ગિરિભૂમિ અને અટવી અરણ્યમાં પ્રાયઃ સ્થાયી. અન્યત્ર ઋતુવાસી.-બાન્સ.

ગોત્ર ૬. શોભનમાક્ષિક **Eumyias** Cabanis.

* S665 (J 301). **Eumyias thalassina thalassina** Swainson. Verditor Flycatcher or 'Cherry-Chopper".

लीलावरणुं मक्षिकाग्राही. पीरोजा (पद्मकान्त).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ આબુ (૨૧-૯-૭૪. વિરલ-બટલર); સૌરાષ્ટ્રઃ પોરબંદર (કેવળ એક જ પક્ષી એક જ પ્રસંગે. પથભ્રષ્ટ.—વિ. મુ. વાસુ). સર્વત્ર પણ ક્હિંય અતિસંખ્યેય નહિ—બાન્સ.

ગોત્ર ૮. ઉપવનાધીશ્વર **Alseonax** Cabanis.

S 675 (J 297). **Alseonax latirostrix poonensis** Sykes. Indian Brown Flycatcher.

भारतीय बदामी मक्षिकाग्राही. झक्की (हिं.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: સારણ (ડુંગરપુર. સામાન્ય. -લિટલડેલ).

* S676 (J 303). **Alseonax ruficaudus** Swains. Rufous-Tailed Flycatcher.

लोहितपुच्छ मक्षिकाग्राही.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: આબુ (અત્યંત વિરલ-બાર્ન્સ, અ-સામાન્ય.-બટલર).

ગોત્ર ૧૩. ? **દૂધરાજ Tchitrea** Lesson.

S 638 (J 288). **Tchitrea paradisi paradisi** Linnaeus. Indian Paradise Flycatcher.

भारतीय नन्दनवननुं मक्षिकाग्राही. दूधराज (हिं.), शाही बुलबुल, हुसेनी बुलबुल (=नर पक्षी. वर्ण श्वेत), सुलताना बुलबुल (जाया पक्षी. वर्ण क्याडो) (हिं), तेजीयो गोवाळ (भीली : वीरेश्वर).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (એના પ્રજનનકાળે અર્થાત્ વર્ષામાં અતિસાધારણ-લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (પંદર વર્ષના સતત નિરીક્ષણમાં કેવલ એક જ પ્રસંગે, એક જ પક્ષી-અપક્વ વયનો નર કે જાયા-અકસ્માત્ આવી ચઢેલું, પથભ્રષ્ટ સમું અરધો કલાક રહ્યું હશે. પુન: દૃષ્ટિગોચર થયું નથી. શાહીબાગ, ઉદ્યાનમાં આંબામાં, પ્રભાતના ૮ વાગ્યે, ૧૪ મે ૧૯૪૫.-હ. આ.), વીરેશ્વર (ઇડર. ગ્રીષ્મમાં સામાન્ય-હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (સ્થાનિક પરિભ્રમણ કરનારૂં-પદ્મકાન્ત), પોરબંદર (પથભ્રષ્ટ. કેવળ એક જ પ્રસંગે, એક જ પક્ષી—વિ. સુ. વાસુ); કચ્છ: (રાપર, ૩-૯-૪૩, કેવળ એક જ પથભ્રષ્ટ પક્ષી એક જ પ્રસંગે-સાલિમ). સમભૂમિમાં વિરલ. ગિરિભૂમિમાં અતિસામાન્ય. વિશિષ્ટ સ્થળે વસનારૂં. ભૂમિના અલંકારસમાં, ધ્વજ પેઠે ફરફરતી લાંબી પુછડી અને અત્યંત સુન્દર નયનાભિરામ શ્વેત (નર) અને ક્યાડા (જાયા અને બાલનર) વર્ણની દેહપ્રભાવાળાં સુકુમાર પક્ષી.

ગોત્ર ૧૬. **ધવલપુચ્છ Leucocerca** Swainson.

S 700 (J 292). **Leucocerca aureola aureola** Less. White-Browed Fantail Flycatcher.

धोळी भ्रमर अने वींझणा जेवी पुछडीवाळुं मक्षिकाग्राही. चकदीक (हिं.), मरचरया (हिं.). नाचण घोडली (भीली : वीरेश्वर. सरखावो मराठी 'नाचण').

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: આણુંદ (સામાન્ય.–હ. આ.); ઉ. ગૂજરાત: અમદાવાદ (અ-સામાન્ય.—હ. આ.), ઊંઝા (અસામાન્ય—હ. આ.), વીજાપુર (સામાન્ય—હ. આ.), આબુ ક્વચિત્–બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (સ્થાનિક પરિભ્રમણ કરનારું—પદ્મકાન્ત); કચ્છ (અ-સામાન્ય—લેસ્ટર. સાલિમઅલિના જોવામાં આવ્યું નહતું.). મધુર ચતુઃસ્વરી આલાપસરણીવાળું ચપળગતિ પક્ષી. સર્વત્ર: માત્ર ગિરિભૂમિ અને ગાઢ અટવી અરણ્યમાં એનું સ્થાન, ક્રમાંક ૭૦૫ વાળું નિમ્નોલ્લિખિત પક્ષી લે છે.

S 705 (J 293). **Leucocerca pectoralis** Jerdon. White-Spotted Fantail Flycatcher.

धवल बिन्दु अङ्कित बींझणा जेवी पुछडीवाळुं मक्षिकाग्राही.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (અહિં પ્રજનન કરે છે પરંતુ વિરલ પ્રસંગે. અહિં ક્રમાંક ૭૦૦ વાળું પક્ષી સામાન્યતર છે—લિટલડેલ; છ માળા પણ ઈંડાં ન હતાં.—બિધામ); ઉ. ગૂજરાત: હિંમતનગર, વીરેશ્વર (હ. આ,), ઇડર (સિમન્સ), આબુ (સામાન્ય—બટલર, બાર્ન્સ), આરાવળ ગિરિમાળા (સ્ટુઅર્ટ બેકર).

કુલ ૧૨. વિશસિતા Laniidae

આ કુલનાં પક્ષીઓ ભક્ષસંગ્રહવૃત્તિથી કીટાદિને, કસાઇ પેઠે, બાવળની શૂળો ઉપર પરોવી રાખે છે, એવી માન્યતાને આધારે આ કુલનું નામ 'વિશસિતા'—'માંસિક'—'સૌનિક' Butcher-Birds પડયું છે. એનાં ચાર ગોત્રો ભારતવાસી છે, જેમાંનાં ત્રણ ગોત્રો—૧, વિશસિતા Lanius, ૨. અર્ધપાદ Hemipus અને ૩. ભસ્મચ્છાયવયસ્ Tephrodornis—નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. વિશસિતા Lanius Linnaeus.

S 706 **Lanius excubitor lahtora** Sykes. Indian Grey Shrike.

भारतीय भूखरो लटोरो (हिं.), दूधीया लटोरा (हिं.). मलाला (कच्छी. लेस्टर), रूपारेल (पद्म.). सं. कुलिङ्गः, भृङ्गः, मृङ्गराजः, धूम्याटः, धूम्राटः.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય—હ. આ.), ઊંઝા (હ. આ.), ડીસા (બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(નિરંજન); કચ્છ: (સાલિમ.). સર્વત્ર. સામાન્ય. ગિરિભૂમિમાં અલ્પસંખ્યેય.

S 710 (J 260). **Lanius vittatus** Valenc. Bay-Backed Shrike.

कयाडावर्णनी पीठवाळो लटोरो. जोगीयो लटोरो (पद्म.). पचनक (हिं.). सं. कडारपृष्ठमृगः ?

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય—હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ) સામાન્ય. સાધારણતયા વિસ્તરેલું.

S 714 (J 257). **Lanius schach erythronotus** Vigors. Rufous-Backed Shrike.

छींकणीया रंगनी पीठवाळो लटोरो. मलटीया लटोरा (हिं.), कागला लटोरा (हिं.). सं. पाटलपृष्ठः ? मृत्तिकाभः ?

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સંદિગ્ધ—સાલિમ). સર્વત્ર. સામાન્ય.

*S 717 (J 260 bis.). **Lanius collurio** Linnaeus Red-Backed Shrike.

लाल पीठवाळो लटोरो. सं. लोहितपृष्ठः ?

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (પરિસર, સપ્ટેમ્બર ૧૮૭૪—બટલર); કચ્છ; (અરબસ્તાન થઇને આફ્રિકા જતાં, શરદ્યાત્રા પ્રસંગે, માર્ગ વચ્ચે કચ્છમાં ઊતરે છે પરંતુ પાછા આવતાં કચ્છમાં ઊતરતાં ન હોય કે પછી કચ્છને ટાળીને અન્ય માર્ગે પ્રયાણ કરતાં હોય.—સાલિમ). ભારતવર્ષમાં વિરલતમ પથભ્રષ્ટ આગન્તુકોમાંનું એક.—સ્ટુઅર્ટ બેકર.

*S719 (J 261). **Lanius cristatus cristatus** Linnaeus. Brown Shrike.

बदामी लटोरो. केर खेलता (हिं.). सं. कपिलः ?

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), આબુ (૧-૯-૭૪.—બટલર); સૌરાષ્ટ્ર: રાણપુર (નિરંજન). સર્વત્ર. અ-સામાન્ય).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*S721 (J 262). **Lanius cristatus isabellinus** Hempr. & Ehr. Pale Brown Shrike.
फीक्को बदामी लटोरो. सं. विङ्गलः !

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છઃ (લેસ્ટર, સ્ટોલિફ્ઝ્કા. 'કચ્છમાં થતું નથી. લેસ્ટરની ભ્રાન્તિ હતી.''—સાલિમ). સામાન્ય.

*S 722. **Lanius cristatus phoenicuroides** Severtz. Rufous Shrike.
छींकणीया रंगनो लटोरो. सं. पाटलः ?

યાયાવર. શીતકાલ. કચ્છઃ લેસ્ટરે જોયાં હતાં તે આ જાતનાં જ. અ-સામાન્ય. અરબસ્તાન માર્ગે પ્રયાણ કરતી વેળા અધમાર્ગે કચ્છમાં ઊતરેલાં યાત્રી. નિવર્તન યાત્રા આડ માર્ગે કરતાં હોય કે પછી કચ્છ થઇને નીકળે પણ હેઠાં ઊતરતાં ન હોય.–સાલિમ.

ગોત્ર ૨. **અર્ધપાદ Hemipus** Hodgs.

S 724 (J 267). **Hemipus picatus picatus** Sykes. Black-Backed Pied Shrike.
काळी पीठवाळो काबरचीतरो लटोरो. छोटा काला लटोरा (हिं).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: ડાંગ (જંગલો, સૂરત જીલ્લો.– સાલિમ.). અરણ્યવાસી.

ગોત્ર ૩. **ભસ્મચ્છાયવયસ્ Tephrodornis** Swainson

S 728 (J 264). **Tephrodornis gularis sylvicola** Jerdon. Malabar Wood-Shrike.
मलबारनो बन्य लटोरो. पहाडी लटोरो (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વઘાઇ (ડાંગનાં જંગલો–સાલિમ). નિતાન્ત નિબિડ અરણ્યનો વાસી.

S 729 (J 265). **Tephrodornis pondicerianus pondicerianus** Gmelin. Indian Common Wood-Shrike.
भारतीय सामान्य वन्य लटोरो.

સ્થાયી અધિવાસી દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છઃ ગોડસર રખાલ, ભૂજીયો ડુંગર, ચાડ્વા (સાલિમ). સામાન્ય. કહિં અલ્પસંખ્યેય, કહિં વિપુલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃક્ષાકીર્ણ સમભૂમિ, વાંસનાં ઝૂંડ અને વનસ્થલીઓનું વસનારૂં. ૫-૬ નાં યૂથરૂપે રહે છે.

કુલ ૧૩. કુઙ્કુમાભ Pericrocotidae

આપણા પક્ષિસમાજમાં અત્યંત પ્રભાવિત દીપ્તિમાન રક્તવર્ણની કાયાવાળાં પક્ષીઓ આ કુલનાં અંતર્ભુક્ત છે. એનાં ત્રણ ગોત્રો ભારતવાસી તેમજ ગૂજરાતી છે: ૧. કુઙ્કુમાભ Pericrocotus; ૨. ચિત્રવાક્ Lalage અને ૩. ? ગણ્ડુપદ-ગ્રાહી Graucalus.

ગોત્ર ૧. કુઙ્કુમાભ Pericrocotus Boie.

S 737 (J 272). **Pericrocotus flammeus flammeus** Forst. Orange Minivet.

नारंगीरंगनो बुलालचश्म. पहाडी बुलालचश्म (हिं.),

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: સોનગઢ (જંગલો; નવસારી પ્રાંત.—સાલિમ.), ડાંગ (જંગલો : સૂરત જીલ્લો.—સાલિમ). નિતાન્ત અરણ્યવાસી.

*S738 (J 273). **Pericrocotus brevirostris brevirostris** Vigors. Indian Short-Billed Minivet.

भारतीय टुंकी चांचवांळो बुलालचश्म (हिं.), छोटा पहाडी बुलालचश्म (हिं,). सं. स्वल्पचञ्चु-अंगारिका.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: વીરેશ્વર (હ. આ.), ડીસા (૨૭-૯-૭૬—બટલર), આબુ (બટલર). વિરલ.

S 745 (J 276). **Pericrocotus cinnamomeus iredalei** Stuart Baker. Small Minivet.

नानो बुलालचश्म. बुलालचश्म (हिं.). राजा लाल (पद्मकान्त). सात साहेली (बं.) सं. लघु-अंगारिका, अग्निरजः.

સ્થાયી અધિવાસી, દ. ગૂજરાતઃ વડોદરા (બિધામ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (અ-સામાન્ય.—હ. આ.), આબુ (ગાઢ અટવીમાં સામાન્ય—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર', ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (નિષ્પાદપ પ્રદેશમાં અવિદ્યમાન—સાલિમ).

S 749 (J 277). **Pericrocotus erythropygia** Jerdon. White-Billed Minivet.

घोळा पेटवाळो बुलालचश्म. सं. धवलोदर-अङ्गारिका.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ (બટલર), બાલારામ (માર્ચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯૪૦—હ. આ.): સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (સાલિમ). સર્વત્ર. વિરલ. અટવી અરણ્યનું વસનારૂં.

ગોત્ર ૨. ચિત્રવાક્ Lalage Boie.

*S756 (J 268). **Lalage sykesi** Strickland. Black-Headed Cuckoo-Shrike.

કાળામાથાવાળું चित्रवाक्. जंगली काश्या (हिं.).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: વડોદરા (જૂન પહેલીના અરસામાં આવે. જૂનના અંત ભાગે અને જુલાઈના આરંભમાં પ્રજનન કરે અને નવેમ્બર લગભગ પાછાં ચાલ્યાં જાય. ૧૮૮૫, ૪ માળા. વર્ષાઋતુ પછી પૂર્વમાં જતાં રહે છે.—લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (સિમન્સ), હિંમતનગર (હ. આ,), ડીસા (પૂર્વભણી આવેલા ડુંગરોમાં. વિરલ અતિથિ.—બટલર), આબુ (સિમન્સ); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત)

ગોત્ર ૩. ? ગણ્ડુપદગ્રાહી Graucalus Cuvier.

S 758 (J 270). **Gracalus macei macei** Less. Large Indian Cuckoo-Shrike.

मोटुं भारतीय गण्डुपदग्राही. काश्या (हिं.). कबासी (बं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (ઑગસ્ટ ૧૮૮૫, ૭ માળા: પ્રત્યેકમાં એક ઈંડું.—લિટલડેલ); ઉ. ગૂજરાત: નાંદોલ (દહેગામ, ફેબ્રુઆરી ૧૯૪૦.—હ. આ.); સૌરાષ્ટ્ર; (સામાન્ય હોવાનું સાંભળ્યું છે. અન્યત્ર વિરલ.—બટલર). સમગ્ર પ્રદેશમાં ઓછાવત્તા પ્રમાણમાં સામાન્ય.

કુલ ૧૫. દ્વ્યગ્રપુચ્છ Dicruridae

"કાકરાજ"ના આ કુલનાં સાત ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો—૧. દ્વ્યગ્રપુચ્છ Dicrurus અને ૭. યુગલપુચ્છ Dissemurus—ગૂજરાતનાં વાસી છે.

ગોત્ર ૧. દ્વ્યગ્રપુચ્છ Dicrurus Vieillot.

S 766 (J 278). **Dicrurus macrocercus macrocercus** Vieillot. Black Drongo or "King-Crow".

काळो कोशी, कोशीयो. भुजंग (हिं.), कालाभुजंग (हिं.). कोटवाल (मराठी). भरद्वाज (तेलुगु). काकराज (आसामी).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (વિપુલ—હ. આ.); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સામાન્ય સ્થાનિક પરિભ્રમણ કરનાર.—સાલિમ). અત્યંત પરિચિત પક્ષી. અલ્પકાય છતાં વીર્યશાલી અને નીડર. પ્રખર અનુકરણશીલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

S 777 (J 281). **Dicrurus coerulescens coerulescens Linnaeus.**
White-Bellied Drongo.

धोळा पेटवालो कोशीयो. पहाडी भुजंग (हिं.), धापडी (हिं.). धवली. (बं,)

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (નવેમ્બર-ડીસેમ્બર વચ્ચે અલ્પ સંખ્યામાં. પ્રજનન અર્થે પૂર્વ ભણી પહાડોમાં જતાં રહે છે.—લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (યાયાવર? અલ્પ સંખ્યેય અને ક્વાચિત્ક. નવેમ્બર ૧૯૩૮, ૧૪-૧૨-૩૮, ૩૧-૧૨-૩૮, ૧-૧-૩૯, ૧૯-૧૦-૩૯, ૨૮-૧૦-૩૯, નવેમ્બર ૧૯૩૯, ૨૧-૧૨-૩૯, ફેબ્રુઆરી ૧૯૪૦.—હ. આ.), નારોળ (માર્ચ ૧૯૩૯—હ, આ.), સાણંદ (૧૯-૧૦-૪૦. પાંચસાત પક્ષી; એકનું આખું પેટ શ્વેત. બીજાનું એથી ઓછું. ત્રીજાનું એકાદ ઇંચ જેટલું શ્વેત. ચોથાની પુછડીના મૂળનો હેઠળનો ભાગ કેવળ શ્વેત.—હ. આ.), વીરેશ્વર (ઇડર. નવેમ્બર ૧૯૩૮. વિપુલ.—હ. આ.), આબુ (એપ્રીલ.—રતિલાલ ખરાદી), (પર્વત પ્રદેશમાં અતિ સામાન્ય નહિ. સમભૂમિમાં વિરલ.—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (યાયાવર—પદ્મકાન્ત); કચ્છ: (સ્ટુઅર્ટ બેકર). "કાળાકોશીની સરખામણીએ વધુ પડતું અરણ્યવાસી પક્ષી, જોકે વૃક્ષાકીર્ણ ખેડાણ ભૂમિમાં પણ વસતું હોય છે."—સ્ટુ. બેકર.

ગોત્ર ૭. યુગલપુચ્છ **Dissemurus** Gloger.

S 792 (J 285). **Dissemurus paradiseus malabaricus Latham.**
Malabar Racket-Tailed Drongo.

मलबारी पुछडीमां फूमतावाळो भुजंग. भीमराज (हिं.), भृङ्गराज (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: રાજપીપળા (૧૩-૪-૪૬—હ. આ.), ગોધરા (ડેવીડસનના કહેવા પ્રમાણે, ગોધરાની પૂર્વભણી પ્રજનન કરે છે, એથી સમગ્ર પંચમહાલમાં કરતાં હોવાં જોઇએ. —લિટલડેલ).

કુલ ૧૬. વનાશ્રય Sylviidae

આ કુલનાં અંતર્ગત પક્ષીઓને 'કલાલાપી' 'Warbler' નામ આપેલું છે. પ્રત્યેક જાતિના કલાલાપીને 'પિદ્દા' (તેલુગુ: પિત્તા, પિત્તિ ઉપરથી) એવું સામાન્ય નામ પણ આપવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કુલનાં તેત્રીસ ભારતીય ગોત્રો છે. એમાંનાં દશ ગોત્રો—૧. ક્ષેત્રસમાશ્રય Agrobates, ૨. ? વગ-જુલકલાલાપી Acrocephalus, ૩. શલભક Locustella ૬. સરલકર્ત્તક Orthotomus, ૮. મગ્નતૂણાવેશ્મ Cisticola, ૯. ફ્રેન્કલિનાખ્ય Franklinia, ૧૪. સ્તબ્ધરોમવચસ્ Chaetornis, ૧૬. ? વાડનું કલાલાપી Hippolias, ૧૭. વનાશ્રય Sylvia, ૧૯. પર્ણભ Phylloscopus, ૨૦. કણ્ટકિની-પ્રિય Acanthopneuste અને ૪૩. ? ઊર્ધ્વપુચ્છ કલાલાપી Prinia—નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. ક્ષેત્રસમાશ્રય Agrobates Swainson.

*S794 (J 492 ter). **Agrobates galactotes familiaris** Menetries. Grey-Backed Warbler or Rufous Warbler.
भूखरी पीठवालुं कलालापी.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ (અત્યંત વિરલ-બાર્ન્સ); કચ્છઃ (ભૂજીયો ડુંગર, ૩૦-૮-૪૩; કાળો ડુંગર, ૭-૧૦-૪૪, શરત્પ્રયાણ પ્રસંગે ઊતરી આવેલાં યાત્રી.—સાલિમ).

ગોત્ર ૨. ? વગ-જુલકલાલાપી Acrocephalus Naumann.

આ ગોત્રનાં પક્ષીઓ અત્યંત એકરૂપ સાદાં પીંછાંવાળાં અને કોઈપણ જાતની રૂપવર્ણની વિવિધતા કે વિશિષ્ટતા રહિત હોવાથી, એમની પાંખોના સૂક્ષ્માવલોકન વિના, એમની વિવિધ જાતોને દૃષ્ટિક્ષેપ માત્રથી ઓળખવી એ દુષ્કર કાર્ય છે.

*S795 (J 515). **Acrocephalus stentoreus brunnescens** Jerdon. Indian Great Reed-Warbler.
भारतीय मोटुं वानीर कलालापी. बोडा जिट्टी (तेलुगु).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત; ડીસા (૮-૪-૭૯, સરાણોમાં અસામાન્ય નહિ.—બટલર); કચ્છઃ (ભચાઉ, ૧૭-૯-૪૩: ખાવડા, ૨૧-૪-૪૪. અનિશ્ચિત સ્થાન.—સાલિમ).

*S800 (J 517). **Acrocephalus agricola** Jerdon. Paddy-Field Warbler.
डांगरनी क्यारीनुं कलालापी.

યાયાવર. શીતકાલ. કચ્છઃ (શીતકાલ? કૅપ્ટન ન્યૂનહેમે લેસ્ટરને જણાવ્યું-શા આધારે, એનો ઉલ્લેખ નથી—એ પ્રમાણે કદાચ સ્થાયી અધિવાસી પણ નીવડે.—સાલિમ).

ગોત્ર ૩. શલભક Locustella Kaup.

*S807 (J 520). **Locustella naevia straminea** Seebohm. Eastern Grasshopper Warbler.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पूर्वीय झलमहन्ता कलालापी.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ ડીસા (પરિસરે અલ્પસંખ્યેય—બાર્ન્સ; વિરલ. માત્ર વર્ષામાં–૨૦-૯-૭૫—જોયું હતું પરંતુ ઘણું કરીને શીતકાલમાં પણ રહેતું હશે.—બટલર).

ગોત્ર ૬. સરલકર્ત્તક **Orthotomus** Horsfield.

S 813 (J 530). **Orthotomus sutorius sutorius** Pennant. Indian Tailor-Bird.

भारतीय मेरइ पक्षी. दरजी, टाइको (पद्मकान्त). कुत्की (हिं.).

सं. चञ्चुसूचिकः ?

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય, વનઉપવનનું વસનારૂં.—હ. આ.), ઊંઝા (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ.). સર્વત્ર. સામાન્ય. સતત ગાન શીલતાના કારણથી પરિચિત. અદ્‌ભુત નીડરચના કુશલ.

ગોત્ર ૮. મઞ્જૂષાવેશ્મ **Cisticola** Kaup.

S 825 (J 539). **Cisticola juncidis cursitans** Franklin. Streaked Fantail-Warbler.

रेखाङ्कित वींझणा जेवी पुछडीवाळुं कलालापी. घासका फुत्की (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત; વડોદરા (બિશામ. લિટલડેલ): ઉ. ગૂજરાતઃ ડીસા (બાર્ન્સ): આબુ (સમગ્ર પ્રદેશમાં સર્વત્ર, માત્ર રણમાં નહિ.—બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત): કચ્છઃ (વરસાદ ઓછોવત્તો પડે એ અનુસાર સ્થાનિક પરિભ્રમણ કરનારૂં—સાલિમ.).

ગોત્ર ૯. ફ્રેન્કલિનાખ્ય **Franklinia** Jerdon.

S 827 (J 536). **Franklinia gracilis** Franklin. Franklin's Wren-Warbler.

फ्रेन्कलीननुं ऊर्ध्वपुच्छ कलालापी.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (અતિ સામાન્ય - લિટલડેલ); ઉ. ગૂજરાતઃ આબુ (અ-સામાન્ય-બટલર'; કચ્છઃ રુદ્રામાતા, ભૂજીયો ડુંગર, ચાડુવા (આદિ યોગ્ય સ્થળોએ સામાન્યવત્-સાલિમ).

S 831 (J 551). **Franklinia buchanani** Blyth. Rufous-Fronted Wren-Warbler.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગલા ભાગે લાલ વર્णનું ऊर्ध्वपुच्छ कलालापी. चिह्नो (चि.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), ડીસા (સમગ્ર પ્રદેશમાં સામાન્ય—બાર્ન્સ), (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છઃ (સામાન્ય—સાલિમ.).

ગોત્ર ૧૪. स्तब्धरोमवचस्क Chaetornis Gray.

S 838 (J 441). **Chaetornis striatus** Jerdon. Bristled Grass-Warbler.

बरछटवाळवाळुं तृणकलालापी.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ વડોદરા (આજવા તળાવ પડખે ઘાસનાં મોટાં બીડમાં ઑગસ્ટમાં પ્રજનન કરતું જોવામાં આવે છે.—બિવાસ).

ગોત્ર ૧૬. ? વાડનું કલાલાપી Hippolais Balderstein.

*S840 (J 553). **Hippolais rama** Sykes. Sykes' Tree-Warbler.

साइक्सनुं द्रुमकलालापी.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ ડીસા (સામાન્ય. ૧૦-૮-૭૧, ૨૪-૯-૭૬: ૯-૪-૭૬—બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છઃ (૮-૮-૪૩). સપ્ટેમ્બરથી પ્રભૂત સંખ્યેય. સામાન્યતયા અલ્પ-પરિમિત સંખ્યામાં, પરંતુ ઘણું કરીને શીતકાલનાં આગન્તુક અને યાત્રા પ્રસંગે અધવચ ઊતરી આવનાર રૂપે પ્રચુર.—સાલિમ.).

ગોત્ર ૧૭. વનાશ્રય Sylvia Scopoli.

* S 845 (J 582 quat.). **Sylvia communis icterops** Menetries. Indian White-Throat.

भारतीय श्वेतकंठ कलालापी.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ ડીસા (સ્ટુ. બેકર), આબુ (સ્ટુ. બેકર).

* S 846 (J 581 quat.). **Sylvia hortensis jerdoni** Blyth. Eastern Orphean Warbler.

पूर्वनुं ललित कलालापी,

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ (કોઇક વિષયમાં સામાન્ય, કોઇકમાં ન્યૂન-બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છઃ (સાધારણ. પરિમિત સંખ્યેય. ભૂજીયો ડુંગર, ૧-૯-૪૩: બેલા, ૩૧-૩-૪૪—સાલિમ.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* S 847 (J 583 bis.). **Sylvia nana nana** Hemprich & Ehrenberg. Desert Warbler.

मरुभूमितुं कलालापी.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ મરુભૂમિ (ડોઇગ), (મરુભૂમિ-ભાગમાં સર્વત્ર. સામાન્ય.—બટલર); કચ્છઃ માંડવી (સમુદ્રતટે રેતના ઢૂવાઓ ઉપર માત્ર. યાયાવર. અ-સામાન્ય.—સાલિમ.), (દેખીતી રીતે સ્થાયી, કારણ ડોઇગે એને ઓકટોબરમાં પ્રજનન કરતું જોયું છે.—બાર્ન્સ).

* S 849 (J 582) **Sylvia curruca affinis** Blyth. Indian Lesser White-Throat.

भारतीय न्यूनतर श्वेत-कंठ.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ (૮-૯-૭૫: ૯-૧૦-૭૫. અતિ સામાન્ય-બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છઃ (=**S. C. Blythi**, Ticehurst. આ અભિધાન. સ્ટુ. બે. ના ફોનામાં આપ્યું નથી. અંજાર, ૨૫-૯-૪૩: ખારી રોહડ, ૨-૪-૪૪. સામાન્ય.—સાલિમ.).

* S 850 (J 582 bis.). **Sylvia curruca minula** Hume. Small White-Throat.

नानुं श्वेतकंठ.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ આબુ (૨૦-૯-૭૪: ? પ્રતિનિવર્તન-કાલ અજ્ઞાત. સામાન્ય.—બટલર): સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છઃ સામાન્ય ?—સાલિમ.

ગોત્ર ૧૯. પર્ણાભ **Phylloscopus Boie.**

આ ગોત્રનાં અંતર્ભુક્ત કલાલાપીની તેર જાતિઓ ભારતવર્ષમાં વસે છે. અશેષ પર્વતવાસી. ગ્રીષ્મ ઋતુમાં ભારતવર્ષની સમભૂમિમાં ઊતરી આવે અને પ્રજનન અર્થે પાછી ગિરિરાજના ઉત્સંગે ચાલી જાય; કેટલીક કેવળ હિમાલયમાં, અન્ય મધ્ય અને ઉત્તર એશીઆના નગસમૂહમાં. આ બધી જાતો પરસ્પર એટલું બધું સ્વરૂપસામ્ય ધરાવે છે કે એમની વચ્ચે ભેદ કરીને એમને સહેજે ઓળખવાનું દુષ્કર છે. જિજ્ઞાસુને આવા અભ્યાસનું ઉત્તમ સાધન ડૉ. ક્લૉડ ટાઇસહર્સ્ટ પ્રણીત અમૂલ્ય ગ્રંથ 'એ સિસ્ટેમેટિક રિવ્યુ ઑફ ધી જિનસ ફાયલોસ્કોપસ', બ્રિટિશ મ્યુઝિયમ, લંડન, ૧૯૩૮, છે.

* S 854 (J 554). **Phylloscopus collybitus tristis** Blyth. Brown Willow-Warbler or Siberian Chiffchaff.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બદામી દ્રુમચર કલાલાપી.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ આબુ (૩-૯-૭૪: ૨૯-૩-૭૫, ૧૮-૪-૭૬-બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છઃ (સામાન્ય-સાલિમ.). 'એકલ કે નાનાં યૂથરૂપે ખેડાણભૂમિ અને વનસ્થલીઓમાં ઊભા પાક, વૃક્ષો અને લતાગુલ્મમાં વસનારાં. ઑક્ટોબરમાં આવેઃ માર્ચના અંતભાગે કે એપ્રીલના આરંભે પાછાં વળે.'—સ્ટુઅર્ટ બેકર.

* S 858 (J 562). **Phylloscopus griseolus** Blyth. Olivaceous Willow-Warbler.

ચટણીરંગનું દ્રુમચર કલાલાપી.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ ડીસા (૨૫-૩-૭૬, સમભૂમિમાં યાત્રા પ્રસંગે પાછાં વળતાં.—બટલર), આબુ (સામાન્ય-બટલર). "વિશાળ તરુની ઘટાનાં પક્ષપાતી છતાં લતાગુલ્માદિમાં કે ભૂમિ ઉપર પણ આહારસંગ્રહ કરતાં દૃષ્ટિપથે ન્હડે છે. એમના ગોત્રની અન્ય કોઈ જાતિમાં જોવામાં આવતી નથી, એવી એમના સ્વભાવની એક વિશિષ્ટતા છેઃ વૃક્ષના સ્કન્ધ અને આડી મોટી શાખાઓ ઉપર દોડવા ફરવાની ટેવ."—સ્ટુઅર્ટ બેકર.

ગોત્ર ૨૦. કણ્ટકિનીપ્રિય **Acanthopneuste** Blasius.

* S 874. **Phylloscopus trochiloides nitidus** Blyth આ વૈજ્ઞાનિક અભિધાન ટાઈસહર્સ્ટે આપેલું છે. સ્ટુ. બેકરે ફૉનામાં આપેલું નામ **Acanthopneuste nitidus nitidus** Blyth છે. Green Willow-Warbler.

લીલાવર્ણનું દ્રુમચર કલાલાપી.

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત; પાટ્ટડા (પંચમહાલ—લિટલડેલ).

* S 875 (J 260). **Acanthopneuste nitidus viridanus** Blyth. Greenish Willow-Warbler.

લીલાશ પડતા વર્ણનું દ્રુમચર કલાલાપી.

* S 880 (J 558). **Acanthopneuste trochiloides** Sundevall. Dull-Green Willow-Warbler.

ઝાંખા લીલાવર્ણનું દ્રુમચર કલાલાપી.

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાતઃ વડોદરા (શરતના મેદાનમાં પાંચ પક્ષી, ૧૭-૯-૮૫,—લિટલડેલ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૩૩. ? ઊર્ધ્વપુચ્છ કલાલાપી Prinia Horsfield.

આ ગોત્રનાં પક્ષીઓના સ્વભાવની એક વિશિષ્ટતા છેઃ ચાંચનાં બે પાંખીઆંને ક્ષણે ક્ષણે પરસ્પર અથડાવીને 'ચટ્' 'ચટ્' એવો સ્વર કરવાની ટેવ.

S 931 (J 550) Prinia gracilis lepida Blyth. Indian Streaked Wren-Warbler.

भारतीय रेखा-अङ्कित ऊर्ध्वपुच्छ कलालापी. खड फुत्की (हिं.). डूर (सिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ (સમગ્ર પ્રદેશમાં ઓછાં પરંતુ નદી સરાણોની પાસે પ્રચુર—બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છઃ (કેવળ માંડવી, દેવીસર-બન્ની, ખડીર અને બેલા બેટમાં જોવામાં આવેલાં. અ-સામાન્ય. વિકીર્ણ.—સાલિમ.). તૃણજાલકાદિના ગાઢ આવરણનાં એકાન્ત પક્ષપાતી; ક્વચિત્ બાવળવૃક્ષમાં કીટાદિ પકડતાં દૃષ્ટિગોચર થાય.—સ્ટુ. બેકર.

S 935 (J 534). Prinia socialis socialis Sykes. Ashy Wren-Warbler.

भस्मच्छाय ऊर्ध्वपुच्छ कलालापी. काला फुत्की (हिं.). फुत्की (हिं.). पिट्-पिट्टा (द. भारतनुं हिंदी नाम).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ આબુ (સમભૂમિમાં આનું સ્થાન ક્રમાંક ૯૩૬ વાળું પક્ષી લે છે. સામાન્ય.—બટલર); સૌરાષ્ટ્રઃ ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ; (સમભૂમિ અને ગિરિપ્રદેશમાં, વનઉપવન, ગામના પરિસરોનાં ખેતર, બીડ, આદિનું વસનારું—સાલિમ.).

S 936 (J 535). Prinia socialis stewarti Blyth. Stewart's Ashy Wren-Warbler.

स्टुअर्टनुं भस्मच्छाय ऊर्ध्वपुच्छ कलालापी. काला फुत्की (हिं.). फुत्की (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ (રહેતું નથી—બાર્ન્સ; રહે છે પણ અ-સામાન્ય—બટલર), અમદાવાદ (સામાન્ય, શાહીબાગ, માળાઃ જૂન ૧૯૪૦, ગુલાબ, ૨ ઈંડાં; ૧૧-૮-૩૯, કાંસકી, ૪ ઈંડાં; ૨-૮-૩૮, કાંસકી, ૩ ઈંડાં; ૧૫-૭-૩૮; કાંસકી; ૧૨-૯-૩૭, કાંસકી, ૧૨" ઊંચે, ૩ બચ્ચાં.—હ. આ.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

S 938 (J 545). સાલિમ અલિએ 'કચ્છનાં પક્ષીઓ' ગ્રન્થમાં નીચેની જાતિ વર્ણવી છે, પરંતુ ફોનાના ભાગ ૨, ૭ અને ૮માં એનો ઉલ્લેખ નથી. ફોનામાં ક્રમાંક ૯૩૮ વાળું પક્ષી કેવળ સીલોનવાસી જણાવ્યું છે. જેર્ડોને એને મધ્યભારત અને ખાનદેશનું વતની કહ્યું છે. **Prinia sylvatica gangetica** Blyth. Jungle Wren-Warbler.

वननुं ऊर्ध्वपुच्छ कलालापी.

સ્થાયી અધિવાસી. કચ્છ: સામાન્ય જેવાં. આ (ઉત્તર ભારતીય) જાતિ અને ભારતીય દ્વિપકલ્પવાળી sylvatica જાતિ બંને સમગ્ર ભારતવર્ષને, હિમાલયથી કેપ કોમોરિન પર્યંત વ્યાપી બેઠેલી છે. -સાલિમ અલિ.

S 939 (J 544 bis.). **Prinia sylvatica insignis** Hume. Aboo Jungle Wren-Warbler.

आबुनुं वननुं ऊर्ध्वपुच्छ कलालापी. तोतरंगी (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: ડીસા (બાર્ન્સ), આબુ (બટલર, બાર્ન્સ, સ્ટુ. બેકર); સૌરાષ્ટ્ર: (બટલર). આ ફીક્કા ભૂખરા વર્ણનું પક્ષી દેખીતી રીતે જ મરુસ્થલ જેવા પ્રદેશમાં અને તૃણ તથા જાળાં જેવી ક્ષુદ્ર વનસ્પતિથી અત્યંત આછી વ્યાપ્ત લૂખી પથરાળ ડુંગરાળ ભૂમિમાં રહેતું દૃષ્ટિગોચર થાય છે.—સ્ટુઅર્ટ બેકર.

S 940 (J 543) **Prinia inornata inornata** Sykes. (સાલિમ અલિએ **P. i. terricolor** Hume અભિધાન સ્વીકાર્યું. છે). Indian Wren-Warbler.

भारतीय ऊर्ध्वपुच्छ कलालापी.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (બટલર), અમદાવાદ (સામાન્ય. શાહીબાગ, માળો: સપ્ટેમ્બર ૧૯૩૬, ઘાસના ખેતરમાં તૃણાગ્રે લટકતો, ૩ ઈંડાં.-હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (સાલિમ). સર્વત્ર વિટ્-વિટ્-વિટ્ એવી ઉચ્ચૈ:સ્વરપરંપરાથી ઘરઆંગણાં, વનઉપવન અને ખેતરપાદરને ગજાવી મૂકનારાં અત્યંત પરિચિત હ્રસ્વકાય પક્ષી.

કુલ ૧૯. સુવર્ણાભ Oriolidae

ઉજ્જ્વલ હેમપ્રભાયુક્ત કાયાવડે આંખોને ઠારનારાં મંજુલ કંઠરવવાળાં આ કુલનાં પક્ષીઓનું એક જ ગોત્ર ભારતવાસી છે: ૧. સુવર્ણાભ Oriolus.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧. સુવર્ણાભ Oriolus Linnaeus.

S 953 (J 470) **Oriolus oriolus kundoo** Sykes. Indian Oriole.

भारतीय पीळक. पीलक (हिं.). वेन्ग-पाण्डु (तेलुगु). सं. हेमप्रभः ?

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (લીમડામાં માળા બાંધવાનાં પક્ષપાતી ગણાય છે, છતાં મેં એમને ૧૯૪૦–૪૮ સુધીના પ્રત્યેક વર્ષે, અમારા આંગણામાં અનેક લીમડા હોવા છતાં, આંબાના વૃક્ષમાં જ માળા બાંધતાં જોયાં છે.—હ. આ.); ઊંઝા (અ–સામાન્ય—હ. આ.), આબુ (બટલર): સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (શીત-કાલનું અતિથી ? ૧૫–૮–૪૩ થી ૧૫–૯–૪૩ વચ્ચે માત્ર પાંચ જ પક્ષી જોવા મળ્યાં.—સાલિમ.). વનઉપવન આદિનું અત્યંત પરિચિત પક્ષી. સદૈવ દ્રુંદ્રચર.

S 958 (J 472). **Oriolus xanthornus xanthornus** Linnaeus. Indian Black-Headed Oriole.

भारतीय काळामाथावाळो पीळक. पीळक (हिं.), झरदक (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (બટલર); સૌરાષ્ટ્ર: ગીરનાર (બટલર); ભાવનગર (પદ્મકાન્ત). કેવળ ઊંચા પહાડોમાં. આબુ પાસે આરાવળ ગિરિમાળા. અતિ સામાન્ય નહિ.—બાર્ન્સ.

કુલ ૨૧. વાચાલા Sturnidae

મેંનાં (સં. મદના) અથવા કાબર (સં. કર્બુર)નું કુલ. સંસ્કૃત સાહિત્યકારોની રસવૃત્તિએ જે મુખર પક્ષીને શુકજાયાના સ્થાને સ્થાપ્યું છે એ 'સારિકા', વસ્તુતયા શુકકુલનું પક્ષી નથી પરંતુ મેના કે કાબરનો નિકટતમ સંબંધ ધરાવનાર અન્ય કુલ Graculidaeનું અંતર્ભુક્ત પક્ષી છે. સાહિત્યકારોએ તો મેનાને પણ સારિકારૂપે ઓળખાવી છે પરંતુ પક્ષિતત્ત્વવિદ્યાની કસોટીએ બંને પક્ષી ભિન્ન જાતિનાં અને ભિન્ન કુલનાં છે.

આ કુલનાં બાર ભારતીય ગોત્રોમાંનાં પાંચ ગોત્રો ગૂજરાતમાં પણ વસે છે: ૧. ગોપાલ Pastor, ૨. વાચાલા Sturnus, ૪. વાચાલાદશ Sturnia, ૭. ભૂમિભાગગ્રાહી Temenuchus અને ૧૦ શલભવ્યાધ Acridotheres.

ગોત્ર ૧. ગોપાલ Pastor Temmenick.

* S 972 (J 690) **Pastor roseus** Rosy-Pastor, Rose-Coloured Starling or "Jowari-Bird."

गुलाबी मेंनां. वै, वैयां, वीओ. टिल्येर (हिं.). सं. विः, वयः.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાયાવર. દ. ગૂજરાતઃ વડોદરા (અરાડ પક્ષીઓને પંજરબદ્ધ દશામાં સપ્ટેમ્બર પર્યંત ઇંડાં મૂકવાની આશાએ રાખ્યાં હતાં છતાં કુલાલિકામાં ઈંડા મૂકેલાં નહિ.—લિટલડેલ); રઢુ (ખેડા), અસંખ્ય—હ, આ.); અમદાવાદ (અતિસંખ્ય. એમના નિવાસની કાલમર્યાદા અનિશ્ચિત રહી છે.—હ. આ.), ઊંઝા (હ. આ.), ગોઝારીઆ (હ. આ.), થોળેરા (હ. આ.), ડીસા ૨૪-૭-૭૫: ૧૬-૪-૭૬.-બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ ભાવનગર (હ. ચૌહાણ), (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (ઓગસ્ટના આરંભથી એપ્રીલના અંત પર્યંત.-સાલિમ.).

ગોત્ર ૨. વાચાલા Sturnus Linnaeus.

*S 976 ? (J 681). **Sturnus vulgaris poltaratskyi** Finsch. Finsch's Starling.

फिञ्चनी विन्दु अङ्कित मैंनां. तेलिया मेना (हिं.). नकसी तेलीया (आग्रा). तिलगिरि (काश्मीरी).

યાંયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (સૂએજ ફાર્મ, ૩૦-૧૨-૩૮. હ. આ.); સૌરાષ્ટ્રઃ ભાવનગર (પદ્મકાન્ત); કચ્છઃ (લેસ્ટર). ગૂજરાતમાં અસામાન્ય નથી. ઘોડા કાબર અને સામાન્ય કાબર ભેગાં ફરતાં હોય છે.—બાર્ન્સ.

ગોત્ર ૪. વાચાલાદશ Sturnia Lesson.

S 982 (J 688). **Sturnia malabarica malabarica** Gmelin. Grey—Headed Myna.

भूखरा माथावाळी मैंनां. पावि (हिं.). देशी-पावि (बं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ આબુ (સામાન્ય જેવાં-બટલર).

ગોત્ર ૭. ભૂમિભાગચારી Temenuchus Cabanis.

S 991 (J 687). **Temenuchus pagodarum** Gmelin. Black-Headed Myna or "Brahminy" Myna.

काळा माथावाळी काबर. ब्राह्मणी मेना (हिं.). बम्बई (हिं.)., पालिया पावै (मथुरा).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), ડીસા (બાર્ન્સ), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: ભૂજ, ચાડુવા, નખત્રાણા, રાપર, વડ (સાલિમ). અસામાન્ય અને સ્થળ વિશેષે વસનાર પક્ષી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧૦. શલભઝ્યાધ Acridotheres Vieillot.

S 996 (J 684). **Acridotheres tristis tristis** Linnaeus.

Common Myna.

सामान्य काबर. देशी मेंना (हिं.), शालिक, भाट-शालिक (बं.). गोरंका, गोरिंका (तेलुगु). सं. मदना, गौरिका, गोकिराटिका, वाचाला, मुखरा.

[सारिका અને पीतपादा અભિધાન સર્વાંગ સુન્દર કાળાદેહવાળા કલભાષી ગિરિમેના Gracula religiosa intermedia અર્થાત્ Indian Grackce પક્ષીને આપવું યથાર્થ હોવાથી, દેશી મેનાંને આપ્યું નથી. આ ગિરિજા સારિકા ગૂજરાતની વાસી નથી. પાલિત દશામાં જે સારિકાઓ આપણાં ગ્રામનગરોમાં દૃષ્ટિગોચર થાય છે, એ બધી ગૂજરાત બહારના પ્રદેશોમાંથી પકડી આણેલી હોય છે.—હ. આ.]

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: સૌરાષ્ટ્ર; કચ્છ: (સર્વત્ર. નિર્જળ અને શુષ્ક તથા મનુષ્યના વસવાટરહિત પ્રદેશમાં નહિ.—સાલિમ). અતિ સામાન્ય અને સર્વત્ર વ્યાપી.

S 998 (J 685). **Acridotheres ginginianus** Latham.

Bank Myna.

तटवासी मेंनां, घोडा काबर, दरिया काबर. गंडा मेंना (हिं.). गंगशालिक, राम शालिक (बं.). दरिया मेंना (लखनौ). (शालिक <सारिका).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (સર્વત્ર. સામાન્ય. સ્ટેશનો ઉપર સવિશેષ. ગ્રામનગર વચ્ચે વિશાળ યૂથ બાંધી રહેનારૂં પરિચિત પક્ષી.-હ. આ.), ડીસા (બાર્ન્સ), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (અ-સામાન્ય—સાલિમ.).

કુલ ૨૨. તંતુવાય Ploceidae.

સુગરી અને સુરખ તથા એનાં સંબંધીઓના આ કુલની બે શાખાઓ છે: ૧. તન્તુવાય Ploceinae અને ૨. ? મુનીઆ Estrildinae.

કુલ શાખા ૧. તંતુવાય Ploceinae.

સુગરીની શાખા. એનાં બે ભારતીય ગોત્રોમાંનું એક ગોત્ર—૧. તંતુવાય Ploceus—ગૂજરાતી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧. તન્તુવાય Ploceus Cuvier.

S 1008 (J 694). **Ploceus philippinus Linnaeus.**
Common Weaver-Bird or "Baya".

सामान्य बणकर पक्षी. सुगरी. नरः बाया, जायाः चींचण, (वाघरी), झारी (भीलीः वीरेश्वर). बाया (हिं.). सं. सुगृही; सुग्रीवः, पीतमुण्डा, सूचिमुखः.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત; અમદાવાદ (અતિસામાન્ય વનવાસી, સામાન્યતયા સર્વત્ર પરંતુ વૃક્ષાકીર્ણ પ્રદેશમાં પ્રભૂતતર. તરણાં અને રેસાથી અદ્ભુત માળા ગુંથનારા.—હ. આ.); ઊંઝા (હ. આ.); સૌરાષ્ટ્રઃ (બટલર), રાણપુર (નિરંજન), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છઃ (સામાન્ય. સ્થાયી, પરંતુ ઋતુભેદે સ્થાનિક પરિભ્રમણ કરતાં હોય એ સંભવે છે.—સાલિમ). જલાધારે અને કંટકી વૃક્ષોમાં જ નીડરચના કરતા હોવાનું મનાય છે છતાં જલાશયથી ઘણે છેટે અને લીમડા જેવા વૃક્ષોના ખેતર વચ્ચે માળા બાંધતાં જોવામાં આવ્યાં છે. માળામાં પ્રકાશ કાજે ભીની માટીની લુગદીઓ મૂકીને એમાં આગીઆ ચોંટાડતાં હોવાની માન્યતા નિષ્પ્રમાણ અને અસંભવી છે.—હ. આ.

S 1012 (J 695). **Ploceus benghalensis Linnaeus.**
Black-Throated Weaver-Bird.

काळा कंठवाळुं वणकर पक्षी-सुगरी. सारबो बाया (हिं.), शोर बाया, कान्टावाला बाया (वं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: (બિધામ); ઉ. ગૂજરાતઃ (સારાં જલાશયવાળા પ્રદેશમાં સામાન્ય.—બટલર; સ્થળ વિશેષ વસનારાં—બાર્ન્સ), અમદાવાદ (હ. આ.).

S 1013 (J 695). **Ploceus manyar flaviceps Lesson.**
Madras Streaked Weaver-Bird.

मद्रासी रेखा अङ्कित वणकर पक्षी-सुगरी. ब्राह्मणी बाया (हिं. महाराष्ट्र).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ ડીસા (મિલાના. યોગ્ય સ્થળે સર્વત્ર.—બાર્ન્સ); સૌરાષ્ટ્રઃ (? બાર્ન્સ).

કુલ શાખા ૨. ૧. સુનીઆ Estrildinae.

તુષારકણસમ બિન્દુમણ્ડિત રક્તવરણી પ્રભાવિત કાયાવાળાં સુરખ કે લાલની કુલશાખા. એનાં પાંચ ભારતીય ગોત્રોમાંનાં ત્રણ ગોત્રો—૨. તીક્ષ્ણાગ્રપુચ્છ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

Uroloncha, ૪. ક્રિમીરકણભક્ષક Stictospiza અને ૫. અહમદાબાદીય Amandava—ગૂજરાતનાં વાસી છે.

ગોત્ર ૨. તીક્ષ્ણાગ્રપુચ્છ **Uroloncha** Cabanis.

S 1030 (J 703). **Uroloncha malabarica** Linnaeus.

White-Throated Munia.

श्वेतकंठवाळी मुनीआ. पिद्दी, चरचरा (उ. प. प्रान्त), पिदर (दक्षिण अने मध्य भारत), सार मुनीआ (बं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (બિધામ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), ઊંઝા (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ). અત્યંત પરિચિત. સમગ્ર પ્રદેશમાં સર્વત્ર ખેતરપાદરનું યૂથરૂપે વસનારૂં હ્રસ્વકાય ચપળ પક્ષી.

S 1031 (J 699) **Uroloncha punctulata punctulata** Linnaeus.

Indian Spotted Munia.

भारतीय बिन्दु अङ्कित मुनीआ. सींगबाज (हिं.), तेलिया (हिं.). शञ्ज मुनीआ (बं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય-હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: ભાવનગર (વિરલ-પદ્મકાન્ત). કેવળ વિશિષ્ટ સ્થળે રહેનારૂં-બાર્ન્સ.

ગોત્ર ૪. ક્રિમીરકણભક્ષક **Stictospiza** Sharpe.

S 1035 (J 705). **Stictospiza formosa** Latham.

Green Munia.

लीली मुनीआ. हर्‌री लाल, हर्‌री मुनीआ (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા, (અતિ વિરલ નહિ. દેખાય ત્યારે મોટાં યૂથરૂપે.-લિટલડેલ); ઉ. ગૂજરાત: આબુ આરાવળમાં સામાન્ય.-બાર્ન્સ, બટલર).

ગોત્ર ૫. અહમદાબાદીય **Amandava** Blyth.

S 1036 (J 704). **Amandava amandava** Linnaeus.

Indian Red Munia.

भारतीय लाल मुनीआ. सुरख, लाल. मुनीआ (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), સોનાસણ (હ. આ.); સૌરાષ્ટ્ર: ભાવનગર (વિરલ-પદ્મકાન્ત). ગૂજરાતમાં સર્વત્ર-તોયપ્રપૂર્ણ સ્થળોમાં સરકટ જેવાં ઊંચાં તૃણનાં રહેનારાં.-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બટલર. આપણાં અત્યંત પરિચિત પરિપાલ્ય પક્ષી. ધવલ બિન્દુ વિભુષિત ચમકતા ઘેરા લોહિતવર્ણની કાયાવાળાં આ સુકુમાર પક્ષી 'અમદાવાદ'ના પરિસરે વિપુલ હોય છે, એ માન્યતાને આધારે-પરંતુ વસ્તુતયા તો આ જાતનાં પક્ષી પ્રથમ વાર ૩૦૦ વર્ષ પૂર્વે અમદાવાદથી સૂરત ગયેલાં, એ કારણથી-એમનું શાસ્ત્રીય અભિધાન 'અમદાવાદી' Amidevad, Amidavat, Avadavat, કે Amandava પડ્યું છે, એવું ફ્રાયરનું કથન છે ('ન્યુ ઍકાઉન્ટ ઓફ ઇસ્ટ ઇન્ડિઆ, એટ સેટેરા.' લન્ડન. ૧૬૯૮).

કુલ ૨૩. કણાદ Fringillidae.

આપણાં સામાન્યતમ ગૃહબલિભુક્ પક્ષી ચકલાંનું કુલ. એની ત્રણ ભારતીય શાખાઓમાંની બે શાખાઓ—૨. કણાદ Fringillinae અને ૩.? ગન્દમ Emberizinae-ગૂજરાતમાં વસે છે.

કુલ શાખા ૨. કણાદ Fringillinae.

આ શાખાનાં ચોવીસ ભારતીય ગોત્રો છે. એમાંનાં ત્રણ—૯. ફલખંડક Carpodacus, ૨૦. ? રાજી Gymnoris અને ૨૧. ચટક Passer-નાં પક્ષીઓ ગૂજરાતમાં વાસી છે.

ગોત્ર ૯. ફલખંડક Carpodacus Kaup.

*** S1067 (J 738). Carpodacus erythrinus erythrinus** Pallas.

Common Rose-Finch.

सामान्य गुलाबी कणभुक्. तूती, लालतूती (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (વિરલ–પદ્મકાન્ત); કચ્છ: રતનાળ (કેવળ એક જ પ્રસંગે જોયું હતુંઃ ૧૭-૪-૪૪. લેસ્ટરના કથનાનુસાર શીતકાલીન, અ-સામાન્ય. અલ્પ સંખ્યેય ગાઢ વનમાં જ.—સાલિમ). યોગ્ય સ્થળે સર્વત્ર દુષ્પ્રવેશ્ય વનવ્યાપ્ત ગિરિપ્રદેશનાં પક્ષપાતી-બાર્ન્સ.

ગોત્ર ૨૦. ? રાજી Gymnoris Blyth.

S 1094 (J 711). Gymnoris xanthocollis xanthocollis Burton.

Yellow-Throated Sparrow.

पीला कंठवाली चकली. राजी (हिं.), जंगली चूडी (हिं.). पहेलवान (पद्मकान्त). सं. पीतकण्ठः, कुलिंगः.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), આબુ ગ્રીષ્મમાં સામાન્ય (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છઃ (સ્થાનિક પરિભ્રમણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરનારાં. સામાન્ય પણ અત્રતત્ર. ઓગસ્ટથી ઓક્ટોબરના ગાળા કરતાં માર્ચમાં વધુ સામાન્ય અને વિપુલતર–સાલિમ.

ગોત્ર ૨૧. ચટક **Passer** Brisson.

S 1096 (J 706). **Passer domesticus indicus** Jardine & Selby.
Indian House-Sparrow.

भारतीय घरनी चकली. चकली. सं. चटकः, कलविङ्कः, गृहकुलिङ्गः, गृहनीडः, तिलकक्कण्ठकः, बलिभुक्. गृहबलिभुक्.

સ્થાયી અધિવાસી. ગૂજરાત; સૌરાષ્ટ્ર; કચ્છ. આપણું વ્યાપકતમ, સાધારણતમ, અસંખ્યાત પક્ષી. સતત માનવ સહવાસી અને સહચારી. એના પગલે પગલે નવનવાં નિવાસસ્થાનોએ સાથે પળનારૂં.

કુલ શાખા ૩. ? ગન્દમ Emberizinae.

આ શાખાનાં બે ભારતીય તેમ જ ગૂજરાતી ગોત્રો છેઃ ૧. ? ગન્દમ Emberiza અને ૨. નિશ્ચૂલ Melophus.

ગોત્ર ૧. ? ગન્દમ **Emberiza** Linnaeus.

* S1120 (J 719). **Emberiza fucata fucata** Pallas.
Grey-Headed Bunting.

भूखरा माथावालुं गन्दम. पत्थर-चिरूता (हिं.).

યાયાવર. શીતકાલ. સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (શીયાળામાં અ-સામાન્ય ન ગણાય. સાધારણતયા પત્થરાળ ભૂમિમાં મળી આવે છે—લેસ્ટર).

* S1129 (J 716). **Emberiza buchanani** Blyth.
Grey-Necked Bunting.

भूखरी गरदनवालुं गन्दम. जाम-जोहरा (हिं.).

યાયાવર. શીતકાલ, ઉ. ગૂજરાત: ડીસા (બટલર), આબુ (બટલર; સર્વત્ર. અસામાન્ય નહિ. પત્થરાળ ડુંગરોનાં ભારે પક્ષપાતી–બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (ભૂજીયો, ૩૦–૮–૪૩: ખાવડા, ૨૧–૪–૪૪. સામાન્ય અને વિપુલ–સાલિમ).

* S1133 (J 721). **Emberiza melanocephala** Scopoli.
Black-Headed Bunting.

काळा माथावालुं गन्दम. गन्दम (हिं.). बूरी (सिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ઊંઝા (હ. આ.), ડીસા (૧૬–૮–૭૫: ૨૦–૪–૭૬—બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્ર:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(બટલર), ભાવનગર (વિરલ-પદ્મકાન્ત); કચ્છ: (શિશિરયાત્રા પ્રસંગે ઊતરી આવેલાં કે અતિથી. કેવળ માર્ચમાં દૃષ્ટિપથે ચડેલાં-સાલિમ.). સર્વત્ર. સામાન્યવત્. જુવાર, બાજરી અને અન્ય ધાન્ય પાક્યાં હોય, એ સમયે સામાન્ય હોવાથી ભારે ઉપદ્રવકારી-બાર્ન્સ.

*S1134 (J 722). **Emberiza bruniceps** Brandt.
Red-Headed Bunting.

लाल माथावाळुं गन्दम. गन्दम (हिं.), दालचीडी (सिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ડીસા (૭-૯-૭૬: ૨૯-૩-૭૬-બટલર): સૌરાષ્ટ્ર: ભાવનગર (વિરલ-પદ્મકાન્ત); કચ્છ: (શિશિર કાલનાં અતિથી અને/અથવા યાત્રા પ્રસંગે ઊતરી આવેલાં.—સાલિમ.). ગૂજરાતમાં સર્વત્ર. યોગ્ય સ્થળે સામાન્ય. પાકાભિમુખ ધાન્યનાં ખેતરોનાં નિતાન્ત પક્ષપાતી-બાર્ન્સ.

*S1136 (J 720 bis.). **Emberiza striolata striolata** Lichtenstein. Striolated Bunting.

रेखा अङ्कित गन्दम.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: આબુ (નીચી પત્થરાળ અરધી વેરાન ટેકરીઓમાં અ-સામાન્ય નથી. શીતકાલીન છે છતાં કેટલાંક પ્રજનન કરવા રોકાય પણ ખરાં-બટલર); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (સ્થાયી. સામાન્ય-સાલિમ.).

ગોત્ર ૨. નિશ્ચૂલ **Melophus** Swainson.

S 1139 (J 724). **Melophus melanicterus** Gmelin.
Crested Bunting.

चोटलीवाळुं गन्दम. पत्थर-चिरूता (सिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (બટલર). સમગ્ર પ્રદેશમાં યોગ્ય સ્થળે ઓછાવત્તા પ્રમાણમાં સામાન્ય-બાર્ન્સ.

કુલ ૨૫. ? અબાબીલ Hirundinidae

દાતરડા જેવી પાંખોવાળાં અબાલી અને અબાબીલના આ કુલનાં ચાર ભારતીય ગોત્રોમાંનાં ત્રણ ગોત્રો—૨. કૂલચર Riparia, ૩. ? ચૂર્ણાભ અબાબીલ Krimnochelidon અને ૪. ? અબાબીલ Hirundo-ગૂજરાતી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૨. કૂલચર **Riparia** Forster.

* S 1145 (J 87) **Riparia riparia diluta** Sharpe & Wyatt. Siberian Sand-Martin.

साइबोरीयानुं रेताळभूमिनुं अबाबील. अबाबील पाकी (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (૨૫-૪-૭૬. વિરલ. શીતકાલીન છે છતાં થોડાં ઊભું વરસ પણ રહેતાં હોય.—બટલર). સમગ્ર પ્રદેશમાં એનું અસ્તિત્વ અતિસંદિગ્ધ છે. મેં એને કદી જોયું નથી.—બાર્ન્સ.

S 1148 (J 89). **Riparia paludicota brevicaudata** Horsfield. Indian Sand-Martin.

भारतीय रेताळ भूमिनुं अबाबील. अबाली (हिं.). नाकुटी (बंना).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (સાબરમતી તટે તથા ચંડોળા તળાવ પાસેનાં ગટરનાં પાણીના આધારે રહેતાં હોય છે. વિપુલ.-હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), કચ્છ: (બટલર). સર્વત્ર. સામાન્ય. 'નિયમરૂપે નદીની ભેખડોમાં પરિસીમિત—બટલર.

ગોત્ર ૩. ? ચૂર્ણાભ અબાબીલ **Krimnochelidon** Walden.

S 1150 (J 90). **Krimnochelidon concolor** Sykes. Dusky Crag-Martin.

घूमाडीया वर्णनुं खडकनुं अबाबील.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ વડોદરા (બિધામ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર; (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ (આલિમ.). સર્વત્ર. ઓછાવત્તા પ્રમાણમાં પ્રચુર. સ્વભાવે એકલવાયાં. એક કરતાં વધારે માળા વિરલ પ્રસંગે જ ભેગા બાંધેલા હોય છે.

ગોત્ર ૪. ? અબાબીલ **Hirundo** Linnaeus.

*S1152 (J 82). **Hirundo rustica rustica** Linnaeus. Common Swallow.

सामान्य अबाबील.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), ડીસા (૧-૮-૭૫; ૩૦-૪-૭૫.—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (ખારી રોહડ, ૧૦-૮-૪૩; કંડલા ૨૪-૪-૪૪.—સાલિમ.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

S 1157 (J 83). **Hirundo smithii filifera** Stephens. Indian Wire-Tailed Swallow.

भारतीय तार जेवी पुछडीवालुं अबाबील. तारोडीयुं (वाघरी). लेइशरा (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (બિધામ); ઉ. ગૂજરાત: અમદાવાદ: (અ-સામાન્ય—હ. આ.), કામળી (હ. આ.), પ્રાંતિજ (બોખ, સામાન્ય જેવાં—હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સ્થળવિશેષે અને અતિ સામાન્ય નહિ.—સાલિમ.).

S 1158 (J 86). **Hirundo fluvicola** Blyth. Indian Cliff-Swallow.
भारतीय गिरिवसति अबाबील.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (સ્થળવિશેષે જ રહેનારું-બટલર), અમદાવાદ ('કેટલાંક મોટાં સંસ્થાનો'-બાર્ન્સ.), પિરાણા (અમદાવાદની દક્ષિણ પશ્ચિમે ૧૩ માઇલ. ૫૦-૬૦ પક્ષીઓનું સંસ્થાન—હ. આ.), ડીસા (અત્યંત વિરલ-બાર્ન્સ), આબુ (અત્યંત વિરલ-બાર્ન્સ), ઇડર (સમૂહબદ્ધમાળાનું સંસ્થાન-સિમન્સ); સૌરાષ્ટ્ર: (વિરલ-બટલર); કચ્છ: (સાલિમ.). પહાડનું વસનારું કહેવાય છતાં પહાડી પ્રદેશથી ઘણે દૂર સમભૂમિમાં ગ્રામનગરમાં સ્વચ્છંદે રહેનારું સૂચચર પક્ષી.

S 1162 (J 85) **Hirnndo daurica erytheopygia** *Sykes.* Sykes' Striated or Red-Rumped Swallow.

साइक्सनुं रेखा अङ्कित के लाल श्रोणिवालुं अबाबील. मसजीद अबाबील (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: (બિધામ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ડીસા (૨૫-૯-૭૫: ૩૦-૪-૭૬. થોડાંક ઊભું વરસ રહે છે પરંતુ મોટા ભાગનાં પક્ષી ગ્રીષ્મ ઋતુમાં પહાડોમાં જતાં રહે છે.—બટલર), આબુ (સમભૂમિ કરતાં વધુ સામાન્ય—બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (સાલિમ.). સર્વત્ર. સામાન્ય પરંતુ ગ્રીષ્મ ઋતુમાં સ્થાનિક પરિભ્રમણ કરનારાં હોવાથી વિરલ થઇ જાય છે. એકચર.

કુલ ૨૬. ચલત્પુચ્છ Motacillidae

સંસ્કૃત સાહિત્યકારોનો 'ખગ્જનક' કે 'ચગ્ચલ' અને આપણા "દીવાળીઘોડા-"નું આ કુલ. દીવાળીઘોડાની જે જાતો આપણા ત્યાં શીતકાલ ગાળવા આવે છે અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચિરિરાત્યયે પાછી ચાલી જાય છે, એમાંની કેટલીક વચ્ચે એટલું ગાઢ રૂપસામ્ય હોય છે અને એમના દેહનો વર્ણવ્યત્યય એટલો ત્વરિત હોય છે કે ધ્યાનપૂર્વક અને નિયમિત નિરીક્ષણ વિના એમનો સહજ ભેદ શક્ય નથી.

આ કુલનાં ચાર ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો—૧. ચલત્પુચ્છ Motacilla અને ૩. ? ઉજ્જ્વલ Anthus–નાં પક્ષીઓ ગૂજરાતની ભૂમિમાં દૃષ્ટિપથે ચ્હડે છે.

ગોત્ર ૧. **ચલત્પુચ્છ Motacilla** Linnaeus.

* S 1166 (J 591 bis.). **Motacilla alba dukhunensis** Sykes. Indian White Wagtail.

भारतीय धोळो दीवाळीघोडो. खत्री (कच्छ). धोलिनी (हिं.). सं. खञ्जनकः.

ચાચાચર શીતકાલ. ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય—હ. આ.), ઊંઝા (હ. આ.), ડીસા (૨૯–૮–૭૬: ૧૯–૪–૭૬—બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (માંડવી, ૨૪–૮–૪૩: ભીમાસર તળાવ, અંજાર, ૩૦–૩–૪૪. નહિ સામાન્ય, નહિ વિપુલ.—સાલિમ). સમગ્ર પ્રદેશમાં વિપુલ.

S 1172 (J 589). **Motacilla maderaspatensis** Gmelin. Large Pied Wagtail.

मोटो काबरचीतरो दीवाळीघोडो, खत्रीआणी (कच्छी). खञ्जन (हिं.), मामुला, भूइं मामुला (हिं.). सं. सुप्तः (=कृष्णवक्षः), खञ्जनकः, खञ्जरीटः, चञ्चलः, गोलत्तिका, शार्ङ्गः (वैदिक=शार्गः), पिप्पिका, कीर्शी.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય—હ. આ.), ઊંઝા (હ. આ.), આબુ (ઓછા પ્રમાણમાં—બટલર); સૌરાષ્ટ્ર: (પૂર્વભાગમાં—બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સ્થલ-વિશિષ્ટ. સામાન્ય નહિ.—સાલિમ.). છાતી વચ્ચે કૃષ્ણ લાગ્છનને લીધે તરત ઓળખાવું આપણું એકમાત્ર સ્થાયી ખગ્જન. સર્વત્ર.

* S1174 (J 592). **Motacilla cinerea caspica** S. G. Gmelin. (સાલિમ અલિએ **M. C. menalope** Pallas અભિધાન આપ્યું છે.) Eastern Grey Wagtail.

पश्चिमनो भूखरो दीवाळीघोडो.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), ડીસા (બટલર), આબુ (૫-૯-૭૪: ૩૦-૪-૭૫—બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છઃ (વિરલ. કેવળ એક જ પક્ષીઃ ભીમાસર, ૧૬-૯-૪૩. યાત્રા પ્રસંગે ઊતરેલું અતિથી ?—સાલિમ.). સર્વત્ર. અતિસામાન્ય. મરુસ્થલમાં નહિ.—બટલર.

* S1175 (J 593 ter.). **Motacilla flava beema** Sykes. Indian Blue-Headed Wagtail.

भारतीय नील माथावाळो दीवाळीघोडो. सं. नीलतुण्डः ?

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ ડીસા (૧૪-૯-૭૫: ૨૯-૩-૭૬—બટલર). અસામાન્ય.

* S1176. **Motacilla flava thunbergi** Billberg. Grey-Headed Yellow Wagtail.

भूखरा माथावाळो पीतवरणो दीवाळीघोडो. पिलक्या (हिं.).

યાયાવર. શીતકાલ. કચ્છ: સપ્ટેમ્બર—એપ્રીલ. સરાણો અને સમભૂમિમાં વિપુલતમ.—લેસ્ટર; સામાન્યવત્—સાલિમઅલિ.

* S1179 (J 591 bis.) **Motacilla feldegg feldegg** Michahelles. Black-Headed Wagtail.

काळामाथावाळो दीवाळीघोडो. सं. कृष्णतुण्डः ?

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (સામાન્ય—હ. આ.), ડીસા (૧૫-૯-૭૫; ૩૦-૩-૭૬. મરુપ્રદેશમાં નહિ.—બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છ: (બટલર). સર્વત્ર, વ્યાપક. સામાન્ય.

* S 1180. **Motacilla feldegg melanogriseus** Homeyer. Turkestan Black-Headed Yellow Wagtail.

तुर्कस्तानना काळामाथावाळो पीतवरणो दीवाळीघोडो. खत्रीआणी (कच्छी).

યાયાવર. શીતકાલ. કચ્છઃ ઑગસ્ટ ૩૦, ૧૯૪૩—માર્ચ ૨૬, ૧૯૪૪. સામાન્યવત્—સાલિમ.

* S 1181 (J 594 bis.). **Motacilla citreola citreola** Pallas. Yellow-Headed Wagtail.

पीळामाथावाळो दीवाळीघोडो. सं. पीततुण्डः ?

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (સામાન્ય—હ. આ.), ડીસા (૭-૯-૭૬; ૧૫-૪-૭૬—બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છઃ (ખાવડા. ૩-૧૦-૪૩; ભીમાસર, ૩૦-૩-૪૪—સાલિમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

*S 1182 (J 594). **Motacilla citreola calcarata** Hodgson. Hodgson's Yellow-Headed Wagtail.

हॉड्जूसननो पीळामाथावाळो दीवाळीघोडो. पानीका पिलकूया(हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: અમદાવાદ (ઑક્ટોબર: માર્ચ, ૧૯૩૨—હ. આ.): સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (બટલર). સામાન્ય.

ગોત્ર ૩. ઉજ્જવલ **Anthus** Bechstein.

*S1184 (J 597). **Anthns trivialis trivialis** Linnaeus. Tree-Pipit.

वृक्षचर घानचीडी. मुसारीची (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (૧૦-૯-૭૬: ૨૦-૪-૭૬—બટલર). આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (વિરલ. રતનાળ, ૯-૯-૪૩. કેવળ એક જ પક્ષી. યાયાવર કે યાત્રાપ્રસંગે અધવચ્ચ ઊતરેલું પથભ્રષ્ટ અતિથી ?—સાલિમ.). સમગ્ર પ્રદેશમાં સર્વત્ર; સામાન્ય ?—બાર્ન્સ.

*S1186 (J 596). **Anthus hodgsoni hodgsoni** Richmond. Indian Tree-Pipit.

भारतीय वृक्षचर घानचीडी. लिकु-जित्ता (तेलुगु).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (૫-૯-૭૪: ૧૭-૪-૭૫—બટલર), આબુ (બટલર). અતિસામાન્ય—બાર્ન્સ.

* S 1190 **Anthus sordidus similis** Jerdon. Rufous Rock-Pipit.

छींकणीया रंगनी शिलावेश्म घानचीडी.

યાયાવર. શીતકાલ. કચ્છ: નખત્રાણા, ૬-૯-૪૩: છાપરીયા ડુંગર (ખડીર) ૨૬-૩-૪૪—સાલિમઅલિ.

*S1191 (J 604). **Anthus sordidus erdoni** Finsch. Brown Rock-Pipit.

बदामी रंगनी शीलावेश्म घानचीडी.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (સામાન્ય. ૫-૯-૭૬: ૬-૫-૭૬—બટલર).

S 1195 (J 600). **Anthus richardi rufulus** Vieillot. (સાલિમ અલિએ **A. rufulus waitei** Whistler અભિધાન સ્વીકાર્યું છે, જે ફ્રોનામાં આપ્યું નથી.) Indian Pipit.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતીય धानचीडी (पद्मकान्त). रुगेल (हिं.), चर्चरी (हिं.): ("चर्चरी"=खेतरनुं पक्षी; सरखावो सं. चरः=चरटः=खञ्जनः)

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ (અતિસામાન્ય નહિ—બટલર), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્રઃ ભાવનગર (પદ્મકાન્ત); કચ્છઃ (અ-સામાન્ય—સાલિમ.).

*S1198 (J 602). **Anthus campestris griseus** Nicoll. Eastern Tawny Pipit.

ભારતીય कपिलवर्णनी धानचीडी. चिल्लु (हिं).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ ડીસા (અતિસામાન્ય. ૨૯-૮-૭૬: ૨૮-૪-૭૬—બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર); કચ્છઃ (સામાન્ય. નખત્રાણા, ૬-૯-૪૩: બેલા બેટ, ૨૮-૩-૪૪—સાલિમ.)

*S1201 (J 605 ter.). **Anthus spinoletta coutellii** Audouin. Egyptian Water-Pipit.

इजिप्तनी जलचर धानचीडी.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ આબુ (બટલર), (વિરલ. અન્યત્ર નહિ—બાર્ન્સ.)

કુલ ૨૭. વ્યાઘ્રાટ Alaudidae.

ઉત્તમ અનુકરણશક્તિ, કંઠની અદ્દભુત મીઠાશ અને અવ્યાહત ગાનની લોકોત્તર રસવત્તાના કારણથી જેણે અંગરેજી સાહિત્યમાં અનુપમ સ્થાન મેળવ્યું છે, એ 'સ્કાયલાર્ક' Skylark અને એનાં ભારતીય સંબંધી ભરત, અગન, ચંડોળ, આદિનું આ કુલ. એનાં દશ ભારતીય ગોત્રોમાંનાં આઠ ગોત્રો—૧. ? મરુસ્થ વ્યાઘ્રાટ Alaemon, ૪. વ્યાઘ્રાટ Alauda, ૫. ? હ્રસ્વાઙ્ગુલ વ્યાઘ્રાટ Calandrella, ૬. વ્યાઘ્રાટક Alaudula, ૭. ? ગુલ્મચર વ્યાઘ્રાટ Mirafra, ૮. શિરસ્ત્રાણવત્ Galerida, ૯. વાલુકાદાસ Ammomanes અને ૧૦. મૃદુવેગ Eremopterix-નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. ? **મરુસ્થ વ્યાઘ્રાટ Alaemon** Keyserling & Blasius.

S 1205. **Alaemon alaudipes doriae**, Salvadori. Persian Desert-Lark or Bifaciated Lark.

इराननुं मरुवासी व्याघ्राट.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ ખારાઘોડા (૨૦-૮-૧૯૦૧ના દિવસે રણમાંના એક નાના બેટમાંથી ૩ ઇંડાંવાળો માળો હાથ લાગ્યો હતો—હેરિંગ્ટન બકલે); કચ્છઃ (નિયમરૂપે સામાન્ય નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરંતુ સ્થળવિશેષે રહેનારાં—બટલર; માત્ર મોટા અને નાના રણમાં અને બન્નીના ખારાપાટમાં. અ-વિપુલ અને અત્ર તત્ર. માળા મળ્યા નહિ—સાલિમ.).

ગોત્ર ૪. વ્યાઘ્રાટ **Alauda** Linnaeus.

S 1215 (J 767). **Alauda gulgula gulgula** Franklin. Small Indian Sky-Lark.

नानुं भारतीय भरत (हि.). सं. भरद्वाजः, व्याघ्राटः.

(સાલિમઅલિએ કચ્છમાં થતી આ પક્ષીની જાતિનું નામ **A. g. punjaubi** Whistler. Small Punjab Skylark સ્વીકાર્યું છે, જેનો ફોનામાં ઉલ્લેખ નથી.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ; (હ.આ.), ઊંઝા (હ.આ.), ઝિંઝુવાડા (હ. આ.), વણોદ (હ. આ.), ડીસા (બાર્ન્સ), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છઃ (સાલિમ.). ઇંગ્લંડના ખ્યાતનામા 'સ્કાયલાર્ક'નું આપણા ત્યાં સ્થાન લેનારૂં અને ઉષઃકાળ થતાં જ એના ઉન્મુક્ત ગાનથી આપણાં ખેતર પાદરનું ગગન ભરી નાખનારૂં આ પક્ષી અનુકૂલ સ્થલે સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે. અ-સામાન્ય પણ નથી.

ગોત્ર ૫. ? હ્રસ્વાઙ્ગુલિવ્યાઘ્રાટ **Calandrella** Kaup.

*S1220 (J 761). **Calandrella brachydactyla brachydactyla** Leister. Short-Toed Lark.

टुंकां आंगळांवाळुं व्याघ्राट. पुल्लुक (हि.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ ઝિંઝુવાડા (હ. આ.), ડીસા (૨૦-૯-૭૫: ૨૯-૩-૭૬—બટલર); કચ્છઃ (બટલર). અનુકૂલ સ્થલે સર્વત્ર અને સામાન્ય. પ્રાયઃ ખેડાણભૂમિ અને રેતાળ સમભૂમિનું વસનારૂં.

*S1221. **Calandrella brachvdactyla longipennis** Eversmann. Yarkand Short-Toed Lark.

यारकंदनुं टुंकां आंगळांवाळुं व्याघ्राट. पुल्लुक (हिं.).

યાયાવર. શીતકાલ. કચ્છઃ સામાન્ય વિપુલ. ભૂજ, ૯-૪-૪૩: અડેસર, ૩૦-૩-૪૪-સાલિમઅલિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૬. વ્યાઘ્રાટક **Alaudula** Horsfield & Moore.

S 1226 (J 762 ter.). **Alaudula raytal adamsi** Hume. Indus Sand-Lark.

सिंधुनुं रेताळभूमिनुं व्याघ्राट. रेताल (हिं.)

સ્થાયી અધિવાસી. કચ્છઃ "પ્રજનન કરનારૂં"—લેસ્ટર; "સ્થાયી. અસામાન્ય નહિ પરંતુ સ્થાનવિશેષે તેમ કંડલા, જખૌ અને લખપતમાં કીચડમાં રહેનારૂં"—સાલિમઅલિ.

ગોત્ર ૭. ગુલ્મચર વ્યાઘ્રાટ **Mirafra** Horsfield.

S 1229 (J 757). **Mirafra cantillans cantillans** Blyth. (સાલિમ અલિએ *M. javanicus cantillans* Blyth. અભિધાન સ્વીકાર્યું છે. જેનો ફોનામાં ઉલ્લેખ નથી). Singing Bush-Lark.

गानरत गुल्मचर व्याघ्राट. अगन (हि.), अगिन (हिं.). अगिन पिट्टा (तिलुगु).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત; અમદાવાદ (હ. આ.), ડીસા (બાર્ન્સ), (બટલર); સૌરાષ્ટ્રઃ ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છઃ (વિલક્ષણ તથા છૂટાછવાયાં-સાલિમ.) અત્યંત વિશિષ્ટ સ્થળોએ રહેનારૂં. તૃણક્ષેત્રનું પક્ષપાતી. સ્કાયલાર્કનાં ભારતીય સજાતીય ગાયકોમાં ભરત પછીના સ્થાને આવનારૂં પરિપાલ્ય પક્ષી. પ્રકૃતિના પાલવે એને ગાતાં સાંભળીને મુગ્ધ થવાય છે પરંતુ એ ઉન્મુક્ત ગાનમાં, પેલા ત્રિકોણાકાર વસ્ત્રાવૃત પગ્જરની સંકુચિત અને નિયંત્રિત દશાના અનન્ય સાધારણ શબ્દાનુકરણ-શક્તિજનિત કરુણગાનની સ્વર્ગીય મીઠાશ તો નથી જ હોતી.-હ. આ.

S 1235 (J 756). **Mirafra erythroptera erythroptera** Blyth. Red-Winged Bush-Lark.

लाल पांखोवाळुं गुल्मचर व्याघ्राट. थोरीयुं (पद्मकान्त). जंगली अगिआ (हि.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.). ડીસા (બટલર); સૌરાષ્ટ્ર (બટલર), ભાવનગર (પદ્મકાન્ત). સર્વત્ર. સ્થળવિશેષે સામાન્ય.

S 1236. **Mirafra erythroptera sindiana** Ticehurst. Sind Red-Winged Bush-Lark.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सिंधनुं लाल पांखोवाळुं गुल्मचर व्याघ्राट. जंगली अग्गिआ (हिं.).

સ્થાયી અધિવાસી. કચ્છ સામાન્ય—સાલિમઅલિ.

ગોત્ર ૮. શિરસ્ત્રાણવત્ Galerida Boie.

S 1237 (J 769). **Galerida cristata chendoola** Franklin. Franklin's Crested-Lark.

फ्रॅन्क्लिननुं शिखावाळुं व्याघ्राट. चंडोळ(गू). चंडूल (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (બટલર), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), રાણપુર (નિરંજન), ભાવનગર (પદ્મકાન્ત). અગન જેટલું જ પરિચિત પરંતુ ગાનની મીઠાશમાં તેમ એક-તાનતામાં એનાથી ઊતરતી ગુણશક્તિવાળું પક્ષી. 'પરિચિત' એટલે યથાર્થ ગુણજ્ઞનું પરિચિત. સામાન્ય જનસમાજને તો એના કે ભરત, અગન આદિ અશેષ ગાયકોના અસ્તિત્વનું ભાન જ નથી હોતું.—હ. આ.

S 1240 (J 765). **Galerida deva** Sykes. Sykes' Crested-Lark.

साइक्सनुं शिखावाळुं व्याघ्राट. चिन्ना चंडूल (तेलुगु).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (ક્રમાંક ૧૨૪૧ના પડખે સાસાન્યતર-લિટલડેલ); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત): કચ્છ: (સામાન્ય—સાલિમ.).

S 1241 (J 765 bis.). **Galerida malabarica** Scopoli. Malbar Crested-Lark.

मलबारनुं शिखावाळुं व्याघ्राट. चिन्ना चंडूल (तेलुगु).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (ક્રમાંક ૧૨૪૦ થી ઓછાં વ્યાપક—લિટલડેલ); ઉ. ગૂજરાત અમદાવાદ (સ્ટુઅર્ટ બેકર; અસામાન્ય—હ. આ.), ડીસા (૧૦-૬-૭૬—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (બટલર). ઉ. ગૂજરાતમાં અસામાન્ય નથી—બાર્ન્સ. ત્રણે પ્રદેશમાં ઓછાવત્તા પ્રમાણમાં સામાન્ય-બટલર.

ગોત્ર ૯. વાલુકાદાસ Ammomanes Cabanis.

S 1242 (J. 758). **Ammomanes phoenicura phoenicura** Franklin. Indian Rufous-Tailed Finch-Lark.

भारतीय लाल पुच्छवाळुं कणाद व्याघ्राट. खापरो (पद्मकान्त). अग्गिआ (हिं.), रेताल (हिं.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ ડીસા (૨૦-૯-૭૬. સામાન્ય. નાનાં યૂથરૂપે આવતાં જોયાં હતાં પરંતુ ગ્રીષ્મમાં આ પ્રદેશમાં રહેતાં હોય, એ હું માનતો નથી-બટલર); સૌરાષ્ટ્રઃ ભાવનગર (પદ્મકાન્ત); કચ્છઃ (સ્થાયી પરંતુ સ્થાનિક પરિભ્રમણ કરનારાં. ઑગસ્ટ-સપ્ટેમ્બર કરતાં માર્ચ-એપ્રીલમાં સામાન્યતર-સાલિમ),

ગોત્ર ૧૦. સૃદુવેગ **Eremopterix** Kaup.

S 1245 (J 760). **Eremopterix grisea grisea** Scopoli. Ashy-Crowned Finch-Lark.

राखोडी माथावालुं कणाद व्याघ्राट, धूड चकली (पद्मकान्त). दियोरा, दूरी, डभकचूडी (हिं.) धूलाचाटा (बं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત; (બટલર), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છઃ (સામાન્ય પરંતુ ઋતુવિશેષે સ્થાનિક પરિભ્રમણ કરનારું.-સાલિમ.).

કુલ ૨૮. પરિવેષ્ટિતાક્ષ Zosteropidae

પીતહરિત કે પિશઙ્ગ વરણી નમણી દેહલતાવાળા શ્વેતનયનનું કુલ. એનું એક ગોત્ર છેઃ ૧. પરિવેષ્ટિતાક્ષ Zosterops.

ગોત્ર ૧. પરિવેષ્ટિતાક્ષ **Zosterops** Vigors & Horsfield.

S 1247 (J 631). **Zosterops palpebrosa palpebrosa** Temm. & Schlegel. Indian White-Eye.

भारतीय श्वेत-नयन. बाबुना (पद्मकान्त). सं. श्वेताक्षः ?

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ વડોદરા (સ્થાયી—લિટલડેલ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (સ્થાયી-હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ ગીર અને ગીરનાર પ્રદેશ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન). આપણાં વનઉપવન અને ઉદ્યાન લતાઓનું સામાન્ય પક્ષી. સદૈવ મિથુનચર. 'શીતકાલીન'—એ બાર્ન્સનું વિધાન અમદાવાદ પૂરતું સાચું નથી.

કુલ ૩૦. મધુલિહ Nectariniidae

ફૂલના કોષમાંથી મધ અને મધ પીવા આવેલા સૂક્ષ્મ કીટોનો આહાર કરનારા પ્રકાશપુત્ર સક્કરખોરા-પાવકોચ્છિષ્ટ વર્ણનો નરઃ હરિતપીતવરણી જાયા-ના આ કુલની બે ભારતીય શાખાઓમાંની એક શાખા-૨. મધુલિહ Nectariniinae-નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે. અમેરિકાનાં ગુંજકૃત્ પક્ષીઓ Humming Birds નું કુલ આ કુલથી ભિન્ન છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ શાખા ૧. મધુલિહ Nectariniinae

એનાં ચાર ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો—૨. કપિલશ્રોણિ Aethopyga અને ૩. મસૃણકેશ Leptocoma-ગૂજરાતી છે.

ગોત્ર ૨. કપિલશ્રોણિ Aethopyga Cabanis.

S 1265 (J 226). **Aethopyga siparaja vigorsii** Sykes. Vigor's Yellow-Backed Sun-Bird.

विगोर्सनुं पीळीपीठवाळुं सूर्यविहग.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: તાપીની ઉત્તરે અને લગભગ નર્મદા નદી પર્યંત, પશ્ચિમઘાટ અને સાતપુડાની સંયોગભૂમિ.-સાલિમઅલિ. અરણ્યનું તેમજ ઊઘાડી ભૂમિનું વાસી.

ગોત્ર ૩. મસૃણકેશ Leptocoma Cabanis.

S 1278 (J 234). **Leptocoma asiatica asiatica** Latham. Indian Purple Sun-Bird.

भारतीय नीलवरणुं सूर्यविहग. शक्करखोरा (हिं.) सं. मधुलिहः ? मधुव्रतः ?

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત અમદાવાદ (હ. આ.), આબુ (બટલર): સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ.). સમગ્ર પ્રદેશમાં અતિસામાન્ય. વનઉપવન ઉદ્યાનના ભૂષણસમું પરિચિત પક્ષી,

કુલ ૩૧. પ્રસૂનપ્રતુદ Dicaeidae

એનાં પાંચ ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો—૧. ? પ્રસૂનપ્રતુદ Dicaeum અને ૩. દાર્વાઘાટતનુ Piprisoma-નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. ? પ્રસૂનપ્રતુદ Dicaeum Cuvier.

S 1308 (J 238). **Dicaeum erythrorhynchum erythrorhynchum** Latham. Tickell's Flower-Pecker.

टिकेलनुं फूल फोडनारुं पक्षी.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (કેટલીક વખત જોયાં હતાં. એક માળો ઘરની પાસે હતો—લિટલડેલ).

ગોત્ર ૩. દાર્વાઘાટતનુ Piprisoma Blyth.

S 1311 (J 240). **Piprisoma agile agile** Tickell. Thick-Billed Flower-Pecker.

स्थूलचंचु फूल फोडनारुं पक्षी.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (ત્રણ માળા, મે-જૂન, ૧૮૮૫-લિટલડેલ; માળો અને બે ઈંડાં, ૨૩-૨-૯૭—બિધામ).

વર્ગ શાખા ૨. પાર્શ્વૈકતરલગ્નપેશિક Anisomyodi.

આ શાખાનાં બે ભારતીય કુલોમાંના એક કુલ—૧. ? પિટ્ટા Pittidae—નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

કુલ ૧. ? પિટ્ટા Pittidae.

જેના શરીરના રંગોની ગણતરી કરતાં 'નવ'ની સંખ્યા થાય છે, એ માન્યતાના આધારે અથવા જેનું રૂપ ક્ષણે ક્ષણે 'નવ'તા ધારણ કરતું દેખાય છે, એ કારણથી 'નવરંગ' નામે ઓળખાતા સુભગ પક્ષીનું આ કુલ. એનાં બે ભારતીય ગોત્રોમાંનું એક ગોત્ર—૨. ? પિટ્ટા Pitta-ગૂજરાતમાં વસે છે.

'પિત્તા' શબ્દ તેલુગુ ભાષાનો છે અને એનો અર્થ 'નાનું પક્ષી' થાય છે. એને ગોત્રવાચક 'Pitta' એવું લાટિન રૂપ આપનાર વાઇલોટ હતો. એને અનુસરીને અદ્યાપિ અંગરેજ પક્ષિતત્ત્વવિદો રમણીય કાયાવાળાં એ પક્ષીઓને માટે એ નામ વાપરતા આવ્યા છે.

ગોત્ર ૨. ? પિટ્ટા Pitta Vieillot.

S 1323 (J 345). Pitta brachyura Linnaeus. Indian Pitta.

भारतीय वितुता. नवरंग (हिं.) पूना-इन्की (तेलुगु).

સ્થાયી અધિવાસી ? યાયાવર ? ઉ. ગૂજરાત: ડીસા (૧૭-૬-૭૬ -બટલર; આર્તવી યાત્રા પ્રસંગે, એપ્રીલ-મે અને પુન: સપ્ટેમ્બર -ઑક્ટોબરમાં અસામાન્ય નહિ. ડીસાના પરિસરેથી પણ મળી આવ્યાં છે—બાર્ન્સ), આબુ (કેવલ એક જ પ્રસંગે એક જ પક્ષી જોવા મળ્યું હતું. કદાચ આર્તવી યાત્રા પ્રસંગે અધવચ ભ્રમિત થયેલું કોઈક પથભ્રષ્ટ પણ હોય—બટલર); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત). ગૂજરાતમાં અત્યંત અસામાન્ય, સ્થાનિક પરિભ્રમણ કરનારું છે એટલે ગૂજરાતમાં માત્ર યાયાવર હોય, એ સંભવે છે.

વર્ગ ૨ ચાષસમ Coraciiformes

લક્કડફોડ અને કંસારા; કોયલ, ચાતક અને કાકડીયોકુંભાર; પોપટ અને ચાષ; ટીલવા અને કલકલીયા: ચિલોત્રા અને હુદહુદ; તરસ્વી અને ચપાક; ઘુવડ અને ચીબરી—જેવાં વિવિધ સ્વરૂપનાં અને સ્વભાવનાં પક્ષીઓના વિચિત્ર સમાહારને એક સૂત્રમાં પરોવનારૂં તત્ત્વ, એમની શરીરરચનાનું વિશિષ્ટ સામ્ય છે. એ સામ્ય પણ એટલું બધું અધૂરૂં અને સંદિગ્ધાંશવાળું છે કે પક્ષિતત્ત્વવિદો વચ્ચે એ બધાં પક્ષીઓના વર્ગીકરણનો વિષય ઉગ્રચર્ચાનું અને મતમતાંતરનું સદૈવ પાત્ર બની રહેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વર્ગને નવ શાખાઓમાં વિભક્ત કરેલો છે. એમાંની આઠ શાખાઓનાં પક્ષીઓ ગૂજરાતમાં દૃષ્ટિગોચર થાય છેઃ ૧. દાર્વાઘાટ Pici, ૨. કુક્કુકંઠ Cuculi, ૩. કીર Psittaci, ૪. ચાષ Coracii, ૫. ? ....Trogones, ૬. તરસ્વી Cypseli, ૭. અજાંધય Caprimulgi, ૯. ઉલૂક Striges.

વર્ગ-શાખા ૧. દાર્વાઘાટ Pici

લક્કડફોડ અને કંસારાની આ શાખાનાં ત્રણ ભારતીય કુલોમાંનાં બે કુલો-૧. દાર્વાઘાટ Picidae અને ૨. બૃહચ્છિરસ્ Capitonidae-ગૂજરાતમાં વસે છે.

કુલ ૧. દાર્વાઘાટ Picidae

પુંછડીનાં પીંછાંની નલિકાની મૃદુતા અને મસૃણતા તથા કઠોરતા અને કર્કશતાના તત્ત્વના આધારે આ કુલને ત્રણ શાખાઓમાં વિભક્ત કરેલું છેઃ ૧ દાર્વાઘાટ Picinae, ૩. ?......Picumninae અને ૩. ઇષુવાક્ Jynginae. બીજી શાખા અ-ગૂજરાતી છે.

કુલ-શાખા ૧. દાર્વાઘાટ Picinae

આનાં અઢાર ભારતીય ગોત્રોમાંનાં છ ગોત્રો—૧. દાર્વાઘાટ Picus; ૭. સરલ દાર્વાઘાટ Leiopicus, ૮. દાર્વાઘાટવિહગ Yungipicus, ૧૨. હ્રસ્વપાર્ષ્ણિ Brachypternus, ૧૬. અર્ધચક્રચરશ્યેન Hemicircus અને ૧૮. વૃક્ષાઘાટ Dryocopus—ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. દાર્વાઘાટ Picus Linnaeus.

* S1339 (J 171). **Picus vittatus xanthopygius** Gray. Little Scaly-Bellied Green Wood-Pecker.

नान्हो भींगडांवाळा पेटवाळो लीला रंगनो लक्कडफोड.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ આબુ (અતિ સામાન્ય નહિ-બટલર; આરાવળના પાદપ્રદેશની વનસ્થલિઓમાં અ-સામાન્ય નહિ. અન્યત્ર કોઇ પણ સ્થળે મારા જોવામાં આવ્યું નથી"—બાર્ન્સ).

ગોત્ર ૭. સરલદાર્વાઘાટ Leiopicus Bonaparte.

S 1374 (J 160). **Leiopicus mahrattensis mahrattensis** Latham. (સાલિમ અલિએ **Dryobates m. m.** Latham. Yellow-Fronted Pied or Maharatta Wood-Pecker નામ સ્વીકાર્યું છે, જેનો ફ્રોનામાં ઉલ્લેખ નથી.). Southern Yellow-Fronted Wood-Pecker.

दक्षिणनो पीळी छातीवाळो कातरचीतरो लक्कडफोड. सं. दार्वाघाटः, काष्ठकुट्टः, भद्रः, दर्विदा.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય અને વ્યાપક પરંતુ અતિસંખ્ય નહિ—હ. આ.), ડીસા (બાર્ન્સ), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (ક્હિંય વિપુલ નહિ—સાલિમ,).

ગોત્ર ૮. હાર્વધાટપતત્રી **Yungipicus** Bonaparte.

S 1380 (J 164). **Yungipicus nanus hardwickii** Jerdon. Southern Indian Pigmy Wood-Pecker,

दक्षिण भारतनो वामणो लक्कडफोड.

સ્થાયી અધિવાસી ? દ. ગૂજરાત: ગંજી (ડુંગરપુર પાસે. એક જોડું, ૪-૫-૮૮—ડોઇગ); ઉ. ગૂજરાત: આબુ (વિરલ-બટલર; અનાદરા, આબુના પરિસરેથી પ્રાપ્ત થયેલા સંદિગ્ધ પ્રતીક વિના અન્યત્ર અપ્રાપ્ત—બાર્ન્સ),

ગોત્ર ૧૨. હ્રસ્વપાષ્ણિ **Brachypternus** Gray.

S 1394 (J. 180). **Brachypternus benghalensis benghalensis,** Linnaeus. Nerthern Golden-Backed Wood-Pecker.

उत्तरनो सोनेरी पीठवाळो लक्कडफोड. कथफूरीया (हिं.). सं. शतपत्रः.

સ્થાયી અધિવાસી ઉ. ગૂજરાત: અશ્લાલી (અમદાવાદ-સામાન્ય પણ છૂટાંછવાયાં-હ. આ.), ઊંઝા (અ-સામાન્ય—હ. આ.), ડીસા (સમગ્ર પ્રદેશમાં અત્યંત સામાન્ય—બાર્ન્સ), ચંદ્રાવતી (હ. આ.): સૌરાષ્ટ્ર; (બટલર); કચ્છ: (સાલિમ.). ઉદ્યાનોમાં વિરલ. ગામના પરિસરે અને વગડામાં સામાન્ય.

ગોત્ર ૧૬. અર્ધચક્રચરશ્યેન **Hemicircus** Swainson.

S 1410 (J 165). **Hemicircus canente eordatus** Jerdon. Malabar Heart-Spotted Wood-Pecker.

मलबारनो हृदयचिह्नाङ्कित लक्कडफोड.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: સોનગઢ (ડાંગનાં જંગલ, નવસારી પ્રાન્ત—સાલિમઅલિ). નિતાન્ત નિબિડ અરણ્યનું વાસી.

ગોત્ર ૧૮. વૃક્ષાઘાટ **Dryocopus** Boie.

S (1414 પછી). **Dryocopus javensis crawfurdi** (?) Great Malabar Wood-Pecker.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मोटो मलबारनो लक्कडफोड.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: સોનગઢ (જંગલો. નવસારી પ્રાંત. તાપીની દક્ષિણે, સાતપુડા અને પશ્ચિમઘાટની સંયોગીભૂમિની ટેકરીઓ—સાલિમઅલિ.)

કુલ-શાખા ૩. ઇયુવાક્ Jynginae

આનું એક જ ભારતીય ગોત્ર છે: ૧. ઇયુવાક્ Jynx.

ગોત્ર ૧. ઇયિવાક્ Jynx Linnaeus.

*S 1423 (J 118). **Jynx torquilla torquilla** Linnaeus. European Wryneck.

युरोपीय इयूवाक्. गर्दन आइएन्गथा (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: (બટલર; બાર્ન્સ), અમદાવાદ (વિરલ—હ. આ.), સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (શેડાત, ૨૯-૮-૪૩; જખૌ, ૧૫-૩-૪૪. પ્રચુર નહિ. અત્રતત્ર.—સાલિમ.). સમગ્ર પ્રદેશમાં અન્સામાન્ય.

કુલ ૨. બૃહચ્ચિરસ્ Capitonidae

મનોહર લીલાવર્ણની કાયાવાળા કંસારાના આ કુલનાં છ ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો—૩. આરણ્યપશુબન્દી Thereiceryx અને પીતકણ્ઠ Xantholaema-નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૩. આરણ્યપશુબન્દી Thereiceryx Blanford.

S 1431 (J 193 bis.). **Thereiceryx zeylanicus inornatus** Walden. Bombay Green Barbet.

मुंबाईनो लीलो कंसारो. दशरथ (आबु-रतिलाल खरादी).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: રાજપીપળા (જંગલો, ૧૩-૪-૪૬ —હ. આ.), પાવાગઢ (લિટલડેલ), પંચમહાલ (જંગલો.—સામાન્ય.—લિટલડેલ); ઉ. ગૂજરાત: બાલારામ (વિપુલ—હ.આ.), આબુ (આરાવળ ગિરિમાળા અને એના પાદ પ્રદેશમાં સામાન્ય —બાર્ન્સ; પ્રચુર—ર.ખરાદી).

ગોત્ર ૬. પીતકણ્ઠ Xantholaema Bonaparte.

S 1447 (J 197). **Xantholaema haemacephala lutea** Lesson. Indian Crimson-Breasted Barbet or "Copper-Smith".

भारतीय लाल छातीवाळो कंसारो. कंसारो. 'राळ' (गूजराती-लेस्टर), टुकटुक (पद्म.), फाउक बसुंता (हिं.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (છૂટાંછવાયાં પણ સમગ્ર પ્રદેશમાં—હ. આ), ઊંઝા (અ-સામાન્ય-હ. આ.), સાણંદ (હ. આ.), આબુ (બટલર): સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: ("લેસ્ટરે જોયું હતું. મેં જોયું નથી. અત્યંત વિરલ હોવું જોઇએ.—સાલિમ.). એકસરખા અવિરત સ્વર 'ટુક્-ટુક્-ટુક્' વડે વાતાવરણ ભરી નાખનાર હરિત-પીત -રક્ત વરણોની મનોહર રૂપછટાવાળું નાજુક પક્ષી. વનઉપવન, ખેતર વનસ્થલિ-સર્વત્ર વસનારૂં. સંવનન કાળે એનું ગાન પ્રભાતથી રાત્રીપર્યંત એકધારૂં ચાલ્યા કરે છે. —હ. આ

વર્ગ-શાખા ૨. કુહૂકણ્ઠ Cuculi

વસંતદૂતી કોકિલા, આદિ પરપુષ્ટ પક્ષીઓની આ શાખાનું એક કુલ આફ્રિકાવાસી અને એક કુલ—૧. કુહૂકંઠ Cuculidae-ભારતવાસી છે.

કુલ ૧. કુહૂકણ્ઠ Cuculidae

ભારતીય કુહૂકંઠ પક્ષીઓના જીવનવ્યવહાર ભેદે બે વિભાગ કરવામાં આવ્યા છે: એક શાખા નિતાન્ત વૃક્ષેશય અને પરભૃત પક્ષીઓની, કુહૂકણ્ઠ Cuculinae અને બીજી શાખા ભૂમિચર અને અ-પરપુષ્ટ પક્ષીઓની, શોણ Phoenicophainae. આ ઉપરાંત બન્ને શાખાઓને સાંધનાર કડી સમી અન્ય એક શાખા-સ્પૃહણીયવીર્ય Eudynaminae-વૃક્ષેશય અને પરભૃત પક્ષીઓની છે, જેનો સંબંધ છેલ્લી શાખા સાથે જોડવામાં આવે છે.

કુલ-શાખા ૧. કુહૂકણ્ઠ Cuculinae

અંગરેજી સાહિત્યે જેની અમરગાથા ગાયી છે એ વસંતદૂત 'કકૂ' અને એનાં અન્ય સજાતીય પરભૃતો આ શાખાનાં અંતર્ભુક્ત છે. એનાં સાત ગોત્રોમાંનાં ચાર ગોત્રો—૧. કુહૂકણ્ઠ Cuculus, ૨. શ્યેનરૂપ કુહૂકણ્ઠ Hierococcyx, ૩. દુષ્ટદૈવજ્ઞ Cacomantis અને ૭. ઉચ્ચૈ:ઘોષ Clamatore—ગૂજરાતનાં વાસી છે.

ગોત્ર ૧. કુહૂકણ્ઠ Cuculus Linnaeus.

•S1452 (J 199). **Cuculus canoras telephonus** Heine. Asiatic Cuckoo. એનું અન્ય અંગરેજી નામ "Kamerie" છે, જે સંસ્કૃત શબ્દ 'काम' ઉપરથી પડયું છે કારણ સંસ્કૃત સાહિત્યમાં કોયલને કામદેવની દૂતી (મદનદૂતી) કહી છે.

एशियाइ कुहूकण्ठ. फुफु (हिं.). कुप्वा (कुमाउं). कुकूकु (लेप्चा) सं. कुहूकण्ठः ?

યાયાવર. વર્ષાકાલ. ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ડીસા (૧૧-૫ ૭૫; ૧૦-૧૦-૭૬. ડીસાથી મેમાં નીકળીને પહાડોમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાય છે અને ત્યાં પ્રજનન કરીને સપ્ટેમ્બરમાં પુનઃ પાછાં આવતાં દેખાય છે.—બટલર,) આબુ (મે-ઓક્ટોબર—બટલર); સૌરાષ્ટ્રઃ ભાવનગર [પદ્મકાન્ત); કચ્છઃ (ઓગસ્ટમાં અને સપ્ટેમ્બરના પ્રથમ સપ્તાહમાં ઈષત્સામાન્ય. સપ્ટેમ્બરના અંતમાં ઘણાંખરાં જતાં રહ્યાં હોય છે. માર્ચ એપ્રીલમાં એક પણ દૃષ્ટિગોચર થયું નહિ—સાલિમ.). સર્વત્ર પરંતુ ગિરિભૂમિથી અન્યત્ર અ-સામાન્ય. ઇંગ્લંડના કકુનું એશિયાઇ પ્રતીક.

ગોત્ર ૨. શ્યેનરૂપ કુહૂકણ્ઠ **Hierococcyx** Muller.

*S1458 (J 205). **Hierococcyx varius** Vahl. Common Hawk-Cuckoo.

सामान्य बाजरुप कुहूकण्ठ. बपैयो. खराडीयो (पद्म.) पोपिया (हिं.), कापक, उपक (हिं.). चोकगल्लो (बं.), झखत (मराठी). ॲंग्लो-इंडीअनोनुं "Brain-Fever-Bird".

યાયાવર. વર્ષાકાલ. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (સામાન્ય–હ.આ.), ડીસા (૨૯-૧-૭૫; ૨૦-૧૦-૭૬. સર્વત્ર. અતિ સામાન્ય નહિ. પ્રધાનતયા પયક્ષ્પષ્ટરૂપે એકાકી વિચરતું દેખાય છે. વર્ષામાં પ્રજનન કરતું હોવાનું હું માનું છું પરંતુ એક પણ માળો મારા જોવામાં આવ્યો નથી—બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ; (બટલર). લોકસાહિત્યના પાને, એના 'પો...પીહા, પો...પીહા, પો...પીહા' એવા એક ધારા ઉચ્ચૈઃ સ્વરને લીધે વિરહિણીઓના શાપને પાત્ર ગણાયલું પર્ણાભ્યન્તર સંચારી પક્ષી. પરપુષ્ટ.—હ. આ.

ગોત્ર ૩. દુષ્ટદૈવજ્ઞ **Cacomantis** S. Muller.

*S1462 (J 208). **Cacomantis merulinus passerinus** Vahl. Indian Plaintive Cuckoo.

भारतीय परिदेवक कुहूकण्ठ.

યાયાવર. વર્ષાકાલ. ઉ. ગૂજરાત : આબુ (અસામાન્ય નહિ. ઊનાળામાં, ક્વચિત્ વર્ષામાં દૃષ્ટિગોચર થાય છે-બટલર).

ગોત્ર ૭. ઉચ્ચૈઃઘોષ **Clamator** Kaup.

*S1472 (J 212). **Clamator jacobinus jacobinus** Boddaert. Pied-Crested Cuckoo.

काबरचीतरुं शिखावालुं कुहूकण्ठ. चातक. मोतीडो (सौराष्ट्री). पोपिया (हिं.). गोला कोकिल (तेलुगु). सं. चातकः, सारङ्गः, नभोम्बुपः. 'बप्पीहः (हेमचन्द्र).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાચાવર. વર્ષાકાલ. દ. ગૂજરાત : વડોદરા (બિધામ); ઉ. ગૂજરાત: અમદાવાદ (જૂન ૮ : નવેમ્બર ૨૭-હ. આ.), ડાંગરવા (૧૩-૬-૩૫-હ. આ.), ડીસા (૨૫-૫-૭૫:૨૦-૧૦-૭૫.-બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત) જસદણ (યુવરાજ); કચ્છ: (છેલ્લું દીઠું: ૫-૧૦-૪૩-સાલિમ). સંસ્કૃત સાહિત્યકારોનો ચિરપિપાસુ મેઘયાચક ચાતક. વર્ષામાં અ-સામાન્ય નહિ. સ્વભાવે એકચર છે છતાં ૨૭-૧૧-૩૦ એ મેં ચંડોળાની પાળે બાવળીમાં ૨૫-૩૦ પક્ષીઓને ભેગાં ફરતાં જોયાં હતાં. નિતાન્ત વૃક્ષેશય છે છતાં ૭-૭-૩૫ (અને અનેક વેળા) ભૂમિ ઉપર ઊતરતાં, કમરો ઉપર બેસતાં જોયાં છે. કહેવાય છે કે વૃક્ષમાં બેઠાં હોય ત્યારે બોલે નહિ પણ મેં એમને બેઠાં હોય ત્યારે, તેમ જ ઊડતાં હોય ત્યારે બુલંદ અવાજે સરખું બોલતાં સાંભળ્યાં છે. મનોહર પક્ષી.—હ. આચાર્ય. પરપુષ્ટ.

કુલ-શાખા ૨. સ્પૃહણીયવીર્ય Eudynaminae

એનું એક જ ગોત્ર છે. ૧. સ્પૃહણીયવીર્ય Eudynamis.

ગોત્ર ૧. સ્પૃહણીયવીર્ય Eudynamis Vigors & Horsfield.

S 1475 (J 214). Eudynamis scolopaceus scolopaceus Linnaeus.
Indian Koel.
भारतीय कोयल. सं. कोकिलः, परभृतः, वनप्रियः, पिकः, ताम्राक्षः, काकपुष्टः, काकजातः, कुहूमुखः, वसन्तघोषः, अन्यभृतः, कलकण्ठः.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ): ઉ. ગૂજરાત: અમદાવાદ (વર્ષભર સ્થાયી. વિપુલ-હ-આ.), ઊંઝા (સામાન્ય હ. આ.), ડીસા (૨૪-૪-૭૫: ૨૦-૧૦-૭૫. સૂકા પ્રદેશ વિના અન્યત્ર સ્થાયી.-બટલર), આબુ (વિરલ-બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સામાન્ય છતાં અનુકૂલ સ્થળે પણ વિપુલ નહિ-સાલિમ). સર્વત્ર અતિ સામાન્ય. કહિક સ્થાનિક પરિભ્રમણ કરનારાં ચાચાવર જેવાં. જેનાં ગુણગાનથી સંસ્કૃત સાહિત્યકારો થાક્યા નથી એ ઉન્મત્ત અત્યંત પરિચિત ગાયકવર. પરપુષ્ટ.

કુલ-શાખા ૩. શોણ Phoenicophainae

સ્વનીડરચનાદ્વારા જાતે અર્ભક સંવર્ધન કરનારાં આ શાખાનાં પક્ષીઓ "માલકોહા" (સિંહલી) અ-પરપુષ્ટ તથા હ્રસ્વ ગોલાકાર પાંખોને લીધે ક્ષીણ ઉડ્ડયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શક્તિવાળાં અને ભૂમિચર છે. એમનાં સાત ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો–૬ ? ધનેશ Taccocua અને ૭. શલ્યપાદ Centropus નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૬. ? **ધનેશ Taccocua** Lesson.

S 1486 (J 219). **Taccocua leschenaulti leschenaulti** Lesson. Southern Sirkeer Cuckoo.
दक्षिणनुं 'सरकर' कुहूकण्ठ. जंगली तोता (हिं.).
સ્થાયી અધિવાસી. સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સ્થાયી વિરલ.–સાલિમ). સાલિમ અલિએ ત્રિવૃત અભિધાન સ્વીકાર્યું નથી પરંતુ T. l. જ આપ્યું છે.

S 1487 (J 220). **Taccocua leschenaulti sirkee** Gray. Punjab Sirkeer.
पंजाबनुं 'सरकर' कुहूकण्ठ. धनेश, धनुस (वाघरी), दशरथ (वाघरी. परंतु खोटुं नाम छे). जंगली तोता (हिं.). सं. धनेशः ?
(સ્થાયી અધિવાસી: ઉ. ગૂજરાત : અમદાવાદ (અ–સામાન્ય. નારોળના રસ્તે–હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર).

ગોત્ર ૭. **શલ્યપાદ Centropus** Illiger.

S 1492 (J 217). **Centropus sinensis parroti** Stresemann. Southern Crow-Pheasant or Coucal.
दक्षिणनो काकडीयो कुंभार. कुकडीओ कुंभार. माहोक (हिं). (बं.), चंपकम् (तामिल अने सिंहली). सं. कुम्भकारकुक्कुटः, कुकुम्भः, कुहकस्वनः, गर्तकुक्कुटः.
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય પણ વિપુલ નહિ.–હ. આ.), ઊંઝા (હ.આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (લેસ્ટરના સમયમાં કચ્છમાં ન હતું જો કે સ્ટોલિકઝ્કાએ ૧૮૭૧ ના નવેમ્બરના આરંભમાં જુરા ડુંગરમાં એક પક્ષી જોયાનું લખ્યું છે. પાંચ વરસ ઉપર–૧૯૩૮ માં–આ પક્ષીને જામનગરથી લાવીને ભૂજ–ચાડુવા અને માંડવીમાં સ્થિર કરવામાં આવ્યું છે, એને લીધે એને 'જામનગરી કાગડો' કહેવાય છે. હવે ઓછી સંખ્યામાં સ્થાયી. સાલિમ). સર્વત્ર સામાન્ય. "કુહુક્–કુહુક્–કુહુક્" એવા ઘેરા નાદે વન, ઉપવન ખેતર, આદિને ગજવી મૂકનાર પરિચિત પક્ષી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ગ-શાખા ૩. કીર Psittaci

સંયુક્ત પાદાહ્ગુષ્ઠ પક્ષીઓના ગણોમાં મૂર્ધન્ય સ્થાનને પાત્ર આ શાખાનાં વૃક્ષારોહક પક્ષીઓનું એક જ કુલ ભારતીય છે: ૧. Psittacidae..

કુલ ૧. કીર Psittacidae

સુદીર્ઘ કે પ્રલમ્બિત પુચ્છવાળા પોપટો Parrakeet કે Paroquet (સમરેખ હ્રસ્વ પુચ્છવાળા પોપટ Parrot આપણા ત્યાં થતા નથી)ના આ કુલનાં ત્રણ ભારતીય ગોત્રોમાંનું એક જ ગોત્ર-૧. કીરક Psittacula-નાં પક્ષીઓ ગૂજરાતનાં વાસી છે.

ગોત્ર ૨. કીરક Psittacula Cuvier.

S 1497 (J 147). **Psittacula eupatria nipalensis** Hodgson. Large Indian Paroquet.

मोटो भारतीय पोपट. सुरपाणनो पोपट. सं. शुकः, कीरः, मञ्जुवाक्, वाग्मी, प्रियदर्शनः, रक्ततुण्डः:

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: રાજપીપળાનાં જંગલો (સુરપાણનો કહેવાય છે પણ સુરપાણમાં રહેતો નથી. ત્યાં ભરાતા મેળામાં, રાજપીપળાનાં જંગલોની ધારેથી વેચાવા આવે છે.—હ. આ.), આબુ (કેવળ એક પક્ષી—બટલર). અત્યંત મધુરભાષી અને લોકોત્તર શબ્દાનુકૃતિની શક્તિવાળા પક્ષીરૂપે સંસ્કૃત સાહિત્યમાં અનુપમ સ્થાન પામેલો આપણો પરિચિત પોપટ. રોમન રાજ્યકાળથી આજપર્યંત યુરોપીય પ્રજામાં એણે ભારતવર્ષનો યશ વિસ્તાર્યો છે. એલેક્ઝાન્ડર એને સાથે લઇ ગયો હતો એ ઉપરથી એને અંગરેજી નામ Alexandrine Parrot મળ્યું છે. વસ્તુતયા વાણીની વિદગ્ધતામાં એ જંગબારી પોપટ Gray Parrotની તુલનાએ ન આવે.

S 1500 (J 148). **Psittacula krameri maniliensis** Bechst. Rose-Ringed Paroquet.

गुलाबी कांठलावाळो पोपट. हुडो, लीलो पोपट, पोपट, सं. शुकः.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ: (પરિસરે અસંખ્ય.) શહેર વચ્ચે રાજમાર્ગ ઉપર ઝૂકતા વડવૃક્ષમાં હજારથી મ વધુ પક્ષીઓ એકઠાં થઇ રહેતાં હોય છે.—હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (બટલર), (સાલિમઅલિએ કચ્છનાં પક્ષીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

P. k. borealis, Newmann—સ્ટુ. બેકરનો ક્રમાઙ્ક ૧૫૦૧—અભિધાન આપ્યું છે, જો કે સ્ટુ. બેકરે એ પક્ષીને પૂર્વભારત, બર્મા અને શાન સ્ટેટ્સનું નિવાસી, અ-સામાન્ય તથા અમાપ બૃહદ્‌યૂથ રચવાના સ્વભાવ રહિત ગણાવ્યું છે.) સર્વત્ર સામાન્ય. મોટાં યૂથરૂપે સંચરનાર અત્યંત પરિચિત, પરંતુ વાણીની વિદગ્ધતા અને અનુકરણશક્તિની તીવ્રતા રહિત પક્ષી.

S 1502 (J 149). **Psittacula cyanocephala cyanocephala** Linnaeus. Western Blossom-Headed Paroquet.
पश्चिमनो पल्लवराग माथावाळो पोपट. तूई. तूईया तोता (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (અ-સામાન્ય, ઢૂંઢૂચર.—હ. આ.), ડીસા (બટલર; ઉનાળામાં ડીસામાંથી અદશ્ય થાય છે—બાર્ન્સ.) આબુ (ઊંચાં વૃક્ષો હોય ત્યાં સામાન્ય—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ.).

વર્ગ-શાખા ૪. ચાષ Coracii

ચાષ, પત્રિંગા, કલકલીયા, ચિલોત્રા અને હુદહુદ પક્ષીઓની આ શાખાનાં પાંચ ભારતીય કુલો છે: ૧. ચાષ Coraciidae. ૨. અલિભુક્ Meropidae, ૩. મત્સ્યાશનરાજ Alcidinidae, ૪. ગોવિષાણ Bucerotidae અને ૫. વ્યજનચૂલ Upupidae. પાંચેય ગૂજરાતી છે.

કુલ ૧. ચાષ Coraciidae

એનાં બે ગોત્રોમાંનું એક ગોત્ર—૧. ચાષ Coracias—ગૂજરાતી છે.

ગોત્ર ૧. ચાષ Coracias Linnaeus.

•S1516 (J 125). **Coracias garrula semenowi** Loudon & Tschusi. Kashmir Roller.
काश्मीरी घूर्णमान. चाष. नीलाक्रास (काश्मीरी).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ગોભજ (તળાવ, ખેડા જીલ્લો. બે પક્ષી, ૨૭-૧૦-૮૬—લિટલડેલ); ઉ. ગૂજરાત; અમદાવાદ જીલ્લો ("ડોઇગના લખવા પ્રમાણે, ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં તથા પુનઃ ફેબ્રુઆરીમાં અતિ સામાન્ય."—લિટલડેલ. અમદાવાદમાં કદી જોવામાં આવ્યું નથી—હ. આ.), હિંમતનગર, ઈડર પ્રદેશ (સામાન્ય. દીવાળી—હ. આ.); સૌરાષ્ટ્ર; (જામનગરના પંથે રેલ્વેના તાર ઉપર બેઠેલાં, ૩૦-૧૦-૩૮—હ. આ.), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ; (શરદ્ યાત્રા પ્રસંગે ઊતરી આવેલાં અતિથિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાડવા, ૭-૮-૪૩. સપ્ટેમ્બરના બીજાથી ચોથા અઠવાડીમા વચ્ચે વિપુલ. ૭-૧૦-૪૩ એ અલ્પસંખ્યેય. માર્ચ અને એપ્રીલમાં દૃષ્ટિગોચર ન થયાં; અન્ય માર્ગે પાછાં વળતાં હોય કે વચ્ચે ઊતરતાં ન હોય.—સાલિમ.).

S 1517 (J 123). **Coracias benghalensis benghalensis Linnaeus.** Indian Roller or "Blue-Jay".

भारतीय घूर्णमान. चाष. लीलछा. नीलकंठ. सबजक (हिं.). सं. चाषः, किकीदिविः, स्वर्णचूडः, पूर्णकूटकः, चित्रवाजः, विशोकः, राजविहंगमः.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (મોટા ભાગના પ્રદેશમાં સામાન્ય—બટલર: સામાન્ય પરંતુ પ્રજનનાર્થે ઘનવૃક્ષરાજીવાળા પ્રદેશમાં જતાં રહે—બાર્ન્સ), અમદાવાદ (સામાન્ય. પ્રચુર. ઊભું વરસ રહેનારા—હ. આ.), ઊંઝા (ઓછા-હ. આ.), હિમતનગર (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સ્થાનિક પરિભ્રામક-સાલિમ.). દશરાના દિવસે જેનું દર્શન પુણ્ય મનાય છે એ, નીલવર્ણની અદ્‌ભુત વર્ણચ્છટા અને નાનાપ્લુતિયુક્ત મનોહર પક્ષી. પૂર્ણ પરિચિત.

કુલ ૨. અલિભુક્ Meropidae

દીર્ઘ છતાં સુકોમલ ઇષદ્ વક્રચંચુવાળાં તથા સળીઓ જેવાં બે પીંછાં ખોસેલી પુછડીવાળાં, હરિતવર્ણનાં, લલિતતનુ વ્યાત્તાનન પક્ષીઓના આ કુલનાં ત્રણ ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો—૧. અલિભુક્ Merops અને પ્રદીપ્ત અલિભુક્ Alcemerops—ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. અલિભુક્ Merops Linnaeus.

S 1523 (J 117). **Merops orientalis orientalis Latham.** Common Indian Bee-Eater.

सामान्य भारतीय भ्रमरभक्षी. टीलवो (वडोदराः लिटलडेल), नानो नीलकंठ (पद्म.). पतरिंगा, हरिआल (हिं). बंस्पति (बंगाळी).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય. વિપુલ—હ. આ.), ઊંઝા (હ. આ), આબુ (ગ્રીષ્મમાં અદૃષ્ટ—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ; (ઋતુભેદે સ્થાનિક પરિભ્રમણ કરનાર-સાલિમ.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુન્દર ખિલતા લીલારંગની કાયાવાળું, તાર ઉપર કે જાંખરાની ટોચે બેસીને વાતાવરણમાંથી કીટાદિ પકડવા ઊડવાની ટેવવાળું અત્યંત વ્યાપક અને પરિચિત પક્ષી.

S 1526 (J 118). **Merops superciliosus javanicus** Horsfield. Blue-Tailed Bee-Eater or Large Green Bee-Eater.

वादळी पुच्छीवाळो भ्रमरभक्षक. बडा पतरिंगा (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ મહીતટ (ગૂજરાતની નદીઓના કિનારે સામાન્ય. વાસદથી ડબકા પર્યંત મહીસાગરના તટ પ્રદેશમાં સેંકડો પક્ષી દૃષ્ટિગોચર થાય છે. વર્ષામાં તળાવ—સવિશેષ જેના સમીપે તારનાં દોરડાં લટકતાં હોય એવાં તળાવ-માં જતાં રહે છે અને નદીઓ સૂકાય એટલે પાછાં આવે છે. ૩૦ ઈંડાં, મહી તટેથી ૧૮૫૦ માં લીધાં હતાં.—લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (ચંડોળા—હ. આ.), ધોળકા (સિમન્સ), તારંગા (સિમન્સ), આબુ (વિરલ. રડ્યુંખડ્યું દેખાય—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર).

*S1527 (J 120). **Merops superciliosus persicus** Pallas. Blue-Cheeked Bee-Eater.

वादळी गालवाळो भ्रमरभक्षक.

યાયાવર. ગ્રીષ્મકાલ. ઉ. ગૂજરાત: (ઓછાં સામાન્ય—બાર્ન્સ), ડીસા (૨૫-૬-૭૫. કેવળ વર્ષાનાં જ આગન્તુક—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પ્રજનન કરતાં હતાં. ઑગસ્ટ ૧૯૪૫-પદ્મકાન્ત); કચ્છ: (રાપર, ૨૧-૯-૪૩: માર્ચ એપ્રીલમાં પાછાં ફરતાં જોવામાં ન આવ્યાં—સાલિમ.).

Genus 3. **પ્રદીપ્ત અલિભુક્** Alcemerops Geoffroy.

S 1529 (J 122). **Alcemerops athertoni** Jardine & Scley. Blue-Bearded Bee-Eater.

वादळी दाढीवाळो भ्रमरभक्षक.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત; તાપી નદી (સાતપુડા—સાલિમ.). નિતાન્ત અરણ્યવાસી

કુલ 3. મત્સ્યાશનરાજ Alcedinidae

ભાલા જેવી જરઠ દીર્ઘ ચાંચવાળા કલકલીયાના આ કુલનાં નવ ભારતીય ગોત્રોમાંનાં ચાર ગોત્રોનાં પક્ષીઓ ગૂજરાતનાં વાસી છે: ૧. ? સાગરપતત્રી Ceryle, ૨. મત્સ્યાશનરાજ Alcedo, ૪. કુટિલચઞ્ચુ સમુદ્રજાત Ramphalcyon અને ૫. સમુદ્રજાત Halcyon.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧. ? શ્યાગરપતત્રી Ceryle Boie.

S 1531 (J 136). **Ceryle rudis leucomelanura** Reichenbach. Indian Pied Kingfisher.
भारतीय काबरचीतरो कलकलीयो. अबलख कलकलीयो (पद्म.).
फट्का मचरंगा (बं]. सं. झंपाशिन्, मणीचकः.
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ વડોદરા (તળાવ તટે વિહરતા, પ્રજનન કરતા—લિટલડેલ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (ચંડોળા, કાંકરીયા, સાબરમતી—હ. આ.). ઊંઝા (તળાવ—હ. આ.), સિદ્ધપુર (સરસ્વતી—હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છઃ (સાલિમ.). સર્વત્ર. અતિસામાન્ય. વિપુલ નહિ. બાર્ન્સનું કથન—"આ કલકલીયો કૂવાતળાવનો કદીય આશ્રય લેતો નથી."—સર્વાંશે યથાર્થ નથી. મેં એને મત્સ્યપૂર્ણ નાનાં મોટાં તળાવ ઉપર અનેક સ્થળે રહેતો જોયો છે.—હ. આ.

ગોત્ર ૨. મત્સ્યાશનરાજ Alcedo Linnaeus.

S 1534 (J 134). **Alcedo atthis taprobana** Kleinschmidt. (સાલિમ અલિએ માત્ર A. a. Linnaeus નામ સ્વીકાર્યું છે. ભૌગોલિક વિસ્તારબોધક તૃતીય અભિધાનાંશનો સ્વીકાર કર્યો નથી.) Common Ceylon Kingfisher.
सामान्य लंकानो कलकलीयो. नानो कलकलीयो. लगोठी कल-कलीयो (पद्म). सं. सुचित्रकः.
સ્થાયી અધિવાસી. અમદાવાદ (કાંકરીયા, ચંડોળા, સાબરમતી—હ. આ., સ્ટુ. બેકર), બાલારામ (નદીતટ—હ. આ.), આબુ (સ્ટુ. બેકર, બટલર); સૌરાષ્ટ્ર, (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છઃ (અ-સામાન્ય. ઋતુના ફેરફારોને અનુસરીને સ્થાનિક પરિભ્રમણ કરનારૂં.—સાલિમ.). સદૈવ જલાશયના આધારે રહેનારૂં, મનોહર લીલા આદિ રંગોથી શોભિત હ્રસ્વકાય સુકોમળ, પક્ષી. "એનાં અત્યંત ચમકારા મારતા વર્ણવાળાં પ્રતીકો આબુ ગિરિમાંથી મળી આવે છે."—સ્ટુઅર્ટ બેકર.

ગોત્ર ૪. કુટિલચઞ્ચુસમુદ્રજાત Ramphalcyon Reichenbach.

S 1548 (J 127). **Ramphalcyon capensis gurial** Pearson. Brown-Headed Stork-Billed Kingfisher.
बदामी माथावाळो अने घोकडा जेवी चांचवाळो कलकलीयो.
गुरिआल (बं.). बदामी कौरिल्ला (हिं. अवध).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (વીસ માઈલ દૂર આવેલા જાવલી તળાવના કિનારાના વડમાં જોયો, ૩-૧૧-૮૫-લિટલડેલ), પંચમહાલ (મહીતટ-ડોઈગ), (લિટલડેલ), ગોધરા (કલેક્ટરના બંગલાની પાછળ એ પ્રજનન કરે છે—ડેવિડસન).

ગોત્ર ૫. **સમુદ્રજાત** Halcyon Swainson.

S 1550 (J 129). Halcyon smyrnensis smyrnensis Linnaeus. White-Breastred Kingfisher.

ધોળી છાતીવાળો कलकलीयो. किलकिला (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય. જલાશયથી દૂર નગરમાં પણ વિચરતો જોવામાં આવે છે.—હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર : (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (અ-સામાન્ય—સાલિમ.).

કુલ ૪. ગોવિષાણ Bucerotidae

પ્રલમ્બિત જઠર ચગ્ચુ ઉપરિ સ્થિત ઉપ-ચગ્ચુવાળા "ધનેશ" અર્થાત્ ચિલોત્રાનું કુલ. એનાં નવ ભારતીય ગોત્રોમાંનું એક જ ગોત્ર-૮. અતિપ્રજ Tockus—ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૮. **અતિપ્રજ** Tockus Lesson.

S 1575 (J 144). Tockus birostris Scopoli. Common Grey Hornbill.

सामान्य भूखरो चिलोत्रो. धनेश (बं). घनद, चारकोटडा (हिं.) लामदार (हिं.).

સ્થાયી અધિવાસી, ઉ. ગૂજરાત: અમદાવાદ (કેવળ એક જ પ્રસંગે, એક જ પથભ્રષ્ટસમું પક્ષી. ૪-૬-૧૯૪૫, પ્રદોષસમય—હ. આ.), ઈડર (હ. આ.), આબુ (બટલર), (સ્ટુઅર્ટ બેકર), (આબુમાં તેમ એના પાદપ્રદેશમાં અસામાન્ય નથી—બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર, ગીર (રઘુનાથ કદમ). પ્રજનનકાળે જાયાને વૃક્ષવિવરમાં પૂરી રાખીને એના અને સંતાનોના પોષણનો ભાર ઉપાડવાના વિશિષ્ટ સ્વભાવવાળું અદ્ભુત પક્ષી. અપરિચિત.

વર્ગ-શાખા ૫. વ્યજનચૂલ Upupae

એનું એક કુલ છે : વ્યજનચૂલ Upupidar.

કુલ ૧. વ્યજનચૂલ Upupidae

શરીર સંઘટનાની દૃષ્ટિએ ચિલોત્રા સાથે ગાઢ સંબંધવાળા હુદહુદના કુલનું એક જ ભારતીય ગોત્ર છે; ૧. વ્યજનચૂલ Upupa.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧. વ્યજનચૂલ Upupa Linnaeus.

*S 1579 (J 254). **Upupa epops epops** Linnaeus. European Hoopoe.
युरोपीय हुदहुद. सुतार (कच्छी-लेस्टर). हुदहुद (हिं.). काठकुटा (सिं.).
યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (૭-૮-૭૫: ૨૦-૪-૭૬) ઓછી સંખ્યામાં—બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છઃ (રતનાળ, ૫-૮-૪૩ : ખડીર, ૨૬-૩-૪૪. આરંભે આવનારાં અગ્રણી યાયાવરોમાંનું એક—સાલિમ.). સર્વત્ર સામાન્ય—બાર્ન્સ.

S 1581 (J 255). **Upupa epops orientalis** Stuart Baker. Indian Hoopoe.
भारतीय हुदहुद. (कच्छी-लेस्टर) हुदहुद (हिं.).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (સામાન્ય-હ. આ.), ઊંઝા (હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ.). માથા ઉપર ઊઘાડવાસ કરી શકાય એવી કલગી અને પાતળી લાંબી કોમળ ચાંચના કારણથી એ ચાંચવાળું દેખાતું, બદામી ભોંય ઉપર કાળા ચટાપટાવાળું, ધૂળીયા વર્ણનું, ધૂળમાં ફરતું ચરતું પરિચિત પક્ષી. વનઉપવન ખેતરપાદરમાં સામાન્ય.

વર્ગ-શાખા ૬. કર્તનક Trogones

'સદા સુહાગણ' (=નર; 'કુચકુચિયા'=નાયા), 'હમેશા પ્યારા' (કે પ્યાસા ?) જેવાં મધુર નામોથી ઓળખાતાં ઝળહળતાં તેજવાળાં સુન્દર પક્ષીઓની આ શાખાનું એક જ કુલ છે: ૧. કર્તનક Trogonidae.

કુલ ૧. કર્તનક Trogonidae.

એનું એક જ ભારતીય ગોત્ર છે: ૧ અભિભાવક Harpactes.

ગોત્ર ૧. અભિભાવક **Harpactes** Swainson.

S 1584 (J 115) **Harpactes fasciatus fasciatus** Pennant. Ceylon Trogon.
सिलोनी सदा सुहागण (हिं.). कफनी चुडी (हिं.) .कर्ण (मराठी).
સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: ડાંગ (સૂરત જીલ્લો, ૧૯૪૭.-હુમાયુંઅલિ; સાલિમ.). અરણ્યવાસી.

વર્ગ-શાખા ૭ Micropodes હ્રસ્વપાદ

એનું એક ભારતીય કુલ છે : ૧ હ્રસ્વપાદ Micropidae.

(અમેરિકાવાસી) 'હમિંગ બર્ડ'નાં સંબંધી 'સ્વિફ્ટ' પક્ષીઓની આ શાખાનું એક જ ભારતીય કુલ છે: ૧. હ્રસ્વપાદ Micropidae.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ ૧. હ્રસ્વપાદ Micropidae

અબાબિલના આ કુલની ત્રણ શાખાઓમાંની બે શાખાઓ—૧. હ્રસ્વપાદ Micropinae અને ૩ ? અર્ધ-અબાબીલ Hemiprocni-નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

કુલ-શાખા ૧. હ્રસ્વપાદ Micropinae.

આનાં બે ગોત્રો છેઃ ૧. હ્રસ્વપાદ Micropus અને ૨. તરસ્વીપુચ્છ Cypsiurus.

ગોત્ર ૧. હ્રસ્વપાદ Micropus Meyer & Wolf.

*S 1589 (J 98). **Micropus melba melba** Linnaeus. Alpine Indian Swift.

आल्प्सनुं अबाबिल. वडा अबाबिल. ((हिं.).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાતઃ વડોદરા (સાત પક્ષી હણ્યાં, ૨૧-૯-૮૫.—લિટલડેલ); ઉ. ગૂજરાતઃ ડીસા (૧૪-૮-૭૫.—બટલર), આબુ (બટલર); કચ્છઃ (સાલિમ.). "ગૂજરાતની સમભૂમિમાં નિયમરૂપે માત્ર પહાડી પ્રદેશને પહોંચી શકાય એટલા અંતરે જ વસતાં જોવામાં આવેલાં છે"—બટલર. બટલરના આ કથનનો લિટલડેલે વિરોધ કરેલો છે, કારણ વડોદરા પાસે એણે આ પક્ષીને વારંવાર હણ્યાં હતાં. વસ્તુતયા બટલરના કથનમાં વિરોધારૂહ કશું જ નથી કારણ વડોદરા પણ પાવગઢની પાસે જ આવેલું છે.—હ. આ.

S 1596 (J 100). **Micropus affinis affinis** Gray. Common Indian House-Swift.

सामान्य भारतीय गृहेचर अबाबिल. अबाबिल (हिं.), बबिला (हिं.), हवा बिल-बिल (सहारानपुरी).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ અમદાવાદ (અતિસામાન્ય અને અતિ વિપુલ—હ. આ.), ઊંઝા (હ. આ.), મહેસાણા (હ.આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છઃ (સાલિમ.). સર્વત્ર. દાતરડા જેવી અર્ધચંદ્રાકાર લાંબી અણીદાર પાંખો મંડિત સુન્દર શ્યામ નીલવર્ણના દેહવાળાં અને મંદિરો, મસજીદો, તથા પોળ કોટના દરવાજાઓની ભીંત છતે કે છાપરાં નીચે છૂટાંછવાયાં કે ૨૫-૫૦ થી ૧૦૦-૧૫૦ માળા બાંધીને રહેનારાં આપણાં પરિચિત પક્ષી. અજ્ઞાનને લીધે જનતા એને 'આંધળી ચકલી' કે 'કાનકૈડીયું' પણ કહે છે.—હ. આ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૨. તરસ્વીપુચ્છ Cypsiurus Less.

S 1601 (J 102). **Cypsiurus batassiensis batassiensis** Griffith. Western Palm-Swift.

पश्चिमनुं ताडनुं अबाबिल. बटास्सिआ (बं.), चामचिकि (बं.). तालचट्टा (हिं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત; આબુ (વિરલતમ. કેવળ એકલ-દૂકલ કે પથભ્રષ્ટ.—બટલર); સૌરાષ્ટ્ર: ભાવનગર :(પદ્મકાન્ત), (માળા, મે–જુન ૧૯૪૬—ધર્મકુમારસિંહ). "આબુમાં બટલરે જોયું હતું, એથી અતિરિક્ત સમગ્ર પ્રદેશમાં અન્યત્ર દષ્ટિગોચર થયું નથી."—બાર્ન્સ.

કુલ શાખા ૩. ? અર્ધ અબાબિલ Hemiprocninae.

આનું એક જ ભારતીય ગોત્ર છે: ૧. ? અર્ધ અબાબિલ Hemiprocne.

ગોત્ર ૧. અર્ધઅબાબિલ Hemiprocne Nitzsch.

S 1616 (J 104). **Hemiprocne coronata** Tickell. Indian Crested Swift.

भारतीय शिखावाळुं अबाबिल.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: સારણ (પંચમહાલ). "પંચ-મહાલનાં પહાડી જંગલોમાં અતિ વિપુલ. સવિશેષ તળાવોની પાસે. સરાણ પાસે, એક જંગલના મધ્યમાં, પગદંડીની બરોબર ઉપર ૨૦' ઊંચે આવેલી પાતળી ડાળ ઉપર ૧॥" પહોળાઇનો માળો અને એની અંદરનું ઇંડું સહીસલામત ઉતારવા હું શક્તિમાન થયો હતો, જે કાર્ય હ્યુમથી પણ થઇ શકયું નહતું!"—લિટલડેલ.

વર્ગ-શાખા ૮. અજાંધય Caprimulgi

શરીરરચનામાં ઘુવડ સાથે અતિ નિકટનું સામ્ય ધરાવનારાં, "દશરથ" કે "ચિપાક" નામે ઓળખાતાં, પ્રદોષચર અને નિશાચર પક્ષીઓ-"અજાંધય"—ની આ શાખાનું એક જ ભારતીય કુલ છે: ૧. અજાંધય Caprimulgidae. આ પક્ષીઓ રાતમાં બકરીઓને ધાવી જાય છે, એવી માન્યતા (જે વસ્તુતયા ભ્રમમૂલક છે એ) ના આધારે, એમને "અજાંધય" એટલે "Goat-Sucker" નામ (શાસ્ત્રીય અભિધાન "Caprimulgus") અપાયું છે.

કુલ ૧. અજાંધય Caprimulgidae

એનાં બે ભારતીય ગોત્રોમાંનું એક ગોત્ર—૧. અજાંધય Caprimulgus—ગુજરાતનું વાસી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧. અજાંધય **Caprimulgus** Linnaeus.

*S 1619 (J 111 bis.). **Caprimulgus europaeus unwini** Hume. Hume's or European Nightjar.

ह्युमनुं दशरथ. चिप्पक (हिं.), चाप्पा (हिं.).

ચાયાવર. શીતકાલ? કચ્છ; રાપર, ૧૭-૯-૪૩ : ૨૪-૯-૪૩. શરદ્યાત્રા પ્રસંગે ઊતરી આવેલાં અતિથિ. સપ્ટેમ્બરના ત્રીજા હપ્તામાં વિપુલ. પાછા ફરતી વખતે—૩-૩-૪૪ થી ૫-૪-૪૪ વચ્ચે-જોવામાં આવ્યાં નહિ.—સાલિમ અલિ.

S 1625 (J 107). **Caprimulgus indicus indicus** Latham. Indian Jungle Nightjar.

भारतीय वगडाउ दशरथ. चषाक (कच्छी-लेस्टर). चिप्पक (हिं.), चप्पा, डाबचूडी, चपाक्र, डबनक, अन्धा चिडीया (हि.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (અતિસામાન્ય નહિ. પ્રજનન કરતું મનાય છે.—બટલર,).

*S 1628 (J 113). **Caprimulgus mahrattensis** Sykes. Sykes' Nightjar.

साइकसनुं दशरथ.

ચાયાવર. ઉ. ગૂજરાત: (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (બટલર). સામાન્ય. પ્રચુર.—બાર્ન્સ.

S 1629 (J 114). **Caprimulgus monticolus monticolus** Franklin. Franklin's Nightjar.

फ्रेन्कलिननुं दशरथ.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: ડીસા (૨-૭-૭૫—બટલર), આબુ (આબુથી અન્યત્ર અસામાન્ય-બટલર); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (ધારવા પ્રમાણે સ્થાયી પરંતુ અસામાન્ય—સાલિમ.).

S 1630 (J 112). **Caprimulgus asiaticus** Latham. Common Indian Nightjar,

सामान्य भारतीय दशरथ अन्य नामो उपर आप्यां छे ते सर्व.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: નવાગામ (ખેડા જીલ્લો. પ્રદોષ સમયે સડક ઉપર બેઠેલાં ધૂળમાંથી તેમજ હવામાંથી કીટ પકડતાં, મોટરસાઇકલના દીપના પ્રકાશમાં જોયાં હતાં.—હ. આ.); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ડીસા (બાર્ન્સ); સૌરાષ્ટ્ર:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(બટલર), ભાવનગર (પદ્મકાન્ત): કચ્છ: (અ–વિપુલ—સાલિમ.). સર્વત્ર. સામાન્ય.

વર્ગ-શાખા ૧૦. ઉલૂક Striges

દિવાન્ધ મનાય છે પરન્તુ યથાર્થતયા આંખોની પૂરેપૂરી દર્શનશક્તિવાળાં પ્રસહ માંસાદ નિશાચર ઘૂવડની આ શાખાનાં બે ભારતીય કુલો છે: ૧. નિશાટ Tytonidae અને ૨. કર્ણિક Asionidae.

કુલ ૧. નિશાટ Tytonidae

આનાં બે ભારતીય ગોત્રોમાંનું એક જ ગોત્ર—૧. નિશાટ Tyto-ગૂજરાતનું વાસી છે.

ગોત્ર ૧. નિશાટ Tyto Billberg.

S 1636 (J 60). **Tyto alba javanica** Gmelin. Indian Barn-or Screech-Owl.

भारतीय वखारनो के चित्कार करनारो घूवड. रेवइ (वाघरी, अमदावाद), कूवानो घूवड. करेइल (हिं.). कराया (हिं.). सं. निशाटः, घूकः, रक्तनसः, घर्घरकः, बहुस्वनः, कपिलनेत्रः.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ઊંઝા (હ. આ.), ડીસા (બાર્ન્સ); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (લેસ્ટર: સાલિમ અલિએ જોયું નહતું પરંતુ વિરલ હોવાનું માને છે.).

કુલ ૨. કર્ણિક Asioninae

માથા ઉપર બે તરફ ઊગેલાં બે પીંછાંરૂપી કાનવાળા ઘુવડના આ કુલની ત્રણ ભારતીય શાખાઓમાંની બે શાખાઓ—૨. કર્ણિક Asioninae અને ૩. શૃઙ્ગી Buboninae-નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

કુલ-શાખા ૨. કર્ણિક Asioninae

એનાં ત્રણ ગોત્રોમાંનાં બે ગોત્રો છે: ૨. કર્ણિક Asio અને ૩. ઉલૂક Strix-ગૂજરાતી છે.

ગોત્ર ૨. કર્ણિક Asio Brisson.

*S 1642 (J 67). **Asio otus otus** Linnaeus. Long-Eared Owl.

लांबाकानवाळो घूवड. सं. पिङ्गलकः, कर्णिलः.

યાયાવર. શીતકાલ. કચ્છ: અસામાન્ય-બટલર; સ્ટુઅર્ટ બેકર.

*S 1643 (J 68). **Asio flammeus flammeus** Pontoppidon. Short-Eared Owl.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

टुंकाकानवाळो घूवड. बास्सा (सिंहली).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (૨૫-૬-૭૫: ૧૧-૩-૭૫. "અહિં આ પક્ષી અતિ વહેલું આવ્યું ગણાય કારણ બીજાં પક્ષીઓ વર્ષારંભ પછી દીર્ઘ કાળપર્યંત દૃષ્ટિપથે, ન્હડ્યાં ન હતાં."-બટલર); કચ્છ; (સામાન્ય—સાલિમ.). સર્વત્ર પણ ક્હિંય સામાન્ય નહિ -બાન્સ઼ે.

ગોત્ર ૩. ઉલૂક **Strix** Linnaeus.

S 1649 (J 65). **Strix ocellata** Lesson. Mottled Wood-Owl.
काबरचीतरां पींछांवाळो वगडाऊ घूवड. सं. घर्घरकः.

સ્થાયી અધિવાસી? દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: (અસામાન્ય નથી—બટલર).

કુલ-શાખા ૩. શૃઙ્ગી Buboninae

આ કુલશાખાનાં આઠ ભારતીય ગોત્રોમાંનાં પાંચ ગોત્રો—૧. ? મત્સ્યાશી ઘૂક Ketupa, ૨. શૃઙ્ગી Bubo, ૫. દીર્ઘશૃઙ્ગી Otus, ૬. ? કનકાક્ષ Athene અને ૭. ઉજ્જ્વલાક્ષ Glaucidium—ગૂજરાતી છે.

ગોત્ર ૧. **મત્સ્યાશી ઘૂક Ketupa** Lesson.

S 1653 (J 72). **Ketupa zeylonensis hardwickii** Griffith. Northern Brown Fish-Owl.

उत्तरनो बदामी मत्स्यभोजी घूवड. अमराइका घुघु (हिं.).
સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત : સારણ (ડુંગરપુર પાસે. ત્રણ પક્ષી, ૭-૫-૮૬—લિટલડેલ, ડોઈગ); ઉ. ગૂજરાત: હરસોલ (અમદાવાદ પાસે. એક પક્ષી, ૧૮૮૪-ડોઈગ).

ગોત્ર ૨. શૃઙ્ગી **Bubo** Dumeril.

S 1660 (J 69). **Bubo bubo bengalensis** Franklin. Indian Great Horned Owl.

भारतीय मोटो शींगडांवाळो घूवड. घुघु (हिं.).
સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), વીરેશ્વર (હ. આ.); સૌરાષ્ટ્ર; (બટલર), ભાવનગર (ધર્મકુમારસિંહ); કચ્છ: (અ-સામાન્ય—સાલિમ.). સર્વત્ર. સામાન્ય. વિપુલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

S1661 (J 70). **Bubo coromandus coromandus** Latham. Dusky Horned Owl.

धुमाडीया मॅला रंगनो शींगडांवाळो घूवड.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાતઃ (સામાન્ય—બટલર, વિરલ—બાન્સ.).

ગોત્ર ૫. દીર્ઘશૃંગી **Otus** Pennant.

S 1667 (J 75 ter.) **Otus bakkamoena marathae** Ticehurst. Central Indian Collared Scops Owl.

मध्य भारतीय कांठलावाळो शींगडांवाळो घूवड. थरकावी चोघड (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ સારણ (ડુંગરપુર પાસેથી ડોઇગને છ પક્ષીનું એક કુટુમ્બ મળ્યું હતું. એમનો માળો મહુડાના વૃક્ષમાં ઊંચે બખોલમાં હતો.-લિટલડેલ). ઉ. ગૂજરાતઃ આબુ (અત્યંત વિરલ—બટલર; ડોઇગ). "મારી ધારણા પ્રમાણે ડોઇગને આબુમાંથી પ્રાપ્ત થયેલું એક જ પક્ષી, ઉત્તર ગૂજરાતનાં એ પક્ષીના અસ્તિત્વ સંબંધનો, એક માત્ર દૃષ્ટાન્ત છે."—બાન્સ.

S 1680 (J 74). **Otus sunia sunia** Hodgson. Northern Indian Scops Owl.

उत्तर भारतीय शींगडांवाळो घूवड.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ પાવાગઢ (લાલ પીંછાંવાળી અવસ્થાનું એક પક્ષી. મારા શીકારીએ, એના કથનાનુસાર, પુખ્ત વયનું એક શ્વેત પક્ષી પણ જોયું હતું.—લિટલડેલ).

ગોત્ર ૬. કનકાક્ષ **Athene** Boie.

S 1684 (J 76). **Athene brama indica** Franklin. Northern Spotted Owlet.

उतरनो बिन्दु अङ्कित नानकडो घूवड. चीबरी. सं. चिरित्विका, कनकाक्षी, पिङ्गला, दुर्मुखी.

સ્થાયી અધિવાસી. ઉ, ગૂજરાતઃ અમદાવાદ (અતિ સામાન્ય—હ. આ.), ઊંઝા (સામાન્ય.-હ. આ.); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છઃ (સાલિમ.). સમગ્ર પ્રદેશમાં અતિસામાન્ય. પહાડોથી અતિરિક્ત સ્થળે સ્થાયી. ગ્રામનગર સર્વત્ર વ્યાપક. કહેવાય નિશાચર પરંતુ દિવસભર સ્વચ્છંદે વિહરતું દૃષ્ટિપથે ચડે છે. ભારે શોર મચાવનારૂં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૭. ઉજ્જ્વલાક્ષ **Glaucidium** Boie.

S 1694 (J 77) **Glaucidium radiatum radiatum** Tickell. Jungle Owlet.

वगडाउ नानकडो घूवड. जंगली चोघड (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: સારણથી દોહદ (પંચમહાલ. સામાન્ય.-લિટલડેલ); ઉ. ગૂજરાત: આબુ (પર્વતોમાં અને પર્વતોના પાદપ્રદેશોમાં અસામાન્ય નહિ—બટલર).

વર્ગ ૩. સિંચાનક Accipitres

તીક્ષ્ણાગ્ર ચક્રાકાર જરઠ ચંચુ, કઠોર વિદારક નખપ્રભાવિત દૃઢ પાદ અને પ્રચંડ વેગના સાધન સમું પ્રલમ્બિત પક્ષતિયુગ્મ: દેહસંઘટનાની આવી વિશિષ્ટતાવાળાં સુદૂરદર્શી દિવાચર પ્રસહ માંસાદ પક્ષીઓના આ વર્ગનાં ત્રણ ભારતીય કુલો છે: ૧. કુરર Pandionidae, ૨. દાક્ષાય્ય Aegypiidae અને ૩. શ્યેન Falconidae. ત્રણેય ગૂજરાતની ભૂમિને અલંકૃત કરે છે.

કુલ ૧. કુરર Pandionidae

એનું કેવલ એક ગોત્ર છે: ૧. કુરર Pandion.

ગોત્ર ૧. કુરર **Pandion** Savigny.

•S 1704 (J 40). **Pandion haliaetus haliaetus** Linnaeus. Osprey or "Fish-Hawk".

मत्स्यभोजी बाज. मचरिया (हिं.), मचमंगा (हिं.). कुरल, कुरली (कांगडा), पान्टिओन्गा (लेप्चा). सं. कुररः, कुररी, उत्क्रोशः, समुत्क्रोशः, मत्स्यनाशनः.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: (વિરલ-બટલર); સૌરાષ્ટ્ર: ઓખા, દ્વારિકા (હ. આ.), ભાવનગર-ગૌરીશંકર સરોવર (પદ્મકાન્ત); કચ્છ: (સામાન્ય નહિ-સાલિમ.). કેવળ મત્સ્યભોજી એટલે સમગ્ર પ્રદેશના સમુદ્ર તટે સામાન્ય. ક્વચિત્ મોટાં સરોવર, તળાવ અને નદીઓમાં પણ જોવામાં આવે છે.

કુલ ૨. દાક્ષાય્ય Aegypiidae

મુણ્ડિત શિરના લીધે શકરા બાજ ગરુડ, આદિ પ્રસહોથી ભિન્ન સ્વરૂપના કુણ્ય-ભોજન ગીધનાં પાંચ ગોત્રો છે: ૧. દાક્ષાય્ય Aegypius, ૨. માંસખણ્ડમણ્ડિત ગૃધ્ર Sarcogyps, ૩. ગૃધ્ર Gyps, ૪. મિથ્યાગૃધ્ર Pseudogyps, અને ૫. શ્વેતગૃધ્ર Neophron.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧. દાક્ષાય્ય **Aegypius** Savigny.

*S 1705 (J 1). **Aegypius monachus** Linnaeus. Cinereous Vulture.

રાખોડી વર્ણનું ગીધ.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: અત્યંત વિરલ. એક જ પક્ષી બટલર.

ગોત્ર ૨. માંસખણ્ડમણ્ડિત ગૃધ્ર **Sarcogyps** Lesson.

S 1706 (J 2). **Sarcogyps calvus** Scopoli. Black or Pondichery or Indian King Vulture.

કાળું ગીધ, ભારતીય રાજગીધ. લાલશિરા ગીધ. સં. ગૃધ્રરાજઃ, સુદર્શનઃ.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), મોઢેરા (હ. આ.), ઊંઝા (હ. આ.), ડીસા (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ.). સર્વત્ર પરંતુ અ-સામાન્ય. દ્વંદ્વચર અને કલહપ્રિય.

ગોત્ર ૩. ગૃધ્ર **Gyps** :Savigny.

S 1707 (J 3 bis.). **Gyps fulvus fulvescens** Hume. Indian Griffon Vulture.

ભારતીય રુક્ષકેશવાળું ગીધ.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: (બટલર), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (ધારવા પ્રમાણે સ્થાયી. અત્રતત્ર. — સાલિમ.). સર્વત્ર. અ-સામાન્ય. યૂથચર.

S 1710. **Gyps indicus indicus** Scopoli. Indian Long-Billed Vulture.

ભારતીય લાંબીચાંચવાળું ગીધ.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર). રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ) સર્વત્ર સામાન્ય.

... (J 4 bis). **Gyps indicus pallescens** Hume. Long-Billed Brown Vulture.

(સ્ટુઅર્ટ બેકરે ફોનાના પાંચમા ભાગમાં આની ગણના કરી નથી પરંતુ સાતમા ભાગમાં 'અજમેર'માંથી આ પક્ષી પ્રાપ્ત થયાનું ટાંકીને, આ જાત આપી છે. એ કારણથી એને નવો ક્રમાંક ન આપતાં, ક્રમાંક ૧૭૧૦ અને ૧૭૧૧ વચ્ચે મૂકી છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંબીચાંચવાળું બદામી ગીધ.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (અસામાન્ય નથી-બટલર): સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (બટલર).

ગોત્ર ૪. મિથ્યાગૃધ્ર Pseudogyps Sharpe.

S 1713 (J 5). **Pseudogyps bengalensis** Gmelin. Indian White-Backed Vulture.

ભારતીય ધોળી પીઠવાળું ગીધ. સં. શિતિકક્ષી, ગૃધ્ર:.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત; પંચમહાલ (ડેવિડસન), વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (પ્રભૂત-હ. આ.). ઊંઝા (વિપુલ—હ. આ.), ડીસા (બાર્ન્સ), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ.). આપણું વ્યાપકતમ અનેઅત્યંત પરિચિત ગીધ. વિપુલ અને યૂથચર. ક્વચિત્ મોટાં વૃક્ષોમાં એમનાં સામુદાયિક નિવાસસ્થાન હોય છે. આવાં નિવાસસ્થાન અમદાવાદ પાસે પીરાણામાં હું છેલ્લાં ૨૦ વરસથી સતત જોતો આવું છું. એ સ્થાન ત્યાં ૪૦-૫૦ વર્ષથી છે, એમ ત્યાંના વતનીઓ પાસેથી જાણવામાં આવ્યું છે. એથી ય પુરાણાં સ્થાન મેં અન્યત્ર જોયાં છે.—હ. આ.

ગોત્ર ૫. ? શ્વેતગૃધ્ર Neophron Savigny.

S 1714. **Neophron percnopterus percnopterus** Linnaeus. Egytian or Large White Scavenger Vulture.

ઈજીપ્તનું અથવા મોટું ધોળું ભંગી-ગીધ.

સ્થાયી અધિવાસી. કચ્છ: નહિ પ્રચુર, નહિ સામાન્ય. અત્રતત્ર.—સાલિમઅલિ.

S 1715 (J 6.) **Neophron percnopterus ginginianus** Latham. Smaller White Scavenger Vulture.

નાનું ધોળું ભંગી–ગીધ. ધોળી શમળી. ખેરો (સૌરાષ્ટ્ર), ઘુઘડ (પોરબંદર.)

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: પંચમહાલ (ડેવિડસન), વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (અતિ સામાન્ય—હ. આ.), ઊંઝા (પ્રચુર—હ. આ.). ડીસા (બાર્ન્સ), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), રાણપુર (નિરંજન); કચ્છ: (બટલર), (ક્રમાંક ૧૭૧૪ અને આ પક્ષીની કચ્છમાં અતિ વ્યાપ્તિ છે.—સાલિમ.). સમગ્ર પ્રદેશમાં સર્વત્ર અતિસામાન્ય. મનુષ્યના મળનું ભક્ષક, ઊકરડાનું વાસી પરિચિત પક્ષી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ ૩. શ્યેન Falconidae

ચકાતા, બાજ અને ગરુડના કુલની બે શાખાઓમાંની એક શાખા—૨. શ્યેન Falconinae—નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

કુલ-શાખા ૨. શ્યેન Falconinae

એનાં પચીસ ભારતીય ગોત્રોમાંનાં સત્તર ગોત્રો—૧. શ્યેન Falco, ૫. ? તરચ્છી Cerchneis, ૬. સુપર્ણ Aquila. ૭. મેય ગરુત્માન્ Hieraaetus, ૧૦. આનૂપ ગરુત્માન્ Limnaetops, ૧૧. ચક્રચર ગરુત્માન્ Circaetus, ૧૨. લોહિતપતત્રી Haematornis, ૧૩. શીઘ્ર ગરુત્માન્ Butasar, ૧૪. સાગર ગરુત્માન્ Haliaetus, ૧૬. સાગરપત્રી, Haliastur, ૧૭. ચિલ્લ Milvus, ૧૮. આતાપી Elanus. ૧૯. ચક્રાટ Circus, ૨૦. શીઘ્ર Buteo, ૨૧. પત્રી Astur, ૨૨. શશાદન Accipiter અને ૨૩. પ્રસહ Pernis નાં પક્ષીઓ ગૂજરાતમા દષ્ટિગોચર થાય છે.

ગોત્ર ૧. શ્યેન Falco Linnaeus.

*S 1718 (J 8). **Falco peregrinus calidus** Latham. Eastern Peregrine Falcon.

पूर्वी परिभ्रमणशील बाज. भेरी बाचा (नर), भेरी (जाया) (हिं).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: (બટલર), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ.). સર્વત્ર. અ-સામાન્ય.

S 1719 (J 9). **Falco peregrinus peregrinator,** Sundevall. Shahin falcon.

शाहिनबाज. शाहिन कोहिला (नर), कोहि (जाया) (हिं.).

સ્થાયી અધિવાસી ? ઉ. ગૂજરાતઃ આબુ (? "આ પ્રતીક પોસ્ટમાં ખોવાઇ ગયું હતું એટલે એ આ જાતનું પક્ષી હતું કે ક્રમાંક ૧૭૨૦ વાળું, એ સંદિગ્ધ રહ્યું છે"–બટલર), (માળા અને બચ્ચાં-બેટી); સૌરાષ્ટ્ર: ભાવનગર (માત્ર કાળી જાત. એક કે બે જ વખત દરિયાકાંઠેથી પકડાયલી છે—પદ્મકાન્ત).

*S1720 (J 12). **Falco peregrinoides babylonicus** Sclator. Red-Capped or Barbary Falcon.

लालटोपीवाळो बाज. सफेद शाहिन, लालशिरा शाहिन (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ સાણંદ (અમદાવાદ પાસે–ડોઇગ); કચ્છ: (બટલર), ("લેસ્ટરે સંદિગ્ધ ચિત્તે બે પક્ષી નોંધ્યાં છે.—સાલિમ.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

S 1721 (J 11). **Falco jugger** Gray. Laggar Falcon.
लग्गड बाज. जग्गड (नर), लग्गड (जाया) (हिं.). सांसाबाज (निरंजन),
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત; અમદાવાદ (હ. આ.) સૌરાષ્ટ્ર: (બટલર), ભાલ (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ.). સર્વત્ર. સામાન્ય. આપણાં બૃહત્કાય બાજ પક્ષીઓમાં સાધારણતમ પક્ષી આ જ.

*S1722 (J 10). **Falco cherrug cherrug** Gray. "Saker" or Cherrug Falcon.
'सेकर' के चरग बाज. हारणी बाज. चरगेला (नर), चरग (जाया) (हिं.).
યાયાવર. શીતકાલ. સૌરાષ્ટ્ર: રાણપુર (નિરંજન), ભાવનગર (પદ્મકાન્ત). અ-સામાન્ય.

*S 1734 (J 13). **Falco subbuteo subbuteo** Linnaeus. Linnaeus
होब्बी. रेतल (पद्म). मोरास्सानी (अवध.).
યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: આબુ (૧૪–૧૦–૭૪. અતિ સામાન્ય નહિ–બટલર); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (૧૦–૧૦–૪૩, અ-સામાન્ય—સાલિમ.). વિરલ.–બાર્ન્સ.

S 1730 (J 16). **Falco chiquera chiquera** Daudin. "Turumti" or Red-Headed Merlin.
'तुरुम्ति' के लालमाथावाळो बाज. तुरुम्ती, तुरुम्तडी (जाया), चेटवा (हिं.).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ડીસા (બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ.). સર્વત્ર. સામાન્ય જેવાં. ખેતર પાદરની સમીપે રહેનારાં પરિચિત પક્ષી.

ગોત્ર ૫. ? **નરઝી Cerchneis** Boie.

*S 1740 (J 17). **Cerchneis tinnunculus tinnunculus** Linnaeus European Kestrel.
युरोपीय नरझी. लर्झी (पद्म.). नरझीनाक (नर), नरझी (जाया) (हिं.). करोंटिया (हिं.).
યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (૬–૧૦–૭૫: ૯–૪–૭૬.—બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ.). સર્વત્ર. સામાન્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૬. સુપર્ણ Aquila Brisson.

*S 1747 (J 27). **Aquila heliaca heliaca** Savigny. Imperial Eagle.
सम्राड् गरुड. जुमिझ, शतांगल (हिं.). सं. महासुपर्णः.
યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: સાણંદ (અમદાવાદ પાસે.-ડોઇગઃ ડ્રિસડેલના કથનાનુસાર).

S 1749 (J 29). **Aquila rapax vindhiana** Franklin. Indian Tawny Eagle.
भारतीय कपिलवरणो गरुड. घोळवो (वाघरी), झुमस (पद्मकान्त), वोखाब (हिं.).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સામાન્ય પણ અતિસંખ્ય નહિ-સાલિમ.). સર્વત્ર. અતિ સામાન્ય. વૃક્ષાગ્રે બેઠેલો કે શમળીઓ ભેગો ફરતો ભમતો દૃષ્ટિગોચર થાય છે.

*S 1750 (J 28). **Aquila clanga** Pallas. Greater Spotted Eagle.
मोटेरो बिन्दु अङ्कितगरुड. कालजंघा (हिं.).
યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ (માંડવી. ૧૩-૩-૪૪. એક જ પ્રસંગે એક જ પક્ષી જોયું હતું પરંતુ એથી વધુ સામાન્ય હોવું જોઇએ—સાલિમ.). સર્વત્ર. અસામાન્ય નહિ. ગીચ ઝાડીવાળાં સ્થળનો વાસી, પણ નિયમરૂપે તળાવ, સરાણો, નહેરો, આદિના આધારે રહેનારો.-બાર્ન્સ.

ગોત્ર ૭. મેધ્યંગરુત્માન્ Hieraaetus Kaup.

S 1752 (J 33). **Hieraaetus fasciatus fasciatus** Vieillot. Bonelli's Eagle.
बोनेलिनो गरुड. मोरंगी (हिं.),
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ.). સર્વત્ર પણ સામાન્ય નહિ.

*S 1753 (J 31). **Hieraaetus pennatus** Gmelin. Booted or Dwarf Eagle.
वामन गरुड. जुमिझ, गिल्हेडीमार, बघाति (हिं.).
યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: (ઓછા પ્રમાણમાં સર્વત્ર-બાર્ન્સ); કચ્છ: (લેસ્ટર).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧૦. આનૂપ ગરુત્માન્ Limnaetops Vigors.

S 1756 (J 35). **Limnaetops cirrhatus cirrhatus** Gmelin. Indian Crested Hawk-Eagle.
भारतीय शिखावाळो बाज जेवो गरुड. शाहबाझ (हिं.).
સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: પાવાગઢ (લિટલડેલને લખેલા પત્ર અનુસાર-ડેવિડસન); ઉ. ગૂજરાત: આબુ (વિરલ.-બટલર).

ગોત્ર ૧૧. ચક્રચર ગરુત્માન્ Circaetus Vieillot.

S 1764 (J 38). **Circaetus gallicus** Gmelin. Short-Toed Eagle or "Jean-de-Mar".
टुंकां आंगळांवाळो गरुड. रावळ (वाघरी). सांपमार (हिं.).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (સર્વત્ર. ગાઢ વનવાળા પ્રદેશનો વધુ પક્ષપાતી—બાર્ન્સ), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમઅલિએ **C. ferox** Gmelin અભિધાન સ્વીકાર્યું છે. જેનો ફોનામાં ઉલ્લેખ નથી.).

ગોત્ર ૧૨. લોહિતપતત્રી Haematornis Gould.

S 1765 (J 39). **Haematornis cheela cheela** Latham. Indian Crested Serpent-Eagle.
भारतीय शिखावाळो सापमार गरुड. फर्जबाज, डोगरा चिल (हिं.)
સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત; પાટ્ટડા (દોહદથી પંદર માઈલ દૂર. "૧૧-૪-૮૯. એક નયા પક્ષીને હણ્યું. એનો માળો એક વહેણથી 30 વાર છેટે, કડાયાના વૃક્ષમાં વનમધ્ય હતો અને એમાં ઇંડું હતું. ડોક્ષગ ભેગો હતો."—લિટલડેલ); સૌરાષ્ટ્ર; ભાવનગર (ધર્મકુમારસિંહ).

ગોત્ર ૧૩. શીઘ્રગરુત્માન્ Butasur Hodgsou.

S 1774 (J 48). **Butasur teesa** Franklin. White-Eyed Buzzard-Eagle.
धोळी आंखोवाळो वाज-गरुड. टिसा (हिं.).
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (અતિસામાન્ય), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ.).

ગોત્ર ૧૪. સાગરગરુત્માન્ Haliaeetus Savigny.

S 1778 (J 43). **Haliaeetus leucogaster** Gmelin. White-Bellied Sea-Eagle.
धोळा पेटवाळो सागर-गरुड. कोहस्सा (हिं.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: ગોભળજ (તળાવ, ખેડા જીલ્લો, ૧૦–૨–૩૬.—હ. આ.); સૌરાષ્ટ્ર: (બાર્ન્સ). એકાન્ત સમુદ્રતટનું વાસી છે છતાં પ્રસંગે સમુદ્રથી દૂર અંત: પ્રદેશમાં ભ્રમતું પણ દેખાય છે. (ગોભળજ સમુદ્રથી ૩૦–૩૫ માઈલ દૂર છે.–હ. આ). એનો આહાર સમુદ્રના સાપ છે.

S 1779 (J 42). **Haliaeetus leucoryphus** Pallas. Indian Ring-Tailed or Pallas's Fishing-Eagle.

भारतीय वलय अङ्किंत पुछडीवाळो माछलीमार गरुड. ढेंक (हिं.). पतराज, मछरंगा (हिं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: અમદાવાદ (ચંડોળા તળાવની પડખે મહુડાના વૃક્ષમાં માળો બાંધી રહેતા એક પક્ષિયુગલને છેલ્લાં પંદર સત્તર વરસથી હું જોઉં છું.—હ. આ); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (બટલર).

ગોત્ર ૧૬. સાગરપતંગી **Haliastur** Selby.

S 1784 (J 55). **Haliastur indus indus** Boddaert. Brahminy Kite.

बामणी शमळी. ब्राह्मणी चिल, शंकर चिल, द–मुबारक (हिं.). दास्तमल (पदूम.). सं क्षेमंकरी.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: ગોભળજ (તળાવ—હ. આ.); ઉ. ગૂજરાત: અમદાવાદ (ચંડોળા, સાબરમતી નદી. અસામાન્ય,–હ. આ.), આબુ (આબુમાં અને નપાણીયા પ્રદેશમાં વિરલ–બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (વર્ષાની વિપુલતા કે અલ્પતા અનુસાર સ્થાનિક પરિભ્રમણ કરનાર.–સાલિમ.).

ગોત્ર ૧૭. ચિલ્લ **Milvus** Lacepede.

S 1787 (J 56). **Milvus migrans govind** Sykes. Common Pariah Kite.

सामान्य अधम शमळी. चील (हिं.). सं. क्षेमंकरी, चिल्लः, चिल्लकः.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત; ઉ. ગૂજરાત; સૌરાષ્ટ્ર; કચ્છ. સર્વત્ર. અતિસંખ્ય. પરિચિતતમ પક્ષી. સામાન્યતયા છૂટાંછવાયાં ફરતાં હોવા છતાં અનેક પ્રસંગે ૫૦–૧૦૦ પક્ષીઓને એકાદ સૂકા ખંખ ઝાડમાં નિશાચાપન કરતાં જોઈએ છીએ.—હ. આ.

ગોત્ર ૧૮. આતાપિ **Elanus** Savigny.

S 1789 (J 59). **Elanus caeruleus vociferus** Latham. Black-Winged Kite.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

काळी पांखोवाळी शमळी. कपास्सि (हिं.). अडवि शामदासु (तेलुगु). सं. आतापिः.

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાતઃ તાતરપુરા, તાંદળજા (વડોદરાથી બે માઈલ દૂર—લિટલડેલ); ઉ. ગૂજરાતઃ (બટલર), ખારાઘોડા (બકલે); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છઃ (અસામાન્ય–સાલિમ.). બાર્ન્સના કથનાનુસાર સમગ્ર પ્રદેશમાં, પરન્તુ પરિમિત સંખ્યામાં રહેનારૂં છતાં અમદાવાદના પરિસરે એ મારી દૃષ્ટિએ ચડ્યું નથી.—હ. આ.

ગોત્ર ૧૯. ચક્રાટ **Circus** Lacepede.

*S 1790 (J 51). **Circus macrourus** S. G. Gmelin Pale Harrier.

फीक्का वर्णनो कुकडमार दस्तमल. पयइ (पद्म.). दस्तमल, गिरगिट मोर, पट्टाई (हिं.). पाण्डव (बं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાતઃ ડીસા (૨–૮–૭૫: ૮–૪–૭૬.—બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છઃ (માંડવી, ૨૪–૮–૪૩: ખડીર, ૨૫–૩–૪૪.—સાલિમ.) "ઑક્ટોબરથી માર્ચના અંત પર્યંત પ્રત્યેક સ્થળે અતિ–સામાન્ય છતાં કદિં પણ માળા બાંધતાં જોવામાં આવ્યાં નથી."—બાર્ન્સ.

*S 1791 (J 52). **Circus pygargus** Linnaeus. Montagu's Harrier.

मॉन्टेगुनो दस्तमल. अन्य अभिधान क्रमांक १७९०नां छे ए ज.

યાયાવર. શીતકાલ. કચ્છઃ ક્રમાંક ૧૭૯૦ જેટલાં જ વિપુલ.-લેસ્ટર.

*S 1794 (J 54). **Circus aeruginosus aeruginosus** Linnaeus. Marsh-Harrier.

सराणनो दस्तमल. कुतर, कुलेसिर (हिं.). मट-चिल (बं.), सफेद सिर (बं. मु.).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાતઃ ગોભળજ (તળાવ—હ. આ.), ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્રઃ (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છઃ (કંડલા, ૧૦–૯–૪૩: ચાંગાડઈ તળાવ, ૯–૩–૪૪.—સાલિમ.). સમગ્ર પ્રદેશમાં વ્યાપૃત. યાયાવર છે છતાં થોડાંક પક્ષી પ્રજનનાર્થે પાછળ રહી જતાં હોય, એ સંભવે છે. સરાણો, સરોવરો અને નદીઓના આશ્રયે રહેનાર.—બાર્ન્સ.

ગોત્ર ૨૦. શીઘ્ર **Buteo** Lacepede.

* S1795 (J 45). **Buteo rufinus rufinus** Cretzschmar. Long-Legged Buzzard.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

लांबापगवाळो बाज. चुहुमा (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: ડીસા (૧૨-૯-'૭૫—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (૧૪-૯-૪૩—સાલિમ.). સર્વત્ર પરંતુ અ-સામાન્ય.

ગોત્ર ૨૧. પત્રી **Astur** Lacepede.

S 1803 (J 23). **Astur badius dussumieri** Temm. & Laug. Indian Shikra.

भारतीय शकरो. बाज. चिप्पक, चिपका (नर), शिकरा (जाया). (हिं.). सं. पत्री. सिञ्चानः.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય-હ. આ.), ઊંઝા (હ. આ.), મહુડી (હ. આ.), મોઢેરા (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), રાણપુર (નિરંજન), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ). સમગ્ર પ્રદેશમાં સામાન્ય. સમસ્થલિઓનો તેમજ અપાવૃત વનસ્થલિઓનો વસનારો આપણો સાધારણતમ અત્યંત પરિચિત રૂપાળો બાજ.

ગોત્ર ૨૨. શશાદન **Accipiter** Brisson.

* S 1811 (J 24). **Accipiter nisus nisosimilis** Tickell. Asiatic Sparrow-Hawk.

एशियाई चकलीमार बाज. बाशा (नर), बाशिन (जाया) (हिं.). शं. शशादनः.

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ડીસા (૨૯-૯-'૭૬ : ૩-૩-'૭૫—બટલર); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (બટલર). સર્વત્ર. અલ્પસંખ્યેય.

* S 1813 (J 25). **Accipiter virgatus besra** Jerdon. Southern Besra Sparrow-Hawk.

दक्षिणनो बेसरा चकलीमार बाज. धोति (नर), बेसरा (जाया) (हिं.); खंडबेसरा, खंडेसरा (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: આબુ (પાદપ્રદેશ-અતિસામાન્ય. ઘણુંખરૂં વર્ષામાં અને શિશિરમાં દૃષ્ટિગોચર થાય છે.--બટલર); કચ્છ: (બટલર).

ગોત્ર ૨૩. પ્રસહ **Pernis** Cuvier.

S 1819 (J 57). **Pernis ptilorhynchus ruficollis** Lesson. Indian Crested Honey-Buzzard.

भारतीय शिखावाळो मधीयो बाज. मधवा (नेपाळी), मदकारे, शाहुतेला (हिं;).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. દ ગૂજરાત: પંચમહાલ (સિંગરગઢનાં જંગલો, હોઇગ અને લિટલડેલ), સાબુ (ડુંગરપુર-ડૉઈગ અને લિટલડેલ); ઉ. ગૂજરાત: (સર્વત્ર સામાન્ય. સારી પેઠે વૃક્ષવાળાં સ્થળે સવિશેષ.—બાર્ન્સ), અમદાવાદ (પરિસરે, હોઇગ અને લિટલડેલ), આબુ (કેવળ પથભ્રષ્ટ આગન્તુક. વિરલ. —બટલર); સૌરાષ્ટ્ર: ભાવનગર (સ્થાનિક યાયાવર—પદ્મકાન્ત); કચ્છ: (અત્ર તત્ર.—સાલિમ.),

વર્ગ ૪. પારાવત Columbae

વૈજ્ઞાનિક કસોટીએ જે બે જાતિનાં પક્ષીઓની શરીર સંઘટનામાં ભિન્નત્વ નથી તેમજ સંસ્કૃત સાહિત્યમાં જેમનાં અભિધાન એકસરખાં છે, એવાં કબૂતર અને હોલાનો આ વર્ગ. એનું એક જ ભારતીય કુલ છે: ૧. પારાવત Columbidae.

કુલ ૧. પારાવત Columbidae

આ કુલની છ ભારતીય શાખાઓમાંની બે શાખાઓ—૧. હીરુ Treroninae અને ૬. પારાવત Columbinae-નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

કુલ-શાખા ૧. હીરુ Treroninae

ઉજ્જ્વલ હરિદ્વર્ણની કાયાવાળાં અને કવિકુલગુરુએ વર્ણવેલાં લીલાં મરી ખાવાને લીધે ઉદ્‌ભ્રાન્ત બની જતાં મલયાદ્રિની ઉપત્યકાએના અલંકારસમાં 'હારીત'-લીલાં કબૂતરની આ શાખાનાં પાંચ ભારતીય ગોત્રોમાંનું એક ગોત્ર—૧. કુઙ્કુમપાદ Crocopus—ગૂજરાતની ભૂમિને પણ અલંકૃત કરે છે,

ગોત્ર ૧. કુઙ્કુમપાદ Crocopus Bonaparte.

S 1826 (J 772). **Crocopus phoenicopterus phoenicopterus** Latham.
Bengal Green Pigeon.
बंगालनुं लीलुं कबूतर. हरीयाल. (हिं.). सं. हारीतः.
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: આબુ (સંદિગ્ધ.—બાર્ન્સ; બટલર); સૌરાષ્ટ્ર: (સંદિગ્ધ.—બટલર).

S 1828 (J 773). **Crocopus phoenicopterus chlorigaster** Blyth.
Southern Green Pigeon.
दक्षिणनुं लीलुं कबूतर. हरीयाल, हरीयाल (हिं.). सं. हारीतः मृदङ्कुरः.
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (અસામાન્ય-હ. આ.), ઊંઝા (હ. આ.), આબુ (પ્રાયઃ—બટલર), અનાદરા (આબુ પાસેની સમભૂમિ-બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (બટલર). સમગ્ર પ્રદેશમાં અનુકૂળ સ્થળે અ-સામાન્ય નહિ.—બાર્ન્સ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ-શાખા ૬, પારાવત Columbinae

એનાં સાત ભારતીય ગોત્રોમાંનાં ત્રણ ગોત્રો—૧. પારાવત Columba, ૪. વ્યાવૃત કપોત Streptopelia અને ૫. સીધુચ્છાય કપોત Oenopopelia—નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. પારાવત Columba Linnaeus,

S 1856 (J 788). **Columba livia intermedia Strickland. Indian Blue Rock-Pigeon.**

भारतीय नीलवरणुं पहाडी कबूतर. कबूतर. पारेवुं. सं पारावतः, रक्तलोचनः.

સ્થાયી અધિવાસી. ગૂજરાત; સૌરાષ્ટ્ર; કચ્છ. સર્વત્ર. અતિ સામાન્ય અને વ્યાપકતમ.

ગોત્ર ૪. વ્યાવૃતકપોત Streptopelia Bonaparte.

S 1873 (J 795). **Streptopelia chinensis suratensis Gmelin. Indian Spotted Dove.**

भारतीय विन्दु अङ्कित होली, कंकुवरणो होलो, रामहोलो (पद्म). चित्रोक फाख्ता (हिं.). सं. कुङ्कुमधूम्रकपोतः.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (સર્વત્ર. ઋતુભેદે ઓછાંવત્તાં દેખાય—બાર્ન્સ), અમદાવાદ (સામાન્ય-હ. આ.), ઊંઝા (પ્રચુર -હ. આ.), ડીસા (૧૦-૫-૬૬. ડીસાના પરિસરે કેવળ વર્ષામાં અને શીતકાલમાં દૃષ્ટિએ ચઢે છે.—બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્ર (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ.).

S 1877 (J 794). **Streptopelia senegalensis cambayensis Gmelin. Indian Little Brown Dove.**

भारतीय नानो बदामी वर्णनो होलो. होली (पद्म.), छोटा फाख्ता (हिं). सं. चित्रग्रीवः.

સ્થાયી અધિવાસી ઉ. ગૂજરાત: (સમભૂમિ તેમજ ગિરિપ્રદેશમાં સર્વત્ર. અતિ સામાન્ય અને વિપુલ—બાર્ન્સ), અમદાવાદ (વિપુલ-હ. આ.), ઊંઝા (હ. આ.), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ.).

S 1870 (J 796). **Streptopelia decaocto decaocto Frivalszky. Indian Ring-Dove.**

भारतीय कांठलावाळो होलो. धोळ. धोरफाख्ता (हिं.). सं. आपाण्डुरकपोतः, भस्मच्छायः, पाण्डुच्छायः.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત : (સમગ્ર પ્રદેશમાં જલપૂર્ણ સ્થાનોમાં સામાન્ય-બાર્ન્સ); અમદાવાદ (સામાન્ય-હ. આ.), આબુ (બટલર); કચ્છ : (સ્ટુઅર્ટ બેકર).

S 2182 (J 1007). **Phalacrocorax niger** Vieillot. Little Cormorant.

नानुं काजीयुं. जोगराबो (हिं). पानकोडी, पानकौवा (बं.). नीरकाकम् (तामिलि–सिंहल.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત : (સમગ્ર પ્રદેશમાં સામાન્ય અને વિપુલ.–બાર્ન્સ), અમદાવાદ (અતિ વિપુલ. મીઠા પાણીના તળાવો સરોવરો તેમજ ગટરનાં પાણીનાં ખાબોચિયાંમાં સ્વચ્છંદે વિહરનારાં—હ. આ.), આબુ (પદભ્રષ્ટ યાયાવર–બટલર); સૌરાષ્ટ્ર : (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર નિરંજન) : કચ્છ : (સાલિમ).

કુલ–શાખા ૨. સર્પગ્રીવ Anhinginae

લાંબી પાતળી ડોકને લીધે પાણીમાં તરતી વખતે સાપ જેવા દેખાતા અને જળકૂકડીના નામે ઓળખાતા આ પક્ષીનું બ્રાઝિલ દેશનું નામ 'ઍન્હિંગા' છે અને એ ઉપરથી એનું શાસ્ત્રીય અભિધાન પાડયું છે. એનું એક જ ગોત્ર છે: ૧. સર્પગ્રીવ Anhinga.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧. સર્પગ્રીવ Anhinga Brisson.

S 2183 (J 1008). **Anhinga melanogaster** Pennant. Indian Darter or "Snake-Bird."

भारतीय डूबकी मारनार जळचारी के 'सर्पग्रीव' पक्षी. जळकूकडी. पानवा, पानडूबी (हिं.). गयर, गयर पाखी (बं.). सं. सर्पग्रीवः ?

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય પણ કાજીયાં જેટલું વિપુલ અને વ્યાપક નહિ.–હ. આ.), આબુ (કદાચ યાયાવર–બાન્સ), (બટલર); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ). કાજીયાં ભેગું ફરનારૂં પણ એકચર જલચારી. ઊભું વરસ પાણી રહેતું હોય એવાં નાનાં મોટા જળાશયોમાં સામાન્ય. કાજીયાં પેઠે પાંખો પહોળી કરીને બેસવાનો એનો પણ સ્વભાવ છે.

વર્ગ ૧૨. બક. Herodiones

કાંકણાસર, ચમચા કે તાવેતા, ઘોંકડાં અને બગલાના આ વર્ગની ત્રણ ભારતીય શાખાઓ છે: ૧. ચમસચઞ્ચુ Plataleae, ૨. સ્કન્ધમલ્લક Ciconiae અને ૩. કંક Ardeae.

વર્ગ–શાખા ૧. ચમસચઞ્ચુ Plataleae

એનાં બે કુલો છે: ૧. ચમસચઞ્ચુ Plataleidae અને ૨.? કાંકણાસર Plegadidae

કુલ ૧. ચમસચઞ્ચુ Plataleidae

'ચમચો' નામે ઓળખાય છે પણ વસ્તુતયા 'તાવેતા જેવી ચાંચ વાળાં પક્ષીઓના આ કુલનું એક જ ગોત્ર છે: ૧. ચમસચઞ્ચુ Platalea.

ગોત્ર ૧. ચમસચઞ્ચુ Platalea Brisson.

S 2202 (J 939). **Platalea leucorodia major** Temm. & Schleg. Indian Spoonbill.

भारतीय चमचा जेवी चांचवाळुं जळचारी. चमचो. चमचबाझा (हिं). घिन्टा (बं.). कांटीया बॅाग (आसामी). सं. चमसचञ्चुः ?

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (અતિ સામાન્ય અને પ્રચુર.–હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), પોરબંદર વિ.વાસુ), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ.). સુન્દર ધવલ વરણી કાયા અને અગ્રભાગે તાવેતા જેવી ચપટી અને લાંબી ચાંચ વાળાં આપણાં વ્યાપક પરિચિત જળચારી.

કુલ ૨.? કાંકણાસર Plegadidae

રોમહીન કંધરા, મુણ્ડિત શિર અને સુદીર્ઘ કુટિલ ચાંચવાળાં કાંકણાસરના આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલનાં ત્રણ ભારતીય ગોત્રો છે: ૧. પવિત્રવયસ્ Threskiornis, ૨. મિથ્યાકાંકણાસર Pseudibis અને ૩. દાત્ર Plegadis.

ગોત્ર **૧. પવિત્રવયસ્** Threskiornis Gray.

S 2203 (J 941). **Threskiornis melanocephalus melanocephalus** Latham. White Ibis.

धोळुं कांकणासर, कांकरोळी. कांकणमुण्डा, सफेदबाझा, दीघड (हिं.). दो चोरा (बं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય પણ વિપુલ નહિ.-હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), પોરબંદર (વિ.વાસુ); કચ્છ: (સાલિમ). સમગ્ર પ્રદેશમાં સામાન્યવત્. દાતરડા જેવી મોટી વાંકી ચાંચ અને શ્વેત કાયાવાળું પરિચિત પક્ષી,

ગોત્ર **૨. મિથ્યાકાંકણાસર** Pseudibis Hodgson.

S 2204 (J 942). **Pseudibis papillosa papillosa** Temm. & Laug. Indian Black or Warty-Headed Ibis.

भारतीय काळुं कांकणासर, कांकरोळी, कांकण; रण कागडो (कच्छी).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય પણ પરિમિત સંખ્યેય- હ. આ.) ડીસા (બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), પોરબંદર (વિ.વાસુ), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ.).મરુભૂમિથી અન્યત્ર સામાન્ય-બટલર. લાલવર્ણનું માથું અને મેલા શ્યામ વર્ણની કાયાવાળું, જલાશય તટે તેમ ઉકરડા જેવાં સ્થળોએ પણ આથડવાના સ્વભાવવાળું પરિચિત કાંકણાસર.

ગોત્ર **૩. દાત્ર** Plegadis Kaup.

S 2206 (J 943). **Plegadis falcinellus falcinellus** Linnaeus. Glossy Ibis.

चकचकित वरणुं कांकणासर. कवडी, कोवड, छोटाबाझा (हिं.). काला काचिया तोरा (बं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (અવિરલ.-હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ ("અસામાન્ય. હમીરસર, ભૂજમાં મેં માત્ર એક જ પ્રસંગે જોયું હતું. મહારાવશ્રીએ પણ એ જ સ્થળે ૪-૪-૪૫ના દિવસે ચાર પક્ષી જોયાં હતાં."- સાલિમ અલિ; "કચ્છના રણમાં પ્રજનન કરે છે."-સ્ટુઅર્ટ બેકર). સામાન્ય અને અલ્પસંખ્યેય. સ્થાનિક પરિભ્રમણ કરનારાં.-બાર્ન્સ.

વર્ગ-શાખા ૨. સ્કન્ધમલ્લક Ciconiae

એનું એક જ ભારતીય કુલ છે: ૧. સ્કન્ધમલ્લક Ciconiidae.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ ૧. સ્કન્ધમલ્લક Ciconiidae

એનાં છ ભારતીય ગોત્રો છે: ૧. સ્કન્ધમલ્લક Ciconia, ૨. યુગલપુચ્છ Dissoura, ૩. ? પ્રશસ્તચઞ્ચુ Xenorhynchus, ૪. તનુપક્ષ Leptopotilos, ૫. ? કાંકણસાર Ibis અને ૬. વિવૃતાસ્ય Anastomus.

ગોત્ર ૧. સ્કન્ધમલ્લક Ciconia Brisson.

* S 2207 (J 919). Ciconia ciconia ciconia Linnaeus. White Stork.

ધૉળું ધૉકડું. ऊजळी, ढाक, लगलग (हिं.).

યાયાવાર. શીતકાલ. ઉ. ગૂજરાત: (સમગ્ર પ્રદેશમાં અનુકૂળ સ્થળે અસામાન્ય નહિ.–બાર્ન્સ), અમદાવાદ (નિર્મળ જળમાં તેમ ગટરનાં પાણીનાં ખાબોચીયાંમાં રહેતાં જોવામાં આવ્યાં છે.–હ. આ.), ડીસા (પથભ્રષ્ટ, ૧૨–૧૦–૭૬ : ૨૭–૩–૭૬.—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (દેવીસર, એક યુગલ, ઑગસ્ટ ૧૮૯૫–લેસ્ટર).

* S 2209 (J 918). Ciconia nigra Linnaeus. Black Stork.

કાળું ધૉકડું. सुरमल (हिं.).

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: (વિરલ.–બાર્ન્સ), અમદાવાદ (અસ્લાલી, ચંડોળા, સાબરમતી. પ્રત્યેક વર્ષે આ સ્થળોએ વિચરતું એકાદ યુગલ અવશ્ય દષ્ટિગોચર થાય છે.–હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (લેસ્ટર).

ગોત્ર ૨. યુગલપુચ્છ Dissoura Cabanis.

S 2210 (J 920). Dissoura episcopa episcopa Boddaert. White-Necked Stork.

ધોળી ડોકવાળું ધૉકડું. मानिक जोड (हिं.), लगलग (हिं.). काळी ढोंक, काळी टुल (पद्म).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: (સમગ્ર પ્રદેશમાં સામાન્યવત્–બાર્ન્સ), અમદાવાદ (સાબરમતી નદીમાં તેમ જ સૂવે જ ફાર્મનાં ગંદાં પાણીનાં ખેતરમાં ફરતાં રહેતાં. સામાન્ય.–હ. આ.), ડીસા (બટલર), આબુ (બટલર); સૌરાષ્ટ્ર: ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (કેવળ વર્ષામાં અને શીતકાલમાં.–લેસ્ટર).

ગોત્ર ૩. ? પ્રશસ્તચઞ્ચુ Xenorhynchus Bonaparte.

S 2211 (J 917). Xenorhynchus asiaticus asiaticus Latham. Black-Necked Stork.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

काळी डोकवाळुं घॅाकडुं. बनारस, लोहारजंघ, लोहसारंग (हिं.). रामसालिक (बं,). सं. कृष्णग्रीवः ? लोहितजंघः ?

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત : વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત : અમદાવાદ (ચંડોળા અને સાબરમતી નદી. યુગ્મચર. અસામાન્ય અને અલ્પસંખ્યેય.-હ. આ.), ડીસા (અસામાન્ય-બાર્ન્સ); સૌરાષ્ટ્ર : (બટલર), રાણપુર (નિરંજન), પોરબંદર (વિ. વાસુ); કચ્છ : (સાલિમ).

ગોત્ર ૪. **તનુપક્ષ** Leptoptilos Lesson.

* S 2212 (J 915). **Leptoptilos dubius** Gmelin. Adjutant.

सेनानायक (=लश्करी अधिकारी जेवा अक्कड देखाववाळुं घॅाकडुं). हाडगीला (हिं.), गरूड, पेडा धाउक (हिं.). दस्ता (दख्खणी). चणीआरी धाउक (बं.).

ચાયાવર. વર્ષાકાલ. ઉ. ગૂજરાત : (વર્ષાઋતુમાં અસામાન્ય નહિ. -બાર્ન્સ), અમદાવાદ (અશ્લાલી ?-હ. આ.), ડીસા (૧૮-૭-૭૬ : ૨૯-૨-૭૬—બટલર); કચ્છ : (બટલર).

ગોત્ર **૫. ? કાંકણસાર** Ibis Lacepede.

S 2214 (J 938). **Ibis leueocephalus leueocephalus** Pennant. Painted Stork or Shell-Ibis.

चित्रदेही घॅाकडुं. घॅावकडुं. घॅाक, ढांक (पद्म). दोख, जंघिल (हिं.). लाम-जंघ, लामडुक (सिंधी). राम-झंकार, सोना जघा (बं.). सं. दर्वितुण्ड : ? घॅाक्भाक् ?

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત : વડોદરા (લિટલડેલ), ચિત્રાળ (માળા, ઑક્ટોબર.-લિટલડેલ), ઠાસરા (માળા, ઑક્ટોબર.-લિટલડેલ); ઉ. ગૂજરાત : (સમગ્ર પ્રદેશમાં સ્થાયી.-બાર્ન્સ; કોઇ ભાગમાં સ્થાયી : અન્યત્ર ચાયાવર.-બટલર), અમદાવાદ (સ્થાયી. વિપુલ.-હ. આ.), બહુચરાજી (હ. આ.), ઊંઝા (હ. આ.); સૌરાષ્ટ્ર : (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ : (વરસાદના ઓછાવત્તાપણા અનુસાર સ્થાનિક પરિભ્રમણ કરનારાં. -સાલિમ.). એ અન્ય પક્ષી પેઠે બોલતાં નથી પરંતુ વારંવાર 'ઘૉક્' એવો સ્વર ગળામાંથી મ્હોં બંધ રાખીને કહાડે છે, એને લીધે એમનું નામ 'ઘૉકડાં' (અર્થાત્ ઘૉ કે ઘૉક્ એવો શબ્દ કરનાર) પડ્યું છે.-હ. આ.

ગોત્ર **૬. વિવૃતાસ્ય** Anastomus Bonnaterre.

S 2215 (J 940). **Anastomus oscitans** Boddaert. Open-Bill.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

फाटीचांच. गुंगला, घोंघीला (हिं.). तोंते-भंगा, शामच-भंगा, शामुक्-खोल (बं.). शामुक-भंगा (आसामी). सं. विवृतास्य : ? ईषदपावृतसृपाटिक : ?

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત : ખેડા (માળા-લિટલડેલ); ઉ. ગૂજરાત : (સમગ્ર પ્રદેશમાં ઓછાં. ઘણાં ખરાં સ્થળે શીતકાલિન યાયાવર.-બાન્સૅ), અમદાવાદ (સ્થાયી. વિપુલ.-હ. આ.), ઊંઝા (હ. આ.); સૌરાષ્ટ્ર : ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ : (સ્થાયી પરન્તુ વરસાદના પ્રમાણાનુસાર સ્થાનિક પરિભ્રમણ કરનારાં-સાલિમ.).

વર્ગ-શાખા ૩. કંક Ardeae

એનાં ત્રણ કુલોમાંનું એક જ કુલ-૧. કંક Ardeidae-ભારતીય છે.

કુલ ૧ કંક Ardeidae

બગલાંના આ કુલનાં અગીઆર ભારતીય ગોત્રોમાંનાં દશ ગોત્રો-૧. કંક Ardea, ૨. બલાકા Egretta, ૩. ગવ્યચ Bubulcus, ૪. અર્ધબલાકા Demiegretta, ૫. કંકક Ardeola, ૬. ક્રૌન્ચબક Butorides, ૭. નિશાકાક Nichticorax, ૮. વેતસઘોષચિત્તુ Ixobrychus, ૯. ફ્વણક Dupetor, અને ૧૦. ગોનર્દ Botaurns-નાં પક્ષીઓ ગૂજરાતનાં વાસી છે.

ગોત્ર ૧. કંક Ardea Linnaeus.

S 2216 (J 924). **Ardea purpurea manillensis** Meyer. Eastern Purple Heron.

पूर्वनुं नीलवरणुं बगलुं. अंजन, नडी, लालसांइ, लाल अंजन (हिं.). लाल कंक (बं.), कंकहड (बं.). खयरा (बिहारी). सं. कंकः, लोहपृष्ठः, कमनच्छदः.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત : (વનસ્પતિવાળાં તળાવ અને વહેળાવાળા વિભાગોમાં સામાન્ય.-બટલર), અમદાવાદ (અસામાન્ય. ઓછાં. - હ. આ.); સૌરાષ્ટ્ર : બેટ શંખોદ્ધાર (ઓખા. કુંડમાં ૩૦-૯-૩૮.-હ. આ.), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ : સામાન્યવત્ વિપુલ નહિ.-સાલિમ). પ્રદોષચર પક્ષી.

S 2217 (J 923). **Ardea cinerea cinerea** Linnaeus. Common Grey Heron.

सामान्य भूखरुं बगलुं. नडी, सांइ, कबुड, अंजन (हिं.). सादा कंक, अंजन (बं.). नारायण (तामिली). नारायण पाची (तेलुगु).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત : અમદાવાદ (સામાન્ય.-હ. આ.), ડીસા. (સમગ્ર પ્રદેશમાં વિપુલ. પ્રજનનાર્થે ઘણાં સ્થળોએથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અદૃશ્ય બની જાય છે.–બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર પદ્મકાન્ત), પોરબંદર (વિ-વાસુ); કચ્છ: (સ્થાનિક પરિભ્રમણ કરનાર.–સાલિમ).

ગોત્ર ૨. **બલાકા** Egretta Forster

S 2223 (J 925). **Egretta alba modesta** Gray. Eastern Large Egret. भारतीय मोटुं बगलुं. मलंग–बोगला, तोरूरा–बोगला, बडा–बोगला (हिं.). धार–बोगला (बं.). सं. बलाका, बिसकण्ठिका.
સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (સમગ્ર પ્રદેશમાં સામાન્ય–બાર્ન્સ; વિરલ નહિ.-બટલર), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), રાણપુર (નિરંજન) કચ્છ: (વર્ષાની પરિસ્થિતિ અનુસાર સ્થાનિક પરિભ્રમણ કરનારાં.–સાલિમ).

S 2224 (J 926). **Egretta intermedia intermedia** Wagler. Indian Smaller Egret.
भारतीय नानेरुं बगलुं. पतंगखा–बोगला, पटोखा–बोगला, करचीया –बोगला (हिं.). सं. बलाका, बिसकण्ठिका.
સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: (આબુ વિના અન્યત્ર સામાન્ય અને પ્રભૂત.–બાર્ન્સ), અમદાવાદ (પ્રચુર–હ. આ.), આબુ (કેવળ એક જ પક્ષી.–બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ). નિર્મળ શ્વેત વર્ણનું અત્યંત સુન્દર સુકોમળ પક્ષી.

S 2225 (J 927). **Egretta garzetta garzetta** Linnaeus. Little Egret. नानुं बगलुं. करचीया बोगला (हिं.). तेतर–बॉग (आसामी). सं. बलाका, बिसकण्ठिका.
સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ); ઉ. ગૂજરાત: (આબુ વિના અન્યત્ર અત્યંત સામાન્ય–બાર્ન્સ), અમદાવાદ (વિપુલતમ–હ. આ.), આબુ (કેવળ પથભ્રષ્ટ પક્ષી રૂપે.–બટલર), ડીસા (બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), રાણપુર (નિરંજન); કચ્છ: (સાલિમ.).

ગોત્ર ૩. **ગવ્યચ** Bubulcus Bonaparte.

S 2226 (J 929). **Bubulcus ibis coromandus** Boddaert. Cattle Egret. ढोर बगलुं. सुरखिया–बोगला, बदामी–बोगला, दोरीया–बोगला, गाय–बोगला (हिं.). सं. गोपादी.
સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (બિધામ), (કૉક્સ); ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય પણ મોટાં યૂથ રૂપે નહિ.–હ.આ.),

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડીસા (બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), પોરબંદર (વિ. વાસુ); કચ્છ: (સાલિમ). ગાયબેંસના પગલે પગલે ૫ળતું આહારોપાદાન કરતું દેખાતું મેલા વર્ણવાળું અત્યંત પરિચિત પક્ષી. સંવનન પ્રજનન કાળે એનો વર્ણ તપ્ત સુવર્ણ જેવા થયી જાય છે, જેવા વિવર્ણભાવ બગલાંની અન્ય કોઈ જાતિમાં થતો નથી.

ગોત્ર ૪. અર્ધબલાકા **Demiegretta** Blyth.

S 2228 (J 928). **Demiegretta asha** Sykes. Ashy Egret or Indian Reef-Heron.

भारतीय समुद्रमां डूबेला पत्थरनुं वासी के राखोडी रंगनुं बगलुं. काला-बोगला (हिं.) श्याम-अंजन.

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (એકાન્તિક સમુદ્રતટનું વાસી. ઉ. ગૂજરાતમાં રણની ધારે. ક્વચિત મોટાં જળાશયોમાં અંતઃપ્રદેશમાં પણ મળી આવે છે.—બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર), પોરબંદર (વિ. વાસુ), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ.). નૈશચર.

ગોત્ર ૫. કંકક **Ardeola** Boie

S 2229 (J 930). **Ardeola grayii** Sykes. Indian Pond-Heron or Paddy-Bird.

भारतीय तळावनुं बगलुं. खोखड बगलो (पोरबंदरी.—वासु). अंधा-बोगला. कुंच-बोगला, चमा-बोगला (हिं., बं.), कांच-बक (बं.). काणा-कोका (सिंहली). कोकुकु (तामिल). सं. कंकक: ? क्रौञ्च: ?

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ), (બિધામ); ઉ. ગૂજરાત: અમદાવાદ (વિપુલ-હ. આ.), ડીસા (બાર્ન્સ), ઊંઝા (હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), પોરબંદર (વિ. વાસુ); કચ્છ: (સાલિમ). સર્વત્ર અસામાન્ય, અને વિપુલતમ. ધ્યાનસ્થ દશામાં આહારોપાન કરતાં દેખાતાં ગામતળાવ, ખાબોચીયાં અને સરાણનાં આશ્રિત આપણાં સાધારણતમ બગલાં.

ગોત્ર ૬. ક્રૌઞ્ચબક **Butorides** Blyth

S 2231 (J 931). **Butorides striatus javanicus** Horsf. Indian Little Green Heron.

भारतीय नानुं लीला रंगनुं बगलुं. कांचा-बोगला (हिं.). काणा-बोगला (बं.). डोशी-कोकु (तामिली).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: (સમગ્ર પ્રદેશમાં સામાન્ય.-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાર્ન્સ), ડીસા (બાર્ન્સ), આબુ (યાયાવર ?-બાર્ન્સ), (બટલર); સૌરાષ્ટ્ર : (બટલર); કચ્છ : (સાલિમ).

ગોત્ર ૭. **નિશાકાક** Nycticorax Rafinesque

S 2233 (J 937). **Nycticorax nycticorax nycticorax** Linnaeus. Night Heron.

निशाचर बगलुं. वाक. बग (कच्छी.–लेस्टर), वॅाक, क्वॅाक, तर–बोगला, कोकराइ (हिं.). गोदरी (सिंधी). कोवा दाउक (बं.).

સ્થાયી અધિવાસી. (મોટા ભાગના પ્રદેશમાં સામાન્ય-બાર્ન્સ), અમદાવાદ (હ. આ.), આબુ (પથભ્રષ્ટ.-બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ : (યાયાવર ?-સાલિમ.).

ગોત્ર ૯. **વેતસઘોષચિત્તુ** Ixobrychus Billberg.

* S 2237 (J 934). **Ixobrychus sinensis sinensis** Gmelin. Yellow Bittern.

पीतवरणुं वेतसवासी बगलुं. जुन–बोगला (हिं.). काट–बोगला (बं.). मेट्टि कोरोवाक (सिंहली).

યાયાવર. વર્ષાકાલ. ઉ. ગૂજરાત: ડીસા (કેવલ એક જ પ્રસંગે દૃષ્ટિગોચર થયાં હતાં; મિલાના.—બટલર).

ગોત્ર ૧૦. **ક્વણક** Dupetor Haine & Rei-Chenow.

S 2239 (J 932). **Dupetor flavicollis flavicollis** Latham. Black Bittern.

काळुं वेतसवासी बगलुं. काला–बोगला (हिं.). नाल–बोगला (बं.). काळु–कोक (सिंहली). श्याम कोंच. सं. क्वणक : ?

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (મે ૧૮૮૪, એક યુગલ. -લિટલડેલ); ઉ. ગૂજરાત : અમદાવાદ (ડૅાઈગ).

ગોત્ર ૧૧. **ગોનર્દ** Botaurus Stephens.

* S 2240 (J 936). **Botaurus stellaris** Linnaeus. Bittern.

वेतसवासी बगलुं. नीर–गौंगा, बझ (हिं.). चिता–ओयाह (बं.),

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત : (અસામાન્ય-બટલર); કચ્છ : (૧૮૯૩-૯૪માં અતિ વિપુલ.-લેસ્ટર). નૈશચર પક્ષી.

વર્ગ ૧૩. શોણપક્ષ Phoenicopteri

યાયાવર છે છતાં પ્રજનનકર્મ વડે સમગ્ર ભારતવર્ષમાં કેવળ કચ્છની રણભૂમિને સુભગ કરનારાં, કુબ્જાંગ છે છતાં નયનસુન્દર શોણ વર્ણની દેહપ્રભા વડે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતવર્ષને અલંકૃત કરનારાં અદ્‌ભુત પક્ષી સુરખાબ Flamingoનો આ વર્ગ. એનું એક જ કુલ છે: ૧. શોણુપક્ષ Phoenicopteridae.

કુલ ૧. શોણુપક્ષ Phoenicopteridae

એનાં બે ગોત્રો છે: ૧. શોણુપક્ષ Phoenicopterus અને ૨. શોણુલક્ષ્મી Phoeniconaias.

ગોત્ર ૧. શોણુપક્ષ Phoenicopterus Linnaeus.

* S 2241 (J 944). **Phoenicopterus ruber antiquorum** Temm. Flamingo.

(સાલિમ અલિએ Ph. r. roseus Pallas અભિધાન સ્વીકાર્યું છે પરંતુ ફ઼ૅાનામાં એનો ઉલ્લેખ નથી.)

सुरखाब (अमदावादमां उ. हिंदना वतनीओ). हंज (कच्छी). बलां (पद्म.), लाखा जानी (पद्म.), बॅाग-हंस, राज-हंस (हिं.); कान-थूंटी (बं.). समुद्रप—चिल्लुक (तेलुगु). पाखलान (फारसी). पु-नरी (तामिली). सं. चुलूकचञ्चः?

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: નવાગામ (ખેડા જીલ્લો-હ. આ.); ઉ. ગૂજરાત: અમદાવાદ (ચંડોળા તળાવ. ૪૦ પક્ષી, ૧૭-૪-૩૫; ૭ પક્ષી, ૩૧-૫-૩૯; ૨૫ પક્ષી, ૭-૫-૪૮; ૧૨૫-૧૩૦ પક્ષી, ૨૫-૫-૪૮.—હ. આ.), આખજ (અમદાવાદની ઉત્તરે ૩૦ માઇલ. ગામ તળાવનાં ઢીંચણ જેટલાં છીછરાં પાણીમાં ૫૦-૫૫ પક્ષી, ફેબ્રુઆરી ૧૯૩૭.—હ. આ.), ડાંગરવા (અમદાવાદની ઉત્તરે ૨૫ માઇલ. "એની પાસેના મોટા તળાવમાં સહસ્ર પક્ષીઓ."—કૅપ્ટન બેચર), ડીસા (નિવર્તન યાત્રા પ્રસંગે ૪ પક્ષી રેલ્વેના તારમાં અથડાઇ માર્યાં ગયાં હતાં, ૨૦-૫-૭૬.—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), પોરબંદર (નવીબંદર.-વિ. વાસુ); કચ્છ: (સ્થાયી અને પ્રજનન કરનારાં. "અમારી ગણતરી પ્રમાણે એમના માળાથી કચ્છના રણની એક લાખ ચોરસ વાર ભૂમિ રોકાયલી હતી અને એ વિસ્તારમાં બે લાખથી વધુ પુખ્ત વયનાં અને સીત્તેર હજાર જેટલાં કાચી વયનાં સુરખાબ વસી રહ્યાં હતાં."-સાલિમ અલિ). સમગ્ર પ્રદેશમાં અનુકૂળ સ્થળોએ સામાન્ય.

ગોત્ર ૨. શોણુલક્ષ્મી Phoeniconaias Gray.

* S 2242 (J 944 bis). **Phoemiconaias minor** Geoffrey. Lesser Flamingo.

नानेरुं सुरखाब.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: (ક્રમાંક ૨૨૪૧ વાળી જાત અને આ જાત બંને ભેગી ફરે છે.—બાર્ન્સ), (વિરલ-બટલર); સૌરાષ્ટ્ર: ભીમસાણા (ઓખામણ્ડલ. ૧૦૦ પક્ષીઓ, ૬-૩-૧૯૧૦.—મૉસ); કચ્છ: (સપ્ટેમ્બરમાં આવે: મેમાં કે એ પછી પાછાં જાય. ભારતવર્ષમાં કહિં પણ પ્રજનન કરતાં હોવાનું નોંધાયું નથી.-સાલિમ.).

વર્ગ ૧૪. હંસ Anseres

સંતરણશીલ જાલપાદ વિદેશી સ્વૉન, હંસ અને આડચોના આ વર્ગનું એક જ કુલ છે: ૧. આડિ Anatidae.

કુલ ૧. આડિ Anatidae

એની આઠ ભારતીય શાખાઓમાંની સાત શાખાઓનાં પક્ષીઓ ગૂજરાતમાં દૃષ્ટિગોચર થયાં છે: ૧. ? સ્વૉન Cygninae, ૨. કંટકપક્ષ Plectropterinae, ૩. હંસ શરાટિકા Chenonettinae, ૪. હંસ Anserinae, ૫. આડિ Anatinae, ૬. ? અવગાહનશીલ આડિ Nycrocinae અને ૭. નિમજ્જનશીલ Merginae.

કુલ-શાખા ૧. ? સ્વૉન Cygninae

પક્ષિવિદ્યાના યથાર્થ જ્ઞાનને અભાવે ભારતીય શિલ્પીઓ અને સાહિત્યકારોએ જે પક્ષીને 'હંસ' પદે સ્થાપીને મિથ્યા પ્રસિદ્ધિ આપી છે, એ દીર્ઘગ્રીવાવાળું સુંદર પક્ષી 'સ્વૉન' Swan ભારતેતર દેશોનું વાસી છે અને વિરલતમ પ્રસંગે યાયાવર યાત્રી રૂપે ભારતવર્ષના એકાદ પ્રદેશમાં દર્શન દે છે. એની આ શાખાનું કેવળ એક જ ગોત્ર છે: ૧. ? સ્વૉન Cygnus.

ગોત્ર ૧, **? સ્વૉન Cygnus** Bechstein.

S 2245 (J 944 ter). **Cygnus minor** Keyserling & Blasius.

(સાલિમ અલિએ **Cygnus bewickii jankowskii** Alpheraky અભિધાન સ્વીકાર્યું છે, જેનો ઉલ્લેખ ફૉનામાં નથી.)

Alpheraky's Swan.

ઍલ્ફેરૅકીનું સ્વૉન પક્ષી.

યાયાવર. શીતકાલ. કચ્છ: ભૂજ (હમીરસર તળાવ, ૮-૪-૪૭.—કુ. મદનસિંહ). "વિરલતમ. અદ્ય પર્યંત ભારતવર્ષમાં આ જાતનાં પક્ષી—Bewick's Swan, **Cygnus bewickii bewickii**—હસ્તગત કર્યાંના ત્રણ જ પ્રસંગ છે: (૧) ૨-૧૨-૧૯૦૭, જેકોબાબાદ, સિંધ, (૨) ૩૦-૧૨-૧૯૧૦, મરદાન, ઉ. પ. પ્રાન્ત (૩) ૧૭-૧૨-૧૯૧૩, ખુશદિલખાન, કવેટા પાસે. આ ગોત્રની બીજી જાત—Whooper Swan, **Cygnus cygnus** Linnacus-નાં પક્ષી ત્રણ પ્રસંગે અને ત્રીજી જાત—Mute Swan, **Cygnus olor** Gmelin-નાં પક્ષી ચૌદ પ્રસંગે સને ૧૯૧૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધીમાં ભારતવર્ષમાં મળી આવ્યાનું નોંધાયું છે. એટલે સને ૧૯૧૫ થી ૧૯૪૭ સુધીનાં ૩૨ વર્ષમાં આ પ્રથમ જ 'સ્વૅાન' આપણા સમગ્ર પ્રદેશમાં, ભૂજમાંથી નોંધાય છે."—સાલિમ અલિ.

કુલ-શાખા ૨. કંટકપક્ષ Plectropterinae

એનાં ત્રણ ભારતીય ગોત્રોમાંનું એક જ ગોત્ર—૧. માંસખણ્ડયુત વયસ્ Sarkidiornis—ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. માંસખણ્ડયુત વયસ્ Sarkidiornis Eyton

S 2247 (J 950). **Sarkidiornis melanotus** Pennant.

(સાલિમ અલિએ S. m. melanotus Pennant એવું ત્રિવૃત અભિધાન સ્વીકાર્યું છે, જેનો ઉલ્લેખ ફૅનામાં નથી.)

"Nukhta" or Comb-Duck.

नकटो के (नर पक्षीनी) चांच उपर ऊभा मांसखण्डवाळुं आड्य. नकटा (हिं.), नकूवा (छोटा नागपुर); नाकी-हंस (ऊडीया). कोरो -हंज (सिंधी).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (લિટલડેલ), ખેડા (આલિડ્ર્ય), ગોમલજ (હ. આ.); ઉ. ગૂજરાત: (સમગ્ર પ્રદેશમાં સામાન્ય—બાર્ન્સ), (ઊભું વરસ પાણી રહેતું હોય એવાં જળાશયોમાં સ્થાયી—બટલર), અમદાવાદ (ચંડોળા. વિપુલ નહિ—હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ).

કુલ-શાખા ૩. હંસશરાટિકા Chenonettinae

એનાં બે ભારતીય ગોત્રોનું એક ગોત્ર-૧. શરાટિપાદ Nettapus-ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. શરાટિપાદ Nettapus Brandt

S 2250 (J 951). **Neltapus coromandelianus coromandelianus** Gmelin. Cotton Teal.

मीठा जळनुं लघुतम आड्य. गिर्री, गिर्रीआ, गिरजा (हिं.). गंगा-रिएल, गंगानी (बं.).

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: વડોદરા (૨૦ માઇલ દૂર આવેલું મુવાલ તળાવ-લિટલડેલ), પારડી (સૂરત.-બારટન), ખેડા (આલિડ્ર્ય); ઉ. ગૂજરાત: લોદરીયા (અમદાવાદ.-બારટન), આહદુરા (અમદાવાદ.-બારટન), મહીસા (મહીકાંઠા.-મૅાસ), સાઠંબા મહીકાંઠા.-મૅાસ): સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (૧૯૩૬માં.-પદ્મકાન્ત); કચ્છ: (અત્યંત વિરલ. અદ્યપર્યંત કેવળ આટલાં જ નોંધાયાં છે: ભૂજ તળાવ, એક યુગલ, ૧૨-૬-૩૬, હુમાયુન અલિ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંજારનું હમીરસર, એક યુગલ, શિશિર, ૧૯૩૭, આરચર.-સાલિમ). "મને યાયાવર લાગે છે, જો કે પ્રજનન પૂરતાં થોડાં રોકાતાં હોય."—બટલર. "અત્યંત સામાન્ય. સવિશેષ મે જૂનમાં એ મુવાલ તળાવમાં સેંકડોની સંખ્યામાં રહેતાં હોય છે. વર્ષાનો આરંભ થતાં એ મુવાલ તજીને સમગ્ર પ્રદેશમાં અન્તર્ભાગમાં વિસ્તરે છે અને પ્રસંગે નાનાં ખાબોચીયાં કે તળાવોનો આશ્રય લે છે-એટલાં સંખ્યાતીત કે

"Affording scarce such breadth of brim,
As served the wild duck's brood to swim."

—અને એના પડખે જ પ્રજનન કરે છે."—લિટલડેલ.

કુલ-શાખા ૪. હંસ Anserinae

માનસ સરોવરના વાસી અને સંસ્કૃત સાહિત્યકારોએ જેમને પક્ષિજગતમાં મૂર્ધન્ય-સ્થાને મૂકેલા છે, એ યથાર્થ "હંસ" Geeseની એ શાખાનાં બે ભારતીય ગોત્રોમાંના એક ગોત્ર—૧. હંસ Anser-નાં પક્ષી ગૂજરાતમાં પણ દૃષ્ટિગોચર થાય છે.

ગોત્ર ૧. હંસ Anser Brisson

* S 2252 (J 945). **Anser anser** Linnaeus. Grey Lag Goose.

भूखरो मोडो पडतो के विलम्बित हंस. सोना, कारूरीआ सोना, राजहंस (हिं.). खार–हंस (भागलपुर). राजहंस (आसामी). सं. नीलपृष्ठः कादंबः, कलहंसः.

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ખેડા (આહ્લિચ); ઉ. ગૂજરાત: (વિરલ.-બટલર), લખતર (સિમન્સ); સૌરાષ્ટ્ર: (બટલર); કચ્છ: (પ્રપૂર્ણાંવર્ષાઋતુનાં પગલે અતિ વિપુલ.-સાલિમ.) ઇંગ્લંડનાં પાળેલાં હંસનો આદિ પુરુષ. ઉ. યુરોપ અને ઉ. એશિઆનો વાસી. શીતકાલે ભારતવર્ષ, બર્મા અને ચીન અને ત્યાંથી પશ્ચિમમાં ઉ. આફ્રિકા પર્યંત જનારા.

* S 2253 (J 947). **Anser albifrons albifrons** Scopoli. White—Fronted Goose.

आगळना भागे धॉळो हंस.

યાયાવર. શીતકાલ. કચ્છ: અંજાર (વિરલ. વિપથ થયી આવી ચ્હડેલાં, દેવીસરના ગંધાતા તળાવમાં ૩ પક્ષીઓ હણેલાં. ફેબ્રુઆરી ૧૮૯૨.-લેસ્ટર).

* S 2258 (J 949). **Anser indicus** Latham. Bar-Headed Goose.

पटायत माथावाळो हंस. हंस. कारेयी–हंस, राजहंस (हिं.), नंग पा (लडाखी). नीर–बाथु (कोइम्बतुर), सँ. राजहंसः, मानसोत्कः,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

मानसौकः, मानसप्रियः, नीलाक्षः, सितच्छदः, चक्राङ्गः, मरालः. યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ગોભળજ (હ. આ.); ઉ.ગૂજરાત: (માત્ર અવારનવાર આવનારા-બાર્ન્સ), અમદાવાદ (ચંડોળા તળાવ. ૧૫ પક્ષી, ૨૭મી ડીસેમ્બર ૧૯૩૯.-હ. આ.), છારોડી (અમદાવાદથી પશ્ચિમે ૨૦ માઇલ.- હ. આ.), સોનાસણ (સિમન્સ), શામળાજી (ઈડર પ્રદેશ.-કા. સુ. ૧૫-હ. આ.); કચ્છ: (મહારાવ શ્રી વિજયરાજ), (વિરલ-સાલિમ.). તિબેટ અને હિમાલયનો વાસી. સંસ્કૃત સાહિત્યનો હંસ એ આ જ. માનસ તટે હજારે ભેગા મળીને પ્રજનન કરે છે.

કુલ-શાખા ૫. આડિ Anatinae

જલ પૃષ્ઠ ઉપર સંતરણશીલ આડ્યો એટલે બતકની આ શાખા. એનાં બાર ભારતીય ગોત્રોમાંનાં અગીઆર ગોત્રો ગૂજરાતમાં વસે છે: ૧. ગુલ્મચર સ્વૉન Dendrocygna, ૨. ચિત્રાઙ્ગ Tadorna, ૩. ચક્રવાક Casarca, ૪. આડિ Anas, ૬. પ્રલમ્બપત્ર Chaulelasmus ૭. ? ફરાઓ Mareca, ૮. શરાટિકા Nettion. ૯.? પરાસ Dafila, ૧૦.? કરૅડીયો Querquedula, ૧૧. દર્વી Spatula અને ૧૨. મર્મર શરાટિકા Marmaronetta.

ગોત્ર ૧. ? ગુલ્મચર સ્વૉન Dendrocygna Swainson

S 2260 (J 952). **Dendrocygna javanica** Horsf. Lesser or Common Whistling Teal.

नानकडी के सामान्य सीसोटी वगाडनारी आड्य. सिल्ही (हिं.). सरल, शराईल (बं.). हंस-राली (ऊडीया). हरिद्लि-हंस (पू.बं.). સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત; સાલધના (૧-૯-૪૫, ૧૭ ઈંડાં. ખેડા.-આલ્ડ્રિચ), ઉ. ગૂજરાત: (સામાન્ય. વર્ષામાં અતિ વિપુલ.-બટલર), ડીસા (બાર્ન્સ); સૌરાષ્ટ્ર: (બટલર), ઑખામણ્ડલ (મૉસ), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (અતિ વિપુલ નહિ.-સાલિમ.).

* S 2261 (J 953). **Dendrocygna fulva** Gmelin. Large Whistling Teal.

मोटी सीसोटी वगाडनारी आड्य.
યાયાવર. શીતકાલ. કચ્છ: (અસામાન્ય-લેસ્ટર).

ગોત્ર ૨. ચિત્રાઙ્ગ Tadorna Fleming.

* S 2262 (J 956). **Tadorna tadorna** Linnaeus. Sheldrake.

विविध रंगवाळी आड्य. शाह-चकवा, सफेद-सुरखाब, राराइआ (हिं.). शाह मुरगाबी (सिंधी).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાયાવર. શીતકાલ. સૌરાષ્ટ્ર: (વિરલ-બટલર); કચ્છ: (અતિ વિરલ. અદ્ય પર્યંત કેવળ એક જ પક્ષી જોવામાં આવ્યું છે, જેને ૧૯૨૧ના શિશિરકાલમાં કર્નલ ઓબ્રાયને ભચઉના તળાવમાં હણ્યું હતું.-સાલિમ.).

ગોત્ર ૩. **ચક્રવાક** Casarca Bonaparte.

* S 2263 (J 954). Casarca ferruginea Vroeg Ruddy Sheldrake or Brahminy Duck.

प्रधानतया कपिल वर्णनी विविध रंगी आडय. चकवा, चकवी, सुरखाब, लाल (हिं.). सं. चक्रवाकः, चक्रः, रथाङ्गनामन्, कोकः, सुवर्णहंसः.

ચાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ગોભળજ (તળાવ. ૧૯૩૬; ૫૦ પક્ષી, ૧૯૩૮,—હ. આ.). ખેડા (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત: અમદાવાદ (ચંડોળા તળાવ. સામાન્યતયા વિપુલ. કોઇક વર્ષે પરિમિત સંખ્યેય; ૩૦ પક્ષી, ૨૭-૩-૩૭; ૬૦ પક્ષી, ૨૦-૫-૩૯; ૧૦૦-૧૨૫ પક્ષી, ૭-૫-૪૮.—હ. આ,) સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (ભૂજ, હમીરસર, એક યુગલ, ૫-૩-૪૪.—સાલિમ.; માંડવી અને રાવળપીર વચ્ચેની ખાડીમાં બાર પક્ષી, નવેમ્બર ૧૮૯૨; ભીમાસર, ડીસેમ્બર ૧૮૯૭.—લેસ્ટર.). સંસ્કૃત સાહિત્યનો ચક્રવાક કે સુવર્ણ હંસ. અત્યંત મનોહર પક્ષી. સમગ્ર પ્રદેશમાં સામાન્ય. દ્વન્દ્વચર કે યૂથચર.

ગોત્ર ૪. **આડિ** Anas Linnaeus.

*2264 (J 958). **Anas platyrhyncha platyrhyncha Linnaeus. Mallard.**

वगडाउ आड्य. बूट, राजे (कच्छी). नील सिर, निर–रुगी (हिं.). निरागे (नर), निरजीआनी (जाया) (सिंधी).

ચાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ખેડા (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત: (સર્વત્ર. અત્યંત અલ્પ સંખ્યેય.-બટલર), (ગૂજરાતમાં કહિંક કહિંક.—બાર્ન્સ), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), ઓખામણ્ડલ (મૉસ); કચ્છ: (અસામાન્ય. અલ્પ સંખ્યેય. કઠોર શીતકાલે અતિ વિપુલ.-સાલિમ.).

S 2265 (J 959). **Anas poecilorhyncha poecilorhpncha Forster. Spot-Bill or Grey Dnck.**

बिन्दु अङ्कित चांचवाळी के भूखरी आड्य. गरम–पाई, गुगराल (हिं.). हंजर, हंघर (सिं.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્થાયી અધિવાસી. દ. ગૂજરાત: ખેડા (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત (સમગ્ર પ્રદેશમાં અતિ સામાન્ય.-બટલર), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત), ઑાખામણ્ડલ (મૉાસ); કચ્છ; (અતિ વિપુલ નહિ.-સાલિમ.). સ્થાયી અધિવાસી આડ્યોમાં વ્યાપકતમ આડ્ય.

ગોત્ર ૬. પ્રલમ્બપત્ર Chaulelasmus Bonaparte.

* S 2269 (J 961). **Chaulelasmus streperus** Linnaeus. Gadwall.

बुआर (नर), बुआरी (जाया) (नळकंठो). मिला, व्हुआर, वेयखर (हिं.). पैंग हंस (बं.). बुहार, बुहारी (सिंधी).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ખેડા (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત: (આપણી સામાન્યતમ અડ્યોમાંની એક. સર્વત્ર.-બાર્ન્સ), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ઑાખામણ્ડલ (મૉાસ), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (સાલિમ), (કચ્છની ઘણું કરીને સામાન્યતમ આડ્ય.-લેસ્ટર).

ગોત્ર ૭. ? ફરાઓ Mareca Stephens.

* S 2270 (J 963). **Mareca penelope** Linnaeus. Widgeon.

फराओ (नर), फराइशी (जाया) (नळकंठो); पीसन, पटारी, फरिंआ, छोटो लालसीर (हिं.). फराओ (सिंधी).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ખેડા (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત: (અસામાન્ય.-બટલર); સૌરાષ્ટ્ર: (સામાન્ય.-બટલર), ઑાખામણ્ડલ (મૉાસ), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (વિપુલ. લેસ્ટરના કથનાનુસાર આડ્યોની અશેષ જાતોમાં સૌથી પાછળથી કચ્છમાં આવનારી.-સાલિમ.).

ગોત્ર ૮. શરાટિકા Nettion Kaup.

* S 2271 (J 964). **Nettion crecca crecca** Linnaeus. Common Teal.

सामान्य नानकडी आड्य. जेखलो, शेखलो, चेखलो (नर), शेखली (जाया) (नळकंठो). छोटो मुरखुबी, लोहिआ केरूरा, पटारी (हिं.).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ખેડા (આલ્ડ્રિચ); ઉ ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ડીસા (૨૦-૮-૭૬: ૧૦-૪-૭૬—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ઑાખામણ્ડલ (મૉાસ), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (રાવળપીર તળાવ, માંડવી, ૨૮-૮-૪૩.—સાલિમ.). સમગ્ર પ્રદેશમાં સામાન્ય અને વિપુલતમ. વિશાળ યૂથ રૂપે સૌથી પ્રથમ આવનારી આડ્યોમાંની એક.—બાર્ન્સ, સાલિમ અલિ.

* S 2272 (J 966). **Nettion formosum** Georgi. Baikal Teal.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

रुशीआना बैकाल सरोवरनी वासी नानी आड्य.
યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: જુહાર (અમદાવાદથી પશ્ચિમે ૨૫ માઈલ. ૧૬-૧૨-૧૮૯૮. એક જાયા પક્ષી હણ્યું હતું.-બાર્ટન). સમગ્ર ભારતવર્ષમાં વિરલતમ આડ્ય.

ગોત્ર ૯. ? **પરાસ** Dafila Stephens.

* S 2274 (J 962). **Dafila acuta acuta** Linnaeus. Pintail.

नरनी पुछडीमां तार जेवां पींछांवाळी आड्य. परास, सिंकपर, सांद (हिं.). कोकराली, द्रीधुष (सिंधी). दीग्-हंस (बं.).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ખેડા (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ડીસા (૨૦-૧૦-૭૬: ૧૪-૪-૭૬.—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ઑખામણ્ડલ (ગૅાસ), ભાવનગર (પદ્મકાન્ત), વાંકાનેર (યુવરાજ ચંદ્રભાનુસિંહે ૨૦-૧-૪૬ના દિવસે એક પક્ષી હણ્યું હતું, જેના પગે, મોસ્કોના પક્ષિમુદ્રાબન્ધન વિભાગના અસ્ત્રાખાન રાજ્ય સંરક્ષિત પ્રદેશની ૩૦-૭-૪૪એ બાંધેલી ક્રમાંક ૮૩૩૫૦D વાળી મુદ્રા હતી); કચ્છ: (બટલર). અતિ મનોહર રૂપવાળી આડ્ય. સામાન્યવત્.

ગોત્ર ૧૦. ? **કરેડીયો** **Querquedula** Stephens.

* S 2275 (J 965). **Querquedula querquedula** Linnaeus. Gargeny or Blue-Winged Teal.

गारगेनी के नील रंगी पांखोवाळी नानी आड्य. करेंडीयो (नळकंठो). चैटवा, खिरा, पटारी (हिं.). गंग-राइब (बं.). घिला-हंस (आसामी).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ખેડા (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત: (સમગ્ર પ્રદેશમાં સામાન્ય અને અતિ વિપુલ, પરંતુ ક્રમાંક ૨૨૭૧ જેટલાં બૃહદ્ યૂથરૂપે તો નહિ.-બાર્ન્સ), અમદાવાદ (હ. આ.), ડીસા (૭-૮-૭૬: ૧૪-૪-૭૬.—બટલર); સૌરાષ્ટ્ર: (બટલર), ઑખામણ્ડલ (ગૅાસ), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (ક્રમાંક ૨૨૭૧ પછી આવનારી. દેવીસર, ૬-૫-૯૭.—લેસ્ટર).

ગોત્ર ૧૧. **દર્વી** Spatula Boie.

* S 2276 (J 957). **Spatula clypeata** Linnaeus. Shoveller.

तावेता के कडछी जेवी चांचवाळी आड्य. गइणो (नळकंठो). टोकरवाला, गिराह, टिडरी, पुनाना (हिं.). पंता-मुखी (बं.). गिणो, लंघो (सिंधी).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ખેડા (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(સમગ્ર પ્રદેશમાં અત્યંત સામાન્ય. વિશાલ યૂથ રૂપે નહિ પરંતુ નાનાં ટોળાં રૂપે. ઊઘાડાં સરોવરો કરતાં તળાવ કાંઠાનાં વિશેષ પક્ષપાતી.- બાર્ન્સ), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્ર : (બટલર), ઑખામણ્ડલ (મૉસ), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ : દેવીસર (૬-૫-૪૭.—લેસ્ટર; સામાન્ય અને વિપુલ. વસન્તમાં નિવર્તન પ્રસંગે, કચ્છમાંથી મોડામાં મોડાં નીકળનારાંમાંનું એક.-સાલિમ.).

ગોત્ર ૧૨. **મરમરશરાટિકા** Marmaronetta Reichenbach.

* S 2277 (J 961). **Marmaronetta angustirostris** Menetries. Marbled Teal.

संगेमरमर जेवा अलंकृत देहवाळी नानी आड्य. चोइ (सिंधी).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત : વડોદરા (બાર્ટન); ઉ. ગૂજરાત : (અત્યંત પરિમિત સંખ્યેય કે વિરલ.-બાર્ન્સ), (બટલર); સૌરાષ્ટ્ર : ભાવનગર (પદ્મકાન્ત).

કુલ-શાખા ૬. અવગાહનશીલ આડિ Nyrocinae

એનાં ત્રણ ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો-૧ શરાટિ Netta અને ૨. અવગાહનશીલ આડિ Nyroca-નાં પક્ષીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. **શરાટિ** Netta Kaup.

* S 2278 (J 967). **Netta rufina** Pallas. Red-Crested Pochard.

लाल कांध अने लाल माथा उपर शिखावाळी आड्य. रातो बारी (नळकंठो). लाल चांच, लाल सीर (हिं.). हेरो हंसा (नर), चोब्रा हंस (जाया) (बं.). बात्शा, रुताबो (सिंधी). देवहंस (आसामी).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત: (સામાન્ય મોટાં તળાવ અને સરાણોમાં પાણીની વચ્ચે જ રહેનારી અત્યંત સાવધાન આડ્ય.-બાર્ન્સ), (બટલર); સૌરાષ્ટ્ર : (બલટર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ; (બટલર).

ગોત્ર ૨. **અવગાહનશીલ આડિ** Nyroca Fleming.

* S 2279 (J 968). **Nyroca ferina ferina** Linnaeus. Pochard or Dunbird.

लाल माथुं अने लाल कांधवाळी आड्य. तारंडोयो (नळकंठो). धुसंडा (कच्छी). बुरार-नार, लालसीर (हिं.). लाल मुरिया (बं.).

યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત : ખેડા (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત : (સામાન્ય પરંતુ ઘણા પ્રસંગે સ્થાન વિશેષે વિસ્તરેલી.-બટલર), અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ઑખામણ્ડલ (મૉસ), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ : (સાલિમ.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

* S 2280 (J 969). **Nyroca rufa rufa** Linnaeus. White-Eyed Pochard.
धोळी आंखो अने लाल माथुं तथा लाल कांधवाळी आड्य. तामणी (नळकंठो). बुरार–मादा, कुरचिया (हिं.). लाल-बिगडी, भूति-हंस (बं.). बुरनु, बरिनो (सिंधी).
યાયાવર. શીતકાલ. દ. ગૂજરાત: ખેડા (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત: (સમગ્ર પ્રદેશમાં ઓછાવત્તા પ્રમાણમાં વિસ્તરેલી. વિપુલ.–બાન્સં), અમદાવાદ (હ. આ); સૌરાષ્ટ્ર: (બટલર), ઑખામણ્ડલ (મૉસ), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: સાલિમ.).

* S 2283 (J 971). **Nyroca fuligula fuligula** Linnaeus. Tufted Pochard.
छोगावाळुं लाल माथुं तथा लाल कांधवाळी आड्य. काळवेलीयो (नळकंठो). डुनरु, अबलक, रुहवाडा (हिं.). तुराण्डो, रुणहारो (सिंधी). बामुणिया हंस (आसामी).
યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: (સામાન્ય પરંતુ વિશાળ જળાશયો પૂરતી મર્યાદિત.–બટલર); સૌરાષ્ટ્ર: (પદ્મકાન્ત), ઑખામણ્ડલ (મૉસ); કચ્છ: (સાલિમ.).

કુલ–શાખા ૮. નિમજ્જનશીલ Merginae

એનાં બે ભારતીય ગોત્રોમાંનું એક ગોત્ર–૧. નિમજ્જનશીલ Mergellus–ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. નિમજ્જનશીલ Mergellus Selby.

* S 2286 (J 973). **Mergellus albellus** Linnaeus. Smew.
मत्स्यभोजी आड्य. निकेन्ने (हिं.). झाली (सिंधी).
યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: (વિરલ.–બટલર).

વર્ગ ૧૫. શ્રોણિપાદ Pygopodes

ભારતીય પક્ષી જગત–સ્થાયી અધિવાસી અને યાયાવર–નો આ અન્તિમ વર્ગ. એનાં બે ભારતીય કુલોમાંનું એક કુલ–૧. પાયુપાદ Podicepidae–ગૂજરાતમાં વસે છે.

કુલ ૧. પાયુપાદ Podicepidae

એ કુલનું એક જ ગોત્ર છે: પાયુપાદ Podiceps.

ગોત્ર ૧. પાયુપાદ Podiceps Linnaeus.

* S2290 (J 974). **Podiceps cristatus cristatus** Linnaeus. Great Crested Grebe.
मोटुं शिखावाळुं पुछडी विहोणुं डुबकीमार जळचारी. शिव–हंस (आसामी).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાયાવર. શીતકાલ. ઉ. ગૂજરાત: (એકાન્ત વિરલ, છતાં હોય ત્યાં અતિ વિપુલ.—બટલર), વીરમગામ (૧૩-૩-૧૯૦૫.—બક્લે), ખારાઘોડા (બક્લે); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (ઑગસ્ટ, ૧૯૪૭.-ધર્મકુમારસિંહ); કચ્છ: (બટલર).

S 2292 (J 975). Podiceps ruficollis capensis Salvadori. Indian Little Grebe.

भारतीय नानुं पुछडी विहोणुं डूबकीमार जळचारी. पानडूब, पानतिरूरी, डुबीडुबी, चुरका (हिं.). डुबडी (बं.).

સ્થાયી અધિવાસી. ઉ. ગૂજરાત: અમદાવાદ (સામાન્ય.-હ. આ.); સૌરાષ્ટ્ર: (બટલર), ભાવનગર (પદ્મકાન્ત); કચ્છ: (વૃષ્ટિયોગે સ્થાનિક પરિભ્રમણ કરનારાં.-સાલિમ.).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંશ ૩. સરીસૃપ Reptilia

અનુષ્ણ (શીત) રક્ત અને શલ્કાવૃત દેહવાળાં સપાદ તેમજ પાદહીન પૃષ્ઠવંશવત્ પ્રાણીઓના આ વંશની જાતિ સંખ્યા (૨૦ જાતના મગર, ૨૨૫ જેટલા કાચબા ૨૫૦૦ ઘો અને ૨૩૦૦ સાપ) સસ્તન પ્રાણીઓની જાતિ સંખ્યા કરતાં અનેક ગણી વધારે છે. આ વંશની અંતર્ભુક્ત કેટલીક એવી પ્રાણી જાતિઓ પણ છે કે એમના દ્વારા જેટલાં મનુષ્યો મરે છે એટલાં ભાગ્યે જ અન્ય કોઈ પ્રાણીવંશ દ્વારા મરતાં હશે.

આ વંશના ચાર વર્ગોમાંના ત્રણ વર્ગો—૧. વ્યૂઢકંટક Loricata, ૨. કચ્છપ Testudines, ૩. શલ્કાવૃત Squamata—નાં પ્રાણીઓ ગૂજરાતમાં વસે છે.

વર્ગ ૧. વ્યૂઢકંટક Loricata

રોમને સ્થાને શલ્ક (ભીંગડાં) કે અસ્થિપત્રખંડના કવચથી સંનદ્ધ દૃઢ શરીરવાળાં પ્રાણીઓના આ વર્ગનું એક જ કુલ ભારતીય છે: ૧. નક્ર Crocodilidae.

કુલ ૧. નક્ર Crocodilidae

મગર અને એનાં સગોત્રીઓનાં આ કુલનાં બે ગોત્રો—૧. કુમ્ભીર Gavialis અને ૨. નક્ર Crocodilus–માંના પ્રથમ ગોત્રનો મગર 'ઘડીઆલ' (<सं. घट:. એ જાતના મગરના નર પ્રાણીના નાકના ટેરવા ઉપર, ઊંધા પાડેલા માટીના ઘડા જેવો માંસપિણ્ડ હોવાના કારણથી; એથી જ એનું સંસ્કૃત અભિધાન कुम्भीरः < कुम्भः.), પૃથ્વીપટ ઉપર અધુના વિદ્યમાન અશેષ મગર યોનિઓમાં પ્રાચીનતમ અવશિષ્ટ કેવલ એક જ મગર યોની છે છતાં હવે એમની વસતિ ભારતવર્ષના સિન્ધુ અને બ્રહ્મપુત્ર જેવા નદો અને ગંગા અને મહાનદી જેવી નદીઓ અને એમની શાખાઓ પૂરતી મર્યાદિત છે. એ જાતિના મગરના જે અશ્મીભૂત ઉત્ખાત અવશેષો શિવાલિક ગિરિમાળા અને નર્મદાના પ્રદેશમાંથી પ્રાપ્ત થયા છે, એ ઉપરથી પુરાણ યુગોમાં એમનું દેહ પ્રમાણ ૫૦ થી ૬૦ ફૂટ હોવાનું જાણવામાં આવ્યું છે. આજે તો એ ૩૦ ફૂટના વામનદેહી જ રહ્યા છે. એ ગોત્રનાં પ્રાણી ગૂજરાતમાં થતાં નથી.

ગોત્ર ૨. નક્ર Crocodilus Gronovius

S 4. **Crocodilus palustris** Lesson. 'Mugger' or Marsh– or Broad –Snouted Crocodile.

मगर अथवा सराणोनो वासी अथवा पहोळा टेरवावाळा नाकवाळो मगर. सं. नक्रः, ग्राहः.

દ. ગૂજરાત: નર્મદા, તાપી, મહી, વાત્રક આદિ નદીઓ અને ગામ તળાવો; ઉ. ગૂજરાત: ગામ તળાવો (સાબરમતી કે સરસ્વતીમાં મગર વસતા હોવાનું જોવામાં કે જાણવામાં આવ્યું નથી.—હ. આ.); સૌરાષ્ટ્ર; કચ્છ. સર્વત્ર. અત્યંત પરિચિત જલગ્રાહ. ઉ. ગૂજરાતની સરખામણીએ દ. ગૂજરાતનાં નદી તળાવોમાં એમની વસતિ વ્યાપકતર છે. અમદાવાદથી પચીસેક માઇલ છેટે આવેલા બારસણ બરોડાના યુગ્મગ્રામ આગળ વાત્રકમાં એમની એટલી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારે વસતિ છે કે શીયાળામાં કોઈ પણ પ્રભાતે એકાદ માઇલ જેટલા પ્રવાહમાં ૫૦ થી ૭૫ જેટલા મગર કુંણા સૂર્યપ્રકાશની હુંફ માણતા કિનારે પડેલા જોવામાં આવે છે. એમની આવી વ્યાપકતાનું કારણ એમના આહારોપાદનની સુવિધા છે. વાત્રકમાં હ્રદો એટલે ધરા અનેક હોવાથી એમાં માછલીઓ વિપુલ સંખ્યામાં જીવે વધે છે—એટલી બધી કે ભારતવર્ષનાં માછલીના શિકારનાં ઉત્તમ સ્થલોમાં બારસણ બરોડા પાસે વહેતી વાત્રકની ગણના અને પ્રશંસા થાય છે. એટલે સ્વાભાવિક છે કે આ માછલાંનો આકણ્ઠ આહાર કરીને મગર સમાજ અનિયન્ત્રિત વૃદ્ધિ પામતો રહે. આ જાતિના મગરની સાધારણ લંબાઈ ૧૩ ફૂટ હોય છે: જોકે વાત્રકમાં તેમ જ અન્યત્ર ઉ. ગૂજરાતનાં તળાવોમાં ૯-૧૦ ફૂટ કરતાં મોટા મગર મારા જોવામાં કે જાણવામાં આવ્યા નથી.—હ. આચાર્ય.

વર્ગ ૨. કચ્છપ Testudines

અસ્થિપુટપિનદ્ધ કાયાવાળા ભૂચર તેમજ જલચર કાચબા આ વર્ગનાં અંતર્ભુક્ત પ્રાણીઓ છે. ભારતવર્ષના શિવાલિક મણ્ડલમાંથી જે પ્રાગૈતિહાસિક ઉત્ખાત અશ્મીભૂત અવશેષો મળી આવ્યા છે, એમાં ૨૦ ફૂટ મોટું કાચબાનું પીઠનું કવચ પણ મળ્યું છે. એમની બે ભારતીય શાખાઓ છે: ૧. નિષ્પઞ્જર Athecae અને ૨. સપઞ્જર Thecophora. આમાંની પ્રથમ શાખાનાં શલ્કહીન છતાં ઘનત્વગ્મણ્ડિત મૃદુકટાહવાળાં પ્રાણીઓ ગૂજરાતનાં વાસી નથી.

વર્ગ-શાખા ૨. સપઞ્જર Thecophora

પીઠ ઉપર, પરસ્પર સંલગ્ન અસ્થિખંડોના દૃઢ કટાહવાળા કમઠોની આ શાખાનાં ત્રણ મહાકુલો છે: ૧. કમઠ Carettoidea, ૨. પ્રચ્છન્નકકુદ્ Cryptodira અને ૩. ત્રિણખ Trionychoidea. આમાંના પ્રથમ મહાકુલનાં પ્રાણીઓ ગૂજરાતમાં વસતાં નથી.

મહા-કુલ ૨. પ્રચ્છન્નકકુદ્ Cryptodura

આકુઞ્ચનપ્રસારણક્ષમ ગ્રીવા અને શીંગડાં જેવાં શલ્કવેષ્ટિત દેહપૃષ્ઠવાળા કાચબાના આ મહાકુલનાં છ કુલોમાંનાં ત્રણ કુલો ભારતીય છે. એમાંનું એક કુલ—૯. કૂર્મ Testudinidae—ગૂજરાતમાં પણ વસે છે.

કુલ ૯. કૂર્મ Testudinidae

આપણા આ 'સર્પ-ગ્રીવ' કાચબા ભૂચર અને વનસ્પતિભક્ષક હોય છે. એમનું એક જ ગોત્ર છે: ૧. કૂર્મ Testudo.

ગોત્ર ૧. કૂર્મ Testudo Linnaeus

S. 39. **Testudo elegans** Schoepff. Starred Tortoise.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

तारांथी अलङ्कृत पीठवाळो काचबो. काचबो. सं. कूर्मः, कच्छपः.

ઉ. ગૂજરાત: પાટણ (હ. આ.). રેતાળ ખેતરોનો વાસી. અસામાન્ય. ઇષત્ શ્યામ ત્વચામાં પીતવર્ણની કિરણાવલિના તારાઓથી એની દેહલતા રમણીય દેખાય છે. સ્વભાવે નિરુપદ્રવી અને બન્ધનાવસ્થામાં પણ સંતોષ અનુભવનારો આ કાચબો બે ફૂટ જેટલો મોટો થાય છે, જો કે જાયા કરતાં નર સહેજ વામનદેહી હોય છે.—હ. આ.

મહા-કુલ ૩. ત્રિણુખ Trionychoidea

એકાન્ત મીઠાં જલ અને કર્દમ ભૂમિના આશ્રયે વસનારા માંસાદ કાચબાનું એક જ કુલ ભારતવાસી છે: ૧. ત્રિણુખ Trionychidae.

કુલ ૧. ત્રિણુખ Trionychidae

મૃદુ ત્વચાના આવરણવાળી પીઠવાળા કાચબાના આ કુલનાં પાંચ ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો—૧. મસૃણપૃષ્ઠ Lissemys અને ૫. ત્રિણુખ Trionyx—નાં પ્રાણીઓ ગૂજરાતની નદીઓ તેમજ કૂપ તળાવ જેવાં જલાશયોમાં પણ વસે છે.

ગોત્ર ૧. મસૃણપૃષ્ઠ Lissemys Smith

S 46 a. **Lissemys punctata granosa** Schoepff. Fresh-water or Mud-Turtle.

ताजां मीठां जळ अथवा कादवनो काचबो. काचब. सं. कूर्मः, कच्छपः.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ (ચંડોળા તળાવ, દાદાહરિની અને અન્ય વાવો.—હ. આ.), કડા (વીસનગર પાસે કૂવામાં.—હ. આ.); કચ્છ: (સ્ટોલિઝ્કા). નદી કરતાં વાવકૂવા અને તળાવના વિશેષ પક્ષપાતી. સ્વભાવે નિરુપદ્રવી, શાંત અને ભીરુ. ઉભયભોજી.

ગોત્ર ૫. ત્રિણુખ Trionyx Geoffroy

S 52. **Trionyx leithi** Gray. Sothern Soft-Shell (=Sterndale).

दक्षिणनो मृदु कवचवाळो काचबो. सं. कूर्मः.

દ. ગૂજરાત: ડાકોર (તળાવ—હ. આ.); બારસણબરોડા (વાત્રક નદી, ખેડા જીલ્લો.—હ. આ.). અત્યંત ચપળ તરનારા, સાધારણતયા માંસભોજી અને જલાભ્યન્તરે જ રહેનારા આપણા પરિચિત કાચબા. એમનું દેહ પ્રમાણ ૫ ફૂટ જેટલું પણ જોવામાં આવે છે. આ જાતના કાચબા સ્વભાવે જ આક્રમણકારી હોઈ, એમનાં બચકાં અત્યંત પીડાકારી નીવડે છે એટલે નાનાં બચ્ચાંને પણ હાથ અડકાડતાં સાવધાન રહેવું પડે છે. ડાકોરના તળાવમાં એક પ્રસંગે એમના સપાટામાં આવેલા પુખ્ત વયના માણસને ખાઈ જઇને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછળ માત્ર અસ્થિખંડ બાકી રાખતા મેં એમને પ્રત્યક્ષ જાણ્યા છે.—હ. આ.

વર્ગ ૩. શલ્કાવૃત Squamata

સરીસૃપ વંશનાં મોટા ભાગનાં પ્રાણીઓ આ વર્ગનાં અંતર્ભુક્ત છે. શરીરરચનાના—સપાદ અને નિષ્પાદ—ભેદે આ વર્ગને બે શાખાઓ—૧. ગોધિકા Sauria અને ૨. સર્પ Serpentes—માં વિભક્ત કરેલો છે.

વર્ગ-શાખા ૧. ગોધિકા Sauria

કેવલ એક અપવાદ—મેક્સિકો વાસી કીલમણ્ડિતત્વક્ 'Heloderma' નામની દંષ્ટ્રાવિષ ઘો-થી અતિરિક્ત, મનુષ્યના વિષયમાં નિરુપદ્રવી ઘો અને એનાં સંબંધીઓની આ શાખાનાં આઠ ભારતીય કુલોમાંનાં છ કુલો—૧. ગૃહગોલિકા Gekkonidae, ૨. કૃકવાકુ Agamidae, ૩. ભૂમિસિંહ Chemaeleonidae, ૪. બ્રાહ્મણી Scincidae, ૫. ગોધા Lacertidae અને ૬. નિહાકા Varanidae—ગૂજરાતનાં વાસી છે. એમાંનું કોઇ ભૂચર, કોઈ બિલેશય, અન્ય વૃક્ષેશય અને એક ભૂજલ-ઉભયચર છે.

કુલ ૧. ગૃહગોલિકા Gekkonidae

સામાન્ય જનો એમને 'મૂક' ગણે છે, પરંતુ વસ્તુતયા મંદ સ્વરે બોલવાની શક્તિવાળાં આ પ્રાણીઓની 'ચકકક' (મલાયાની ભાષામાં 'ગેકોક'), એવી વાણિની શબ્દાનુકૃતિરૂપ 'ગેક્કો' (Gecko) એવું એમનું લૌકિક તેમજ શાસ્ત્રીય નામ પડ્યું છે.

આ કુલનાં બાવીસ ગોત્રોમાંનાં બે ગોત્રો—૪. નગ્નાઙ્ગુલિ Gymnodactylus અને ૧૨. અર્ધાઙ્ગુલિ Hemidactylus—ગૂજરાતી છે.

ગોત્ર ૪. નગ્નાઙ્ગુલિ Gymnodactylus Spix

S 10. **Gymnodactylus kachhensis kachhensis** Stoliczka. Cutch Rock-Gecko.

कच्छनी खडकनी गरोळी.

કચ્છ: 'સમગ્ર પ્રદેશમાં સામાન્ય, પ્રધાનતયા ખડકની ચીરાડોમાં રહેતી હોય છે. માનવ વસતિમાં વિરલ.'—સ્ટોલિકઝ્કા.

ગોત્ર ૧૨. અર્ધાઙ્ગુલિ Hemidactylus Oken

S 55. **Hemidactylus maculatus** Dumeril and Bibron. House-Lizard.

गरोळी.

દ. ગૂજરાત: ?; ઉ. ગૂજરાત: ?; સૌરાષ્ટ્ર: ?; કચ્છ: ?. ભારતીય ગરોળીઓની બૃહત્તમ જાતોમાંની એક. દેહ પ્રમાણ: ૯ ઇંચ. આપણા ત્યાં થતી હોય, એ સંદિગ્ધ છે, પરંતુ પૂર્વે H. maculatus નામ આપણી વ્યાપકતમ ઘરની ગરોળીને અપાતું હતું, એ કારણથી અને 'મુંબઇ જીલ્લા'માં થતી હોવાનો ઉલ્લેખ છે, એટલે એ જીલ્લાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડખે આવેલા દક્ષિણ ગૂજરાતના પ્રદેશની ધારે થતી હોવાનો સંભવ છે, એટલા પૂરતી અહીં ઉલ્લિખિત છે.—હ. આ.

S 60. **Hemidactylus brooki** Gray. House-Lizard or Common House-Gecko (=Sterndale).

सामान्य घरनी गरोळी, गरोळी, ढेढ गीलोडी, गीलोडी. सं. गृहगोलिका, गृहगोधिका, कुड्यमत्स्यः. 'गलगोली' (सुश्रुत).

ગૂજરાત; સૌરાષ્ટ્ર; કચ્છ. ગરોળીની અશેષ ભારતીય જાતિઓમાં નાનામાં નાની (૫ ઇંચ) અને અત્યંત કુરૂપ, આપણી ઘરની રહેનારી પૂર્ણપરિચિત ગરોળી. ગરોળીની અશેષ જાતિઓમાં બૃહત્તમ જાતિ. અતિ સામાન્ય. નિરુપદ્રવી. એના મ્હોંમાં ઝીણા દાંત હોય છે પરંતુ વિષયંત્ર નથી હોતું તેમજ વિષવાહક નલિકા જેવી પોલી દંષ્ટ્રા પણ નથી હોતી. એ કારણથી એકાંત નિર્વિષ છે છતાં, એના વિષથી માણસો અને ગાયભેંસ જેવાં પાલિત પશુઓનાં મરણનો મિથ્યા અપવાદ પામીને હડધૂત બનતી ક્ષુદ્ર કાય ગોધિકા. એની લાળ પણ મનુષ્યને માટે અત્યંત નિર્દોષ હોય છે. એના પ્રમાણરૂપે મારા કેટલાક મિત્રોને ગરોળી ખાવા છતાં જીવતા રહેલા મેં જોયા છે.—હ. આચાર્ય. ઘરની રહેનારી હોવા છતાં અનેક પ્રસંગે ઘરથી દૂર રહેતી પણ દૃષ્ટિગોચર થાય છે.

S 66. **Hemidactylus leschenaulti** Dum. and Bibr. Varied House-Gecko (=Sterndale).

घरनी गरोळी.

દ. ગૂજરાત: સૂરત (સ્મિથ), ડાંગ પ્રદેશ (સ્મિથ). 'ઘરમાં રહેનારી ગરોળીઓની જાતોમાં વિરલતમ જાત.'—સ્ટર્નડેલ.

કુલ ૨. કૃકવાકુ Agamidae

વૃક્ષેશય ગોધિકાઓમાં આપણા અત્યંત પરિચિત કાચંડાના આ કુલનાં ઓગણીસ ભારતીય ગોત્રોમાંનાં ચાર ગોત્રો—૨. બિન્દુમણ્ડિતત્વક્ Sitana, ૧૩. સુદુષ્પ્રભ Calotes, ૧૫. કૃકવાકુ Agama અને ૧૯. પુચ્છકપા Uromastix—ગૂજરાતમાં પણ વસે છે.

ગોત્ર ૨. બિન્દુમણ્ડિતત્વક્ Sitana Cuvier

S 95. **Sitana ponticeriana** Cuvier. Fan-Throated Lizard (=Sterndale).

पंखा जेवा गळावाळो वगडाउ काचंडो.

ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ઊંઝા (હ. આ.); કચ્છ: (સ્ટોલિક્ઝ્કા). વનસ્થલિઓ તેમજ નિરસ્તપાદ પ્રદેશો અને સૂક્કા તેમજ રેતાળ ધરતીનો નિવાસી. સામાન્ય. મધ્યંદિને અતિ તપ્ત રેતી ઉપર દેહ શેકતો, દોડતો ફરતો અને આવેશમય દશામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના ગળા ઉપરના રંગીન માંસખણ્ડોને અત્યંત ત્વરાથી ઊઘાડ-વાસ કરતો દૃષ્ટિગોચર થાય છે.

ગોત્ર ૧૩. **સુદુષ્પ્રભ Calotes Rafinesque.**

S 131. **Calotes versicolor** Daudin. 'Blood-Sucker' or Common Garden-Lizard (=Sterndale).

सामान्य बगीचानो काचंडो. काचंडो. काकीडो (सौराष्ट्री).

सं. सुदुष्प्रभः.

ગૂજરાત; સૌરાષ્ટ્ર; કચ્છ. બાગબગીચા અને વાડીખેતરનાં ઝાડ છોડ અને વાડ ઉપર તેમજ ભરવસતિમાં ભીંત ઉપર ભમતો (નરઃ સંવનન પ્રસંગે લાલરંગથી અલંકૃત થતો) અત્યંત પરિચિત કાચંડો. અતિ સામાન્ય. સર્વત્ર વૃક્ષેશય હોવા છતાં આહારોપાદન અર્થે ભૂમિ ઉપર ઊતરે છે તેમજ સંતાનોત્પત્તિ પ્રસંગે જાયા પ્રાણી ઝાડના મૂળમાં ભોંયમાં દર ખોદીને, એમાં ઈંડાં સંતાડે છે. એનો ઈંડાં મૂકવાનો વિધિ અત્યંત આકર્ષક હોય છે. એ વિધિનું સુંદર વર્ણન, ગુ. પ્ર. મંડલના આદ્ય પ્રમુખ શ્રી જહાંગીર જમસજી આસાનાએ મંડળના મંત્રી અને પ્રકૃતિના સહતંત્રી શ્રી રતિલાલ ખરાદીના સહાયથી કરેલા અવલોકનના આધારે, મું. ને. હિ. સોસાયટીના સામયિકમાં પ્રસિદ્ધ કરેલું છે (૩૪. ૧૦૪૧-૪૭).

ગોત્ર ૧૫. **કૃકવાકુ Agama** Daudin

S 159. **Agama minor** Hardwicke and Gray. ... ...

સૌરાષ્ટ્ર; કચ્છ : (સ્ટોલિકઝ્કા).

ગોત્ર ૧૯. **પુચ્છકષ Uromastix** Merrem.

S 169. **Uromastix hardwickii** Gray. Spiny-Tailed Lizard (=Sterndale).

कांटावाळी पुछडीवाळो काचंडो. सांढो. सं. कंटकितपुच्छः ? पुच्छकषः ?

દ. ગૂજરાત; ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.); સૌરાષ્ટ્ર. રેતાળ ભોંયનું બિલેશય જરઠકાય પ્રાણી. અત્યંત નિરૂપદ્રવી છે છતાં વાજીકરણના ઓઠા હેઠળ વધેરાતું જોવામાં આવે છે.

કુલ ૩. ભૂમિસિંહ Chamaeleonidae

નિતાન્ત વૃક્ષેશય, પર્ણાભ્યન્તર વાસી, ક્રોધ-ભય આદિ પ્રસંગે ઉત્કટભાવે દેહના વર્ણ બદલવાની અપૂર્વ શક્તિવાળા અને ચતુર્દિગ્ દૃષ્ટિક્ષમ નયનયુગ્મવાળા પ્રકૃતિના અદ્ભુત સર્જન સમા આ પ્રાણીના કુલનું એક જ ગોત્ર છેઃ ૧ ભૂમિસિંહ Chamaeleon (એનો અન્ય અર્થ 'ક્ષુદ્રસિંહ' પણ થાય છે.)

ગોત્ર ૧. **ભૂમિસિંહ Chamaeleon** Gronovius.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

S 171. **Chamaeleon zeylanicus** Laurenti. Indian Chamaeleon (=Sterndale).

भारतीय सरडो. सरडो. सं सरटः, कृकलासः, प्रतिर्रविः, कामरूपी, बिंबः.

(આમાંનાં કેટલાંક નામો કાચંડાને પણ અપાય છે.)

દ. ગૂજરાતઃ બોરસદ (બારી); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ.આ.); કચ્છઃ (અ-સામાન્ય.-સ્ટોલિક્ઝ્કા.)

કુલ ૪. બ્રાહ્મણી Scincidae

સૂક્ષ્મ શલ્કાવૃત સુંદર ચકચકિત કપિલવરણી સરળત્વક્ મણ્ડિત કાયાવાળાં સરીસૃપોના આ કુલનાં અરાઢ ભારતીય ગોત્રોમાંનાં પાંચ ગોત્રો-૧ ચલન્નેત્રચ્છદ Mabuya, ૬. નેત્રચ્છદહીન Ablepharus, ૯. નેત્રચ્છાદાવત્ Riopa, ૧૧. સુવિકસિત નેત્રચ્છદ Eumeces અને મંદવેગસર્પ ૧૩. Ophiomorus-નાં પ્રાણીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. ચલન્નેત્રચ્છદ Mabuya Rafinesque

S 177. **Mabuya macularia** Blyth. Spotted Skink.

छुंदणांवाळी बामणी. सं. पृषती ?

કચ્છઃ (બ્લૉન્ગર).

178. **Mabuya carinata** Schneider. Common Striped Skink (=Sterndale).

सामान्य पटावाळी बामणी, बामणीकुकडी. सापनी माशी, पोइ स. ब्राह्मणी, रक्तपुच्छिका, अञ्जनिका. राजीमती ?

દ. ગૂજરાત; ઉ. ગૂજરાતઃ અમદાવાદ, ઊંઝા, વીરેશ્વર (ઈડર ગિરિપ્રદેશ-હ. આ.); સૌરાષ્ટ્ર; કચ્છઃ (સ્ટૉલિક્ઝ્કા). સર્વત્ર. સાધારણતમ. અત્યંત ચપલ, સુન્દર ગુલાબી કે રક્તાવરણા દેહવાળું ક્ષુદ્રકાય પ્રાણી. એનો દંશ મનુષ્યનો ઘાતક મનાય છે પરંતુ એ માન્યતામાં તથ્ય નથી કારણ એના મ્હોંમાં વિષયન્ત્ર હોતું નથી પરંતુ જનદૃષ્ટિથી તિરોહિતપણે લાકડાં, ઢેખાળા, આદિની ઓથે છૂપાઇ રહેવાની એની ટેવના કારણથી આ માન્યતા પોષાય છે.- હ. આચાર્ય.

ગોત્ર ૬. નેત્રચ્છદહીન Ablepharus Fitzinger.

S 222. **Ablepharus grayanus** Stoliczka. ... ...

वगडाउ बामणी; काचंडानी एक जात.

કચ્છઃ (સ્ટૉલીક્ઝ્કા), (પ્રોક્ટર).

ગોત્ર ૯. નેત્રચ્છદાવત્ Riopa Gary

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

S 226. **Riopa albopunctata** Gray. ... ...
वगडाउ बामणी; काचंडानी एक जात.
ઉ. ગૂજરાત: ? અમદાવાદ (હ. આ.).

S 229. **Roipa punctata** Gmelin. ... ...
वगडाउ बामणी; काचंडानी एक जात.
કચ્છ: (સ્ટોલિફ્ઝ્કા).

S 230. **Riopa guentheri** Peters. ... ...
वगडाउ बामणी; काचंडानी एक जात.
ઉ. ગૂજરાત: ? અમદાવાદ (હ. આ.).

ગોત્ર ૧૧. **સુવિકસિતનેત્રચ્છદ** Eumeces Wiegmann.

S 254. **Eumeces shneideri** Daudin. ... ...
वगडाउ बामणी; काचंडानी एक जात.
કચ્છ: (સ્ટોલિફ્ઝ્કા).

S 255. **Eumeces taeniolatus** Blyth. ... ...
वगडाउ बामणी; काचंडानी एक जात.
કચ્છ: (સ્ટોલિફ્ઝ્કા).

ગોત્ર ૧૩. **મંદવેગસર્પ Ophiomorus** Dum. and Bibr.

S 257. **Ophiomorus tridactylus** Blyth. Three-Toed Skink (=Sterndale).
त्रण आंगळांवाळी (वगडाउ) बामणी; काचंडानी एक जात. रिग मही (पंजाबी.=रेतनी माछली).
કચ્છ: (સ્ટોલિફ્ઝ્કા).

કુલ ૬. ગોધા Lacertidae

અશેષ ઘો જાતિનાં આદર્શ પ્રતિકસમાં પ્રાણીઓ આ કુલનાં છે. એનાં પાંચ ભારતીય ગોત્રોમાંનું એક ગોત્ર-૪. અહિદર્શન Ophisops-ગૂજરાતી છે.

ગોત્ર ૪. **અહિદર્શન Ophisops** Menetries.

S 279. **Ophisops jerdoni** Blyth. Snake-Eyes Lizard (=Sterndale).
सापना जेवी आंखोवाळो काचंडो (वगडाउ जात).
કચ્છ: (સ્ટોલિફ્ઝ્કા).

S 282. **Ophisops microlepis** Blanford. ... ...
सापना जेवी आंखो अने झीणां भींगडांवाळो काचंडो; वगडाउ काचंडानी जात.
કચ્છ: "સમગ્ર પ્રદેશમાં અતિસામાન્ય. રેતાળ અને નીચાં જંગલ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાંથી છવાયલી આછી પથરાળ ભૂમિનાં વસનારાં. અતિસંખ્ય: એટલાં વ્યાપક કે એમનું દર્શન કર્યા વિના એક ડગલું પણ ભરવું અશક્ય થતું."-સ્ટોલિક્ઝ્કા.

કુલ ૮. નિહાકા Varanidae

ભૂમિ ઉપર તેમજ જલાભ્યન્તરે નિર્બાધ રહેનારાં સરીસૃપ પ્રાણીઓનું આ કુલ. એનાં અંતર્ગત પ્રાણી એ પાટલા ઘો. એનું એક જ ગોત્ર વિદ્યમાન છે: ૧. નિહાકા Varanus.

ગોત્ર ૧. નિહાકા Varanus Merrem.

S 293. **Varanus monitor** Linnaeus. Common Indian Monitor.

सामान्य भारतीय घो. पाटला घो. घो. घोरपाड (मराठी). सं. निहाका, गोधिका, जलगोधिका.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ, ઊંઝા, પાટણ (હ. આ.); સૌરાષ્ટ્ર; કચ્છ: (સ્ટોલિક્ઝ્કા). અ-સામાન્ય. અત્યંત ચપળ જરડકાય વગડાઉ ઘો. નિર્વિષ હોવા છતાં એનાં જડબાંની પકડ ભારે પીડા કરનારી નીવડે છે. એનું દેહપ્રમાણ ૬ ફૂટ સુધીનું જોવામાં આવે છે, પણ ઉ. ગૂજરાતમાં ૪ ફૂટથી વધુ દીર્ઘકાય પ્રાણી નોંધાયું નથી.-હ. આ.

વર્ગ-શાખા ૨. સર્પ Serpentes

સરીસૃપ વંશનાં સમગ્ર પ્રાણીઓમાં પ્રભૂતતમ જાતિસંખ્યાવાળાં અને ભયંકર વિનાશક શક્તિવાળાં પ્રાણીઓ-સાપ-ની આ શાખાનાં અગીઆર કુલો ભારતવાસી છે. એમાંનાં છ કુલો-૧ અંધાક્ષ Typhlopidae, ૬. જલવ્યાલ Boidae, ૭. અહિ Colubridae, ૯. ? ...... Elapidae, ૧૦. સમુદ્રનાગ Hydrophiidae, અને ૧૧. પ્રાણભૃત્પ્રસૂ Viperidae-ના સાપ ગૂજરાતમાં પણ વસે છે.

કુલ ૧. અંધાક્ષ Typhlopidae

સોંચમાં દર કરીને રહેવાના સ્વભાવના કારણથી જનદૃષ્ટિથી સદૈવ તિરોહિત રહેનારા, અળસીયાં જેવા દેહ અને અસ્પષ્ટ આંખોવાળા આ કુલના સાપોનાં ત્રણ ભારતીય ગોત્રોમાંનું એક જ ગોત્ર-૧ અંધાક્ષ Typhlops- ગૂજરાતમાં જોવામાં આવે છે.

ગોત્ર ૧. અંધાક્ષ Typhlops Oppel.

S 3. **Typhlops braminus** Daudin. Common or Brahminy Blind Snake. Common Worm-Snake (=Sterndale).

सामान्य अथवा बामणी आंधळो साप. सं. अन्धाहिकः.

ઉ. ગૂજરાત: (સુતરીયા).

કુલ ૬. જલવ્યાલ Boidae

સમગ્ર સર્પોનીઓમાં બૃહત્તમ દેહપ્રમાણવાળા સાપ આ કુલના છે. ઉત્ખાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અશ્મીભૂત અવશેષોના અવલોકન ઉપરથી જણાયું છે કે પ્રાગૈતિહાસિક પુરાણ કાલમાં આ સર્પોનું દેહપ્રમાણ, આજે જે છે એના કરતાં વધારે હોવું જોઇએ. એમની બે શાખાઓ છેઃ ૧. જલવ્યાલ Boinae અને ૨. અજગર Pythoninae. આમાંની પ્રથમ શાખા—જેમાં દક્ષિણ અમેરિકાનો પ્રસિદ્ધ એનેકોન્ડા અંતર્ગત છે—ના સાપ ગૂજરાતમાં થતા નથી.

કુલ-શાખા ૨. અજગર Pythoninae

એનાં બે ગોત્રો છેઃ ૧. અજગર Phython અને ૨. સિકતાસર્પ Eryx.

ગોત્ર ૧. અજગર Python Daudin.

S 68. **Python molurus Linnaeus.** Indian Python, Rock Python.
भारतीय अजगर. अजगर. सं अजगरः, अलगर्द्धः, अलगर्धः, शयुः, वाहसः.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાતઃ પોપટપરું (બાવળા પાસેઃ અમદાવાદથી ૨૫ માઈલ. ૬ ફૂટ તથા ૮ ફૂટના બે. ૧૦-૧૧-૧૯૧૨.—પી. આર. કૅડલ), સરખેજ (રસ્તે જતાં ખાબોચીયામાં, ૧।। ફૂટનું બચ્ચું. સપ્ટેમ્બર ૧૯૨૮.— જહાંગીર આસાના), વસ્ત્રાપુર (વાડમાં. ૮-૯ ફૂટનો.—જ. આસાના), શાહીબાગ-અમદાવાદ (કૅમ્પના મેદાનમાંથી એક અંગરેજ બે અજગર પકડી લાવ્યો હતો.—જ. આસાના), એલીસબ્રીજ-અમદાવાદ (ગૂજરાત કોલેજના કંપાઉન્ડમાંથી, ૬-૭ ફૂટના બે ત્રણ અજગર મળી આવ્યા છે.—જ. આસાના), (ગૂલ-બાઈના ટેકરેથી એક અજગર મળેલો, અને ૧-૨-૧૯૩૩ થી ૮-૨-૧૯૩૯ પર્યંત બાર્યોલૉજી વિભાગના સંગ્રહસ્થાનમાં જીવતો રાખેલો.—રૂસ્તમજી સુતરીયા), અમદાવાદ (વિદ્યાપીઠની ભૂમિમાં આગલીના ઝાડ ઉપરથી મળેલો.—રતિલાલ ખરાદી), વીરેશ્વર (ઈડર ગિરિપ્રદેશ.—હ. આ.), ધંધુકા (ભાલ પ્રદેશ. બીડમાંથી.—ડૉ. રણછોડરાય ભટ્ટ), આબુ (રતિલાલ ખરાદી). અ-સામાન્ય. સ્થલવિશેષે રહેનારો. અત્યંત ભીરુ અને શાંત સ્વભાવનો આ નિર્વિષ સર્પ ગૂજરાતમાં ૧૦-૧૨ ફૂટની લંબાઇનો જોવામાં આવે છે.

ગોત્ર ૨. સિકતાસર્પ Eryx Daudin.

S 70. **Eryx conicus Schneider.** Russell's Sand Boa.
रसलनो रेतनो भींस नाखनारो साप. भंफोडी.

દ. ગૂજરાતઃ સુરપાણ પ્રદેશ (ડૉ. રણછોડરાય ભટ્ટ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (હ. આ.), ઊંઝા (હ. આ.), ધંધુકા (ભાલ પ્રદેશ—ડૉ. રણછોડરાય ભટ્ટ). ભૂમિમાં બિલ કરીને રહેનારો, અતિ ચપળ અને ફૂર્સાં કાલસર્પની યથાર્થ પ્રતિકૃતિ સમો છતાં મીઠો સાપ. એના દરના મ્હોં ફરતી ધારે કાંકરા અને ઢીંકરાંના ઢગલાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એંધાણીથી એનું નિવાસસ્થાન ઝટ ઓળખાય છે. 'ભાલમાં આ સર્પ ઠીક પ્રમાણમાં થાય છે અને ૨–૨ા ફૂટ લંબાઇના નમૂના મળી આવે છે. હું જ્યારે સુરપાણ ગયો હતો ત્યારે મને આશરે ૩ા–૪ ફૂટ જેટલો લાંબો આ જાતનો સર્પ જોવા મળ્યો હતો. એનું શરીર ખૂબ જ ધાટીલું હતું. આટલો લાંબો નમૂનો જવલ્લે જ જોવા મળે છે.'—રણછોડરાય ભટ્ટ. ફૉનાની બીજી આવૃત્તિમાં આ જાતના સાપની લંબાઇ, પુછડી સુદ્ધાંત, નરની ૧ા–૧ાા ફૂટની અને જાયાની ૩ા–૩ાા ફૂટની જણાવી છે.—હ. આચાર્ય.

S 71. Eryx johni johni Russell. John's Sand Boa.

जोह्ननो रेतनो भींस नाखनारो साप. चाकळण. आंधळी चाकळण.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ., રતિલાલ ખરાદી), ઊંઝા (હ. આ.). બૂઠી પુછડીના કારણથી બે મહોડાવાળો મનાતો, રેતમાં કે ધૂળમાં ભરાઇ રહેવાના સ્વભાવવાળો અત્યંત ભીરુ, શાંત અને નિરુપદ્રવી મીઠો સાપ. અસામાન્ય.

કુલ ૭. અહિ Colubridae

જલચર, ભૂચર અને વૃક્ષચર જેવા વિવિધ સ્વભાવવાળા, નિર્વિષ (મીઠા) સર્પો તેમજ ભયંકર કાલસર્પોનું આ કુલ સમગ્ર સર્પકુલોમાં બૃહત્તમ છે. એની છ શાખાઓમાંથી કેવલ એક જ શાખા—૩. અહિ Calubrinae–ના સર્પો ગૂજરાતમાં વસે છે. આ જાતના સર્પો ઈતર (Viper જાતિથી અતિરિક્ત) સર્પો પેઠે ઇંડાં મૂકીને સંતાનોત્પત્તિ કરે છે.

કુલ–શાખા ૩, અહિ Colubrinae

એનાં ચાલીસ ભારતીવ ગોત્રોમાંનાં નવ ગોત્રો—૧. ચિત્રાઙ્ગ Elaphe, ૨. નિષ્ઠીવક Ptyas, ૪. અહિ Coluber, ૧૨. ક્ષુદ્રદશન Oligodon, ૧૬. વૃકદંષ્ટ્ર Lycodon, ૨૧. કુણ્ડુભ Natrix, ૩૬. બિડાલાક્ષ Boiga, ૩૮. વાલુકાસર્પ Psammophis અને ૪૦. વૃક્ષસર્પ Dryophis—ના સાપો ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. ચિત્રાઙ્ગ Elaphe Fitzinger.

S 89. Elaphe helena Daudin. Trinket Snake. (પૂર્વે એનું પ્રચરિત શાસ્ત્રીય નામ Coluber helena હતું).

आभूषण समो साप. रूपसुन्दर ?

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ (ઍલિસ બ્રિજ, કરેણના ઝાડમાંથી પકડેલો, ગુ. પ્ર. મંડળના સંગ્રહમાં જીવતો રાખ્યો હતો.—રતિલાલ ખરાદી), (સુતરીઆ), (હ. આ.), ધંધુકા (ભાલપ્રદેશ–રણછોડરાય ભટ્ટ). અત્યંત નયનાભિરામ દેહલતાવાળો, અતિ ચપળ અને નિર્વિષ (મીઠો) છતાં દુષ્ટ સ્વભાવનો સાપ. પ્રધાનતયા વૃક્ષેશય. અસામાન્ય. સામાન્ય દેહપ્રમાણ: ૩થી ૪ ફૂટ.

ગોત્ર ૨. નિષ્ઠીવક Ptyas Fitzinger.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

S 98. **Ptyas mucosus** Linnaeus. 'Dhāman' or Rat-Snake.
(એનું પૂર્વનું પ્રચરિત અભિધાન **Zamenis mucosus** છે.)
धामण अथवा उंदरभक्षी साप. धामरेणुं (उ. गू.).

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ (જ. આસાના), (રતિલાલ ખરાદી), (સુતરીઆ), (હ. આ.), સરખેજ (અમદાવાદથી પાંચ માઈલે.—હ. આ.), શેરથા (અમદાવાદની ઉત્તર-પૂર્વમાં ૧૫ માઇલ —હ. આ.), ઊંઝા (હ. આ.), ભાલ પ્રદેશ (રણછોડરાય ભટ્ટ). વર્ણસામ્યને લીધે છેટેથી નાગ જેવો દેખાતો પરન્તુ અત્યંત ચપલ અને સુન્દર નિર્વિષ સાપ. સામાન્ય. અતિસાધારણ. પ્રધાનતયા વિશાળ મેદાનોનો વાસી હોવા છતાં પ્રસંગે માનવ-વસવાટ નિકટે રહેતો જોવામાં આવે છે. સ્વભાવે ભીરુ હોય છે, પરન્તુ પ્રસંગ આવે ભારે ઉત્તેજિત થતો અને વિક્રમશીલ દેખાય છે. સામાન્ય દેહપ્રમાણ: ૭-૧૦ ફૂટ.

ગોત્ર ૪. **અહિ Coluber** Linnaeus.

S 102. **Coluber ventromaculatus** Gray and Hardwicke. Racer.
प्रधावक.

કચ્છ. સામાન્ય લંબાઈ: ૩ાા ફૂટ.

S 105. **Coluber fasciolatus** Shaw. Banded Racer or Shaw's Rat -Snake.
पटायत प्रधावक अथवा शॉनी धामण.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ. સ્વાભાવે અતિ ઉગ્ર અને વિક્રમશીલ નિર્વિષ સાપ. આક્રમણ પ્રસંગે, નાગની પેઠે શરીરનો આગલો ભાગ ઊભો કરીને, ગળું ચપટું કરીને એટલે ફૂલાવીને ફુંફાડા મારતો હોવાથી, સાપોથી અપરિચિત જોનાર એને નાગ માની લેવાની ઘણી વખત ભૂલ કરે છે. સામાન્ય દેહપ્રમાણ: ૩ ફૂટ.

S 108. **Coluber diadema** Schlegel. Diadem Snake or Royal Snake.
मणिमुकुट समो के राजवंशी साप. केवडीयो साप (मदारी.-उ. गू.).
सं. रत्नप्रभः ?

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: પાલણપુર (હ. આ.), આબુ (રતિલાલ ખરાદી), ભાલ પ્રદેશ ('ક્વચિત્ ક્વચિત્.'—રણછોડરાય ભટ્ટ). ગુલાબી અને કાળા રંગના ચટાપટા કે ચાંદલા ખચિત દેહવાળી, રત્નપ્રભા જેવી અત્યંત મનોહર સ્વરૂપી વિશિષ્ટ જાતની ધામણ. કેવલ નિર્વિષ. ઉભયચર. સામાન્ય દેહપ્રમાણ: નર ૪ ફુટ, જાયા ૫ ફુટ. ગુ. પ્ર. મંડળના સંગ્રહમાં એક કેવડીયો સાપ પાળ્યો હતો, એની લંબાઈ પાાા ફુટ હતી.—હ. આ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૧૨. **ક્ષુદ્રદશન Oligodon** Boie.

S 149. **Oligodon arnensis** Shaw. Common Kukri Snake (Wall). (પૂર્વે એનું નામ **Simotes arnensis** હતું).

सामान्य 'कुकरी' साप.

દ. ગૂજરાત. ઉ. ગૂજરાત: (ગૂજરાત કૉલેજ, ૧૨-૨-૧૯૪૨.-સુતરીયા), (ખરાદી), (હ. આ.) ધંધુકા (ભાલ પ્રદેશ.-રણછોડરાય ભટ્ટ). પ્રધાનતયા સપાટ મેદાનોનો પક્ષપાતી, દિવાચર, ભીરુ છતાં ચપળગતિ નિર્વિષ સાપ. ઘણુંખરૂં એનું નિવાસસ્થાન ઘર અને તબેલા જેવાં વસાવટનાં સ્થળોમાં અને ઈંટરોડાંના ઢગલામાં હોય છે. સામાન્ય દેહ પ્રમાણ: ૨ ફૂટ.

ગોત્ર ૧૬. **વૃકદંષ્ટ્ર Lycodon** Boie.

S 185. **Lycodon aulicus** Linnaeus. Common Wolf-Snake.

सामान्य वरु जेवी दाढोवाळो साप. चीतळीयुं. चीतलुं.

દ. ગૂજરાત. ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), (રતિલાલ ખરાદી), (સુતરીયા), ઊંઝા (હ. આ.), પાટણ (હ. આ.), ધંધુકા (સમગ્ર ભાલ પ્રદેશમાં સામાન્ય-રણછોડરાય ભટ્ટ). ભરવસતિમાં ઘરના ખૂણે ખાચરે, ડાગળામાં, છાપરાનાં નળીયાં હેઠળ તેમજ ખેતર વગડામાં-ભોંય ઉપર ઘાસમાં અને થૂવર ઉપર-રહેનારો આપણો અતિ વ્યાપક નિર્વિષ સાપ. ગરોળીના આસ્વાદનનો ભારે રસીયો. ઉનાળામાં ઠંડકની આશાથી ઘરના પાણીયારામાં સૂઈ રહેલો ઘણી વખત પકડાયો છે. એ છે તો નિર્દોષ સર્પ પરંતુ એના દંશવાળો ભાગ ઘણી વખત સૂઝી જતો જોવામાં આવ્યો છે. રંગમાં એ બદામી કે મેલા પીળા રંગનો અને જવલ્લે કાળા રંગનો હોય છે. એની પીઠ ઉપર ધોળા રંગના પટા હોય છે. એની આ વિશિષ્ટ શરીર-રચનાને લીધે, ઘણી વખત એનો ભયંકર કાલસર્પ 'કાળોતરા' સાથે ભ્રમ થાય છે, પરંતુ ધ્યાન પૂર્વક જોતાં એ ભેદ સહેજે દૂર કરી શકાય છે.-હ. આ. સરેરાશ લંબાઈ: ૨-૨ા ફૂટ.

ગોત્ર ૨૧. **કુણ્ડુભ Natrix** Laurenti.

S 212. **Natrix piscator** Schneider. Checkered Keel-Back or Checkered Water-Snake or Common Pond-Snake. (એનું પ્રચરિત નામ **Tropidonotus piscator** પૂર્વે હતું).

चटापटावाळो अने पीठ उपर शंकु आकारनां भींगडांवाळो अथवा सामान्य तळावनो साप. डेंड्ढु. सं. डुण्डुभ:, पुण्डरीक:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ (ચંડોળા તળાવ, વાડજનું તળાવ.-હ. આ.), (રતિલાલ ખરાદી), (સુતરીયા), મોઢેરા (હ.-આ.). નાનાં મોટાં તળાવનો સામાન્ય નિવાસી છતાં પ્રસંગે ખાબોચિયાંના આશ્રયે રહેતો, લીલી પીળી ત્વચામાં કાળાં ટપકાંવાળો આપણો મીઠા જળનો નિર્વિષ સાપ. સામાન્ય પરંતુ સ્થળવિશેષ વસે છે. પ્રથમ મિલને ભારે આક્રમણ કરે છે અને પકડવા જતાં કરડે પણ છે પરંતુ અલ્પ પ્રયત્ને હળી જાય છે. સામાન્ય લંબાઇ. ૩ થી ૩॥ ફૂટ. એની જાયા ૫૦ થી ૬૫ ઇંડાં મૂકે છે. ગૂજરાત કૉલેજના અધ્યાપક સુતરીયાએ ચંડોળામાંથી મેળવેલી એક સાપણે ૫૩ ઇંડાં મૂક્યાં હતાં (૧૪-૨-૧૯૩૯). આ જ જાયા-સાપ ગુ. પ્ર. મંડળના સંગ્રહસ્થાનમાં કેટલોક સમય જીવતી રહી હતી.-હ. આ.

S 219. **Natrix stolata** Linnaeus. Striped Keel-Back or Bufted Striped-Back. (એનું પૂર્વનું અભિધાન: **Tropidonotus stolatus**).

पीळी पटीवाळो लीलाश पडतो मीठा पाणीनो साप. सं. राजिलः.

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: સિદ્ધપુર (સરસ્વતી નદી-હ. આ.), અમદાવાદ (હ. આ.). મીઠા પાણીનો અન્ય નિર્વિષ સાપ. સામાન્ય. દિવાચર. સ્વભાવે અત્યંત માર્દવભર્યો અને પકડવા છતાં સહેજે ન કરડનારો. સામાન્ય દેહપ્રમાણ: ૨ ફૂટ.

ગોત્ર ૩૬. **બિડાલાક્ષ** Boiga Fitzinger.

S 263. **Boiga trigonata** Schneider. Indian 'Gamma' Snake or 'Gamma' Snake or Common Brown Tree-Snake or Common Indian Cat-Snake. (એનાં પૂર્વ પ્રચરિત અભિધાન Dipsadomorphus trigonatus અને Dipsas trigonata છે).

शरीर उपर काटखूणा जेवां चिह्नवाळो साप के बदामी वृक्षेशय साप के सामान्य भारतीय बीलाडीना जेवी आंखोवाळो साप. कोडियो साप (कच्छी.-रावश्री). टारदुड्डा (विझागापट्टम्). चूर्ता (मलबारी). सं. बिडालाक्षः?

દ. ગૂજરાત ઉ. ગૂજરાત: અમદાવાદ (રતિલાલ ખરાદી), (હ. આ.). અસામાન્ય નીચાં ઝાડવાં, ઝાંખરાં અને થૂવરની વાડોમાં રહેતો વૃક્ષેશય અને સ્વભાવે જ આક્રમણશીલ નિશાચર નિર્વિષ સાપ. દેહ પ્રમાણ: ૨॥-૩ ફૂટ. ઉપલી નજરે જોનારને એની અને કાલસર્પ 'ફૂરસા' વચ્ચે ભ્રાન્તિ ઉપજે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગોત્ર ૩૮. **વાલુકાસર્પ** Psammophis Boie.

S 276. **Psammophis condanarus** Merrem. Indo-Burmese Sand-Snake.

भारत–ब्रह्मीय रेतनो साप. सं. वालुकासर्प : ?

કચ્છ. દિવાચર. ચપલ અને આક્રમણશીલ આ નિર્વિષ સાપ પ્રધાનતયા રેતાળ રણ પ્રદેશનો વાસી છે, છતાં ઘાસનાં બીડ, ખુલ્લી વનસ્થલિઓ અને ડાંગરની ક્યારીઓમાં પણ દેખાય છે. દેહ પ્રમાણ : ૩॥ ફૂટ.

S 278. **Psammophis leithi** Gunther. Sand-Snake.

रेताळ भोंयनो साप.

ઉ. ગૂજરાત : ડીસા; કચ્છ. આ નિર્વિષ સાપનાં અશેષ લક્ષણ એના સજાતીય સર્પ ક્રમાંક S ૨૭૬ જેવાં જ છે. દેહ પ્રમાણ : ૨॥ ફૂટ. :

ગોત્ર ૪૦. **વૃક્ષસર્પ** Dryophis Boie.

S 286. **Dryophis nasutus** Lacepede. Common Green Whip-Snake.

(એનું પૂર્વ પરિચિત પ્રચરિત નામ Dryophis mycterizans છે).

सामान्य लीला वर्णनो चाबुक–साप. 'मालण' (? नवसारी.–सुतरीया).

દ. ગૂજરાત : નર્મદા કિનારો (ડૉ. રણછોડરાય ભટ્ટ); ઉ. ગૂજરાત : અમદાવાદ (સુતરીયા), આબુ (રતિલાલ ખરાદી).

અતિ સુંદર હરિદ્વરણી કાયાવાળો, અત્યંત ઉદ્દામ પ્રકૃતિનો નીડર અતિ ચપળ વૃક્ષેશય, પાતળી પ્રલમ્બિતનાસિકવાળો દ્વિરસન દિવાચર સાપ. એનાં મ્હોંમાં વિષયન્ત્ર હોવા છતાં એનું વિષ મનુષ્યનો પ્રાણ લેવા જેટલું વિઘાતક ન હોવાથી એ નિર્વિષ ગણાય છે. વર્ણના અતિ સામ્યને લીધે એની અને માથા ઉપર ખાડાવાળા કાલસર્પ–Pit-Viper-ની વચ્ચે ઘણી વાર ભ્રાન્તિ ઉપજે છે. નીચાં ઝાંખરાં, ઊંચાં ઘાસ, વાડો એનાં સામાન્ય નિવાસ સ્થાન છે પરંતુ નાળીયેરી જેવાં ઊંચાં વૃક્ષો ઉપર પણ ક્વચિત્ ચ્હડી જાય છે. દેહ પ્રમાણ : નર ૪॥ ફૂટ, જાયા : ૬॥ ફૂટ.

કુલ ૯. .... Elapidae.

દષ્ટપ્રાણીના ઉપર સમાન અસર કરનારાં વિષવાળા કાળોતરા અને નાગનું કુલ. એનાં ત્રણ ગોત્રોમાંનાં બે ગોત્રો-૧ સુવર્ણપ્રભ Bungarus અને ૩. નાગ Naja-ગૂજરાતી છે.

ગોત્ર ૧. **સુવર્ણપ્રભ** Bungarus Daudin.

S 311. **Bungarus caeruleus** Schneider. Common Indian Krait.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

सामान्य भारतीय 'क्रेट'. काळोतरो (मदारी). पदमनाग (कच्छी. –स्मिथ). मणीयारी (मराठी). सं. सुवर्णप्रभ:?

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ (રતિલાલ ખરાદી), ઊંઝા (હ. આ.), ધંધુકા (ભાલ પ્રદેશ. નાગ કરતાં ઓછા પ્રમાણમાં-રણછોડરાય ભટ્ટ); કચ્છ: (સ્મિથ). જંગલો, ઘાસનાં બીડો, ઊકરડા અને જૂનો કાટમાળ; ભરવસતિમાં ઘરના ઓરડા, મેડી માળીયાં, પાણીઆરાં, મોરીઓ અને છાપરાં-એમ સર્વત્ર વસનારો, નાગથી ય વધુ વ્યાપક હોવા છતાં એથી ઓછો પરિચિત અત્યંત ભયંકર કાલસર્પ. અત્યંત શાંત સ્વભાવનો, સંયમિત વૃત્તિવાળો, સહેજે અનાક્રમણકારી હોવાથી લોકો એનાથી ગફલતમાં રહે છે અને એનો ભોગ બને છે. ભારતવર્ષમાં સર્પદંશથી થતાં મૃત્યુઓમાં મોટા ભાગનાં મૃત્યુ આ સર્પને આભારી છે. દેહ પ્રમાણ: ૪ ફૂટ. વિરલ પ્રસંગે ૫ ફૂટના પણ જોવામાં આવે છે.

ગોત્ર ૩. **નાગ** Naja Laurenti.

S 327. **Naja naja naja** Linnaeus. Indian Cobra, Cobra, 'Cobra-de-Capello.'(એનું પૂર્વે પ્રચરિત અભિધાન Naia tripudians છે). भारतीय नाग. नाग. सं. नाग:, फणिन्, दर्वीकर:; एक चश्मी, नाग: Monocellate: सं. रथाङ्गलाञ्छन:, दो चश्मी नाग: Binocellate: सं. स्वस्तिकलाञ्छन:, बेचश्मी नाग: Acellate: सं. निर्लाञ्छन:?

દ. ગૂજરાત; ઉ. ગૂજરાત: અમદાવાદ ('કૃષ્ણવર્ણના બેચશ્મી'-સુતરીયા), ("બેચશ્મી'-રતિલાલ ખરાદી); ઊંઝા ('દોચશ્મી,-હ. આ), ધંધુકા (ભાલ પ્રદેશ. કાળા વર્ણનો એકચશ્મી તેમજ દોચશ્મી ઉભય. અહિંના સર્પમાત્રમાં એ, કાળોતરા કરતાં વિશેષ વ્યાપક છે.-રણછોડરાય ભટ્ટ), આબુ ('બેચશ્મી' રતિલાલ ખરાદી); સૌરાષ્ટ્ર: ('બેચશ્મી'-ર. ખરાદી); કચ્છ. ફણાધર હોવાથી સમગ્ર ભારતવર્ષમાં તેમજ જગતમાં સર્વજન પરિચિત પ્રમુખ સાપ. ભયંકર વિષવાળો છતાં અત્યંત ભીરુ અને આક્રમણ કરવા કરતાં નાસી જવાનું વધુ પસંદ કરવારો દિવાચર. ગાઢ જંગલો, મેદાનો, ઘાસનાં બીડ, દીવાલોનાં પોલાણ, કાટમાળ, ઊકરડા, છાપરાં, ઢોરની કહોડો કે ગમાણો, કારખાનાં, કૂવાની ભીંતો એમ વિવિધ સ્થળે પ્રસન્ન ચિત્તે રહેનારો સર્વવ્યાપી કાલસર્પ. દેહ પ્રમાણ: ૪II-૫ ફૂટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ ૧૦. સમુદ્રનાગ Hydrophiidae.

ભૂમિચર કાળોતરો અને નાગની જાતના વિષવાળા પરંતુ એમના કરતાં ચારથી આઠ ગણી સંહારક શક્તિવાળા વિષને ધારણ કરનારા, હલેસાં જેવી ચપટી પુછડી-વાળા નિતાન્ત સમુદ્રવાસી કાલસર્પોના આ કુલનાં બાર ભારતીય ગોત્રો છે. ગૂજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની ધરાને સ્પર્શતા સાગરમાં રહેતા આ જાતના સર્પોના વિષયમાં સંશોધન અવલોકનના અભાવે કયી કયી જાતના સર્પો ગૂજરાતી કે સૌરાષ્ટ્રી અથવા કચ્છી ગણાય, એનો નિર્ણય કરવાનું દુષ્કર છે. છતાં આ ત્રણ પ્રદેશોના નામ સાથે સંકળાયલા જે સર્પોનો ઉલ્લેખ થયો છે, એમનો અહિં સંગ્રહ કર્યો છે.

ગોત્ર ૧. સમુદ્રનાગ Hydrophis Latreille.

S 336. Hydrophis spiralis Shaw. Sea-Snake.

समुद्रनो साप.

કચ્છનો સમુદ્રતટ.

S 345. Hydrophis mamillaris Daudin. Sea-Snake.

समुद्रनो साप.

દ. ગૂજરાત: ખંભાતનો અખાત. વિરલ સાપ.

કુલ ૧૧. પ્રાણભૃત્પ્રસૂ Viperidae.

અન્ય કુલોના સાપ ઈંડાં મૂકીને સંતાનોત્પત્તિ કરે છે, જ્યારે આ 'પ્રાણભૃત્પ્રસૂ' Viperieae કુલના સાપ પેટની અંદર ગર્ભાશયમાં જ ઈંડાંને સેવીને સંપૂર્ણાંગ જીવતાં બચ્ચાંનું પ્રજનન કરે છે. આ કુલની બે શાખાઓ છે: ૧ પ્રાણભૃત્પ્રસૂ Viperinae અને ૨. સિગ્જનીવત્ Crotalinae.

કુલ-શાખા ૧. પ્રાણભૃત્પ્રસૂ Viperinae.

મ્હોં ઉપર ખાડા વિનાના Pitles Vipers જાતના કાલસર્પોની આ શાખાનાં સાત ભારતીય ગોત્રોમાંનાં બે ગોત્રો—૨. પ્રાણભૃત્પ્રસૂ Vipera અને ૩. સજીવાર્ભકપ્રસવી Echis-નાં પ્રાણીઓ ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૨. પ્રાણભૃત્પ્રસૂ Vipera Laurenti.

S 359. Vipera russelli Shaw. 'Daboia' or Russell's Viper or Chain-Viper.

रसेलनो चीतळो. चीतळो, खडचीतळो. सं. मण्डली, गोनस: (=घोणस.-मराठी).

દ. ગૂજરાત: નડીયાદ (આલ્ડ્રિચ); ઉ. ગૂજરાત: અમદાવાદ (ગૂજરાત કૉલેજ પાસે બંગલાના રસોડામાંથી.-જહાંગીરજી આસાના), મણિનગર, કાંકરીયા. (હ. આ.), (૨. ખરાદી), ઊંઝા (હ. આ.), ધંધુકા (ભાલ પ્રદેશ. 'નમૂના જોવા મળ્યા છે પણ બહુ જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઓછા.'–રણછોડરાય ભટ્ટ); કચ્છ. ચિત્રકાય, પીળા કે આછા ગુલાબી વર્ણની ત્વચામાં કૃષ્ણ અને શ્વેત વર્ણનાં શૃંખલાબદ્ધ મણ્ડલ (વર્તુલ) મણ્ડિત નયનસુંદર, ગાયના જેવા ચપટા બુઠા મ્હોંવાળો. સ્થૂલદેહી, ધીરવૃત્તિ કાલસર્પ. અસામાન્ય. સર્વત્ર પરન્તુ ઉઘાડી ભૂમિનો પક્ષપાતી. દેહપ્રમાણ: ૪–૫ ફૂટ.

ગોત્ર ૩. **સજીવાર્ભકપ્રસવી** Echis Merrem.

S 361. **Echis carinatus** Schneider. Saw-Scaled Viper or 'Phoorsa.' (પૂર્વ પ્રચરિત નામ **Echis carinata**).

करवतीना दांता जेवां बरछट भींगडांवाळो साप. तरछ (उ. गूजरात). 'फूरसा' (मराठी).

દ. ગૂજરાત, ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), ઊંઝા (હ. આ.), પાલણપુર, ડીસા, આબુ (રતિલાલ ખરાદી), ધોળેરા (ભાલ પ્રદેશ. 'આ પ્રદેશમાં આ સર્પ જ વિશેષ પ્રમાણમાં થાય છે. સર્પ દંશના ૮૦ ટકા જેટલા કેસો આ જાતના સર્પોના જ હોય છે.'–ડૉ. રણછોડરાય ભટ્ટ); કચ્છ. રણપ્રદેશ, સપાટ મેદાનો આછી વનસ્થલિઓ અને રેતાળ ભોંયનો નિવાસી, ચપળ અને દુષ્ટ સ્વભાવનો સહેજે આક્રમણકારી ક્ષુદ્રકાય દિવાચર કાલસર્પ. અલ્પ સંખ્યેય અને અસામાન્ય. દેહપ્રમાણ: ૨ ફૂટ.

કુલ–શાખા ૨. સિઞ્જિનીવત્ Crotalinae.

માથાના અગ્ર ભાગે, મ્હોંની ઉપર, આંખ અને નસકોરાં વચ્ચે આવેલા એક ઊંડા ખાડાના વિશિષ્ટ ચિહ્નવાળા કાલસર્પો Pit-Vipers આ શાખાના અંતર્ભુક્ત છે. અમેરિકાનો 'રૅટલ સ્નેક' Rattle Snake આ જ શાખાનો કાલસર્પ છે. એનાં બે ભારતીય ગોત્રોમાંનું એક ગોત્ર–૨. ત્રિવૃત્પુચ્છ Trimeresurus– ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૨. **ત્રિવૃત્પુચ્છ** **Trimeresurus** Lacepede

S 380. **Trimeresurus gramineus** Shaw. Bamboo Pit-Viper or Bamboo-Snake or Common Green Pit-Viper. (એનું પૂર્વ પ્રચરિત અભિધાન **Lachesis gramineus** છે).

सामान्य लीलो खाडावाळो के वांसमां रहेनारो साप. सं. वंशपत्रक: ? लोहिताक्ष : ?

દ. ગૂજરાત: નવસારી પ્રદેશ (સુતરીયા). કેવળ ગિરિભૂમિનો વાસી, સ્થૂલદેહી હરિદ્વર્ણનો કાલસર્પ. દેહપ્રમાણ: ૨॥–૩॥ ફૂટ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંશ ૪. ઉભયજીવી Amphibia.

ભૂમિપટ ઉપર તેમજ જલાધારે યથેચ્છ વિહરવાની રહેવાની શક્તિવાળાં પ્રાણીઓની અનેક યોનીઓ છે. આવાં પ્રાણીઓમાં મગર. કદાં, પેન્ગ્વીન અને દેડકાંનો સમાવેશ થાય છે. એમને ઉભયજીવી કહી શકાય. પરંતુ 'ઉભય જીવી' પદના યથાર્થ વૈજ્ઞાનિક અર્થની દષ્ટિએ તો એ પદ માત્ર દેડકાં અને એમનાં સમાન ધર્મીઓ માટે જ મર્યાદિત કરાયું છે. કારણ કેવળ દેડકાં જ જીવનનો આરંભ, સંપૂર્ણતયા જલાભ્યન્તરે રહે- નારાં મત્સ્યસદૃશ જલચર પ્રાણી રૂપે કરે છે. એ સમયે એમને હાથ પગ નથી હોતા તેમજ શ્વાસોચ્છ્વાસની ક્રિયા પણ, માછલાં પેઠે, ચૂઈ વડે કરે છે. તદનન્તર એમની ચૂઇ અદૃશ્ય થાય છે અને એને સ્થાને શ્વાસોચ્છ્વાસને અનુકૂળ ફેફસાંનો આવિર્ભાવ થાય છે અને અંતે એ સર્વાંશે ભૂમિતલવાસને અનુકૂળ અંગવાળું પ્રાણી બની જાય છે. એમનાં અન્ય વિશિષ્ટ લક્ષણોમાં અનુષ્ણ રક્ત, નગ્નત્વક્, આદિ પ્રધાન છે.

અંગરચના ભેદે એમના ત્રણ વર્ગો પાડેલા છે: ૧. અપુચ્છ Ecaudata, ૨. પુચ્છવત્ Caudata અને ૩. અપાદ Apoda. આમાંના પ્રથમ વર્ગનાં પ્રાણીઓ જ ગૂજરાતમાં વસે છે.

વર્ગ ૧. અપુચ્છ Ecaudata.

આપણાં પૂર્ણપરિચિત દેડકાંનો આ વર્ગ. પૃથ્વીમાં અદ્ય પર્યંત એમની જે ૬૯૦ જાતિઓ જોવામાં આવેલી છે, એ બધી ય કેવળ કીટક ભક્ષી છે. એટલે સ્વાભાવિકતયા જ એમનો વિસ્તાર ઉષ્ણ પ્રદેશોમાં અધિકતર હોય છે. એ જ કારણથી ભારતવર્ષના ઉત્સંગે એમની ૧૪ જેટલી જાતિઓ વસી રહી છે.

શરીર રચનાને અનુલક્ષીને આ વર્ગનાં દેડકાંને બે શાખાઓમાં વિભક્ત કરેલાં છે: ૧. સજિહ્વ Phaneroglossa અને ૨. અજિહ્વ Aglossa. બીજી શાખાનાં પ્રાણીઓ ભારતેતર દેશોનાં વાસી છે.

વર્ગ-શાખા ૧. સજિહ્વ Phaneroglossa.

આ શાખાનાં પ્રાણીઓની બે શ્રેણીઓ છે: ૧. દૃઢઉરઃપઞ્જર Firmisternia અને ૨. તોરણસંલગ્ન Arcifera.

શ્રેણી ૧. દૃઢઉરઃપઞ્જર Firmisternia.

આ શ્રેણીનાં ત્રણ ભારતીય કુલોમાનું એક કુલ ગૂજરાતી છે: ૧. મણ્ડૂક Ranidae.

કુલ ૧. મણ્ડૂક Ranidae.

એનાં આઠ ગોત્રોમાંનું એક જ ગોત્ર-૨. મણ્ડૂક Rana-ગૂજરાતી છે.

ગોત્ર ૨. મણ્ડૂક Rana Linnaeus.

B 4. **Rana cyanophlictis** Schneider. 'Water-Skipper' or Water-Skipping Frog.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पाणीनी सपाटी उपर ठेकनारूं देडकुं. सं. प्लव:?
ઉ. ગૂજરાત: ઊંઝા (તળાવમાં–હ. આ.). આપણાં જલાશયો–સ્વચ્છતોયા સરિતા અને તળાવ તેમજ મલીનજલવાળાં ખાબોચીયાં–માં યથેચ્છ વિહરતી, સદૈવ જલાશ્રયે રહેનારી, દિવાચર તેમજ નક્તંચર દેડકાંની જાત. અતિ સામાન્ય. નર પ્રાણી ગળાનાં બંને પડખે આવેલા ફુક્કાને ફૂલાવી શકે છે. દેહ પ્રમાણ: ૨॥ ઇંચ.

B 16. Rana tigrina Dand. Indian Bull–Frog.

भारतीय बळद जेवुं भारे देहवाळुं देडकुं. मोटुं देडकुं. सं. मण्डूक:, भेक:, कूलमण्डूक:, स्थूलमण्डूक:, वर्षाभू:.
ગૂજરાત; સૌરાષ્ટ્ર; કચ્છ. સર્વત્ર. અતિ સાધારણ અને અને અતિ સંખ્યેય. ભારતીય દેડકાંની બૃહત્તમ જાતિનું તેમજ અશેષ દેડકાંમાં બૃહત્તમ દેહપ્રમાણ વાળું કૂવા, તળાવ, ખાબોચીયાં, નદી અને ભૂમિ ઉપર એકસરખું જીવન ગાળતું દેડકું. એના કંઠસ્વરની સાથે વેદ ભણતા વિપ્રોના કર્ણકટુ વેદોચ્ચારને ઋગ્વેદમાં સરખાવવામાં આવ્યા છે. સંવનન કાલથી અતિરિક્ત સર્વકાલ માટે ભાગે જલાભ્યન્તરે જ ગાળે છે. દેહ પ્રમાણ: ૬ ઇંચ.

B 17. Rana limnocharis Wiegm. Streaked Frog.

रेखाथी अङ्कित देहवाळुं देडकुं. सं. राजीमान्?
ઉ. ગૂજરાત: ઊંઝા (હ. આ.). જલાશયની સમીપ રહેનારા દેડકાં. પાણીની સપાટી ઉપર ઠેકતાં ઠેકતાં જવાનું એમને આવડતું નથી પરન્તુ પાણીની અંદર પાછલા પગ લટકતા રાખીને સ્થિર પડી રહેવાનો એમનો વિશિષ્ટ સ્વભાવ છે. દેહ પ્રમાણ: ૨-૨॥ ઈંચ.

શ્રેણી ૨. તોરણસંલગ્ન Arcifera

એનાં ત્રણ કુલોમાંનું એક કુલ ગૂજરાતી છે: ૧. અદન્ત Bufonidae.

કુલ ૧. અદન્ત Bufonidae.

આ કુલનાં પ્રાણીઓને અંગ્રેજીમાં 'Toad' ટોડ કહે છે. એ માટે અનુરૂપ સંજ્ઞા આપણી ભાષામાં ઉપલબ્ધ નથી પરંતુ Frog ફ્રૅાગ અને Toad ટોડને ઓળખવાની રીત સહેલી છે. 'ફ્રૅાગ'નું નાક અણીદાર અને પીઠ પરની ત્વચા સરળ હોય છે ત્યારે 'ટોડ'નું નાક તથા મ્હોં પહોળું અને બુઠ્ઠું હોય છે તેમજ એની પીઠ ઉપર ઉપસી આવેલી ગ્રન્થિઓની હાર હોય છે.

એનાં ત્રણ ગોત્રોમાંનું એક ગોત્ર–૧. અદન્ત Bufo–ગૂજરાતમાં વસે છે.

ગોત્ર ૧. અદન્ત Bufo Laurenti.

B 111. Bufo andersoni Boulenger. Toad.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

देडकानी एक जात.

ઉ. ગૂજરાત: અમદાવાદ (? જહાંગીરજી આસાના).

B 112. **Bufo olivaceus** Blanford. Toad.

देडकानी एक जात.

ઉ. ગૂજરાત: અમદાવાદ (? જહાંગીરજી આસાના).

B 115. **Bufo melanostictus** Schneider. Common Indian Toad.

सामान्य भारतीय पीठ पर ग्रन्थीओवाळुं देडकुं. सं. कोणेपिशाचकः, गृहजः.

ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આ.), (જહાંગીરજી આસાના), ફ્લોલ (ચાર્લ્સ મૅકૅન). અતિ સામાન્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વંશ ૫. મીન Pisces.

જલાભ્યન્તરે વસનારાં પ્રાણીઓને 'માછલાં' એવી સામાન્ય સંજ્ઞાથી ઓળખવાનો સાધારણ સંપ્રદાય છે. એ રીતે મગરમચ્છ જેવાં પૃષ્ઠવંશવાળાં સસ્તન પ્રાણીઓ અને શંખ-શુક્તિ જેવાં પૃષ્ઠવંશવિહીન કોષસ્થ પ્રાણીઓ પણ 'માછલાં'માં અંતર્ગત થયી શકે છે. વ્યવહારમાં આ માર્ગ ભલે સરળ ગણાતો હોય પરંતુ પ્રાણીઓની યથાર્થ વિભાગ-વ્યવસ્થાની દૃષ્ટિએ, એ અયુક્ત અને અસમાધાનકારક છે. જલમધ્ય રહેનારાં પ્રાણી-ઓમાં જેને યથાર્થ 'માછલાં' ગણાવી શકાય એ તો કેવળ 'મીન' Fishes જ: નહિ કે મગરમચ્છ, દેડકાં, શંખ, છીપલાં, પરવાળાં, આદિ અન્ય પ્રાણિયોનીઓ. એ 'મીન'નું લક્ષણ આ રીતે બાંધી શકાય:

મીન (માછલી) એટલે સર્વાંશે એકાન્ત જલાન્તરે જીવન જીવનારૂં મેરુદણ્ડ મણ્ડિત કાયાવાળું પ્રાણી, જેની ગતિ અને સ્થિતિ કેવળ 'પર' Fins (સં.પક્ષ)ના આધારે થાય છે અને જે શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં, જલમાં ભરેલા પ્રાણવાયુને 'ચૂઇ' Gills દ્વારા ગ્રહણ કરે છે.

આવા લક્ષણવાળી માછલીઓનો પૂર્વે, પક્ષીઓ અને સરીસૃપો પેઠે, એક જ વિશાળ વંશ Pisces કલ્પવામાં આવતો હતો. પરંતુ એ પ્રાણીઓની શરીરરચનાના અને એમની જાતિઓના વિકાસક્રમના અભ્યાસને યોગે હવે નવું વિભાગીકરણ યોજાયું છે અને એક વિશાળ વંશના સ્થાને, ત્રણ બૃહદ્ વંશોમાં સમસ્ત મીનસૃષ્ટિને વહેંચી નાખવામાં આવી છે. જાતિઓની તેમજ વ્યક્તિઓની સંખ્યાની તુલનાએ માછલીઓ આજે તો સસ્તન પ્રાણીઓ, પક્ષીઓ, સરીસૃપો અથવા ઉભયચરોથી વ્હડી જાય છે. પૃથ્વીના પટનો પોણો ભાગ સમુદ્રજલથી વ્યાપ્ત છે. બાકીના જમીનવાળા પા ભાગમાં પણ મીઠા જલનાં નદનદીસરોવરતળાવો પથરાયલાં છે. એ સર્વના આધારે જીવતી માછલીઓનો વિચાર કરીએ તો એમની આટલી વિશાળ સંખ્યાનું રહસ્ય સહેજે સમજી શકાય છે. વિશાળ મહાસાગરોનાં ઉપલાં, વચલાં અને તળીયાનાં પડો અને તટપ્રદેશો; ઉપસાગરો અને નદીમુખો; મહતી સરિતાઓ અને બૃહત્તમ નદો; તીવ્રવેગી સ્રોતો અને મંદગામી નિર્ઝરિણીઓ, અનાવિલ તેમજ આવિલ જલવાહી પ્રવાહો; ગાઢ જલહ્રદો અને છીછરાં ખાબોચીયાં; પ્રશાન્ત સરોવરો અને વાપીતડાગો: આમાંનું પ્રત્યેક જલસ્થાન એ એ જાતના નિવાસસ્થાનને અનુકૂળ વિશિષ્ટ જીવનવ્યવ-સ્થાવાળી મત્સ્યયોનીઓને પાળી પોષી સંવર્ધિત કરી રહ્યું છે. આજે આ બધાં સ્થાનોના આશ્રયે માછલીઓની ૨૦,૦૦૦થી યે વધુ જાતિઓ પૃથ્વી ઉપર વસતી રહેતી નોંધાયી છે અને પ્રત્યેક વર્ષે સો જેટલી નવીન આવિષ્કૃત જાતિઓ એમાં ઊમેરાય છે. એમાંની પ્રત્યેક યોનીની માછલીઓની સંખ્યા કેટલી અગણ્ય અથવા ગણનાતીત છે, એની કલ્પના અર્થે એક જ દૃષ્ટાન્ત પૂરતો થશે. યુરોપ અમેરિકાના મત્સ્યભક્ષકોમાં સૌથી વધુ વપરાશ કૉડ અને હૅરિંગ જાતિની માછલીઓનો છે. એકલા આટલાંટિક મહાસા-ગરમાંથી જ પ્રત્યેક વર્ષે ૪૦,૦૦,૦૦,૦૦૦ કૉડ માછલીઓ અને ૩,૦૦,૦૦,૦૦,૦૦૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૅરિંગ માછલીઓ પકડવામાં આવે છે છતાં એમની વસતિ રજ પણ ઘટતી હોય એવું દેખાયું નથી! એમની–અને એ રીતે પ્રત્યેક મત્સ્યયોનીની–આટલી વિશાળ વસતિનું કારણ એમની અદ્ભુત સંતાનોત્પાદનશક્તિ છે. એક જ માછલી પ્રત્યેક પ્રજનન પ્રસંગે એક કરોડથી ય વધુ ઈંડાં મૂકે છે! આવી વિલક્ષણ પ્રજનનશક્તિ સમગ્ર પૃષ્ઠવંશીય પ્રાણીઓમાં કેવળ માછલીઓમાં જ દેખાય છે. આ મત્સ્યયોનીઓમાં મોટામાં મોટી માછલી મગરમચ્છ whaleના કદની અને નાનામાં નાની એક આંગળથી યે નાના કદની હોય છે.

જીવનવ્યવહાર ભેદે, ઉપર નિર્દેશ કર્યો છે તેમ, મત્સ્યસૃષ્ટિના બે વિભાગ કરી શકાય: ૧. सामुद्र મત્સ્યસૃષ્ટિ અને ૨. नादेय મત્સ્યસૃષ્ટિ. સમુદ્રના પેટાળમાં વસનારી માછલીઓનો આ અનુક્રમણીમાં ઉલ્લેખ કર્યો નથી, કારણ ગૂજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની ભૂમિને વીંટળાયલા સમુદ્રમાં વસનારી માછલીઓનું સર્વાંશે સંશોધન-નિરીક્ષણ થયું નથી તેમજ જે સમુદ્રજલવાસી મત્સ્યયોનીઓ ગૂજરાત–સૌરાષ્ટ્ર–કચ્છના સમુદ્રોમાંથી મળી આવે છે, એમને કોઈ વિશિષ્ટ ભૌગોલિક વિસ્તાર સાથે સાંકળવાનું યોગ્ય પણ નથી. એ હેતુથી આ અનુક્રમણીમાં કેવળ 'नादेय' એટલે નદી તેમજ સરોવર તળાવ વાવ જેવાં કેવળ મીઠા જળનાં અને નદીમુખ જેવાં ઈષત્ક્ષાર જળવાળાં જલાશયોમાં રહેનારી માછલીઓ સંગૃહીત છે.

અન્ય એક પ્રાસંગિક વાત. ભારતવર્ષમાં नादेय અને सामुद्र મત્સ્યોના પરિચય-વર્ણનનો એક માત્ર આકરગ્રન્થ ડૉ. ફ્રાન્સિસ ડે Dr. Francis Day નામના વિદ્વાને સને ૧૮૮૯માં લખ્યો હતો, જે 'ફૉના' ગ્રન્થાવલિમાં બે ખંડમાં પ્રસિદ્ધ થયો છે. ડેના સમય પછી માછલીઓના વિષયમાં આ દેશમાં તેમજ પરદેશોમાં અત્યંત મહત્ત્વનું સંશોધન થયું છે અને એ પ્રાણીઓના વિભાગીકરણની નવીન પદ્ધતિ પણ વ્યવહૃત છે. દુર્ભાગ્યે એ સંશોધનો અનુસાર ભારતવર્ષની માછલીઓનો નવીન અદ્યતન ગ્રન્થ રચાયો નથી એટલે આ અનુક્રમણીમાં આવશ્યક પ્રસંગે ડેના ગ્રન્થનો આધાર લેવો પડયો છે. માત્ર વિભાગવ્યવસ્થા ડેની રાખેલી નથી પરંતુ ડૉ. જૉરડન Dr. Jordan નામના મત્સ્યવિદ્વરની સર્વમાન્ય શાસ્ત્રીયપદ્ધતિનો યથાશક્ય ઉપયોગ અહિં કરેલો છે.

અંતમાં. પ્રધાનતયા નિરામિષ આહારની ટેવવાળા અને પ્રકૃતિના અભ્યાસથી સર્વથા વઞ્ચિત રહેનારા આપણા ગૂજરાતી જનસમાજને અન્ય પ્રાણીઓનો જેટલો પરિચય છે, એટલો પરિચય માછલીઓનો નથી. એટલે માછલીઓના નામકરણની તેમજ એમના જીવનવ્યવસાયના વર્ણનની ઝીણવટ આ વિભાગમાં જતી કરી છે અને કેવળ નામસંકીર્તનથી સંતોષ માન્યો છે. આ નામસંકીર્તનની સાથે પ્રત્યેક માછલીના નિરીક્ષણનું સ્થાન આપેલું છે. એ સ્થાનનિર્દેશનો હેતુ એટલો જ છે કે એ જાતની માછલી એ સ્થાનનાં જલાશયોમાં મળી આવેલી છે. કયા જલાશયમાં મળી આવે છે, એ જણાવ્યું નથી કારણ એથી એક તો વિસ્તાર થવાનો સંભવ છે અને બીજું પરિચયાર્થે એવા નિર્દેશની આવશ્યકતા પણ નથી રહેતી.

માછલીઓની શરીરરચનાની વિશિષ્ટતાના આધારે મત્સ્યવિદોએ સમગ્ર મત્સ્યસૃષ્ટિને ચાર મહાવંશોમાં વિભક્ત કરેલી છે. ભારતવર્ષમાં પ્રધાનતયા આમાંના ચોથા વંશ-પૂર્ણકૂર્ચ Teleostei-ની માછલીઓ વસે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહાવંશ ૪. પૂર્ણાંગું Teleostei

અસ્થિવાળી માછલીઓના આ વંશની ત્રણ શાખાઓ છે: ૧. પુરાણપક્ષ Palaeopterygii, ૨. અંચલપક્ષ Crossopterygii અને ૩. અર્વાક્પક્ષ Neopterygii. આમાંની પ્રથમ અને દ્વિતીય શાખાઓનાં અત્યંત પરિમિતસંખ્યેય-કેવલ દશ ગોત્રો અને ત્રીશ જાતિઓનાં—પ્રાણીઓ આજે ભૂતલ ઉપર વિદ્યમાન છે, જ્યારે ત્રીજી શાખામાં પૃથ્વીની અશેષ વિદ્યમાન—અનેક ગોત્રો અને નહિ નહિ તોય પંદર હજાર જાતિઓમાં વહેંચાયલી-માછલીઓ સમાવિષ્ટ છે.

વંશ-શાખા ૩. અર્વાક્પક્ષ Neopterygii

એના આઠ વર્ગોની માછલીઓ ગૂજરાતનાં મીઠાં પાણીમાં વસે છે: ૧. સમકશેરુ Isospondyli, ૨. પશ્ચાત્ક્ષીણ Opisthomi, ૩. . . . . Evantognathii, ૪. . . . . Nemalognathii, ૫. . . . . Cyprinodontes, ૬. . . . . Synentognathii, ૭. . . . . Labyrinthici, ૮. . . . . Percomorphi અને ૯. . . . . Gobioidea.

વર્ગ ૧. સમકશેરુ Isospondyli

મત્સ્યાખેટપ્રિય જનતાને આકર્ષનારી સુપ્રસિદ્ધ ટ્રાઉટ, સામોન્ડ, હૅરિંગ, આદિના આ વર્ગની માછલીઓ 'મસૃણપક્ષ' Soft-Finned માછલીઓ કહેવાય છે. આ વર્ગની એક શાખા-પૃષ્ઠપક્ષ Notopteroidea-નાં પ્રાણીઓ ગૂજરાતમાં વસે છે

વર્ગ-શાખા: પૃષ્ઠપક્ષ Notopteroidea

એનું એક જ ગૂજરાતી કુલ છે: પૃષ્ઠપક્ષ Notopteridae.

કુલ : પૃષ્ઠપક્ષ Notopteridae

આનું એક ગોત્ર છે: પૃષ્ઠપક્ષ Notopterus.

ગોત્ર. **પૃષ્ઠપક્ષ Notopterus** Lacepede.

D 519, **Notopterus notopterus** Pallas. . . . .

पाटडो (वडोदरा), पतरा. सं. पाटलः, पाठीनः. (अमरकोशः 'वोयाल' इति प्रसिद्धः. सरखावो : तामिलनुं 'वालाइ'.)

દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી). મીઠા તેમજ મળકા કે ઇષત્ક્ષાર જલની વસનારી.

વર્ગ ૨. પશ્ચાત્ક્ષીણ Opisthomi

એનું એક કુલ ગૂજરાતી છે: . . . . Mastacembelidae.

કુલ. . . . . Mastacembelidae.

એનું એક ગોત્ર છે: . . . . Mastacembelus.

ગોત્ર. . . . . . . **Mastacembelus** Cuvier & Valenciennes.

D 1159. **Mastacembelus armatus** Laceps. Eel.

बाम. सं. वर्मिः.

દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી). મીઠાં તેમજ ઈષત્ક્ષાર જલમાં વસનારી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

D 1158. **Mastacembalus pancalus** Hamilton Buchanan. Spiny-Eel.

घेपडी, बाम.

દ. ગૂજરાત : વડોદરા (મોજિઅ); ઉ. ગૂજરાત : અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી). મોટી નદીઓની વાસી.

વર્ગ ૩. . . . . . . Evantognathii

એનું એક કુલ ગૂજરાતી છે : શફર Cyprinidae.

કુલ: શફર Cyprinidae

સંસ્કૃત સાહિત્યકારોએ જેની મનોહર આકૃતિ અને ચપલ હલનચલનનાં મુક્તકંઠે ગાન ગાયાં છે, એ શફરી કે શફર Carpનું આ કુલ. ગૂજરાતમાં વસતી મીઠા જળની માછલીઓ-માં વધુમાં વધુ જાતની માછલીઓ આ કુલની હોય છે. વસ્તુતયા જગતમાં અન્ય કોઈ પણ મીનકુલમાં હોય છે એ કરતાં વધુ જાતિઓ—૧૫૦૦ જેટલી—આ કુલની જ નોંધાયી છે. આ કુલનું આદિ ઉત્પત્તિસ્થાન અને નિવાસભૂ. પણ ભારતવર્ષ છે. આ દેશમાંથી જ એમનો વિસ્તાર અન્ય દેશોમાં થયેલો છે. આ કુલની માછલીઓની વિશિષ્ટતા, એમના દાંતની સ્થિતિ છે. અન્ય માછલીઓના દાંત એમના મ્હોંમાં હોય છે, જ્યારે આ શફર Carp માછલીઓના દાંત એમના ગળામાં હોય છે અને મ્હોં સાવ બોખું હોય છે. આ Pharyngal ગલદંત માછલીઓ તનુકાય અને ક્ષીણબલ હોય છે : એક અપવાદ વિના. આ અપવાદ તે મહાશીર્ષ Mahseer મત્સ્ય. : જેનું એક એક ભીંગડું આપણી હથેળી જેવડું મોટું હોય છે.

આ કુલનાં બાર ગોત્રોની માછલીઓ ગૂજરાતનાં મીઠાં જલમાં જોવામાં આવે છે : ૧. . . . . Amblypharyngodon, ૫. મહાશીર્ષ Barbus, ૩. . . . . Barilius, ૪. . . . . Catla, ૫. . . . . Cirrhina, ૬. . . . . Danio, ૭. . . . . Esomus, ૮. બૃહદોષ્ઠ Labeo, ૯. . . . . Rasbora, ૧૦. . . . . Chela, ૧૧. . . . . Laubuca, ૧૨. . . . . Rohtee.

ગોત્ર ૧. . . . . . .**Amblypharyagodon** Bleeker.

D 335. **Amblypharyagodon mola** Hamilton Buchanan. . . . . .

मालवा (वडोदरा).

દ. ગૂજરાત : વડોદરા (મોજિઅ); ઉ. ગૂજરાત : અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

ગોત્ર ૨. **મહાશીર્ષ Barbus** Cuv. & Val.

D 374. **Barbus chola** Ham. Buch. Carp.

ढेबरी (वडोदरा).

દ. ગૂજરાત : વડોદરા (મોજિઅ).

D 342. **Barbus (Puntius) chrysopoma** Cuv. & Val. Olive Carp.

दराइ, गडवाली (बिलिमोरा), ढेबरी (वडोदरा)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલક-રણી); કચ્છ.

D 341. Barbus (Puntius) sarana Ham. Buch. . . . .
दराइ (वडोदरा).
દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ), ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

D 356. Barbus (Puntius) sophore Ham. Buch. . . . .
ढेबरी.
ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

D 390. Barbus (Puntins) ticto Ham. Buch. . . . .
ढेबरी. धडइ (वडोदरा).
દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

... Barbus (Tor) khudree Sykes. Mahseer.
એનું ડેનું નામ Barbus tor Ham. Buch. છે.
खुडचो (खेडब्रह्मा), आसेरा. सं. पाटल:, महशीर्ष::.
ઉ. ગૂજરાત: ખેડબ્રહ્મા (?), અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

... Barbus (Tor) musulalh Sykes. . . . .
आसेरा.
ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

D 406 Barbus (Puntius) vittatus Day. . . . .
ढेबरी.
ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી); કચ્છ.

D 382. Barbus (Puntius) arenatus Day. . . . .
ढेबरी.
ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

D 385. Barbus arulius Jerdon. . . . .
... ...
ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

D 375. Barbus parrah Day. . . . .
ढेबरी.
દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ).

D 381. Barbus melanostygma Day. . . . .
ढेबरी.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ. ગૂજરાત: વડોદરા (મોગ્રિજ).

D 383. **Barbus puckelli** Day. . . . .

ढेबरी.

દ. ગૂજરાત: વડોદરા (મોગ્રિજ).

D 398. **Barbus stigma** Cuv. & Val. . . . .

ढेबरी.

દ. ગૂજરાત: વડોદરા (મોગ્રિજ).

D 399. **Barbus chrysopterus** McClelland. . . . .

ढेबरी.

દ. ગૂજરાત: વડોદરા (મોગ્રિજ).

ગોત્ર ૩. . . . . . . Barilius Ham. Buch.

D 426. **Barilius bendelisis** Ham. Buch. . . . . .

मुरखी.

ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

ગોત્ર ૪. . . . . . . Catla Cuv. & Val.

. . . . . **Catla catla** Ham. Buch. . . . .

बावुस, बाआस.

ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી). 'અમદાવાદના સીમાડે સર્વ નદીઓ–સાબરમતી, હાથમતી, ખારી, વાત્રક, મેશ્વો—માં રહેતી જોવામાં આવી છે, છતાં આચાર્ય (જ. મું. ને. હિ. સો. ૪૦. ૭૯૫)ના સંગ્રહમાં નોંધાયી નથી.'—શેઠના-કુલકરણી (જ. મું. ને. હિ. સો. ૪૬. ૧૩૦).

D 332. **Catla buchanani** Ham. Buch. . . . .

बाउस.

દ. ગૂજરાત: વડોદરા (મોગ્રિજ).

ગોત્ર ૫. . . . . . . Cirrhina Cuvier.

D 321. **Cirrhina mrigala** Ham. Buch.

नगरी.

ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

D 323. **Cirrhina reba** Ham. Buch. . . . .

मुरखी, रहीआ.

દ. ગૂજરાત: વડોદરા (મોગ્રિજ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

D 320. **Cirrhina cirrhosa** Bloch. . . . .

... ...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉ. ગૂજરાત: અમદાવાદ (હ આચાર્ય).

D 322. Cirrhina latia Day. . . . .
भगाना.
ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).
ગોત્ર ૬. . . . . Danio Ham. Buch.

D 436. Danio devario Ham. Buch. . . .
मेलवो.
ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).
ગોત્ર ૭. . . . . Esomus Cuv. & Val.
એનું ઉેનું નામ Nuria Cuv. & Val. છે.

D 409. Esomus danrica Ham. Buch. . . . .
राजना. डानरिका (वं.).
ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).
ગોત્ર ૮. બૃહદ્દોષ્ઠ Labeo Cuvier.

D 313. Labeo ariza Ham. Buch. . . . .
... ...
ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

D 297. Labeo rohita Ham. Buch. Rohu.
रहु. रोहु. सं. रोहित:, घनशल्कल:, पाटल:.
દ ગૂજરાત: વડોદરા (મોગ્રિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

D 293. Labeo calbasu Ham. Buch . . . .
कालावट. नगरी (वडोदरा). दाइ (कच्छ.)
દ. ગૂજરાત: વડોદરા (મોગ્રિઝ); ઉ. ગૂજરાત (હ. આચાર્ય), (કુલકરણી); કચ્છ.

D 291. Labeo fimbriatus Bloch.........
बेलझी (वडोदरा). भीलाजी. तांबडा (मराठी). सं. पाटल:.
દ. ગૂજરાત: વડોદરા (મોગ્રિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

D 296. Labeo dussumieri Cuv. & Val. . . . .
कुरसा.
ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

D 308. Labeo boggut Sykes. . . . .
लोइ (कच्छ).
દ. ગૂજરાત: વડોદરા (મોગ્રિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી); કચ્છ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

D 305. **Labeo angra** Ham. Buch. . . . .

गोलची.

ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

D 299. **Labeo potail** Sykes. . . .

... ...

ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય).

ગોત્ર ૯. . . . . Rasbora Bleeker.

D 411. **Rasbora daniconius** Ham. Buch. . .

मुनावा. रंजन (वडोदरा). जोनिर (कच्छ).

દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલ-કરણી); કચ્છ.

D 412. **Rasbora buchanani** Bleeker. . . . .

रंजन (वडोदरा).

દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ).

ગોત્ર ૧૦. . . . . . . Chela Ham. Buch.

D 457. **Chela clupeoides** Bloch. . . . .

चाल.

દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ): ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી); કચ્છ.

D 458. **Chela bacaila** Ham. Buch. Chilwa.

चाल.

દ. ગૂજરાત: વડોદરા. (મોઝિઝ).

D 455. **Chela phulo** Ham. Buch. . . . .

चाल. फूलचेला (बं.).

ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

ગોત્ર ૧૧. . . . . Laubuca Bleeker.

એનું ડેનું નામ Perilampus McClelland છે.

D 447. **Laubuca laubuca** Ham. Buch. . . . .

मुनाया. डींडीया, गीणीया (वडोदरा).

ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

ગોત્ર ૧૨. . . . . Rohtee Sykes.

D 417. **Rohtee cotio** Ham. Buch. . . . .

मोयाला. करडीयो, गुरदा (वडोदरा).

દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુલ. . . . . Cobitidae

એનાં બે ગોત્રો ગૂજરાતી છે: ૧. . . . . . Lepidocephalichthys અને ૨. . . . . .Nemacheilus.

ગોત્ર ૧. . . . . Lepidocephalichthys Bleeker.

D 238. **Lepidocephalichthys thermalis** Cuv. & Val. . . . .

... ...

ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

ગોત્ર ૨. . . . . .Nemachilus van Hasselt.

D 247. **Nemachilus botius** Ham. Buch. . . . .

... ...

દ. ગૂજરાત: નર્મદા (?); ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

વર્ગ ૪. . . . Nematognathii

એનાં ચાર કુલોની માછલીઓ ગૂજરાતનાં જલાશયોમાં દૃષ્ટિએ પડે છે: ૧. . . . . Siluridae, ૨. . . . . Schilbeidae, ૩. . . . . Bagridae, ૪. . . . . . .Heteropneustidae.

કુલ ૧. . . .અશલ્કકુલ. . . . . .Siluridae

Siluroid એટલે 'અશલ્ક' (ભીંગડાં વિનાના સરળ દેહવાળી) આ કુલની માછલીઓને, અંગરેજીમાં 'બિડાલ-મીન' Cat—Fishes નામે ઓળખવામાં આવે છે. એનું કારણ, બિલાડીની પેઠે, એમાંની મોટા ભાગની માછલીઓના મ્હોંના અગ્રભાગે 'મૂછો' Barbels અર્થાત્ સ્પર્શશક્તિવાળાં લાંબા વાળ જેવાં ઉપાંગોની હસ્તિ છે. સ્વભાવે જ એ માછલીઓ આવિલ જલની પક્ષપાતી છે અને જેમ એમના મ્હોં ઉપરની મૂછોની ભારે વૃદ્ધિ હોય છે એમ એ વધુ કાદવવાળાં ડહોળાં મીઠાં પાણીમાં રહેતી જોવામાં આવે છે. આ જાતની માછલીઓનો દંશ ઝેરી હોય છે. ઈંગ્લંડમાં એમની હસ્તિ નથી. યુરોપમાં પણ એમની માત્ર બે જ જાતો થાય છે. છતાં પૃથ્વી ઉપર એમની ૧૯૦૦ જેટલી જાતિઓ આજે વિદ્યમાન છે. પૃથ્વી પરની મીઠા જળની માછલીઓ મોટા ભાગે આ કુલની (અને Cyprinidae કુલની) જ હોય છે.

એનાં બે જ ગોત્રો ગૂજરાતી છે: ૧. . . . . . . Callichrous અને ૨. . . . . . . Wallagonia.

ગોત્ર ૧. . . . . .Callichrous Ham. Buch.

D 138. **Callichrous bimaculatus** Bloch. Cat-Fish.

गुंगवारी. सं. पृथुरोम.

દ. ગૂજરાત: વડોદરા (મ્યુઝિયમ); ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

ગોત્ર ૨. . . . . **Wallagonia** Bleeker.

એનું પૂર્વ નામ **Wallago** Bleeker છે.

D 134. **Wallagonia** attu Bloch. Fresh-Water Shark.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पहाडी. पढण. छोपडा. सं. पाठीन: अशल्कल:.
દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

કુલ ૨..........Schilbeidae

એનું એક ગોત્ર ગૂજરાતી છે:........Clupisoma.
ગોત્ર.........Clupisoma Swainson.
એનું કેનું નામ Pseudeutropius Bleeker છે.

D 151. Clupisoma garua Ham. Buch. ....
गुंगवारी.
ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

કુલ ૩.........Bagridae

એનું એક જ ગોત્ર ગૂજરાતી છે:......Mystus.
ગોત્ર.......Mystus...?...
એનું જૂનું કેનું નામ Macrones Dumeril છે.

D 163. Mystus cavasius Ham. Buch. ....
काटीया.
દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

D 157. Mystus seenghala Sykes. ....
शींगाला.
ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

D 159. Mystus gulio Ham. Buch. ....
शींगाला. टेंगाइ.
દ. ગૂજરાત: ઠાઠર (?).

D 172. Mystus Bleekeri Day. ....
काटीया.
દ. ગૂજરાત: વડોદરા (મોઝિઝ).

કુલ ૪.........Heteropneustidae

એનું એક ગોત્ર છે: ...... Heteropneustes.
ગોત્ર... ...Heteropneustes Muller.
એનું કેનું નામ Saccobranchus Cuv. & Val. છે.

D 133. Heteroyneustes fossilis Bloch. Soft-Gilled Fish.
शींगी, शींगडो. बिछुका मच्छी. सं शृंगी.
ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વર્ગ ૫. . . . . . . Cyrinodontes

એનું એક કુલ છે:... ...Cyprinodontidae.

કુલ.........Cyprinodontidae

એનું એક ગોત્ર ગૂજરાતી છે: ... ... Aplocheilus.

ગોત્ર.... ...Aplocheilus McClelland.

. . . . . . Aplocheilus blockii Arnold.

એનું પ્રાચીન ડેનું નામ 531. Haplochilus panchax Ham. Buch. છે અને અન્ય નવું નામ Panchax parvus S. Raj, 1916 છે.

डींडीया.

ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી).

વર્ગ ૬. . . . . . . Synentognathii

આ વર્ગની માછલીઓ પાણીમાંથી અદ્ધર કૂદતી ઊડતી કે ઊડવાનો પ્રયત્ન કરતી જોવામાં આવે છે. એના એક કુલની માછલીઓ ગૂજરાતમાં થાય છે:... ...Belonidae.

કુલ.........Belonidae

એનું અન્ય નામ Xenentopontidae પણ છે. એનું એક જ ગોત્ર ગૂજરાતી છે:... ...Belone.

ગોત્ર... ... Belone Cuv. & Val.

D 536. Belone concila Ham. Buch. Gar-Fish.

कागडो.

ઉ. ગૂજરાત: અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

વર્ગ ૭. . . . . . . Labyrinthici

એના એક કુલની માછલીઓ ગૂજરાતમાં દૃષ્ટિગોચર થાય છે: .. ... Ophicephalidae.

કુલ.........Ophicephalidae

એનું એક ગોત્ર છે:... ...Ophicephalus.

ગોત્ર.... ... Ophicephalus Bloch.

આ જાતની માછલીઓ વરસાદ ભેગી પડતી હોવાનું મનાય છે.

D 1198. Ophicephalus marulius Ham. Buch. . . . .

मरळ.

ઉ. ગૂજરાત: અમદાવાદ (કુલકરણી). નિતાન્ત મીઠાં જળની વાસી: સવિશેષ નદીઓની.

D 1206. Ophicephalus punctatus Bloch. . . . .

मरळ. कडवो (वडोदरा). चारु. सं. मुरलः.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ. ગૂજરાત : વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત : અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી). મીઠાં જળ, ઘાસવાળાં તળાવ અને નલ-ભૂમિની વસનારી. કૂવા વાવડીમાં પણ હોય છે.

D 1203. **Ophicephalus striatus** Bloch.........

मरळ.

દ. ગૂજરાતઃ અમદાવાદ (કુલકરણી).

વર્ગ ૮........ Percomorphi

ખાસ, મ્યુલેટ, આદિ પર્ચ Perch નામથી જાણીતી માછલીઓનો વર્ગ. એની એક શાખા ગૂજરાતી છે:......Rhegnopteri.

વર્ગ-શાખા..........Rhegnopteri

એનું એક કુલ ગૂજરાતી છે........ Ambassidae.

કુલ..........Ambassidae

એનું એક ગોત્ર છે:......... Ambassis.

ગોત્ર..........Ambassis Cuv. & Val.

D 628. **Ambassis nama** Ham. Buch.........

चंडवो, कठौंजो. चंबीजवा (वडोदरा).

દ. ગૂજરાતઃ વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાતઃ અમદાવાદ (કુલકરણી).

D 629. **Ambassis ranga** Ham. Buch.........

चंबीजवा (वडोदरा).

દ. ગૂજરાત : વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત : અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી).

વર્ગ ૯....... Gobioidea

એનું એક કુલ ગૂજરાતી છે.......... Gobiidae.

કુલ..........Gobiidae

એનું એક ગોત્ર છે:.........Glossogobius

ગોત્ર..........Glossogobius...

મીઠાં, ક્ષાર અને ઇષત્ક્ષાર જલનાં વાસી મત્સ્યોનું ગોત્ર.

...... **Glossogobius striatus** Day.........

દ. ગૂજરાતઃ વડોદરા (મોઝિઝ).

...... **Glossogobius giuris** Ham. Buch. Goby.

मोड्ड.

દ. ગૂજરાત : વડોદરા (મોઝિઝ); ઉ. ગૂજરાત : અમદાવાદ (હ. આચાર્ય), (કુલકરણી). મીઠા જળનું વાસી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar